# બાઈબલ અભ્યાસ

ભાગ ૧૦



## બાઈબલના મૂંઝવતા પ્રશ્નોના જવાબ

-રેવ. જયશાનંદ આઈ. ચૌહાન

8BGB2

GUJARATI CHRISTIAN FELLOWSHIP
OF PHILADELPHIA
425 CENTRAL AVE.
CHELTENHAM, PA 19012-2103

# બાઇબલ-અભ્યાસ

(બાઈબલના મૂંઝવતા પ્રશ્નોના જવાબ)

## ભાગ ૧૦ મો

લેખક :

રેવ. જયાનંદ આઈ. ચૌહાણ, એમ. એ. (જર્નાલિઝમ)

કનાન, મિશન રોડ, નડિયાદ-૩૮૭ ૦૦૧

પ્રકાશક અને પ્રાપ્તિસ્થાન

ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટી

સાહિત્ય સેવાસદન, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬

• *પ્રકાશક :*
ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટી
સાહિત્ય સેવાસદન, એલિસબ્રિજ
અમદાવાદ-૩૮૦ ૦૦૬

• **આવૃત્તિ :**
પહેલી ૧૯૯૬

• નકલ : ૧૧૦૦


• **કિંમત : રૂ.**

મુદ્રક : જેન્સન કોમ્પ્યુટર્સ, એ/૪, બેથલેહેમ ફ્લેટ, પટેલવાડી, મ્યુ. સ્નાનાગાર સામે, ખોખરા, મણિનગર (પૂર્વ), અમદાવાદ-૩૮૦ ૦૦૮. ટે.૨૧૪૭૬૪૧

## બે શબ્દો કહી દઉં

આ 'બાઈબલ-અભ્યાસ'નો ભાગ ૭મો આપ સૌની સેવામાં ધરતાં આનંદ અનુભવું છું. લોકોએ પ્રશ્નો પૂછ્યા, મેં એના આવડે એવા ઉત્તરો આપ્યા - 'ખ્રિસ્તીબંધુ' દ્વારા એ પ્રશ્નોત્તરી ક્રમશઃ ૧૯૭૫થી ચાલતી આવી છે. કદાચ ૧૯૪૬થી કહું તોય સાચું. એનો આ સુધારાવધારાવાળો સંગ્રહ નવમો ભાગ જાન્યુઆરી ૧૯૯૫માં બહાર પડયો હતો. હવે આ દશમો.

ખાનગી પત્રવ્યવહાર દ્વારા તો આ સાત ભાગો કરતાં ક્યાંય કેટલાયે ગણા જવાબો લખ્યા છે. જાણકારીનો દાવો કરવાની ધૃષ્ટતા નથી. આ તો હું લાભ્યો તેમાં બીજાને ભાગીદાર બનાવું એ જ ભાવના છે. ત્યારે ૧૯૪૨ની સાલ હતી. બાઈબલના ખુલાસા, ઈત્યાદિ સંબંધીના ઘણા ઘણા પ્રશ્નો મનમાં હતા. મેં ઘણા મિત્રોને પૂછ્યું-લખ્યું. ખાસ કોઈએ રસ દર્શાવ્યો નહિ. પણ પછી પરમપિતા પરમેશ્વરે ક્રમશઃ પ્રકાશ આપવા માંડયો.



એવાં કંઈક વર્ષોનો અંગત બાઈબલ-અભ્યાસ, અને એ માટે કંઈક રાત્રિઓનાં જાગરણ, મથામણ, ઘૂંટણો પર પ્રાર્થના ! એ બધાંનો લાભ બીજાને પણ મળે તો કેવું સારું ! એટલે મારી જેમ બીજાના પ્રશ્નો-મૂંઝવણોમાં સહાય બનવા આ પ્રશ્નોત્તરી શરૂ થઈ.


અને બાઈબલ-પ્રેમીઓએ તો હર્ષઘેલા બનીને આ પ્રયાસને વધાવી લીધો : પત્રો લખ્યા, જાતે મળ્યા, આભાર અને આનંદ વ્યક્ત કર્યા. ખરું કહું ? મારી ઉપર મૂકેલાં આ ભાવના અને ભરોસા માટે મેં છૂપો ક્ષોભ અનુભવ્યો. આનંદ તો થયો જ. તમ સૌનો કેટલો આભાર માનું ?

આ કટારોને **'ખ્રિસ્તીબંધુ'**ના તંત્રીશ્રી શ્રીમતિ જયવંતીબહેન જે. ચૌહાને (અને ૧૯૮૮થી શ્રી આલ્બર્ટ ભાભોરે) ઉદાર ભાવે તથા ધીરજથી માસિકમાં સ્થાન આપી ઉત્તેજન આપ્યું માટે એમનો પણ આભાર. છેલ્લે, પ્રભુ પવિત્ર આત્માએ સહાય અને સમજબુદ્ધિ આપી એ માટે, અને તેમનાં અદ્દ્ભુત વચન (બાઈબલ) માટે ત્રૈક ઈશ્વરનો આભાર માનું છું.



જયાનંદ આઈ. ચૌહાન

## અર્પણ



કુ. ક્લેરાબહેન જે. દાસે પોતાના પિતા રેવ. કે. બી. દાસની પ્રેમભરી યાદમાં આ પુસ્તકના પ્રકાશન પેટે રૂ. ૪૦૦૦નું દાન આપ્યું છે. એ દાન આભાર સહિત સ્વીકારી આ પુસ્તક રેવ. કે. બી. દાસના સ્મરણાર્થે પ્રગટ કરીએ છીએ.

રેવ. કે. બી. દાસ (રેવ. ખુશાલદાસ ભક્તિદાસ)નાં માતાપિતા નાનપણમાં મૃત્યુ પામવાથી તેઓને વડોદરા બૉર્ડિંગમાં મૂકવામાં આવ્યા હતા. તે સમયે બૉર્ડિંગનું જીવન વિદ્યાર્થીઓ માટે ઘણું ધાર્મિક હતું. બૉર્ડિંગમાં વરંડાના પિલર પાછળ તેમના મિત્રો ખુશાલભાઈ બાજીભાઈ અને લૂક ભાઈ સાથે રાતના ૧૨ વાગ્યા સુધી તેઓ નિયમિત પ્રાર્થના કરતા હતા.

વડોદરા હાઈસ્કૂલનું શિક્ષણ પૂરું કર્યા પછી તેઓ જી.આઈ.પી. રેલવેમાં ક્લાર્ક તરીકે જોડાયા. તેઓ મુંબઈમાં ગ્રાન્ટ રોડ દેવળમાં નિયમિત જતા અને સન્ડે સ્કૂલમાં પણ નિયમિત ભાગ લેતા. તે જોઈને તે સમયના મિશનરી સાહેબે તેમને બરેલીમાં થીઓલોજીકલ સેમિનરીમાં મોકલ્યા. બરેલીમાં શિક્ષણ પૂરું કર્યા પછી મુંબઈ આવ્યા.

તે સમયે મુંબઈમાં ગુજરાતી, હિન્દી અને મરાઠી મંડળીના પાળકો એક સાથે ભેગા રહેતા હતા. તેઓ સને ૧૯૧૯-૧૯૨૧ સુધી હિન્દુસ્તાની મંડળી પર પાળક નીમાયા. એ પછી ૧૯૨૩-૧૯૨૪ સુધી ગ્રાન્ટ રોડ, ગુજરાતી ચર્ચના પાળક બન્યા. તેમને જ્યારે હિન્દી કે મરાઠી મંડળીમાં ઉપદેશ કરવાનું આવે, ત્યારે તેઓ હિન્દીમાં સંદેશો આપતા.

તેમને ૧૯૨૪માં વડોદરા ફ્લોરેન્સ બી. નિકલસન ઈ. વી. શાળામાં પ્રોફેસર તરીકે નીમ્યા. સોમથી શુક્ર શિક્ષણકાર્ય કરે, અને શનિવારે શહેરમાં સુવાર્તિક કાર્ય કરતા. આ સેવા દરમિયાન મુસ્લીમો વચ્ચે તેઓ ઉર્દુમાં ભાષણ કરતા. તેથી ઘણી વાર મુસ્લિમો પૂછતા કે ''તમે મુસ્લીમમાંથી ખ્રિસ્તી થયા છો ?''

તેમના જીવનનો હેતુ હતો : ''તારા દેવને મળવા તૈયાર થા'' આમોસ ૪:૧૨. એક રાત્રે તેમને દેવે બે વાર પટ્ટી પર લખેલું લખાણ બતાવ્યું કે અમુક સમયે તેમને ઈશ્વર પાસે જવાનું છે. તેમણે કહ્યું, ''પ્રભુ, મારે હજી તમારું ઘણું કામ કરવાનું છે.'' ઈશ્વરે કહ્યું, ''બાકીનું કામ બીજા કરશે. પણ તારે આવવાનું છે.''

એવામાં તેમને ન્યુમોનિયાની માંદગી આવી, ત્યારે ડૉક્ટરને બોલાવવાની કે ત્યાં જવાની તેમણે ના પાડી દીધી. એ સમયે જ તેમણે પોતાના મરણની ઈશ્વરને જણાવેલી વાત પોતાની પત્નીને કરી.

મૃત્યુ સમયે તેમના શબ્દો હતા : ''જુઓ, દૂતો તેમનાં વાજિંત્રો સાથે કેવું મધુર ગાય છે. એ મને બહુ ગમે છે !'' તેઓ વડોદરામાં ૧૯૨૬માં પ્રભુના તેડાવ્યા સ્વર્ગીય ઘેર પહોંચી ગયા.

## અનુક્રમણિકા


૧. મા-બાપ, ભાઈ-બહેન અને પત્નીનો દ્વેષ કરવાનું કેમ કહ્યું છે ? ૧

૨. 'છોકરો' અને 'પુત્ર' ! યશાયા ૯:૬. ૭

૩. મોશે - ઉત્પત્તિના પુસ્તકનો લેખક ? ૧૩

૪. આકાશ અને પૃથ્વી ક્યારે બનાવ્યાં ? ૧૬

૫. 'યહોવાનો દૂત.' ૨૧

૬. ઉત્પત્તિના સાત દિવસ કેટલી લંબાઈના ? ૨૭

૭. જળપ્રલયનો વિસ્તાર કેટલો ? ૩૩

૮. 'આકાશનું રાજ્ય' એટલે શું ? ૪૦

૯. નૂહના દીકરાઓથી થયેલી નવી દુનિયા ૫૧

૧૦. બાઈબલના મર્મો ૫૪

૧૧. આકાશના રાજ્યના મર્મો દર્શાવતાં દષ્ટાંતોના ખુલાશા (માથ્થી ૧૩) ૭૦

૧૨. 'અનંતકાળનો નાશ' એટલે શું ? ૭૯

૧૩. 'તારણ' વિષે કેટલાક ખુલાસા ૮૫

૧૪. ઈશ્વર આફત મોકલે છે ? ૯૧

૧૫. કેટલાક ખુલાસા ૯૩
સિમોન કનાની (માર્ક ૩:૧૮)
વિધિયાનુસાર (માર્ક ૭:૩)
''અને જ્યારે જોગવાઈનો દિવસ આવ્યો ત્યારે'' (માર્ક ૬:૨૧)
કર્તા-હર્તા (૧ કોરીંથી ૧૧:૬)

૧૬. પ્રભુ ઈસુની કૂખમાં ભાલો ૯૫

૧૭. ''સર્વ પ્રજાઓને સાક્ષીરૂપ થવા સારુ રાજ્યની આ સુવાર્તા આખા જગતમાં પ્રગટ કરાશે, અને ત્યારે જ અંત આવશે'' (માથ્થી ૨૪:૨૭). ૯૭

૧૮. શેતાન ક્યાંથી આવ્યો ? ૧૦૨

૧૯. શેતાન વિષે વધુ માહિતી ૧૧૬

| | | |
|---|---|---|
| ૨૦. | ગેથસેમાનેમાંના જૈતૂન વૃક્ષો જ્યાં પ્રભુ ઈસુએ પ્રાર્થના કરેલી. | ૧૨૦ |
| ૨૧. | મંડળી અને પેટા-ચર્ચ સંસ્થાઓ | ૧૨૨ |
| ૨૨. | દશાંશ કોને કેટલું આપવું ? | ૧૨૫ |
| ૨૩ | અત્રે રજૂ કરેલા ચારેય પ્રશ્નો અને તેના જવાબો જુદા જુદા સ્થળે આવેલાં લખાણોને લગતા છે. | ૧૨૮ |
| ૨૪. | યરેખોનો કોટ કેવી રીતે તૂટયો ? | ૧૩૧ |
| ૨૫. | ઈઝરાયલ લોકોએ ઓળંગેલો સમુદ્ર | ૧૩૫ |
| ૨૬. | ''સૂર્ય અંધકારરૂપ અને ચન્દ્ર લોહીરૂપ થઈ જશે.'' | ૧૪૪ |
| ૨૭. | યુફ્રેટિસ નદી અને પ્રભુનું પુનરાગમન | ૧૪૮ |
| ૨૮. | સસલું વાગોળે છે ? (લેવીય ૧૧:૬) | ૧૫૩ |
| ૨૯. | ઉત્પત્તિના પહેલા અને બીજા અધ્યાયમાં ''સૃષ્ટિની ઉત્પત્તિનાં બે વૃત્તાંત છે.'' - એ ખરી વાત ? | ૧૫૫ |
| ૩૦. | રાહેલ મૂર્તિપૂજક હતી ? ઉત્પત્તિ ૩૧:૩૪ | ૧૫૭ |
| ૩૧. | લ્યુસિફર | ૧૫૯ |
| ૩૨. | પ્રભુ ઈસુ મહિમાવંતા શરીરે ઊઠયા કે ભૌતિક (પ્રાણી) શરીરે ? | ૧૬૨ |
| ૩૩. | શરીર, પ્રાણ અને આત્મા એટલે શું ? | ૧૬૬ |
| ૩૪. | ઈશ્વરને જોઈને કોઈ માણસ જીવતો રહી શકે ? | ૧૮૧ |


●


રેવ. જયાનંદ આઈ. ચૌહાનના
લિટરેચર રિવોલ્વીંગ ફંડ દ્વારા પ્રકાશિત

# ૧

## માબાપ, ભાઈબહેનો અને પત્નીનો દ્વેષ કરવાનું કેમ કહ્યું છે ?

☐ **પ્રશ્ન :**

પ્રભુ ઈસુએ આટલું બધું કપરું વાક્ય કેમ કહ્યું છે ? ''જો કોઈ મારી પાસે આવે, અને પોતાના બાપનો, માનો, પત્નીનો, છોકરાંનો, ભાઈઓનો તથા બહેનોનો, હા, પોતાના જીવનો પણ દ્વેષ ન કરે, તો તે મારો શિષ્ય થઈ શકતો નથી'' (લૂક ૧૪:૨૬) પ્રભુ પોતે તો પ્રેમ છે. તો તે માબાપ વગેરેનો દ્વેષ કરવાનું કેમ કહે છે ? જરા સમજાવશો ?

☐ **જવાબ :**

પ્રભુ ઈસુ આ વિધાનમાં આપણે માટે બે મુશ્કેલી ઊભી થાય છે : (૧) માણસના ઉત્તમમાં ઉત્તમ કુદરતી વલણ યા વૃત્તિની વિરુદ્ધમાં આ શબ્દો સીધા બાખડે છે. માબાપ, પત્ની, બાળકો વગેરેને ચાહવાની આપણી ઉત્તમ વૃત્તિ સામે આ શબ્દો ટકરાઈ પડે છે. (૨) પ્રભુ ઈસુનાં બીજાં બધાં વચનો તો સૌની ઉપર, હા, શત્રુઓ પર પણ પ્રેમ કરવાનું શીખવે છે. જ્યારે આ વાક્ય તો કુટુંબના વહાલાંમાં વહાલાં પર દ્વેષ કરવાનું કહે છે ! એટલે આપણાં મનોમાં ગોટાળો ઊભા થઈ જાય છે કે પ્રેમ કરવાનું શીખવનાર પ્રભુ ઈસુના શિષ્ય બનવા માટે આપણાં વહાલામાં વહાલાંનો દ્વેષ કરવો પડે ? અંગ્રેજીમાં તો 'hate' (હેટ) શબ્દ વાપર્યો છે.

આ વાક્યે ઘણાં હૃદયોને આંચકો આપ્યો છે. જો આપણે કોઈએ કે જગતના કોઈ ધર્મગુરુએ આવું વાક્ય ઉચ્ચાર્યું હોત તો કોઈ કહેત કે આ તો સંકૂચિત દિલમાંથી સંકૂચિત માનસભર્યું ઝેરીલું વાક્ય નીકળ્યું છે. પણ આ તો પ્રેમના પ્રભુએ પોતે ઉચ્ચારેલું વાક્ય છે,

એટલે એમાં કોઈ ગર્ભિત ઊંડો અને ઊંડું સત્ય છૂપાયેલું હોવું જોઈએ. બાકી માબાપનો દ્વેષ કરવો એ તો રાક્ષસી કાર્ય કહેવાય !

ઊલટું, પ્રભુ ઈસુ તો માબાપના સન્માન વિષે લખતાં ફરોશીઓને ધમકાવે છે : ''તમે તમારા સંપ્રદાયથી ઈશ્વરની આજ્ઞાનું ઉલ્લંખન કેમ કરો છો ? કેમ કે ઈશ્વરે કહ્યું છે કે, તું તારા બાપનું તથા તારી માનું સન્માન કર, ને જે કોઈ બાપની અથવા માની નિંદા કરે તે જાનથી માર્યો જાય. પણ તમે કહો છો કે, જે કોઈ પોતાના બાપને કે માને કહેશે કે જે વડે મારાથી તને લાભ થયો હોત તે ઈશ્વરને અર્પિત છે. તો તે ભલે પોતાના બાપનું કે પોતાની માનું સન્માન ન કરે. એમ તમે તમારા સંપ્રદાયથી ઈશ્વરની આજ્ઞા રદ કરી છે'' (માથ્થી ૧૫:૩-૬).

માબાપનું સન્માન ન કરનાર માટે આવાં કડક સણસણતાં વચનો વદનાર પ્રભુ ઈસુ માબાપ અને અન્ય વહાલાંઓનો દ્વેષ કરવા કેમ કહે છે ? જો તે માબાપનો દ્વેષ કરવાનું કહેતા હોત તો 'દશ આજ્ઞા'ની વિરુદ્ધ બોલ્યા કહેવાય, કારણ, પાંચમી આજ્ઞા બહુ સ્પષ્ટ છે કે, તારા બાપનું તથા તારી માનું સન્માન કર. ના, પ્રભુ ઈસુ કંઈક જુદું જ કહેવા માગે છે.

પ્રભુ ઈસુએ દ્વેષ શબ્દ વાપર્યો હશે કે કેમ ? તેઓ અરામી ભાષા વાપરતા હતા, કારણ, ઈસુના જમાનામાં યહૂદીઓ હિબ્રૂ નહિ પણ અરામી ભાષા વાપરતા હતા. એમના અરામી શબ્દને નવા કરારની ગ્રીક ભાષામાં મૂકવામાં આવ્યો. ગ્રીક શબ્દ 'મિસીઓ' છે. એનું ગુજરાતી 'દ્વેષ' કરવામાં આવ્યું. આમેય એક જ ભાષાનો અર્થ જમાનો બદલાતાં બદલાતો રહે છે. જેમ કે જૂના અંગ્રેજીમાં 'કનીંગ' એટલે 'હોશિયાર' અર્થ હતો (ધંધામાં નિપુણ). પણ હવે 'કનીંગ'નો અર્થ 'લૂચ્ચો' થાય છે. ગુજરાતીમાં પણ 'શેઠ,', અને 'શઠ' તેમજ 'સાધુ' એક જ મૂળમાંથી ઊતરી આવેલા

શબ્દો હોવા છતાં કેવા વિરોધી અર્થ નીકળે છે ! આ શબ્દ-જૂથ પણ જૂઓ ! મૂળે એક જ મૂળમાંથી આવેલા છતાં 'પંક્તિ' એટલે કાવ્યની લીટી; 'પાંક્તેય' એટલે સમાન દરજ્જાનું; અને 'પાંગત' એટલે ખાટલાનો પગ તરફનો ભાગ. ત્યારે આ તો બે હજાર વર્ષ પૂર્વે પ્રભુ ઈસુ અરામી ભાષામાં બોલ્યા તેનો, બે હાજર વર્ષ પછી આપણે ગુજરાતી અર્થ કરીએ છીએ !

પ્રભુ ઈસુએ સુર-ફૈનિકી સ્ત્રીને કહ્યું, ''છોકરાંની રોટલી લઈને કૂતરાંને નાખવી વાજબી નથી'' (માથ્થી ૧૫:૨૬). ત્યાં કૂતરાંને માટે ગ્રીકમાં 'કુતારિયોઈસ'શબ્દ છે, અને એનો અર્થ 'ગલુડિયાં, થાય છે, - કૂતરાં નહિ. પ્રભુ ઈસુના મુખમાં 'ગલુડિયાં' શબ્દ કેટલો વહાલસોયો લાગે છે ! જ્યારે 'કૂતરાં' શબ્દ નિષ્ઠૂર લાગે છે. હા, માથ્થી ૭:૬માં પ્રભુ ઈસુ કહે છે, ''જે પવિત્ર છે તે કૂતરાઓની આગળ ન નાખો.'' ત્યાં 'કૂતરાઓ' માટે પ્રભુ ઈસુએ ગ્રીકમાં 'કૂસીન' શબ્દ વાજબી રીતે વાપર્યો છે, પણ ગુજરાતી તરજૂમાકારો કોઈ ભેદ ન બતાવતાં બંને જગ્યાએ એક જ શબ્દ વાપરીને કેવી ભૂલ કરી છે ! પ્રભુના શબ્દોને કર્કશ, કઠોર અને નિષ્ઠૂર બનાવી દીધા છે !

રોમન કેથલિક બાઈબલમાં લૂક ૧૪:૨૬નો અનુવાદ આ પ્રમાણે કર્યો છે : ''કોઈ માણસ મારી પાસે આવે, પણ પોતાનાં માબાપનો, બૈરા-છોકરાંનો, અને ભાઈબહેનનો, અરે, પોતાની જિંદગીનો સુદ્ધાં ત્યાગ કરવા તૈયાર ન થાય તો તે મારો શિષ્ય ન થઈ શકે.'' દ્વેષ કરવા કરતાં એમણે હળવો શબ્દ 'ત્યાગ' વાપર્યો છે.

પણ એ કલમનું ખરું તાત્પર્ય અથવા નીચોડ માથ્થી ૧૦:૩૭-૩૯માં આપ્યો છે : ''મારા કરતાં જે બાપ અથવા મા પર વતી પ્રીતિ કરે છે તે મારે યોગ્ય નથી. અને દીકરા કે દીકરી પર જે મારા કરતાં વતી પ્રીતિ કરે છે, તે મારે યોગ્ય નથી.''

પ્રેમમાં પ્રભુને સૌથી પ્રથમ સ્થાન મળવું જોઈએ. માબાપ, સંતાનો, પત્ની (કે પતિ), ભાઈબહેન, - એ બધા કરતાં પ્રભુ પર અધિક પ્રેમ રાખવા વિષે માથ્થી તેમજ લૂકનાં વાક્યો આપણને શીખવે છે.

ઝબદી પોતાના બે દીકરા યોહાન અને યાકોબ સાથે હોડીમાં માછલાં પકડતા હતા તે સમયે પ્રભુ ઈસુએ એ બે દીકરાઓને તેડયા, ત્યારે યાકોબ અને યોહાન બાપાને, હોડીને, જાળને (અને ઘેર માને) છોડીને ચાલી નીકળ્યા. તેમણે પ્રભુ ઈસુ પર વતો પ્રેમ કર્યો.

પ્રભુ ઈસુ એક પંડિતને મુખે યાદ અપાવે છે કે, ''પ્રભુ તારા ઈશ્વર પર **તારા ખરા હૃદયથી** તથા તારા **ખરા જીવથી** તથા તારા **પૂરા સામર્થ્યથી તથા તારા ખરા મનથી પ્રેમ કરવો.**'' આ ચતુર્વિધ પ્રેમ એટલે સંપૂર્ણ પ્રેમ એ જ પ્રભુ માગે છે (લૂક ૧૦:૨૭). જૂના કરારમાં પણ પ્રભુએ માનવીની પાસે એ સંપૂર્ણ પ્રેમની માગણી જ કરી છે. એથી ઊણો પ્રેમ પ્રભુને ખપનો નથી (જુઓ પુનર્નિ. ૬:૫). તે એક નિષ્ઠાવાળું સ્વાર્પણ માગે છે. અંગ્રેજીમાં કહેવત છે: Either Christ is Lord of all; or no Lord at all. ખ્રિસ્ત કાં તો સર્વસ્વનો માલિક હોય; અથવા કશાયનો નહિ. પ્રભુ ઉપરના પ્રેમ કરતાં ચઢિયાતો કે વત્તો પ્રેમ કશાક પર કે કોઈ પર હોય એ પ્રભુને ખપનો નથી. એ સંપૂર્ણ સ્વાર્પણ નથી.

લગ્નવિધિ વખતે વર તેમજ કન્યાને પૂછવામાં આવતા પ્રશ્નમાં આવું પૂછાય છે : ''અને **બીજાં બધાંનો ત્યાગ કરીને** જ્યાં સુધી તમે બંને જીવો ત્યાં સુધી કેવળ તેમને જ વળગી રહેશો ?'' એ પ્રશ્નમાં ''બીજાં બધાં વહાલાંઓનો અને સગાંસ્નેહીઓનો ખરેખર ત્યાગ કરવાનો હોતો નથી,'' પણ હવે થનાર પતિ અને પત્નીએ

એક બની જવાનું છે. એ જ અર્થમાં પ્રભુ ઈસુને સૌ કરતાં અધિક ચાહીને પૂરેપૂરું સમર્પિત બની જવાનું છે.

અને વખત આવે તથા સંજોગો ઊભા થાય તો ખ્રિસ્તને ખાતર સ્વજનો છોડવાં પડે, તો તેમ કરવાની તૈયારી પણ હોવી જોઈએ. સાધુ સુંદરસીંગે ખ્રિસ્ત પરના પ્રેમને લઈને પિતા અને કુટુંબીઓને છોડયાં. હા, દ્વેષ કર્યો નહિ, પણ છોડયાં, અને ખ્રિસ્તને વળગ્યા.

એક સૈકા જૂની બનેલી આ વાત છે, તિબેટમાં સુવાર્તાનું પરોઢ ઊગું ઊગું થઈ રહ્યું હતું. એ અરસામાં ત્યાંની એક હિંદુ જુવાન છોકરીએ ક્યાંકથી પ્રભુ ઈસુના બલિદાન વિષે સાંભળ્યું. તે જ ઘડીએ તેણે પોતાનું જીવન પ્રભુ ઈસુને અર્પી દીધું. એનાં માબાપે આ જાણ્યું ત્યારે તેને વિચલિત કરવા તેમણે ખૂબ પ્રયત્નો કર્યા, અને ધાકધમકી પણ આપી. પણ દીકરી અડગ રહી. બાપે એનું લગ્ન ગોઠવી દીધું, પણ દીકરીએ ના પાડી અને કહ્યું કે, ''મેં મારું જીવન પ્રભુ ઈસુને સોંપી દીધું છે.'' બાપા ખૂબ ગુસ્સે થઈ ગયા. અને દીકરીને લોખંડને થાંભલે કસકસીને બાંધી. પછી લોખંડનું મોટું પતરું લાલચોળ તપાવીને આસપાસ વીંટાળી દીધું. અને તેની આસપાસ અગ્નિ સળગાવ્યો. દીકરી પોકારી ઊઠી, ''બાપા, તમે પ્રભુ ઈસુનો સ્વીકાર કરો ને !'' બાપા દીકરીને સળગતી જોઈને રડી પડયા, અને એને બચાવવા દોડયા. પણ દીકરી પ્રભુની હજૂરમાં પહોંચી ચૂકી હતી !

આશરે પિસ્તાળીસ-પચાસ વર્ષ પહેલાં બનેલી હકીકત કહું છું. ઉત્તર કોરિયામાં એક ખ્રિસ્તી પાળક હતા. ત્યાંની સામ્યવાદી સરકારે તેમને સુવાર્તાપ્રચાર અને ખ્રિસ્તી ધર્મસેવા કરતાં બિલકુલ અટકાવી દીધા. દક્ષિણ કોરિયામાં સુવાર્તા પ્રચારનું દ્વાર ખૂલ્લું હતું. એટલે છૂપી રીતે સંતાતા સંતાતા તે દક્ષિણ કોરિયા પહોંચી ગયા. પણ

ખ્રિસ્તની આ સેવા ખાતર એમને મોટો ભોગ આપવો પડયો. તેમની પત્ની અને બાળકો નીકળી શક્યાં નહિ, ઉત્તર કોરિયામાં જ રહેવું પડયું. આ દુનિયા પર તેઓ ફરી કદી મળ્યાં જ નહિ ! ખ્રિસ્ત પર ''ખરા હૃદયથી, ખરા જીવથી, પૂરા સામર્થ્યથી, અને ખરા મનથી કરેલા પ્રેમને ખાતર કેવો ભોગ !''

□

# ૨ ‘છોકરો’ અને ‘પુત્ર’ !

☐ **પ્રશ્ન :**

યશાયા ૯:૬માં આપવામાં આવ્યું છે : ‘‘કેમ કે આપણે માટે છોકરો અવતર્યો છે; આપણને પુત્ર આપવામાં આવ્યો છે.’’ ‘‘છોકરો’’ અને ‘પુત્ર’માં શો ફેર ? શા માટે આ પુનરોક્તિ કરવામાં આવી હશે ?

☐ **જવાબ :**

આ પ્રશ્ન કોઈએ પૂછ્યો નથી, પણ પાછલાં ૪૫ વર્ષમાં મેં પોતે એ પ્રશ્ન અનેક જણને પૂછ્યો છે - ભારત, અમેરિકા, ઈઝરાયલ, સિરિયા, લબાનોન, યુરોપમાં - એમ જુદા જુદા દેશોમાં અનેક ધર્મધૂરંધરોને તેમજ સામાન્ય જનોને પૂછ્યો છે, પણ આજ પર્યંત કોઈએ એનો સાચો જવાબ આપ્યો નથી.

નાતાલને ટાણે વારંવાર વંચાતું આ ભવિષ્યકથન ખૂબ જ સામાન્ય બની ગયું છે. ઘણાં બાળકો અને પુખ્ત વયનાંને એ કલમ મોઢે હોય છે, પણ એનો ગહન અર્થ સમજવા ભાગ્યે જ કોઈ પ્રયત્ન કરતું હશે.

આજ સુધી મને એના બે પ્રકારના જવાબ મળ્યા છે. ધર્મવેતાઓ એમ કહેતા આવ્યા છે કે હિબ્રૂ ભાષામાં કાવ્યોમાં બબ્બે પંક્તિઓ (દોહરા - couplets) હોય છે. અને પહેલી પંક્તિમાં જે બાબત આપી હોય એ જ બાબત બીજી પંક્તિમાં પણ આપેલી હોય છે, માત્ર શબ્દોના થોડા ફેરફાર સાથે, ‘છોકરો અવતર્યો છે’ પહેલી પંક્તિમાં, અને બીજી પંક્તિમાં ‘પુત્ર આપવામાં આવ્યો છે.’ આવું કહેનાર વ્યક્તિ એમાં માત્ર હિબ્રૂકાવ્ય

શૈલીની ઢબછબ નિહાળે છે. એમાં એને કોઈ સાંકેતિક કે સૈદ્ધાંતિક ભેદ સમાયેલો દેખાતો નથી.

બીજા પ્રકારનો જવાબ તે સામાન્ય ખ્રિસ્તી જનતાનો છે. 'છોકરો અવતર્યો છે,' અને 'પુત્ર આપવામાં આવ્યો છે.' - ઉક્તિઓમાં કે વિધાનોમાં કોઈ ફરક દેખાતો નથી. મધુર લાગે માટે નવી રીતે એની એ વાત કહી છે, વળી કેટલાક એમ પણ કહે છે કે વાચકનું ધ્યાન ખેંચાય માટે પુનરોક્તિ કરી છે.. પણ એમને એમાં અર્થનું નાવિન્ય કે સિદ્ધાંતનો સંકેત દેખાયો નથી.

તો આવો, આપણે એનો ગૂઢાર્થ જોઈએ. પવિત્ર આત્માએ પોતાની પ્રેરણા યશાયા પ્રબોધકને આપીને પાયાના (બુનિયાદી) બે મોટા સિદ્ધાંતો આપણને શીખવ્યા છે :

''આપણે માટે છોકરો અવતર્યો છે.'' હિબ્રૂમાં છોકરાને માટે 'યલદ' શબ્દ વપરાયો છે. એનો અર્થ છે : 'જન્મેલું' / લો. કોઈ પણ માનવી કુટુંબમાં જેમ છોકરો જન્મે એમ આ મરિયમને બેથલેહેમની ગભાણમાં છોકરો અવતર્યો. કોઈપણ માનવી કુટુંબમાં છોકરો અવતરે, તે સંપૂર્ણપણે માનવી જ હોય (થોડોક પશુ ન હોય). જનનશાસ્ત્ર (બાયોલોજી)નો એ પૂર્વસ્થાપિત, પૂર્વપ્રમાણિત અને અટલ નિયમ છે કે 'Like produces like' (લાઈક પ્રોડયુસીઝ લાઈક, એટલે કે 'એક જાત એ જ જાતને જન્મ આપી શકે.) વિજ્ઞાની લૂઈ પાશ્ચૂરે પ્રસ્થાપિત કરેલો આ નિયમ છે, માનવી માનવીને જ જન્મ આપે. ખિસ્કોલી ખિસ્કોલાં જ જન્માવી શકે. એમ માનવી માને કૂખે સંપૂર્ણ રીતે સૌ ટકા માનવી ઈસુ જન્મ્યા.' તે પૂરેપૂરા માનવી હતા. અન્ય બાળકની જેમ પૂરા દશ ચાંદ્ર માસે (૨૮ × ૧૦ = ૨૮૦ દિવસે, - અંગ્રેજી ૯ મહિના અને થોડા દિવસે) જન્મ્યા. (લગભગ બધાં પ્રાણી-પંખી સાત સાત દિવસની ગણતરી પ્રમાણે જન્મ ધારણ કરે છે, માનવી જન્મ ૪૦ × ૭ =

૨૮૦ દિવસે; મરઘીનું ઈંડુ ૩ × ૭ = ૨૧ દિવસે; બતકનું ૪ × ૭ = ૨૮, ઇત્યાદિ).

બાળક તરીકે તે બેથલેહેમની ગભાણમાં નિસહાય અને અબળ હતા. અન્ય માનવી બાળકોની જેમ જ. ઈસુને પણ મા મરિયમની કોમળ કાળજીની કેટલી બધી જરૂર પડી હતી ! અન્ય માનવી બાળકોની જેમ જ બીજાં બાળકોની જેમ જ "તે છોકરો (બાળ-ઈસુ) મોટો થયો, અને જ્ઞાનથી ભરપૂર થઈને બળવાન થયો."..."ઈસુ જ્ઞાનમાં તથા કદમાં, ને ઈશ્વરની તથા માણસોની પ્રસન્નતામાં વધતો ગયો" (લૂક ૨:૪૦, ૫૨).

તેમને થાક, તરસ અને ભૂખ લાગતી (યોહાન ૪:૬, ૭, ૩૧, ૩૨, ૧૯:૨૮), તેમને વેદના થતી, અને માનસિક તનાવ પણ થતો (લૂક ૨૨:૪૪, માર્ક ૧૫:૩૪, માથ્થી ૨૬:૩૭, ૩૮). તે રડયા પણ ખરા (લૂક ૧૯:૪૧, યોહા. ૧૧:૩૫).

એમ ઈસુ સંપૂર્ણ માનવી હતા. મંડળીના ઇતિહાસમાં કેટલાક દુર્મતવાળા એમ કહેતા હતા કે ઈસુ ખરેખરા માનવી નહોતા, પણ આભાસરૂપ માનવી હતા. તેમને માનવીની જેમ ખરેખરી ભૂખ કે તરત કે થાક લાગતાં નહોતાં; ક્રૂસ ઉપર ખીલા કે ફટકા કે કાંટાની તેમને કંઈ જ વેદના લાગતી નહોતી, કેમ કે તેઓ ખરેખરા માનવી નહોતા. આ દુર્મત 'આભાસવાદ' તરીકે ઓળખાય છે.

આ દુર્મત કેટલો ખતરનાક છે ! જો ઈસુ ખરેખરા માનવી નહોતા, અને કોઈ શારીરિક વેદના કે લાગણી તેમને નહોતાં, તો તેમણે આપણાં દુઃખદર્દ પોતાને શિરે લીધાં જ નથી - વેઠયાં જ નથી. તેમનું માનવી શરીર જો માત્ર આભાસરૂપ જ હતું, તો તેઓ ખરેખરી રીતે મૃત્યુ પામ્યા જ નહોતા, અને આપણ સર્વનાં પાપ માટે બલિદાન દેવાયું જ નથી. અને આપણાં પાપ આપણે માથે જ હજી રહ્યાં છે !

પણ આ દુર્મત (આભાસવાદ) ખોટો છે. ઈસુ ખરેખરા અને સંપૂર્ણ, સો ટકા માનવી જન્મ્યા. તેથી જ યશાયા મારફતે પવિત્ર આત્માએ લખાવ્યું કે, ''આપણે માટે છોકરો અવતર્યો છે.'' એટલે જ લૂક કહે છે કે, ''તમારે માટે એ નિશાની છે કે, તમે એક બાળકને લુગડામાં લપેટેલો ગભાણમાં સૂતેલો જોશો'' (લૂક ૨:૧૨).

હવે આપણે બીજો ભાગ જોઈએ. **"આપણને પુત્ર આપવામાં આવ્યો છે."** પુત્ર માટે હિબ્રૂમાં **"બેન"** શબ્દ વાપર્યો છે. આ પુત્ર આપણને (ભેટ તરીકે કે કૃપા દ્વારા દાન તરીકે) આપવામાં આવ્યો છે. સનાતન પિતાની સાથે આ પુત્ર સનાતન સમયથી હતો. એ પુત્ર માટે 'શબ્દ' પણ વાપર્યો છે, અને લખવામાં આવ્યું છે કે, ''આદિએ **શબ્દ** (પુત્ર) હતો, અને શબ્દ ઈશ્વરની સંગાતે હતો, અને શબ્દ ઈશ્વર હતો'' (યોહા. ૧:૧). એ સનાતન શબ્દ કે સનાતન પુત્ર ઈશ્વર હતો. એ ''શબ્દ (પુત્ર) સદેહ થઈને આપણી મધ્યે વસ્યો'' (યોહા. ૧:૧૪).

મંડળીના ઇતિહાસમાં અનેક વખત પ્રભુ ઈસુના સંપૂર્ણ ઈશ્વરત્વની વિરુદ્ધમાં એક દુર્મત ઊભો થયો છે કે પ્રભુ ઈસુ જન્મથી ઈશ્વર નહોતા, પણ તેમના બાપ્તિસ્મા વખતે પવિત્ર આત્મા તેમના ઉપર ઊતર્યો ત્યારથી માનવી ઈસુ સાથે ઈશ્વરી ખ્રિસ્ત જોડાયો હતો, અને ક્રૂસ પર તેઓ બંને - એટલે કે માનવી ઈસુ અને ઈશ્વરી ખ્રિસ્ત ફરી એકબીજાથી જુદા થઈ ગયા.

એનો એવો અર્થ થયો કે પ્રભુ ઈસુનો ગર્ભ પવિત્ર આત્માના આચ્છાદાનથી રહ્યો ન હતો. તે બીજાં માનવી બાળકની જેમ સામાન્ય માનવી બાળક જ જન્મ્યા હતા.

કોરિંથસ નામના માણસે સૌ પ્રથમ આ દુર્મત ફેલાવ્યો હતો. તે પહેલી સદીમાં પ્રેરિત યોહાનનો સમકાલિન હતો. અને તેઓ બંને એફેસસમાં રહેતા હતા.

‘‘આપણને પુત્ર આપવામાં આવ્યો છે.’’ એ વિધાનમાં પ્રભુ ઈસુનું સંપૂર્ણ (૧૦૦ ટકા) ઈશ્વરત્વ દર્શાવવામાં આવ્યું છે. પ્રભુ ઈસુ સંપૂર્ણ માનવી હતા, અને સાથે સાથે તે સંપૂર્ણ ઈશ્વર પણ હતા. એ સનાતન પુત્ર જ સદેહ બનીને (માનવી બનીને) આપણી મધ્યે વસ્યા.

‘‘દેવથી દેવ જ, જોતથી જોત જ, કુંવારી ઉદરે તે અવતર્યો.’’

સનાતન ઈશ્વર મૃત્યુ પામી શકે નહિ; બલિદાન બની શકે નહિ. તેથી જ તેમણે માનવી દેહ ધારણ કર્યો (સદેહ બન્યા) અને ક્રૂસ પર બલિદાન બની ગયા.

પણ આપણું વાક્ય કહે છે કે, ‘‘આપણને પુત્ર **આપવામાં આવ્યો છે.**’’ અને યોહાન ૩:૧૬ એ જ વાત કહે છે : ‘‘કેમ કે ઈશ્વરે જગત ઉપર એટલો (બધો) પ્રેમ કર્યો કે તેમણે પોતાનો એકાકી જનિત **દીકરો (પુત્ર) આપ્યો...**’’ આપણો હક્ક નહોતો; ઈશ્વરે આપ્યો. એમાં પ્રભુ ઈસુનું સંપૂર્ણ ઈશ્વરત્વ દર્શાવવામાં આવ્યું છે. એમના વિષે મિખા. ૫:૨માં લખવામાં આવ્યું છે કે, ‘‘એનો પ્રારંભ પુરાતનકાળથી, હા, અનાદિકાળથી.’’ પ્રભુ ઈસુના ઈશ્વરત્વ વિષે આમ લખ્યું છે : ‘‘પણ ઈસુએ તેમનો વિશ્વાસ ન કર્યો, કેમ કે તે સર્વને જાણતા હતા. અને માણસ વિષે કોઈ શાહેદી આપે એવી તેમને અગત્ય ન હતી; કેમ કે માણસમાં શું છે એ તે પોતે જાણતા હતા’’ (યોહા. ૨:૨૪, ૨૫). વળી ‘‘તેનામાં તો જ્ઞાન તથા બુદ્ધિનો સર્વ સંગ્રહ ગુપ્ત રખાયેલો છે’’ (ક્લોસી ૨:૩, ૯).

બાળક તરીકે ઈસુ ‘‘સમયની સંપૂર્ણતાએ આવ્યા’’ (ગલાતિ ૪:૪), અને માનવી ઈસુ તરીકે ‘‘યોગ્ય સમયે અધર્મીઓને સારુ ખ્રિસ્ત મરણ પામ્યા’’ (રોમન ૫:૬), પણ આપવામાં આવેલા પુત્ર તરીકે ‘‘આદિએ શબ્દ હતો, અને શબ્દ ઈશ્વરની સંગાતે હતો, અને શબ્દ ઈશ્વર હતો’’ (યોહા. ૧:૧). માનવી તરીકે : ‘‘લોંકડાને

દર હોય છે, ને આકાશનાં પક્ષીઓને માળા હોય છે; પણ માણસના દીકરાને માથું ટેકવવાનું ઠામ નથી'' (માથ્થી ૮:૨૦). પણ 'અપાયેલા પુત્ર તરીકે' - ''તેનાથી સઘળું ઉત્પન્ન થયું; એટલે જે કંઈ થયું છે તે તેના વિના ઉત્પન્ન થયું નહિ'' (યોહા. ૧:૩).

માનવી તરીકે તે થાકતા હતા (યોહા ૪:૬); પણ ''અપાયેલા પુત્ર'' તરીકે તે જાહેર કરે છે કે, ''આકાશ તથા પૃથ્વી પર સર્વ અધિકાર મને અપાયો છે'' (માથ્થી ૨૮:૧૮). વળી એના વિષે જ કહેવામાં આવ્યું છે કે, ''તેં શું નથી જાણ્યું ? તેં શું નથી સાંભળ્યું ? યહોવા (પુત્ર) તે સનાતન ઈશ્વર છે, તે નિર્ગત થતો નથી, ને થાકતો પણ નથી... તેની સમજણ અતર્ક્ય છે'' (યશાયા ૪૦:૨૮).

''અવતરેલા છોકરા'' તરીકે તે ભૂખ્યો થયો (માથ્થી ૨૧:૧૮). 'અપાયેલા પુત્ર' તરીકે તે જાહેર કરે છે, ''જીવનની રોટલી હું છું. જે મારી પાસે આવે છે તેને ભૂખ નહિ જ લાગશે'' (યોહા. ૪:૭), ક્રૂસ પર કહે છે : ''મને તરસ લાગી છે'' (યોહા. ૧૯:૧૮). પણ 'અપાયેલા પુત્ર' તરીકે તે કહે છે, ''પણ જે પાણી હું આપીશ, તે જે કોઈ પીએ તેને કદી તરસ લાગશે નહિ'' યોહા. ૪:૧૪); વળી તે કહે છે, ''જો કોઈ તરસ્યો હોય, તો તે મારી પાસે આવીને પીએ... તેના પેટમાંથી જીવનના પાણીની નદીઓ વહેશે'' (યોહા. ૭:૩૭, ૩૮).

''આપણે માટે છોકરો અવતર્યો છે.'' - સંપૂર્ણ માનવી ઈસુ.

''આપણને પુત્ર આપવામાં આવ્યો છે.''- સંપૂર્ણ ઈશ્વરી ઈસુ.

એ બંને અવિભાજ્ય અને એકાકાર પ્રભુ ઈસુ.

□

# 3 મોશે - ઉત્પત્તિના પુસ્તકનો લેખક ?

☐ **પ્રશ્ન :**

મોશે ઉત્પત્તિના પુસ્તકનો લેખક કેવી રીતે હોઈ શકે ? ઉત્પત્તિ થઈ તે પછી સેંકડો વર્ષે મોશે જન્મ્યો. તો તેણે ઉત્પત્તિના પુસ્તકની માહિતી ક્યાંથી મેળવી ? ઈશ્વરના સૃજનકાર્યની મોશેને ખબર કેવી રીતે પડી ?

☐ **જવાબ :**

મોશેએ ફક્ત 'ઉત્પત્તિનું જ પુસ્તક નહિ, પણ બાઈબલનાં પહેલાં પાંચ પુસ્તક તેણે લખ્યાં' (ઉત્પત્તિ, નિર્ગમન, લેવીય, ગણના, અને પુનર્નિયમ). એ પ્રમાણે યહૂદીઓ અને એમના રાબ્બીઓ માને છે. ખ્રિસ્તી ધર્મનો સામાન્ય વર્ગ પણ એમ જ છેક પહેલી સદીથી માનતો આવ્યો છે. વળી ખ્રિસ્તી ધર્મના ઊંડા અભ્યાસકોનો મોટો ભાગ (થોડાક અપવાદ સિવાય) એ પુસ્તકોનો લેખક મોશે છે એમ માને છે.

(૧) પંચગ્રંથ (બાઈબલનાં પહેલાં પાંચ પુસ્તકો) મોશેને લેખક તરીકે ગણે છે (નિર્ગ. ૧૭:૧૪. ૨૪:૪૭. ૩૪:૨૭. ગણના ૩૩:૧-૨. પુનર્નિ. ૩૧-૯). (૨) જૂના કરારનાં અન્ય પુસ્તકો પણ મોશેને પંચગ્રંથના લેખક તરીકે માન્ય રાખે છે (યહો. ૧:૭, ૮. ૮:૩૨, ૩૪. ૨૨:૫. ૧ રાજા ૨:૩. ૨ રાજા ૧૪:૬. ૨૧:૮, એઝરા ૬:૧૮ દાનિ, ૯:૧૧-૧૩. માલા. ૪:૪). (૩) નવોકરાર પણ મોશેને પંચગ્રંથના લેખક તરીકે માન્ય રાખે છે, અને (૪) ખુદ પ્રભુ ઈસુ પણ મોશેને પંચગ્રંથના લેખક તરીકે માન્ય રાખે છે (માથ્થી ૧૯:૮ માર્ક ૧૨:૨૬. યોહાન ૫:૪૬-૪૭. ૭:૧૯ રોમન ૧૦:૫). (૫) પંચગ્રંથોમાં જ્યાં જ્યાં 'આંખે-દેખ્યો-હેવાલ રજૂ કરેલો છે ત્યાં

ત્યાં મોશેને એ બધાં કાર્યોમાં ભાગ લેતો બતાવે છે' (નિર્ગ. ૧૫:૨૭. ગણના ૨:૧-૩૧. ૧૧:૭-૮). (૬) આ પંચગ્રંથોમાં ઇજિપ્ત (મિસર)નાં નામ, શબ્દો, રીતરિવાજો અને ભૌગોલિક રજૂઆતો આપેલી છે તે બધી બાબતો મોશેને જ એના લેખક તરીકે જોરશોરથી રજૂ કરે છે. મોશેના સમય પછી સેંકડો વર્ષે નવા કરારના કોઈ પણ લેખક કે તંત્રીને માટે આ બધી ઝીણી ઝીણી વિગતો એકઠી કરવી અને રજૂ કરવી એ ઘણું કપરું કામ બની જાત (ઉત્પ. ૧૩:૧૦, ૧૬:૧-૩, ૩૩:૧૮. ૪૧:૪૩ - સરખાવો પ્રે.કૃ. ૭:૨૨). ઉપરના બધા જ મુદ્દા મોશેને પંચગ્રંથનો લેખક સૂચવે છે.

પુનર્નિયમના ૩૪મા અધ્યાયમાં મોશેના મૃત્યુની વાત આવે છે અને એ ત્રીજા પુરુષમાં લખાયેલી વાત છે, એટલે કે કોઈ ત્રીજી વ્યક્તિએ એ લખાણ કર્યું હોય એમ કેટલાક અભ્યાસકો માને છે કે પંચગ્રંથ મોશેએ નથી લખ્યા પણ કોઈ અન્ય વ્યક્તિએ લખ્યા, મોશે પોતે પોતાના મૃત્યુ વિષે કેવી રીતે લખી શકે ? વળી બીજા કેટલાક અભ્યાસકો એમ માને છે કે, પંચગ્રન્થ મોશેએ લખ્યા ખરા, પણ એના મૃત્યુની વાત બીજા કોઈક લેખકે પાછળથી પંચગ્રન્થમાં ઉમેરી.

એમ હોઈ શકે ! બીજા કોઈ લેખક મોશેના મૃત્યુની વાત ઉમેરે. પણ એમ પણ કેમ ન હોઈ શકે કે મોશેએ પોતે જ, પવિત્ર આત્માએ લખાવી તેમ, પોતાના જ મૃત્યુની વાત મોશેએ લખી ? આ વિષે થોડી વારમાં વધુ જોઈશું.

પ્રશ્નકારે પ્રશ્ન કર્યો છે કે મોશેએ કેવી રીતે જાણ્યું કે ઈશ્વરે છ દિવસમાં પોતાના શબ્દ દ્વારા આ પ્રમાણે બધું બનાવ્યું ? હા, આદિએ કોઈ માણસ આ બધું બનતું જોવાને ત્યાં હાજર નહોતું. પણ ઈશ્વરના પવિત્ર આત્માએ જ મહાભૂતકાળમાં જે જે બન્યું તે મોશેને જણાવ્યું, અને મોશેએ એ બધું લખી દીધું. આ પ્રમાણે ઉત્પત્તિનું પુસ્તક અસ્તિત્વમાં આવ્યું.

ભૂતકાળ, હા, લાંબા ભૂતકાળમાં બની ગયેલી વાતોની જાણ પવિત્ર આત્મા જ કરી શકે ! પ્રભુ પડકાર ફેંકે છે કે, તેઓમાંથી (લોકોમાંથી કે લોકોના દેવોમાંથી) ''કોણ આવી વાતો જાહેર કરે ?) અને અગાઉ બનેલી બીના અમને કહી સંભળાવે ?'' ''આગલી બીનાઓને મેં અગાઉથી પ્રકટ કરી'' (યશા. ૪૩:૮. ૪૮:૩), એમ આદિ સમયે બનેલી બીનાઓ અને સૃષ્ટિસર્જન કાર્ય વિષે પવિત્ર આત્માએ મોશેને સઘળું વિદિત કર્યું.

એમ જ ભવિષ્યમાં બનનારી બાબતો વિષે અગાઉથી પવિત્ર આત્માએ જ ભવિષ્યકથનો લખાવ્યાં છે. અને મોશેને એ જ પવિત્ર આત્માએ જણાવ્યું હોઈ શકે કે તેનું મરણ આ પ્રમાણે થશે, અને એની વિગતો પણ આ પ્રમાણે હશે !

□

# ૪ આકાશ અને પૃથ્વી ક્યારે બનાવ્યાં ?

☐ **પ્રશ્ન :**

ઉત્પત્તિ ૧:૭ પ્રમાણે ઈશ્વરે જળનિધિના બે ભાગ કરી આકાશ બનાવ્યું તો પહેલાં કેવું હતું ? ઈશ્વર ત્યારે ક્યાં રહેતા હતા ? પૃથ્વી ક્યારે બનાવી ?

☐ **જવાબ :**

આજના બે પ્રશ્નો અને એ સિવાયના બે પ્રશ્નો સાલ્વેશન આર્મી, વાસદના કેપ્ટન ઓલિવર એસ. મેકવાનના છે. હું પ્રશ્નકારનું નામ આ કટારમાં રજૂ નથી કરતો. પણ આજે એ પ્રથા મેં તોડી છે, એટલા જ માટે કે આ પ્રભુના સેવક નિયમિત બાઈબલ વાંચે છે, અને એમાંથી ઉપસ્થિત થતા પ્રશ્નો, જાણકાર બનવા માટે, વારંવાર મોકલે છે. તેઓ કયું દૈનિક બાઈબલ વાચન કરે છે એ એમના પ્રશ્નો પરથી હું સમજી જાઉં છું. મોટે ભાગે તો અંગત ઉત્તર પત્ર દ્વારા જવાબ વાળું છું. બાઈબલ સમજવા માટેની તેમની આ પ્રથાને અભિનંદુ છું.

આજના તેમના પ્રશ્ન ઉપર ઉપરથી સાદા લાગે છે. પણ એ પ્રશ્નોનું હાર્દ ઊંડું છે. આ પ્રશ્નો બાબતે ભલભલા આગેવાનો, પાળક સાહેબો, સન્ડે સ્કૂલ નિષ્ણાતો પણ અનર્થ કરી બેસે છે.

**પૃથ્વી ક્યારે બનાવી ? આ પ્રશ્ન જ લઈએ.** સન્ડે સ્કૂલમાં અને સર્વત્ર શીખવવામાં આવે છે કે, ઈશ્વરે પહેલા દિવસે અજવાળું બનાવ્યું ! તદ્દન અર્ધસત્ય. ઈશ્વરે પહેલે દિવસે શરૂઆતમાં જ વિશ્વ બનાવવાનો કાચો માલ 'પદાર્થ' (પાર્થિવ દ્રવ્ય, જડ પદાર્થ, Matter મેટર) બનાવ્યો. એમાં **'પાણી'** અને **'પૃથ્વી'** આવી જાય. પૃથ્વી પદાર્થ છે, અને પાણી પણ પદાર્થ છે. બીજી કલમમાં જ લખ્યું છે

કે ‘‘પૃથ્વી અસ્તવ્યસ્ત અને ખાલી હતી. અને જળનિધિ પર અંધારું હતું.’’ એ ‘પદાર્થ’ બનાવ્યા પછી જ ‘અજવાળું’ બનાવ્યું. એટલે ઉત્પત્તિ-કાર્યના પહેલા દિવસે સૌ પ્રથમ ‘પદાર્થરૂપી’ કાચો માલ બનાવ્યો, અને પછી ‘અજવાળું’ ઉત્પન્‍ન કર્યું.

તમે જાણો છો કે ‘પદાર્થ’ સનાતન નથી. ભૌતિકવાદ અને ઉત્ક્રાંતિવાદ માને છે કે ‘પદાર્થ જ’ સનાતન છે; પદાર્થનું અસ્તિત્વ કદી નહોતું એવું હતું જ નહિ. જ્યારે બાઈબલ આપણને જણાવે છે કે ઈશ્વર એકલા જ સનાતન છે; અને ‘પદાર્થ’ તો ઉત્પન્‍ન કરાયેલો છે. ઈશ્વરે શૂન્યાવકાશમાંથી પદાર્થ ઉત્પન્‍ન કર્યો, અને તેયે ઉત્પત્તિકાર્યને પહેલે દિવસે સૌથી શરૂઆતમાં પદાર્થ બનાવ્યો. અજવાળું બનાવ્યું તે પહેલાં (આપણે બાઈબલમાં વાંચીએ છીએ કે) ‘‘આદિએ ઈશ્વરે આકાશ,તથા પૃથ્વી ઉત્પન્‍ન કર્યાં. અને પૃથ્વી અસ્તવ્યસ્ત તથા ખાલી હતી, અને જળનિધિ પર અંધારું હતું’’ (૧:૧, ૨). એનો સ્પષ્ટ અર્થ એ થયો કે ‘અજવાળું’ ઉત્પન્‍ન કર્યા અગાઉ ‘જળનિધિ’ અને અધૂરી અથવા અસ્તવ્યસ્ત પૃથ્વી (કાચો માલ) તૈયાર હતાં.

આપણે આ પહેલા અધ્યાયનો શરૂઆતનો ભાગ વાંચીએ છીએ ત્યારે આપણા ખ્યાલ બહાર આ વાત રહી જાય છે કે ઈશ્વરે પહેલે જ દિવસે સૌ પ્રથમ ‘પદાર્થ’ (જળનિધિ તેમ જ પૃથ્વીનો કાચો માલ એટલે કે ‘જડ પદાર્થ’) ઉત્પન્‍ન કર્યો. અને ત્યાર પછી જ ‘અજવાળું’ બનાવ્યું.

ઈશ્વરે ઉત્પત્તિકાર્યના માત્ર છ દિવસમાં જ આખું વિશ્વ અને તેમાંનું બધું બનાવ્યું (જુઓ નિર્ગમન ૨૦:૧૧. ૩૧:૧૫), મતલબ કે આકાશ, પાણી અને કાચા માલવાળી પૃથ્વી તેમ જ વિશ્વનું સર્વ કંઈ છ દિવસમાં જ ઉત્પન્‍ન કર્યું. કાંઈ પાણી (જળનિધિ), પૃથ્વી (પદાર્થ) આ છ દિવસ અગાઉ અન્ય કોઈ દિવસે બનાવ્યાં નહોતાં.

આ કાચો માલ જેવી પૃથ્વી અને પાણી (જળનિધિ) - જેમાંથી આખી સૃષ્ટિ ઈશ્વરે સર્જી, એ 'કાચો માલ' (જડ પદાર્થ) તે કેવો અજાયબ બનાવ્યો ! એ પાણી, માટી, ખડકો એ સર્વના પરમાણુયે પરમાણુમાં (''એટમ''માં) કેવી અદ્ભૂત રચના છે ! એ પ્રત્યેક પરમાણુમાં ન્યુટ્રોન્સ, પ્રોટ્રોન્સ અને ઈલેક્ટ્રોન્સ સતત ભ્રમણ કરે છે. વળી ન્યુટ્રોન્સની આસપાસ ઈલેક્ટ્રોન્સ અને પ્રોટોન્સ ભયાવહ ગતિથી ઘૂમી રહ્યાં છે ! એમની ગતિ પણ કેવીક ? આકાશમાં સૂર્ય, અન્ય ગ્રહો અને તારાઓ જે મહા ભારે ગતિએ ઘૂમી રહ્યા છે એવી જ ગતિથી પદાર્થના પરમાણુઓમાં પણ ન્યુટ્રોન્સ, ઈલેક્ટ્રોન્સ અને પ્રોટોન્સ ઘૂમી રહ્યા છે. સૃષ્ટિની દરેકે દરેક ચીજ (માનવ, પશુ, પંખી, ઝાડપાન, સૂર્યો, તારાઓ, નક્ષત્રો, પાણી અને સર્વ પદાર્થ)ના અણુ અણુમાં એ જ ન્યુટ્રોન્સ, ઈલેક્ટ્રોન્સ અને પ્રોટોન્સ સતત અવિરત ગતિથી ઘૂમી રહ્યાં છે. આવો કાચો માલ બનાવવામાં ઈશ્વરની કેવી બલિહારી !

**જળનિધિની ઉપરનાં પાણી અને નીચેનાં પાણી એમ બે ભાગ કર્યાં, તે પહેલાં કેવું હતું ?** અંતરિક્ષ દ્વારા પાણીને જુદાં કરવામાં આવ્યાં તે અગાઉ આખી પૃથ્વી પાણીમાં ડૂબેલી હતી. પૃથ્વીના ગોળાના ઊંચામાં ઊંચા પર્વતો પણ પાણીમાં ડૂબેલા હતા. પિતરના બીજા પત્રમાં ૩:૫માં એ સમયને માટે જ વર્ણન આપેલું છે કે, ''પૃથ્વી પાણીથી તથા પાણીમાં બાંધેલી હતી.'' આખી પૃથ્વી પાણીમાં બિલકુલ ડૂબેલી હતી. એટલું જ નહિ પણ સમસ્ત સૃષ્ટિ પર ઘોર અંધકાર હતો. પછી અજવાળું બનાવ્યું.

પણ બીજે દિવસે અંતરિક્ષ દ્વારા પૃથ્વી ઉપરનાં અને નીચેનાં પાણીને અલગ કર્યાં ત્યારે પૃથ્વી અલગ થઈ, અને એનાં પાણીના મહાસાગરો અને સમુદ્ર બન્યા. કોરી જમીન ૧/૪ અને સમુદ્ર ૩/૪

થયા. બધા ડુંગરો અને પર્વતો ઉઘાડા થયા. એમને જોનાર કોઈ માનવ, પશુ કે પંખી નહોતું.

ઉપરનાં - અંતરિક્ષ ઉપરનાં પાણીને આકાશ કહ્યું. આ પહેલું આકાશ અથવા **નભોમંડળ** છે. પૃથ્વીનું વાતાવરણ અત્યારે હજારો કિલોમીટર (હજારો માઈલ) સુધી પ્રસરેલું છે. એની ગરમી-ઠંડી જુદા જુદા અંશની છે, અને વિધવિધ પ્રકારના વાયુઓનું બનેલું છે. ઉત્પત્તિના સમયથી જળપ્રલય સુધી પૃથ્વીના ઉપલા વાતાવરણમાં પાણી જ પાણી હતાં. પાણીનું આવરણ ઉપર હજારો માઈલ (કિલોમીટર) સુધી પથરાયેલું હતું. એને લઈને પૃથ્વીના બધા ખંડોમાં એક સરખું વાતાવરણ (આબોહવા), એકસરખી વનરાજી, અને એકસરખાં પ્રાણીપંખીઓ અને જીવજંતુ હતાં.

પણ જળપ્રલય સમયે પૃથ્વીની ઉપરના આવરણ ('આકાશ')નાં પાણી તૂટીને પૃથ્વી ઉપર પડયાં, અને જળનિધિના ઝરા ફૂટી નીકળ્યા. એટલે ફરી પાછી પૃથ્વી પાણીમાં ડૂબી ગઈ, અને ફરી પાછા પૃથ્વીના ઊંચામાં ઊંચા પર્વતોની ઉપર ૧૫ હાથ (૨૨ ૧/૨ ફૂટ) પાણી ફરી વળ્યાં.

**ઈશ્વર ઉત્પત્તિકાળ પહેલાં ક્યાં રહેતા હતા ?** ''યહોવા એવું કહે છે કે આકાશો મારું રાજ્યાસન છે, અને પૃથ્વી મારું પાયાસન છે'' (યશા. ૬૬:૧). મતલબ કે ઈશ્વર સર્વવ્યાપી હતા, અને હાલ પણ છે, અને સદાસર્વદા રહેશે. તેઓ એક જ સમયે સર્વસ્થળે હોય છે. દૂતો કે માનવો કે શેતાન માટે એ શક્ય નથી. ઉત્પત્તિકાળ પહેલાં પણ તે (ઈશ્વર) સર્વવ્યાપી હતા.

આકાશ કે આસમાન ત્રણ છે : (૧) **નભોમંડળ** પહેલું આસમાન. ત્યાં વાદળાં બંધાય છે અને ફેલાય છે. ત્યાં પંખીઓ ઊડે છે અને પૃથ્વીનું વાતાવરણ ત્યાં ઉપર હજારો માઈલ સુધી ફેલાયેલું છે.

(૨) **બીજું આસમાન** (આકાશ) એટલે **ગગનમંડળ.** ત્યાં સૂર્ય, ચંદ્ર, ગ્રહો, નક્ષત્રો અને તારાઓ આવેલા છે. અસંખ્ય આકાશગંગાઓ (સુરગંગાઓ) તેમ જ નિહારિકાઓ આવેલી છે. આ બંને આસમાનો ઉત્પત્તિકાળે ઈશ્વરે બનાવ્યાં.

(૩) **ત્રીજું આસમાન પારાદૈસ અથવા ઈશ્વરનું રાજ્યાસન.** દેવદૂતો, કરુબો, સરાફો ત્યાં રહે છે. પૃથ્વી અને સૃષ્ટિના ઉત્પત્તિકાળે આ ત્રીજું આસમાન ક્યારનુંયે હતું. કારણ, સૃષ્ટિના ઉત્પત્તિકાળ સમયે (અયૂબ ૩૮:૬, ૭ પ્રમાણે) ''જ્યારે પ્રભાતના તારાઓ (દેવદૂતો) ભેગા મળીને ગાયન કરતા હતા અને સર્વ દેવદૂતો હર્ષનાદ કરતા હતા તે દરમિયાન તેના (પૃથ્વીના) ખૂણાનો પથ્થર કોણે બસાડયો ?'' (ઈશ્વરે) ત્રીજા આસમાનને તેમ જ દૂતો-અયુતોને ઈશ્વરે ક્યારે ઉત્પન્ન કર્યા તે બાઈબલમાં જણાવવામાં આવ્યું નથી. (અને એ જાણવાથી આપણને કોઈ લાભ-ગેરલાભ થવાનો નથી.) છેવટે, ઈશ્વર અનાદિકાળથી અનંતકાળ માટે સર્વત્ર અને સર્વવ્યાપી છે. તેમના નામની સદા સ્તુતિ થાઓ. આમીન.

□

## ૫ 'યહોવાનો દૂત'

☐ **પ્રશ્ન :**

જૂના કરારમાં ઘણી બધી જગાએ 'યહોવાનો દૂત', 'દેવનો દૂત' વગેરે શબ્દો આવે છે. એ કોઈ ખાસ દૂત હશે કે સામાન્ય દૂતને એ બિરુદ આપવામાં આવ્યું હશે ? સમજાવશો ?

☐ **જવાબ :**

જૂના કરારમાં એ નામ ઘણી વાર આવે છે. દૂતમાં કરુબો અને સરાફો હોય છે, ગાબ્રિયેલ અને મિખાયેલ આગેવાન દૂતો છે. પણ એમાંના કોઈને માટે 'યહોવાનો દૂત' એવું નામ કે ખિતાબ આપવામાં આવ્યો નથી. અન્ય કોઈ પણ દૂતને માટે એ ખિતાબ આપવામાં આવ્યો નથી. પણ ત્રૈએક ઈશ્વરમાં બીજી વ્યક્તિ જે સનાતન પુત્ર છે એને માટે વપરાયો છે. અથવા ઈશ્વરનો 'શબ્દ' જે પાછળથી સદેહ થઈને મરિયમ કુંવારીની કૂંખે જન્મ્યો. એ જ જૂના કરારમાં 'યહોવાના દૂત' તરીકે રજૂ થયેલો છે. આપણે જુદી જુદી કલમો દ્વારા એ જોઈએ.

(૧) ઉત્પત્તિ ૧૬:૭ ''તે ઝરા પાસે **યહોવાના દૂતે** તેને (હાગારને) દીઠી. હાગાર પોતાની શેઠાણી સારાહ પાસેથી નાસીને અહીં અરણ્યમાં આવી હતી.'' ૧૬:૯ 'અને **યહોવાના દૂતે** તેને કહ્યું, તું તારી શેઠાણી પાસે પાછી જા...૧૬:૧૦.' અને યહોવાના દૂતે તેને કહ્યું, 'હું તારો વંશ ઘણો વધારીશ, ને ન ગણાય એટલે સુધી તે વધશે.' ઈશ્વરના ગુણધર્મ અને ઈશ્વરનો ખાસ અધિકાર (વંશ વધારવાનો) આ યહોવાનો દૂત પોતાનો ખાસ અધિકાર હોય તેમ સત્તાવાહી રીતે બોલે છે. ૧૬:૧૧ અને **'યહોવાના દૂતે તેને કહ્યું કે, જો તું ગર્ભવતી છે. ને તું દીકરો જણશે, અને તેનું નામ તું**



૩

**ઈશ્માએલ પાડશે.' હવે ૧૬:૧૩ કલમ નામ સ્પષ્ટ કરે છે; અને યહોવા જે તેની સાતે વાત કરતો હતો,** તેનું નામ તેણે એલ-રોઈ એવું પાડ્યું; કેમ કે તેણે કહ્યું, જે મને દેખે છે તેના પર અહીં મારી દષ્ટિ પડી શું ? આ કલમ સ્પષ્ટ કરે છે કે યહોવાનો દૂત જે વાત કરતો હતો તે કોઈ સામાન્ય દૂત નહિ, પણ યહોવા (ઈશ્વરનો શબ્દ) પોતે જ હતો.

(૨) ઉત્પત્તિ ૨૧:૧૭. અહીં **'દેવનો દૂત'** શબ્દ વાપર્યો છે. એ જ કલમ 'દેવ' માટે 'દેવનો દૂત' ખિતાબ વાપરે છે.

(૩) ઉત્પત્તિ ૨૨:૧૧ **'અને યહોવાના દૂતે'** અબ્રાહમને કહ્યું, 'તું તારો હાથ છોકરા પર ન નાખ...કેમ કે તેં તારા દીકરાને, તારા એકના એક દીકરાને, **મારાથી** પાછો રાખ્યો નથી.' અહીં યહોવા પોતે પોતાને 'યહોવાના દૂત' સાથે એક ગણે છે ('મારાથી').

(૪) ઉત્પત્તિ ૧૮:૧ - ૧૯:૧ ત્યાં જે ત્રણ પુરુષો (ત્રણ દૂતો) અબ્રાહમને ઘેર આવ્યા તેમાંનો એક 'યહોવાનો દૂત' એટલે કે યહોવા પોતે હતો. એ આખો અધ્યાય વાંચવાથી સ્પષ્ટ થશે. આ ત્રણ સ્વર્ગીય વ્યક્તિઓને ખોરાક લેવાની જરૂર નહોતી, પણ તેઓએ ખાધું (૧૮:૮). એમાંના બે દૂત સદોમ તથા ગમોરાહ તરફ ગયા, જ્યારે (યહોવાનો દૂત) યહોવા અબ્રાહમની સાથે વાત કરવા રોકાયો (૧૮:૨૨).

(૫) ઉત્પત્તિ ૨૪:૭, ૪૦ અહીં પણ અબ્રાહમ પોતાના ચાકર એલિયાઝરને ઈસ્હાક માટે કન્યા લેવા માટે મોકલે છે ત્યારે તે કહે છે 'યહોવા પોતાનો દૂત તારી આગળ મોકલશે.'

(૬) ઉત્પત્તિ ૩૧:૧૧-૧૩. 'અને **દેવના દૂતે** મને સ્વપ્ન દ્વારા કહ્યું,' અને પછી ૧૩મી કલમમાં તે પોતાની ઓળખાણ આપે છે કે, **'હું બેથેલનો દેવ હું છું.'**

(૭) ઉત્પત્તિ ૩૩:૨૪-૩૦ 'અરુણોદય લગી **એક પુરુષે** તેની (યાકોબની) સાથે મલયુદ્ધ કર્યું. આ **એક પુરુષ** તે યહોવા પોતે હતો.' યાકોબ ૩૨:૩૦માં કબૂલે છે કે 'મેં દેવને મોઢેમોઢ દીઠો છે.'

(૮) નિર્ગ. ૩:૨-૬. 'અને **યહોવાના દૂતે** ઝાડવા મધ્યે અગ્નિની જ્વાળામાં તેને દર્શન દીધું.' અને ૪થી કલમમાં એને 'યહોવા' કહ્યો છે. વળી ૬ઠ્ઠી કલમમાં એ પોતાની ઓળખ આપે છે : 'હું તારા પિતાનો દેવ, અબ્રાહમનો દેવ, તથા ઈસ્હાકનો દેવ તથા યાકોબનો દેવ છું.' વળી જુઓ કલમ ૭, ૮, ૧૧, ૧૩, ૧૪ એ બધી કલમો બતાવે છે કે 'યહોવાનો દૂત' અને 'યહોવા'એ બંને એક જ છે.

વળી નિર્ગ. ૧૪:૧૯ બતાવે છે કે, 'અને **'દેવનો જે દૂત'** ઈઝરાયલના સૈન્યની આગળ ચાલતો હતો, તે ત્યાંથી ખસીને તેમની પાછળ ગયો. અને મેઘસ્તંભ તેઓની આગળથી ખસીને તેઓની પાછળ થંભ્યો.' એ કલમને સરખાવો ૧૩:૨૧, ૨૨. 'અને તેઓ દિવસે તથા રાતે ચાલી શકે માટે યહોવા દિવસે તેઓને માર્ગ દેખાડવા સારુ મેઘસ્તંભમાં, અને રાત્રે તેમને અજવાળું આપવાને અગ્નિસ્તંભમાં, તેઓની આગળ આગળ ચાલતો.' આમાં બતાવાયું છે કે ૧૪:૧૯નો 'દેવનો દૂત' અને ૧૩:૨૧, ૨૨નો 'યહોવા' તે એક જ વ્યક્તિ છે.

(૯) યહોશુઆને **'યહોવાના સૈન્યના સરદાર'** તરીકે દર્શન. યહોશુઆ ૫: ૧૩, ૧૫ અને યહોશુઆ યરેખો પાસે ઊભેલો હતો ત્યારે એમ થયું કે, તેણે પોતાની આંખો ઊંચી કરીને જોયું તો જુઓ, તેની સામે એક પુરુષ ઊભો રહેલો હતો, ને તેના હાથમાં તાણેલી તરવાર હતી. અને યહોશુઆએ તેની પાસે જઈને તેને પૂછ્યું કે, તું અમારી ગમનો છે કે, અમારા શત્રુઓની ગમનો ? ત્યારે તે

બોલ્યો, ના, પણ **યહોવાના સૈન્યના સરદાર તરીકે હું આવેલો છું.** વળી જુઓ કલમ ૧૫. આ ત્રણે કલમો મળીને બતાવે છે કે, 'પેલો પુરુષ તે જ યહોવાના સૈન્યનો સરદાર, અને એ પોતે જ યહોવા. યહોશુઆ ભૂમિ પર ઊંધો પડયો, અને ભજન કરીને કહ્યું....' દૂતો ભજન સ્વીકારતા નથી પણ આ યહોવા હોઈને ભજન સ્વીકારે છે.

(૧૦) ન્યાયાધીશો ૨:૧-૫. '**યહોવાનો દૂત** ગિલ્ગાલથી બોખીમ આવ્યો અને તેણે કહ્યું કે, હું મિસરમાંથી તમને કાઢી લાવ્યો...' ઈઝરાયલ પ્રજાને મિસરમાંથી કાઢી લાવીને કનાન લઈ જનાર યહોવા તે જ યહોવાનો દૂત, એમ આ કલમ બતાવે છે. એ બંને એક જ વ્યક્તિ છે.

(૧૧) ન્યાયાધીશો ૬:૧૧-૧૪. ગિદિયોનને દર્શન. 'ત્યાર પછી **યહોવાનો દૂત** આવીને અબીએઝેરી યોઆશાનું એલોનવૃક્ષ જે ઓફ્રાહમાં હતું તેની તળે બેઠો. તેનો દીકરો ગિદિયોન મિદ્યાનીઓની નજરે ન પડે માટે દ્રાક્ષકુંડની અંદર ઘઉં ઝૂડતો હતો.' કલમ ૧૪. 'યહોવાએ તેના પર દૃષ્ટિ કરીને કહ્યું, તું તારા આ બળમાં ચાલ્યો જા, ને, મિદ્યાનીઓના હાથમાંથી ઈઝરાયલને બચાવ. શું મેં તને મોકલ્યો નથી ?' આમ, ૧૧મી કલમના **યહોવાના દૂત**ને ૧૪મી કલમમાં યહોવા તરીકે બોલતો આપણે જોઈએ છે. આમ, યહોવાનો દૂત અને યહોવા એ બે એક જ વ્યક્તિ છે.

(૧૨) સામશૂનનાં માબાપને યહોવાના દૂતનાં દર્શન. ન્યાયધીશો ૧૩:૩, ૯, ૧૩, ૧૫, ૧૬, ૧૭, ૧૮, ૨૦, ૨૧, - આ બધી કલમોમાં વારે વારે '**યહોવાનો દૂત**' એ શબ્દો આવે છે. અને યહોવાનો દૂત સામશૂનના જન્મ વિષે તથા તેને કેવી રીતે ઉછેરવો, વગેરે વગેરે બાબતો કહે છે. પણ ૧૮મી કલમ સ્પષ્ટ કરે છે કે એ યહોવાનો દૂત એ જ યહોવા છે. 'યહોવાના દૂતે તેને

કહ્યું, મારું નામ તું કેમ પૂછે છે, કેમ કે તે અદ્દભુત છે.' યશાયા ૯:૬માં એ જ નામ યહોવા (ઈસુ) માટે વાપર્યું છે, **"અદ્દભુત મંત્રી"**. વળી ૧૩:૨૨માં લખ્યું છે કે 'માનોઆહે પોતાની સ્ત્રીને કહ્યું કે, આપણે **દેવને** દીઠો છે તેથી આપણે નિશ્ચે મરી જઈશું.'

(૧૩) ૧ રાજા ૧૯:૫, ૭ ઈઝબેલ રાણીથી અરણ્યમાં ભાગી ગયેલા એલિયાને યહોવાનો દૂત દર્શન દે છે, અને ખોરાક ખવડાવે છે. કલમ ૭ લખે છે : **'યહોવાનો દૂત'** વળી બીજી વાર આવીને તેને અડક્યો ને કહ્યું કે ઊઠીને ખા ! અને કલમ ૯માં **યહોવા** એલિયા સાથે વાત કરે છે.

વળી ૨ રાજા ૧:૩માં યહોવાનો દૂત એલિયાને અમુક કામની સોંપણી કરે છે. ફરી ૧૫મી કલમમાં પણ યહોવાનો દૂત એલિયાને હુકમ ફરમાવે છે.

વળી ૨ રાજા ૧:૩૫. 'તે રાત્રે **યહોવાના દૂતે** આવીને આશ્શૂરીઓની (સાન્હેરીબના લશ્કરની) છાવણીમાંના એક લાખ પંચાસી હજાર માણસોને મારી નાખ્યા.'

(૧૪) ઝખાર્યા ૧:૧૧, ૧૨, તેમજ ૩:૫, ૬માં 'યહોવાનો દૂત' આવે છે.

આગળ આપણે જોઈ ગયા કે ત્રૈએક ઈશ્વરત્વની બીજી વ્યક્તિ એટલે કે શબ્દે (યા પુત્રે) બેથલેહેમની ગભાણમાં જન્મ લીધો. ત્યાર પહેલાં, જૂના કરારના સમયમાં, ઉપર જોયું તેમ અનેક વ્યક્તિઓને દૂત અથવા માનવાકારમાં દર્શન દીધું હતું. અબ્રાહમે તેમને 'પ્રભુ' કહ્યા, અને વંદના કરી. તેમ જ યહોવાની અદા અને અધિકારથી યહોવાના દૂતે વાત કરી. દૂતો માણસોનાં અર્પણ સ્વીકારતા નથી, પણ યહોવાના દૂતે સામશૂનનાં માબાપનું અર્પણ અને ગિદિયોનનું અર્પણ સ્વીકાર્યું.

યહોવા એ જૂના કરારમાં સનાતન શબ્દ અથવા સનાતન પુત્ર માટે વપરાયો છે. તેના દ્વારા જ સૃષ્ટિ ઉત્પન્ન કરાઈ. ''તેનાથી સઘળું ઉત્પન્ન થયું, એટલે જે કંઈ થયું છે તે તેના વિના ઉત્પન્ન થયું નહિ'' (યોહાન ૧:૩). પરમેશ્વર પિતા સૃષ્ટિ સાથે તેમ જ મનુષ્યો સાથે 'શબ્દ' યા 'પુત્ર' દ્વારા જ સર્વ સંપર્ક કરે છે. અને એ યહોવા પુનરાગમન સમયે પાછા આવશે, અને પૃથ્વી ઉપર (એક હજાર વર્ષ) રાજ્ય કરશે. જુઓ, ઝખાર્યા ૧૪:૫, ૯ ''મારો દેવ યહોવા પોતાની સાથે સર્વ પવિત્રોને લઈને આવશે... યહોવા આખી પૃથ્વી ઉપર રાજા થશે.''

□

# ૯ ઉત્પત્તિના સાત દિવસ કેટલી લંબાઈના ?

☐ **પ્રશ્ન :**

ઉત્પત્તિના પુસ્તકનો પહેલા અધ્યાયમાં વપરાયેલો 'દિવસ' કેટલો લાંબો હતો ? - એક એક યુગ જેટલો કે ૨૪ કલાકનો ?

☐ **જવાબ :**

ઉત્પત્તિના પહેલા અધ્યાયનો પ્રત્યેક દિવસ ચોવીસ કલાકનો હતો.

[A] બાઈબલમાં 'દિવસ' શબ્દ વારંવાર વપરાયો છે, અને ચાર જુદા જુદા અર્થમાં વપરાયો છે. (૧) મોટા ભાગે ચોવીસ કલાકના દિવસ તરીકે એનો વપરાશ વધુ છે. ઉત્પત્તિના પહેલા અધ્યાયની છઠ્ઠી કલમનો છેલ્લો શબ્દ **"દિવસ"** (હિબ્રૂ=યૉમ) એ ચોવીસ કલાકનો દિવસ છે. (૨) અને 'દિવસ' તથા 'રાત'ના સંદર્ભમાં વપરાયો હોય ત્યાં બાર કલાકના દિવસ તરીકે વપરાયો છે, - આપણી ગુજરાતી ભાષામાં વાપરીએ છીએ એ રીતે જ. અને એ 'યૉમ' (દિવસ) ઉપરથી હિબ્રૂમાં **'યોમાન'** (દરરોજ), **'યોમ યોમ'** (પ્રત્યેક દિવસ), અને **'યોમાયીમ'** (બે દિવસ) વપરાશ થયો છે. હિબ્રૂમાં 'દિવસ' માટે બીજો એક શબ્દ **'બોકેર'** છે. પણ તે બહુ જ ઓછો વપરાયો છે : (ન્યાયધીશો ૧૯:૨૬. 'પોહ' ફાટતાં. ૨ શમુએલ ૧૩:૪ **'રોજ રોજ'**). (૩) પર્વ કે અન્ય ખાસ હેતુને માટે મુકરર કરેલા સમયને પણ **'દિવસ'** કહેવામાં આવે છે, જેમ કે 'પ્રાયશ્ચિત્તનો દિવસ' (લેવીય ૨૩:૨૭, ૨૮. ૨૫:૯ 'સાબ્બાથદિન' પુનર્નિયમ ૫:૧૨, ૧૫). (૪) જેમાં પ્રભુ પોતાના અગાઉથી જાહેર કરેલા ઈરાદા પૂર્ણ કરવાનો છે એવા લાંબા ગાળા માટે પણ 'દિવસ' શબ્દ વપરાયો છે. 'પ્રભુનો દિવસ' (૨ પિતર

૩:૧૦). વળી ઉત્પત્તિ ૨:૪માં 'જે દિવસે' શબ્દપ્રયોગ વાપરીને સૃજનકાર્યના છ દિવસને આવરી લેવામાં આવ્યા છે.

ઉત્પત્તિના પહેલા અધ્યાયની ભાષા એટલી બધી સરળ અને સીધી છે કે એમાંથી ચોવીસ કલાકનો દિવસ અને સાત દિવસનું સામાન્ય અઠવાડિયું જ વાંચી શકાય. ઉત્પત્તિકાર્યમાં 'સાંજ થઈ તથા સવાર થઈ,' **'બીજો દીવસ'**, એવા સંદર્ભમાં વપરાયેલો શબ્દ અક્ષરશઃ ચોવીસ કલાકનો દિવસ છે. કેટલાક અભ્યાસીઓ એનો અર્થ 'યુગ' કરે છે. પણ તે બરાબર નથી. વિજ્ઞાનના યુગોની સાથે સહમત થવાના હેતુથી જ તેઓ 'યુગ' અર્થ કરે છે. ઉત્પત્તિકાર્ય ક્રમશઃ વિકાસ દ્વારા થયું, લાંબા લાંબા યુગોમાં થયું એવું તેઓ માને છે. ઈશ્વરે શબ્દ બોલીને તત્ક્ષણ પ્રત્યેક ચીજ અને પ્રત્યેક સજીવને ઉત્પન્ન કર્યું, એવું તેઓ માનતા નથી. આગલા લખાણમાં આપણે આ વિશે લંબાણપૂર્વક જોઈ ગયા છીએ. એમાં આદમ વિશે જોયું કે તેને ઈશ્વરે બાળક નહિ પણ પુખ્ત ઉંમરનો એક ક્ષણમાં બનાવ્યો. એવું જ અન્ય જીવો અને વનસ્પતિ સંબંધમાં પણ બન્યું.

**[B] એ પ્રત્યેક દિવસ ચોવીસ કલાકનો હતો એની સાબિતીઓઃ**

(૧) પ્રત્યેક દિવસની આગળ સંખ્યાવાચક વિશેષણ વપરાયું છે : ''બીજો દિવસ'', ''ત્રીજો દિવસ'', ''ચોથો દિવસ'' વગેરે. બાઈબલની ભાષાને, અંદર જ જો વિશેષાર્થ ન સૂચવ્યો હોય તો, શાબ્દિક અર્થમાં કેમ અર્થઘટન ન કરવું ? ઈતિહાસ-વર્ણનના આ લખાણમાં સંખ્યાવાચક વિશેષણ એ પ્રત્યેક દિવસને ભાષાના સામાન્ય વપરાશ પ્રમાણે જ વાપરવા સૂચવે છે. ગણનાના સાતમા અધ્યાયમાં ઈતિહાસ-વર્ણન છે, અને ત્યાં 'પહેલે દિવસે', 'બીજે દિવસે', 'ત્રીજે દિવસે' અને એમ બાર દિવસ વિશે ક્રમવાર જણાવ્યું છે (કલમો ૧૨, ૧૮, ૨૪, ૩૦, ૩૬, ૪૨, ૪૮, ૫૪, ૬૦, ૬૬, ૭૨, ૭૮). ત્યાં કોઈ પણ વાચક સામાન્ય ચોવીસ કલાકના

દિવસ પ્રમાણે જ અર્થઘટન કરશે. તો શા માટે અહીં એ જ અર્થઘટન ન કરતાં 'યુગ' તરીકે અર્થ કરવો ?

હિબ્રૂમાં 'યૉમ'ની આગળ સંખ્યાવાચક વિશેષણ વાપર્યું હોય ત્યારે તો એનો ચોક્કસ અર્થ ચોવીસ કલાકના દિવસ તરીકે જ કરવો પડે. બાઇબલમાંથી જ એના દાખલા જોઈ લઈએ. વળી જો હિબ્રૂ ભાષામાં જોઈએ તો તો બહુ સ્પષ્ટ સમજાય. ઉત્પત્તિ ૭:૧૧ ''નૂહના આયુષ્યના છસોમા વર્ષના બીજા મહિનાને **સત્તરમે દિવસે, તે જ દિવસે** મોટા જળનિધિના ઝરા ફૂટી નીકળ્યા...'' અહીં 'દિવસે'ની આગળ સંખ્યાવાચક વિશેષણ છે. એટલે એ સત્તરમો યુગ નહિ, પણ બીજા મહિનાની સત્તરમી તારીખ થઈ. એમ જ, ૮:૧૪ ''અને બીજા મહિનાને **સત્તાવીસમે દિવસે** ભૂમિ કોરી થઈ.'' વળી, ૧૭:૧૨ ''અને તમારામાં **આઠ દિવસના** હરેક છોકરાની... સુન્નત કરવી.'' એમ જ નિર્ગમન ૧૨:૬. ''અને તે જ માસના ચૌદમા દિવસ સુધી તમારે તે રાખી મૂકવો.'' આ બધી જગાએ દિવસની આગળ સંખ્યાવાચક વિશેષણ હોવાથી એ ચોવીસ કલાકનો સૌર દિવસ જ જાણવો.

ગુજરાતી બાઇબલમાં પહેલા દિવસના ઉત્પત્તિકાર્યને અંતે ચોથી કલમમાં લખ્યું છે : ''અને સાંજ થઈ તથા સવાર થઈ, **એક દિવસ**'', તે તરજુમો દુઃખદ છે. ત્યાં **''પહેલો દિવસ''** જોઈએ. 'શુભ સંદેશ' વાળા જૂના કરારના (રોમન કૅથલિક) તરજુમામાં બરાબર આપ્યું છે : ''સાંજ પડી અને સવાર થયું. **પહેલો દિવસ** પૂરો થયો.'' બીજી બધી જગાએ બરાબર છે. ''બીજો દિવસ'', ''ત્રીજો દિવસ'', ઇત્યાદિ.

ડૉ. આર. એફ. સરબર્ગ, પોતાના પુસ્તક 'ડાર્વિન, ઈવોલ્યૂશન એન્ડ ક્રિયેશન'ના પૃષ્ઠ ૬૧ પર આર્થર સી. કસ્ટાન્સના એક કાગળનો ઉલ્લેખ કરે છે. તેમણે હાલના હિબ્રૂ ભાષાના નવ નિષ્ણાત

પંડિતો ઉપર પત્ર પાઠવ્યો હતો. ત્રણ કેનેડાની, ત્રણ યુનાઈટેડ સ્ટેટ્સની અને ત્રણ ઈંગ્લેન્ડની યુનિવર્સિટીઓના નવ પંડિતો પર આ પત્રો મોકલી હિબ્રૂ 'યૉમ' (દિવસ) વિશેના તેમના અભિપ્રાય માગ્યા હતા. તેમણે પૂછાવ્યું હતું કે ઉત્પત્તિના પહેલા અધ્યાયમાં સંખ્યાવાચક વિશેષણ સાથે વપરાયેલા 'યૉમ' શબ્દનો કયો અર્થ વાજબી ગણાય ? (૧) ચોવીસ કલાકનો દિવસ ? (૨) યુગ ? (૩) સામાન્ય દિવસ કે યુગ - ગમે તે અર્થમાં વાપરી શકાય ? આ નવમાંથી સાત જણે પ્રત્યુત્તર વાળ્યો હતો. અને સાતેસાત જણે સૂચવ્યું હતું કે ''સામાન્ય રીતે સમજીએ છીએ તે દિવસ'' (એટલે કે ચોવીસ કલાકનો દિવસ).

(૨) જો 'યૉમ'નો આપણે 'યુગ' તરીકે અર્થ કરીએ, તો કુદરતી વ્યવસ્થાની સમતુલા જળવાય નહિ. ત્રીજા દિવસે ઈશ્વરે ઘાસ, છોડવા અને ઝાડપાન બનાવ્યાં. આ ત્રીજા દિવસને યુગ તરીકે ગણીએ તો હજારો વર્ષના આ ત્રીજા યુગમાં ઘાસ અને સર્વ વનસ્પતિને હજારો વર્ષ સુધી સૂર્ય વગર રહેવું પડે, કારણ, સૂર્યને તો ચોથે દિવસે એટલે કે ચોથા યુગમાં બનાવવામાં આવ્યો. એમ અહીં મોટો પ્રશ્ન થાય કે આ બધી વનસ્પતિ હજારો વર્ષો સુધી સૂર્ય વગર કેવી રીતે રહી શકી ? એ શક્ય બની શકે જ નહિ. કારણ, વનસ્પતિનું જીવન સૂર્ય પર જ આધારિત છે. આ દલીલ બતાવે છે કે 'યૉમ' એટલે યુગ નહિ, પણ ચોવીસ કલાકનો સામાન્ય દિવસ.

(૩) આ ઉપરાંત દરેક દિવસને અંતે ખુલાસાદર્શક ''અને સાંજ થઈ તથા સવાર થઈ'' વાળો શબ્દસમૂહ વાપરવામાં આવ્યો છે. એ બતાવે છે કે એ પ્રત્યેક ચોવીસ કલાકનો રાત્રિ-દિવસ છે. યહૂદી ઢબે પ્રથમ 'સાંજ' પછી 'સવાર' આપ્યું છે. કારણ, યહૂદી પંચાંગ પ્રમાણે સાંજે છ વાગ્યાથી નવો દિવસ શરૂ થતો. જો 'યોમ'નો

અર્થ યુગ કરીએ તો સવાર (દિવસ) હજારો વર્ષની અને સાંજ (રાત) પણ હજારો વર્ષની જ હોય. તો પ્રત્યેક યુગ માટે અંધકારનો (રાત્રિનો) કેટલો બધો લાંબો ગાળો થાય ! એ જ દર્શાવે છે કે 'યૉમ' એટલે સામાન્ય દિવસ.

(૪) દશ આજ્ઞામાંની ચોથી આજ્ઞા બહુ સ્પષ્ટપણે બતાવે છે કે ઉત્પત્તિકાર્યના છયે દિવસ અને સાબ્બાથનો સાતમો દિવસ ચોવીસ ચોવીસ કલાકના હતા. નિર્ગમન ૨૦:૮-૧૧માં સ્પષ્ટ લખ્યું છે : ''સાબ્બાથ દિનને પવિત્ર પાળવાને યાદ રાખ. છ દિવસ તું ઉદ્યોગ કર ને તારું સઘળું કામ કર. પણ સાતમો દિવસ તારા દેવ યહોવાનો સાબ્બાથ છે; તેમાં તું કંઈ કામ ન કર... **કેમ કે છ દિવસમાં યહોવાએ આકાશ તથા પૃથ્વી, સમુદ્ર તથા તેઓમાંનાં સર્વ ઉત્પન્ન કર્યાં, ને સાતમે દિવસે તે સ્વસ્થ રહ્યો...**"

વળી નિર્ગમન ૧૬:૨૬માં માન્ના એકઠું કરવા માટે એ જ પ્રબંધ હતો : ''છ દિવસ તમે તે એકઠું કરો; પણ સાતમો દિવસ સાબ્બાથ છે, તેમાં તમને કંઈ મળશે નહિ.'' વળી જુઓ નિર્ગમન ૩૧:૧૫ ''છ દિવસ સુધી કામ કરવામાં આવે; પણ સાતમે દિવસે યહોવાને સારુ પવિત્ર એવો વિશ્રામનો સાબ્બાથ છે; જે કોઈ વિશ્રામવારે કંઈ પણ કામ કરે તે જરૂર મારી નંખાય... **કેમ કે ઈશ્વરે છ દિવસમાં આકાશ તથા પૃથ્વી બનાવ્યાં, ને સાતમે દિવસે તેણે સ્વસ્થ રહીને વિસામો લીધો**'' (વળી જુઓ નિર્ગમન ૩૪:૨૧. ૩૨:૨. લેવીય. ૨૩:૩. પુનર્નિ. ૫:૧૩, ૧૪). આ બધાં ફરમાનોને ઉત્પત્તિકાર્યના છ દિવસ, અને વિશ્રામના સાતમા દિવસ (ઉત્પત્તિ ૨:૧-૩) સાથે સીધેસીધો સંબંધ છે. જો ઉપરનાં બધાં ફરમાનમાં રોજિંદા ચોવીસ કલાકના દિવસને જ ગણ્યો છે, તો ઉત્પત્તિના ૬+૧ દિવસોને ચોવીસ કલાકના જ દિવસ ગણવા જોઈએ, એમાં શક નથી.

(૫) કેટલાક દલીલો કરનારા લોકો ગીતશાસ્ત્ર ૯૦:૪ અને ૨ પિતર ૩:૮ને દલીલ તરીકે આગળ ધરે છે. એમાં લખ્યું છે : ''કેમ કે તારી દૃષ્ટિમાં હજારો વર્ષો વીતી ગયેલી કાલના **જેવાં** અને રાતના એક પહોર જેવાં છે.'' અને ''પ્રભુની નજરમાં એક દિવસ હજાર વર્ષોના **જેવો**, અને હજાર વરસો એક દિવસના **જેવાં** છે.'' આ ઉપરથી તેઓ ઉત્પત્તિકાર્યના છ દિવસોને 'યુગ' અથવા 'હજાર વર્ષો' ગણે છે. માણસનો એક દિવસ એટલે ઈશ્વરનાં એક હજાર વર્ષ બરાબર, અથવા માણસનાં હજાર વર્ષ બરાબર ઈશ્વરનો એક દિવસ એવો અર્થ એ કલમોમાં નથી. એટલે જ આવી દલીલ તદ્દન પોકળ છે.

**પ્રત્યેક દિવસ ચોવીસ કલાકનો**

ઉપરની બંને કલમોમાં માત્ર એક વાત કહેવા માગે છે કે, માણસની નજરમાં સમયની લંબાઈનું માપ છે, અને એ માપ મહત્ત્વનું છે; પરંતુ ઈશ્વરની આગળ ભૂત, વર્તમાન અને ભવિષ્યકાળ બધું એકાકાર છે, અને કંઈ વિસાતનાં નથી. એ બંને કલમોમાં બબ્બે વાર **જેવો** કે **જેવાં** વપરાયું છે, એ માત્ર સરખામણી દર્શાવે છે, અને નહિ કે કાળમાન ગણતરીની સાચી હકીકત રજૂ કરે છે. એનો અર્થ એવો નથી થતો કે તમારા કેલેન્ડરમાંના જાન્યુઆરીની પહેલી તારીખ (અથવા તો કોઈ પણ મહિનાની કોઈ પણ તારીખ) એટલે એક હજાર વર્ષ ! તમે એક દિવસ ઓફિસમાં (મિલમાં, બેન્કમાં, શાળામાં કે કારખાનામાં) નોકરી પર ગયા, એટલે એક હજાર વર્ષ નોકરી પર ગયા, અને એટલે એક હજાર વર્ષનો પગાર માગો ! - એ ગણતરી વાસ્તવિકતાથી કેટલી બધી વેગળી છે ! એમ જ બાઈબલનાં વાક્યોનું અર્થઘટન પણ વાસ્તવિકતાની દૃષ્ટિએ જ થવું જોઈએ. બાઈબલ સૌથી વધુ વાસ્તવિક પુસ્તક છે એ ભૂલવું જોઈએ નહિ.

# ૭ જળપ્રલયનો વિસ્તાર કેટલો ?

☐ **પ્રશ્ન :**

'જળપ્રલય' માત્ર સ્થાનિક હતો કે આખી પૃથ્વી પર ?

☐ **જવાબ :**

બાઈબલમાં બહુ સ્પષ્ટપણે જણાવવામાં આવ્યું છે કે આખી પૃથ્વીનો જળપ્રલયથી નાશ થયો. જળપ્રલય ફક્ત કોઈ સ્થાનિક વિસ્તારમાં નહિ, પણ આખી પૃથ્વી પર આવ્યો. બાઈબલના જ શબ્દો લઈએ : (૧) ''પૃથ્વી પર ચાળીસ દિવસ સુધી જળપ્રલય હતો'' (ઉત્પત્તિ ૭:૧૭). (૨) ''અને પૃથ્વી પર પાણી ઘણું ચઢયું; અને આખા આકાશ તળેના સર્વ ઊંચા પર્વત ઢંકાઈ ગયા. (પર્વતો પર) પંદર હાથ સુધી પાણી ચઢયું, અને પહાડો ઢંકાઈ ગયા'' (ઉત્પત્તિ ૭:૧૯, ૨૦). (૩) ''અને પૃથ્વી પર ફરનારાં પ્રાણીઓ, એટલે પક્ષી તથા ઢોર તથા વનપશુ, તથા જીવજંતુ જેઓ પૃથ્વી પર છે, તેઓ તથા સર્વ માણસ મરી ગયાં. કોરી જમીન પર રહેનાર સર્વ જેઓનાં નસકોરાંમાં જીવનનો શ્વાસ હતો, તેઓ મરી ગયાં. અને પૃથ્વીના સર્વ જીવ નષ્ટ થયા, એટલે માણસ તથા પશુ તથા પેટે ચાલનારાં તથા આકાશનાં પક્ષી પૃથ્વી પરથી નષ્ટ થયાં; અને નૂહ તથા તેની સાથે જે વહાણમાં હતાં એકલાં તેઓ બચ્યાં'' (ઉત્પત્તિ ૭:૨૧-૨૩). આ તમામ વાક્યો અને તેમની ભાષા સ્પષ્ટ આખી પૃથ્વી પરના જળપ્રલય વિશે બોલે છે. એમાં સ્થાનિક પૂરનું કોઈ સૂચન નથી.

વળી, છઠ્ઠા અધ્યાયમાં પણ સ્પષ્ટ જણાવ્યું છે (૭મી કલમ) : ''અને યહોવાએ કહ્યું કે, જે માણસને મેં ઉત્પન્ન કર્યું તેનો પૃથ્વી પરથી હું સંહાર કરીશ; હા માણસ તથા પશુ, પેટે ચાલનારાં પ્રાણી

તથા આકાશનાં પક્ષીઓ સુદ્ધાં (તે સર્વનો સંહાર કરીશ).'' વળી, (૧૩મી કલમ) : ''અને ઈશ્વરે નૂહને કહ્યું કે મારી આગળ સર્વ જીવનો અંત આવ્યો છે... હું તેઓનો પૃથ્વી સુદ્ધાં સંહાર કરીશ.'' વળી, ૧૭મી કલમ : ''અને જુઓ, સર્વ જીવ જેમાં જીવનનો શ્વાસ છે તેઓનો સંહાર આકાશ તળેથી કરવા માટે હું પૃથ્વી પર જળપ્રલય લાવીશ; અને પૃથ્વીમાં જે સર્વ છે તે મરશે.'' વળી જુઓ ૭:૪ -''જે સર્વ પ્રાણીઓ મેં ઉત્પન્ન કર્યા છે, તેઓનો નાશ પૃથ્વી પરથી હું કરીશ.'' હા, ૭:૨૧, ૨૨માં જણાવ્યું છે તેમ, પાણીમાં વસનારા જીવ, એટલે કે માછલાં, વહેલ વગેરે સિવાયના પૃથ્વીના સર્વ જીવ નષ્ટ થયા.

આ ઉપરાંત પ્રભુ ઈસુ પણ આ વાતને માન્ય રાખે છે. જુઓ માથ્થી ૨૪:૩૯ -''અને જળપ્રલય આવીને સહુને તાણી લઈ ગયો''... વળી જુઓ ૨ પિતર ૩:૬, ૭ ''તેથી તે વેળાનું જગત પાણીમાં ડૂબીને નાશ પામ્યું; પણ હમણાંનાં આકાશ તથા પૃથ્વી તે જ શબ્દથી ન્યાયકાળ તથા અધર્મી માણસોના નાશના દિવસ સુધી રાખી મૂકેલાં છતાં બાળવાને સારુ તૈયાર રાખેલાં છે.''

હવે વિજ્ઞાનની તેમ જ વ્યવહારુ દલીલો આપણે જોઈએ : (૧) વિજ્ઞાનનો એક પ્રમાણિત નિયમ છે કે પાણી હંમેશાં પોતાનું લેવલ શોધે છે. તળાવમાં નીચે ખાડા-ટેકરા હોય, પણ તળાવની ઉપલી સપાટી ઉપર પાણીનું લેવલ યા સપાટી એકસરખી જ રહે છે. એવું જ સાગરમાં પણ. એટલે મેસોપોટેમિયા પ્રદેશના જ પહાડો માત્ર જળપ્રલયમાં ડૂબી જાય અને બીજા દેશોમાં પાણી ન પહોંચે એ વિજ્ઞાનના ઉપર જણાવેલા નિમયની વિરુદ્ધની વાત થઈ. મતલબ કે ડૂબે તો દુનિયાના બધા પહાડ ડૂબે. આની એક નિશાની છે : પૃથ્વી પર લાવારસના બનેલા પહાડો સિવાયના બધા જ પહાડો પર છેક ટોચના ભાગો પર પણ છીપલાં, શંખલાં અને પાણીના જીવોના

અવશેષો જોવા મળે છે. એ બતાવે છે કે પહાડોની ટોચો પણ કોઈ એક સમયે પાણીની નીચે હતી.

બીજી એક વ્યવહારુ વાત જોઈ લઈએ. નૂહે ૧૨૦ વર્ષ સુધી બોધ કર્યો અને જંગી વહાણ બાંધ્યું. જો માત્ર સ્થાનિક પૂર હોત તો આવું જંગી વહાણ નૂહ શા માટે બાંધે ? વ્યવહારુ વાત તો એ કહેવાય કે નૂહ પોતાના કુટુંબકબીલાને લઈને બીજા દેશમાં જ્યાં પૂર આવવાનું ન હોય ત્યાં ચાલ્યો જાય. એ જ બતાવે છે કે આખી પૃથ્વી પર જળપ્રલય આવ્યો.

આખી પૃથ્વી પર જળપ્રલય આવ્યો એવી વાતો દુનિયાના બધા દેશોમાં ચાલતી આવે છે. ભારત, અમેરિકન ઈન્ડિયન, ઈજિપ્ત (મિસર), ફીજી ટાપુઓ, કોરિયા, ચીન, પેરુપ્રદેશ, ફિનલેન્ડ, બ્રહ્મદેશ, ફિલિપાઈન, એસ્કિમોનો પ્રદેશ, કુર્દિસ્તાન, આર્મિનિયા, બાબિલોન, ઈરાન, પોલિનેશિયન પ્રદેશ, વેલ્સ, ઓસ્ટ્રેલિયા, તાહિતી, ક્યૂબા, ફ્રુગિયા, બ્રાઝિલ, ચિલી, મુસ્લિમ દેશો અને બીજા અનેક દેશો, અને લોકોમાં જળપ્રલયની વાત સાંભળવા મળે છે. એ બધી વાતોમાં અમુક મુદ્દા એકસરખા છે, જેમ કે (૧) આખી પૃથ્વી પર જળપ્રલય આવ્યો; (૨) વહાણ યા હોડી દ્વારા બચાવ થયો; (૩) એ વહાણ યા હોડીમાં આઠ જણ હતાં. ભારતની વાતમાં મનુ અને સાત ઋષિ, બાબિલોનની વાતમાં આઠ જણ; કોરિયાની વાતમાં ફોહી તથા બીજા સાત જણ, ઈત્યાદિ; (૪) વહાણ યા હોડીમાં જે આઠ માણસો અને બીજાં પશુપંખીઓ હતાં તે સિવાયના પૃથ્વી પરના સર્વ જીવ નાશ પામ્યા. પૃથ્વી પરના સર્વ દેશો અને સર્વ પ્રજાઓમાં આવી એકસરખી વિગતોવાળી વાત કેવી રીતે પ્રચલિત હોઈ શકે ? એ બતાવે છે કે વિશ્વવ્યાપી જળપ્રલય આવ્યો હતો.

આજથી લગભગ સાઠેક વર્ષ અગાઉ ઈંગ્લેન્ડના પ્રખ્યાત પુરાવિદ્યા વિશારદ પ્રો. લેનર્ડ વૂલીએ યુફ્રેતિસ નદીના ઉરપ્રદેશના વિસ્તારમાં કેટલેક ઠેકાણે ખોદકામ કરાવ્યું હતું. એમાં ભૂસ્તરોમાં અનેક સંસ્કૃતિઓના અવશેષો (ઘરેણાં, ઓજારો, વાસણો, શબો ઇત્યાદિ) મળી આવ્યાં હતાં. છેલ્લામાં છેલ્લા ઐતિહાસિક અવશેષો પ્રાગ્ર સમયમાં સુમેરી લોકોની થયેલી વસાહતના મળી આવ્યા હતા. એના પછી સુકાયેલા કાદવનું આઠ-દસ ફૂટનું પડ આવ્યું હતું. એ કાદવના પડમાં મનુષ્ય વસાહતના કોઈ અવશેષ નહોતા, અને એનું કોઈ નામનિશાન નહોતું. એ પરથી સર વૂલીએ એમ માની લીધું કે એ પડ અગાઉ કોઈ મનુષ્ય વસાહત હયાતીમાં નહોતી આવી. પણ એથીયે ઊંડું ખોદકામ ચલાવતાં ફરીથી મનુષ્ય-વસાહતના અવશેષો મળી આવ્યા. જ્યાં જ્યાં ખોદકામ કરવામાં આવ્યું ત્યાં એ જ પ્રમાણે નીકળ્યું. એનો અર્થ એ થયો કે જળપ્રલય આવ્યો હશે અને બધાં મનુષ્યો નાશ પામ્યાં હશે. એટલે માનવી વસાહતના અવશેષો એ કાદવના પડમાં ન મળ્યા. વળી એ વિદિત થાય છે કે એ જળપ્રલયને કારણે જ આ આઠ-દસ ફૂટનું કાદવનું જંગી પડ બનવા પામ્યું.

આખી પૃથ્વી પર જળપ્રલય થયો એની બીજી એક સાબિતી પણ છે. સાઈબિરિયા, ગ્રીનલેન્ડ, અલાસ્કા વગેરે અતિ ઠંડા અને બરફનાં જંગી પડોથી સદા આચ્છાદિત એવા એ પ્રદેશોમાં બરફમાં હજારો વર્ષો પૂર્વે ધરબાયેલા મહાકાય પ્રાણીઓનાં મૃત શરીરો લાખોના પ્રમાણમાં મળી આવ્યાં છે.

એ ઉષ્ણ પ્રદેશનાં પ્રાણીઓનાં શરીરો છે. તેમનાં પેટ ચીરતાં એમાં ઉષ્ણ પ્રદેશનો લીલો તાજો ચારો મળી આવ્યો છે. વળી કેટલાંકનાં મોમાં ચવાતો ચારો પણ આજેય એવો ને એવો જ જોવા મળે છે. વળી એમાંનાં કેટલાંક પ્રાણીઓનું પોસ્ટમોર્ટમ કરવામાં

આવતાં તેમને પાણીમાં ગૂંગળાઈને મરણ પામેલાં જાહેર કરવામાં આવ્યાં છે. એ બધા પરથી એક જ બાબત સાબિત થાય છે કે જળપ્રલય આવ્યો, અને ચારો ચરતાં આ મહાકાય પ્રાણીઓને તાણી લઈ ગયો, અને કાયમને માટે તેમને બરફમાં ઘરબી દીધાં. બરફમાં રાખેલું મડદું યા ચીજ સડતી નથી. એટલે આ પ્રાણીઓનાં મૃત શરીરો તેમ જ તેમનાં પેટ તથા મોંમાંનો ચારો સડો લાગ્યા વગર આજ લગી સચવાઈ રહ્યાં છે.

વળી પૃથ્વી પર અમુક અમુક સ્થળે ખૂબ ઊંડા ખાડા આવેલા છે. અને આ ખાડાઓમાં પૃથ્વીના લગભગ બધા જ ખંડોનાં પ્રાણીઓનાં હાડકાં ચૂના સ્વરૂપમાં હજારોના પ્રમાણમાં જોવા મળે છે. આ હાડકાં અનેક ખંડોમાંથી એકસામટાં અહીં ક્યાંથી આવ્યાં ? એ પ્રશ્નનો જવાબ વિજ્ઞાન પાસે નથી. એનો ફક્ત એક જ ખુલાસો અપાય કે જળપ્રલયનાં પાણી બધા ખંડોનાં પ્રાણીઓને તાણી લઈ ગયાં. અને પાણી સુકાતાં એ બધાં પ્રાણીઓનાં શબો આવા ઊંડા ખાડાઓમાં હજારોના પ્રમાણમાં ઘરબાઈ ગયાં અને કાલાંતરે એ શબોનું માંસ ગળી ગયું-સડી ગયું; અને હાડકાં સૂકાંખંખ અને આખરે ચૂનારૂપ બની ગયાં.

ઘણાં બધાંને પ્રશ્ન થાય કે પૃથ્વીના ઊંચામાં ઊંચા બધા જ પહાડો ડૂબી જાય એટલું પાણી આવ્યું ક્યાંથી ? આપણે જોઈએ. ઉત્પત્તિ ૬:૧૦-૧૩માં આ પ્રમાણે આપ્યું છે : ''અને એમ થયું કે સાત દિવસ પછી પૃથ્વી પર જળપ્રલય થયો. નૂહના આયુષ્યના છસોમા વર્ષના બીજા મહિનાને સત્તરમે દિવસે તે જ દિવસે મોટા જળનિધિના ઝરા ફૂટી નીકળ્યા. ને આકાશનાં દ્વારો ઊઘડી ગયાં. અને ચાળીસ દિવસ તથા ચાળીસ રાત પૃથ્વી પર વરસાદ વરસ્યો.''

''આકાશનાં દ્વારો ઊઘડી ગયાં'' એ વાક્ય ઘણું બધું જણાવે છે. સામાન્ય રીતે પૃથ્વી પર આવતો વરસાદ ફોરાં યા ટીપાંના સ્વરૂપે

આવે છે, નહિ કે પાણીની ધારા યા પ્રવાહરૂપે. એટલે જ વનસ્પતિ, ઝાડો, ઘરો અને સર્વ જીવો સલામત રહે છે, નહિ તો બંદૂકની ગોળીના વેગથી ધારો આવતી હોત તો સર્વનો નાશ થાત. પણ ઉપરના વાક્યમાં એમ બતાવવામાં આવ્યું છે કે અંતરિક્ષના પાણીનાં દ્વારો ખૂલી ગયાં. કોઈ પાણીના બંધ (ડૅમ)ના બંધ રાખેલા દરવાજા (દ્વારો) ખોલી નાખવામાં આવે અને પાણી પ્રચંડ ધસારાબંધ વહી નીકળે, એમ જ આકાશમાં (અંતરિક્ષમાં) બંધ રખાયેલાં પાણીનાં 'દ્વારો' ઈશ્વરના હુકમથી ખોલી નાખવામાં આવ્યાં અને અંતરિક્ષનાં બંધ પાણી પ્રચંડ પ્રવાહરૂપે પૃથ્વી ઉપર ધસી પડયાં.

''આકાશમાં'' યા અંતરિક્ષમાં પાણી હોઈ શકે? જુઓ ઉત્પત્તિ ૧:૬-૮ - ''અને ઈશ્વરે કહ્યું કે, પાણી વચ્ચે અંતરિક્ષ થાઓ, ને પાણીને પાણીથી જુદાં કરો, અને ઈશ્વરે અંતરિક્ષ બનાવ્યું ને અંતરિક્ષની તળેનાં પાણીને અંતરિક્ષની ઉપરનાં પાણીથી જુદાં કર્યાં. અને તેવું થયું. અને ઈશ્વરે તે અંતરિક્ષને આકાશ કહ્યું.'' જેમ પૃથ્વી ઉપર સાગરોમાં અગાધ પાણી સંગ્રહાયેલું છે તેમ જ અધ્ધર અંતરિક્ષમાં અગાધ સમુદ્રો સંગ્રહાયેલા હતા. ૨ પિતર ૩:૫ એ હકીકતને અનુમોદન આપે છે. ''દેવના શબ્દે કરીને આકાશો પ્રથમથી હતાં, અને પૃથ્વી પાણીથી તથા પાણીમાં બાંધેલી હતી.'' વળી જુઓ ઉત્પત્તિ ૧:૯, ૧૦. એમાં અંતરિક્ષની નીચેનાં પાણીની વાત આપી છે. ત્યાં લખ્યું છે : ''અને ઈશ્વરે કહ્યું કે, આકાશ તળેનાં પાણી એક જગામાં એકઠાં થાઓ, ને કોરી ભૂમિ દેખાઓ, અને તેવું થયું. અને ઈશ્વરે તે કોરી ભૂમિને પૃથ્વી કહી ને એકઠાં થયેલાં પાણીને સમુદ્રો કહ્યા.'' એમ, અંતરિક્ષમાં તેમ જ પૃથ્વી પર પાણીના સાગરો આવેલા હતા.

કૂવા ખોદનારા અને બોરિંગ કરનારાના અનુભવ પ્રમાણે ભૂમિ નીચે ખડકોના પેટાળમાં પાણીના જંગી ભંડારો બરેલા છે અને નદીઓ તેમ જ અનેક વહેણ આવેલાં છે.

જળપ્રલય સમયે ઓચિંતા ફૂટી નીકળતા ઝરાઓના રૂપમાં પૃથ્વીના પેટાળમાં પાણીનાં જંગી ભંડારિયાં ઊભરી ઊઠયાં.

માત્ર વાદળાંમાં પણ આ ઉપરનાં પાણી કેટલાં બધાં સમાયેલાં છે ! અભ્યાસીઓના જણાવ્યા પ્રમાણે વાદળાંમાં પાણીનો બહુ મોટો જથ્થો સમાયેલો છે. અમેરિકાની મારી એક વિમાની મુસાફરી દરમિયાન અમે બોઈંગ વિમાનમાં કલાકના ૭૫૦ માઈલની ઝડપે ઊડતા હતા. એવામાં પ્રગાઢ ઘેરાં-વાદળાં દોઢ કલાક સુધી અમે જોયાં. વિમાની ગતિની ઝડપ ધ્યાનમાં લેતાં એ વાદળાંનો વિસ્તાર લગભગ ૧૧૦૦ માઈલ (૧૭૭૦ કિ.મી.)ની લંબાઈનો થયો. અને એની અંદાજી પહોળાઈ લગભગ ૭૦૦ માઈલ (૧૧૨૪ કિ.મી.) જેટલી હશે. આ પાણીનો કેટલો મોટો જથ્થો થયો ! અને આ તો પૃથ્વીના અમુક ભાગ ઉપરનાં જ વાદળાંની વાત આપણે કરી ! આખી પૃથ્વી પરનાં બધાં વાદળાં લઈએ તો પાણીનો કેટલો મોટો જથ્થો થાય !

'કુમાર' માસિકના એપ્રિલ ૧૯૭૧ના અંકમાં આ પ્રમાણે આપવામાં આવ્યું હતું : ''પૃથ્વીની સપાટી પર જેટલું પાણી છે તે બધું ભેગું કરીને તેનો એક થાંભલો સૂર્ય સુધી પહોંચે તેવડો (૯ કરોડ ૩૦ લાખ માઈલ અથવા ૧૪ કરોડ ૮૮ લાખ કિ.મી. લાંબો) રચવામાં આવે તો એ થાંભલો અઢી માઈલ (૪ કિ.મી.)ના વ્યાસની જાડાઈનો થાય'' (પૃ. ૧૫૪). રેવ. કલેરેન્સ લાર્કિન્સ પોતાના પુસ્તક 'ડિસ્પેન્સેશનલ ટૃથ'માં લખે છે કે, પૃથ્વીના પડ ઉપરનું પાણી પૃથ્વીના પદાર્થ-દ્રવ્યના ૧/૪૯૫૦મા ભાગ જેટલું છે. જો પૃથ્વીની જમીનની સપાટી બધે જ એક સરખી સપાટ હોત તો પૃથ્વીની સપાટીથી પાણી અગિયાર માઈલ (૧૭.૭ કિ.મી.) ઊંચે ચઢત.

# ૮ આકાશનું રાજ્ય

☐ **પ્રશ્ન :**

''આકાશનું રાજ્ય'' એટલે શું ? એ રાજ્ય કોણ અને ક્યારે સ્થાપશે ? એનું પાટનગર કયું હશે ?

☐ **જવાબ :**

આકાશનું રાજ્ય એટલે લડીને લીધેલું કે વારસામાં ગાદી મળેલી એવું પૃથ્વી પરનું રાજ્ય નહિ. પણ પ્રભુ ઈસુએ સ્થાપેલું રાજ્ય. પૃથ્વીનાં રાજ્યોનો નાશ કરીને પ્રભુ ઈસુ પોતે પૃથ્વી પર, યરુશાલેમની પાટનગરીમાંથી રાજ્ય કરશે.

ઝખાર્યા ૯:૧માં એ રાજ્યનો ઉલ્લેખ છે, અને પ્રભુ ઈસુના પ્રથમાગમન વખતે તે રાજા તરીકે આવ્યો હતો, પણ લોકોએ રાજાનો સ્વીકાર કર્યો નહિ.

યોહાન બાપ્તિસ્તે, ''પસ્તાવો કરો, કેમ કે આકાશનું રાજ્ય પાસે આવ્યું છે,'' એમ જાહેર કર્યું. ઈસુએ ૭૦ શિષ્યોની મારફતે, અને પછી બાર શિષ્યોની મારફતે, એ જ રાજ્યની જાહેરાત કરાવી. ખુદ પ્રભુ ઈસુએ પોતે પણ એ જ જાહેરાત કરી.

પણ યહૂદીઓએ રાજાનો નકાર કર્યો. રાજ્ય મોકુફ રાખવામાં આવ્યું.

**પ્રભુ ઈસુ ખ્રિસ્તનું એક હજાર વર્ષનું રાજ્ય : આકાશનું રાજ્ય**

પ્રભુ પોતાના પુનરાગમન વખતે પૃથ્વી પર 'આકાશનું રાજ્ય' સ્થાપન કરશે અને યરુશાલેમ રાજધાની બનશે. નબુખાદનેસ્સારને આવેલા સ્વપ્નમાં ''વગર હાથોએ કોતરી કઢાયેલી શીલા'' તે જ આ આકાશનું રાજ્ય છે.

પ્રભુ ઈસુ ખ્રિસ્ત પોતાના પુનરાગમનના સમયે એક હજાર વર્ષનું (સહસ્ત્રીબ્દી) રાજ્ય પૃથ્વી પર સ્થાપશે. પ્રભુ ઈસુ મંડળીને લેવા ગગનમાં આવશે, ત્યારે મંડળી ગગનમાં ઊંચકાઈ જશે (ગગનગમન). એ પછી સાત વર્ષ સુધી પૃથ્વી પર 'ખ્રિસ્ત-વિરોધી'ની સત્તા સર્વત્ર પ્રવર્તતી હશે અને સાત વર્ષનાં પાછલાં સાડાત્રણ વર્ષ માટે પૃથ્વી પર મહા વિપત્તિનો સમય હશે (માથ્થી ૨૪:૨૧). અને એ સમયમાં યહૂદીઓ ઉપર ભયંકરમાં ભયંકર વિપત્તિ આવશે (યિર્મે. ૩૦:૭). સાત વર્ષના અંત ભાગમાં 'ખ્રિસ્ત-વિરોધી' આખી દુનિયાનાં લશ્કરો એકત્ર કરીને યરુશાલેમની સામે ચઢી આવશે. બરાબર તે જ સમયે પ્રભુ ઈસુ સંતોની સાથે પૃથ્વી પર ઊતરશે (પ્રાગટય), અને ખ્રિસ્ત વિરોધીનો તથા તેનાં લશ્કરોનો નાશ કરી નાખશે. એમ યહૂદીઓનો અજાયબ છુટકારો થશે. પ્રભુ ઈસુએ આમ યહૂદીઓનો અદ્‌ભૂત રીતે બચાવ કર્યો, તેથી યહૂદીઓની આંખો ઊઘડી જશે, અને તેઓ ખ્રિસ્તને સાચી રીતે ઓળખતા થશે, અને એકેએક યહૂદી ભારે વિલાપ અને પશ્ચાતાપ સહિત એક જ દિવસમાં ખ્રિસ્તનો સ્વીકાર કરશે (જુઓ યશા. ૬૬:૮, ૯ અને ઝખાર્યા ૧૨ : ૯-૧૧).

એ પછી પૃથ્વી પરની જીવંત પ્રજાઓનો પ્રભુ ઈસુ ન્યાય કરશે (માથ્થી ૨૫:૩૧-૪૬; યોએલ ૩:૧૨; ઝખાર્યા ૧૪:૧૨), અને 'બકરાં પ્રજાઓ'નો તે નાશ કરી દઈને પૃથ્વી ઉપર એક હજાર વર્ષ માટે રાજ્ય કરશે.

**૧. "તારું રાજ્ય આવો"**

(માથ્થી ૬:૧૦) અનેક સૈકાંના જુદા જુદા સંતોની પ્રાર્થનાઓ આખરે ફળી કે, "તારું રાજ્ય આવો." હવે સ્ત્રીના સંતાને (ઈસુ ખ્રિસ્તે) સર્પના (શેતાનના) શિરને છૂંદી નાખ્યું છે. પૃથ્વીનું આધિપત્ય પચાવી પાડનાર ખ્રિસ્તવિરોધીને તથા ચમત્કારો કરતા

જૂઠા પ્રબોધકને અગ્નિ-ખાઈમાં નાખી દેવામાં આવ્યા છે. અને પૃથ્વીનો અધિકાર એના ખરા રાજા, દાવિદપુત્ર ઈસુ ખ્રિસ્તની કાંધ પર છે. કાંટાથી ખરડાયેલા શિર ઉપર હવે સુવર્ણમુગટ શોભે છે, ખીલાથી વીંધાયેલા પગો સુવર્ણ પાયાસને છે. ખીલાથી વીંધાયેલા હાથોએ હવે રત્નોજડિત સુવર્ણ રાજદંડ ધારેલ છે. આ જગતનાં રાજ્યો આપણા પ્રભુ ખ્રિસ્તનાં થયાં છે. હવે રાજાઓના રાજા અને પ્રભુઓના પ્રભુ તરીકે તે સદાસર્વદા રાજ્ય કરશે. તે યરુશાલેમથી આખી પૃથ્વી પર એક હજાર વર્ષનું રાજ્ય કરશે.

લૂક ૧:૩૨-૩૩ : "તે મોટો થશે, ને પરાત્પરનો દીકરો કહેવાશે અને ઈશ્વર પ્રભુ તેને **તેના પિતા દાવિદનું રાજ્યાસન આપશે.** તે યાકોબના ઘર પર સર્વકાળ રાજ કરશે, ને તેના રાજ્યનો અંત આવશે નહિ."

**દાનિયેલ ૭:૧૩, ૧૪ :** "રાતનાં સંદર્શનોમાં હું જોતો હતો, તો જુઓ, આકાશમાંના મેઘો સાથે મનુષ્યપુત્રના જેવો એક પુરુષ પેલા વયોવૃદ્ધ પુરુષની (પ્રભુ પિતાની) પાસે આવ્યો, તેને સત્તા, મહિમા તથા રાજ્ય આપવામાં આવ્યાં કે જેથી બધા લોકો, પ્રજાઓ તથા સર્વ ભાષાઓ બોલનાર માણસો તેના તાબેદાર થાય. તેની સત્તા સનાતન તથા અચળ છે, ને તેનું રાજ્ય અવિનાશી છે."

**૨. આ રાજ્યમાં કોણ કોણ હશે ?**

પ્રભુ ઈસુ રાજગાદી પર રાજા તરીકે હશે અને પ્રજાઓમાં ઉપર જણાવી તે દુનિયાની **"ઘેટાં પ્રજાઓ"** હશે, અને શેષ બચેલી યહૂદી પ્રજા હશે. આ યહૂદીઓએ ખ્રિસ્તનો એક જ દિવસમાં સ્વીકાર કર્યો હશે, એટલે કે **એક જ દિવસમાં એક સામટો** તેમનો નવો જન્મ થયેલો હશે.

ઝખાર્યા ૧૨:૯-૧૧ માં આપ્યું છે : "વળી તે દિવસે જે સર્વ પ્રજાઓ યરુશાલેમ વિરુદ્ધ ચઢી આવશે તેઓનો વિનાશ કરવાની

કોશિશ હું કરીશ. હું દાવિદના વંશજો પર તથા યરુશાલેમના રહેવાસીઓ પર કૃપાનો તથા વિનંતીનો આત્મા રેડીશ. અને મને, જેને તેઓએ વીંધ્યો છે તેની તરફ તેઓ જોશે; અને જેમ કોઈ પોતાના એકના એક પુત્રને માટે શોક કરે તેમ તેઓ તેને માટે શોક કરશે. ને જેમ કોઈ પોતાના જ શ્રેષ્ઠ પુત્રને માટે દુઃખી થાય તેમ તેઓ તેને લીધે દુઃખી થશે...''

**યશા. ૬૬:૮-૯ :** ''આ પ્રમાણે કોણે સાંભળ્યું છે ? આ પ્રમાણે કોણે જોયું છે ? શું એક દિવસમાં દેશનો પ્રસવ થાય ? શું પ્રજા એકાએક જન્મ પામે ? પરંતુ સિયોનને પ્રસવવેદના થઈ કે તરત જ તેણે પોતાનાં છોકરાંને જન્મ આપ્યો...'' (વળી જુઓ હઝકી. ૩૬:૨૪-૨૯). આમ યહૂદી પ્રજા એક સામટી એક જ દિવસે ખ્રિસ્તનો સ્વીકાર કરશે. તેઓ બધાં સહસ્ત્રાબ્દી રાજ્યમાં **અગ્રસ્થાને** હશે, કેમ કે પુનર્નિયમ ૨૮:૧૩માં તેમના વિષે લખેલું છે કે, ''અને યહોવા તેને સર્વનું શિર બનાવશે, પણ પુચ્છ નહિ.''

**૩. તેઓને રહેઠાણ માટે વિશાળ પ્રદેશ મળશે**

અત્યારનો ઈઝરાયલ દેશ તો તેમનો જ હશે, પણ ઈશ્વરે અબ્રાહમને જે મહા મોટા દેશ અથવા વિસ્તાર વિશે વચન આપ્યું હતું તે બધો પ્રદેશ આ સહસ્ત્રાબ્દી રાજ્ય વખતે તેમને મળશે. એ વચન ઉત્પત્તિ ૧૫:૧૮-૨૧માં આપવામાં આવ્યું છે. વિશાળ વિસ્તારમાં આટલા મુલકો આવી જાય છે : હાલનો ઈઝરાયલી દેશ; આખો સિરિયા; આખો લબાનોન; ઈરાક (આશ્શૂર)નો મોટો ભાગ - છેક ઉર શહેર અને યુફ્રેતિસ નદી સુધી; સાઉદી અરેબિયાનો ઉત્તરનો ભાગ; મોઆબ, જોર્ડન; અને મિસરની નાની નદી સુધી. સહસ્ત્રાબ્દી રાજ્ય દરમિયાન આ મહાવિશાળ પ્રદેશમાં યહૂદીઓ રહેશે.

**૪. આ સહસ્રાબ્દી રાજ્ય દરમિયાન પૃથ્વી ઉપર કેવા કેવા ફેરફાર થયા હશે ?**

**ક. શેતાનને એક હજાર વર્ષ સુધી બાંધી રાખવામાં આવશે.**

**પ્રગટી. ૨૦:૧-૩.** ''તેણે (દૂતે) પેલા અજગરને, એટલે ઘરડો સર્પ, જે દોષ મૂકનાર તથા શેતાન છે, તેને પકડયો, અને હજાર વર્ષ સુધી તેને બાંધી રાખ્યો.'' એટલે તે કોઈને પરીક્ષણમાં નાખી શકે નહિ કે કોઈને ભમાવી શકે નહિ. આ એક હજાર વર્ષ દરમિયાન પ્રભુ ઈસુ મહિમાવંત માનવદેહમાં માણસોની મધ્યે રાજ કરતા હશે; પવિત્ર આત્માની પૂર્ણ અસરો માનવીને મળશે; અને શેતાન બાંધેલો હશે. હા, પ્રલોભનકારક જગત અને મૂળ-પાપની અસરવાળું હૃદય - એ બે બાબતો દૂર કરાઈ નહિ હોય.

**ખ. ભૂમિને આપેલો શાપ દૂર કરાશે, પૃથ્વી પોતાનું ફળ આપશે.**

**ઉત્પ.** ૩:૧૭-૧૯માં ભૂમિને શાપ છે કે, ''તારે (આદમને) લીધે ભૂમિ શાપિત થઈ છે. તેમાંથી તું તારા આયુષ્યના સર્વ દિવસોમાં દુઃખે ખાશે. તે કાંટા તથા કંટાળી તારે સારુ ઉગાવશે... તું તારા મોંનો પરસેવો ઉતારીને રોટલી ખાશે...'' વળી રોમન ૮:૨૦-૨૨ પણ એ જ વાતનો ઉલ્લેખ કરે છે કે, ''સૃષ્ટિ પોતાની ઈચ્છાથી નહિ, પણ સ્વાધીન કરનારની ઈચ્છાથી વ્યર્થપણાને સ્વાધીન થઈ. પણ તે એવી આશાથી સ્વાધીન થઈ કે સૃષ્ટિ પોતે પણ નાશના દાસત્વમાંથી મુક્ત થઈને દેવનાં છોકરાંના મહિમાની સાથે મુક્તિ પામે... આખી સૃષ્ટિ તમામ નિસાસા નાખીને પ્રસૂતિની વેદનાથી કષ્ટાય છે.'' આ ભૂમિને આપેલો શાપ ૧૦૦૦ વર્ષના રાજ્યમાં દૂર થશે અને પૃથ્વી ભરપૂરપણે ફળફળાદિ, શાકભાજી, ઈત્યાદિ આપશે.

**ગ. ઈઝરાયલ દેશ ફરીથી દૂધમધની રેલંછેલવાળો દેશ બની જશે.**

**યોએલ ૩:૧૮** કહે છે કે, ''તે દિવસે પર્વતોમાંથી મીઠો દ્રાક્ષારસ ટપકશે, ને ડુંગરોમાંથી દૂધ વહેશે, ને યહૂદિયાના સર્વ વહેળાઓમાં

પાણી વહેશે. ને યહોવાના મંદિરમાંથી ઝરો નીકળશે, ને તે શીટ્ટીમની ખીણને પાણી પાશે.'' વાળી **આમોસ ૯:૧૩.** ભરપૂર ખેતીકામ વિશે કહે છે કે, ''ખેડનારનું કામ કાપણી કરનારાના કામ સુધી ચાલશે, ને દ્રાક્ષા પીલનારનું કામ કાપણી કરનારાના કામ સુધી ચાલશે, ને દ્રાક્ષા પીલનારનું કામ બી વાવનારના કામ સુધી ચાલશે, અને પર્વતોમાંથી મીઠો દ્રાક્ષારસ ટપકશે, ને સર્વ ડુંગરો પીગળી જશે.'' જમીન એટલી બધી રસાળ અને ફળદ્રુપ થશે કે દ્રાક્ષાવેલાઓ અનહદ પ્રમાણમાં ફાલશે. તેથી અલંકારી ભાષામાં લખ્યું છે કે, ''પર્વતોમાંથી મીઠો દ્રાક્ષારસ ટપકશે.'' અને ઢોરોને માટે ઠેરેઠેર ભરપૂર ચરાણો થશે, અને પાલતુ પ્રાણીઓ ઘણું જ દૂધ આપશે, તેથી અલંકારી ભાષામાં લખ્યું છે કે, ''ડુંગરોમાંથી દૂધ વહેશે.'' (વળી જુઓ યશા. ૩૦:૨૩-૨૫)

**ઘ. સૂર્ય સાતગણો પ્રકાશશે :**

**યશાયા ૩:૨૬** આ પ્રમાણે જણાવે છે કે, ''ચંદ્રનું અજવાળું સૂર્યના અજવાળા સરખું થશે, ને સૂર્યનું અજવાળું સાતગણું, સાત દિવસના અજવાળા સમાન થશે. યહોવા પોતાના લોકોના ઘાને પાટો બાંધશે, ને તેના જખમનો ઘા સાજો કરશે **તે દિવસે એમ થશે.''** એટલી ગરમી નહિ, પણ સાતગણો પ્રકાશ થશે. આથી ખેતીવાડી ભરપૂર થશે, ઝાડો પણ અલમસ્ત અને ફળોથી લળૂંબી-ઝળૂંબી રહેલાં બનશે.

**ચ. સહસ્ત્રાબ્દી રાજ્યમાં યુદ્ધ નહિ થાય :**

અત્યારે પૃથ્વી પર રાજાઓ, પ્રજાઓ, અને અધિકારીઓ શાંતિ, શાંતિ ઝંખી રહ્યા છે, પણ શાંતિ થવાની નથી. પણ સહસ્ત્રાબ્દી રાજ્યમાં શાંતિનો સરદાર પ્રભુ ઈસુ પોતે રાજ્યાસને બિરાજશે ત્યારે આખી પૃથ્વી પર શાંતિ હશે. એટલે જ **મિખાહ ૪:૩** કહે છે કે ''તેઓ (પ્રજાઓ) પોતાની તરવારોને ટીપીને હળની કોશો

બનાવશે. ...પોતાના ભાલાઓનાં ધારિયાં બનાવશે. પ્રજાઓ એકબીજાની વિરુદ્ધ તરવાર ઉગામશે નહિ, ને તેઓ ફરીથી કદી પણ યુદ્ધકળા શીખશે નહિ.'' **યશાયા ૨:૪ પણ એમ જ કહે છે :** ''તે (પ્રભુ ઈસુ) વિદેશીઓમાં ઈન્સાફ કરશે, તે ઘણા લોકોનો ફેંસલો કરશે. ને તેઓ પોતાની તરવારોને ટીપીને કોશો, અને પોતાના ભાલાઓનાં ધારિયાં બનાવશે. પ્રજાઓ એકબીજાની વિરુદ્ધ તરવાર ઉગામશે નહિ, અને તેઓ ફરીથી યુદ્ધકળા શીખશે નહિ.'' એટલે પાયદળો, નૌકાદળો અને હવાઈદળો રહેશે નહિ. એટમબૉમ્બ, હાઈડ્રોજન કે કોબાલ્ટ બૉમ્બ, કે મીસાઈલો નહિ હોય. સંરક્ષણ ખર્ચ માટે બજેટ બનાવવું નહિ પડે. માતપિતાના જુવાનજોધ દીકરાઓ કે, કુમળાં બાળકોના પિતાઓ, કે યુવાન પત્નીઓના પ્રેમાળ પતિઓ હવે રણમેદાનમાં મરશે નહિ.

**છ. હિંસ્ર પશુઓની પ્રકૃતિ બદલાશે અને પશુઓ કે માણસો એકબીજાથી ડરશે નહિ.**

**(i) હિંસાત્મક સ્વભાવ બદલાશે :** તેથી જ યશાયા ૧૧:૬-૯ સહસ્ત્રાબ્દી રાજ્ય વિશે કહે છે કે, ''તે વખતે વરૂ તથા હલવાન સાથે રહેશે. ચિત્તો લવારા પાસે સૂશે. વાછરડું, સિંહ, તથા માતેલાં ઢોર એકઠાં રહેશે, અને નાનું છોકરું તેઓને દોરશે. ગાય તથા રીંછ સાથે ચરશે. તેઓનાં બચ્ચાં ભેગાં સૂશે, અને સિંહ ઢોરની પેઠે કડબ ખાશે. ધાવણું બાળક સાપના દર પર રમશે, ને ધાવણ છોડાવેલું બાળક નાગના રાફડા ઉપર પોતાનો હાથ મૂકશે. મારા આખા પવિત્ર પર્વતમાં કોઈ પણ ઉપદ્રવ કરશે નહિ, તેમ વિનાશ કરશે નહિ.'' ઉત્પત્તિકાળે તેઓ હિંસક હતાં જ નહિ. પાપ અને શાપને લીધે એવાં કરાયેલાં પ્રાણીઓ પાછાં ઘાસચારો ખાશે. અરસપરસની બીક જતી રહેશે, માણસ પણ શાકાહારી બનશે.

**(ii) પશુ-પંખી વગેરેમાંથી માણસનો ડર જતો રહેશે :** જળપ્રલય પછી ઈશ્વરે નૂહને કહ્યું હતું : ''પૃથ્વીનાં સર્વ પશુઓ, તથા આકાશનાં સર્વ પક્ષીઓ, તથા પૃથ્વી પર સર્વ પેટે ચાલનારાં પ્રાણીઓ, તથા સમુદ્રનાં સર્વ માછલાં, **એ સર્વ તમારાથી (માણસજાતથી) બીશે તથા ડરશે.** તેઓ તમારા હાથમાં આપેલાં છે. પૃથ્વી પર હરેક ચાલનાર પ્રાણી તમારે સારુ ખોરાકને માટે થશે. લીલાં શાકભાજીની પેઠે મેં તમને સર્વ આપ્યાં છે'' (ઉત્પ. ૯:૨-૩). માણસ તરફનો પ્રાણીઓ, વગેરેનો ડર તે સહસ્ત્રાબ્દી રાજ્ય વખતે જતો રહેશે. એનું શાસ્ત્ર-પ્રમાણ યશા. ૧૧:૬-૯માં આપણે જોઈ ગયા.

**જ. માનવી જીવનની વયમર્યાદા ફરી પાછી બહુ લાંબી થશે.**

ઉત્પત્તિકાળે મૃત્યુ હતું જ નહિ. જો પાપ પ્રવેશ્યું ન હોત તો આદમવંશજો સદાકાળ માટે અમર જ રહેત. પણ પાપ મૃત્યુ લાવ્યું. તો પણ જળપ્રલય સુધી આયુષ્ય કેટલું બધું લાંબું હતું ! આદમ ૯૩૦ વર્ષ જીવ્યો; શેથ ૯૬૨ વર્ષ, એનોશ ૯૦૫; કાઈનાન ૯૧૦; યારેદ ૯૬૨; મથુસેલાહ ૯૧૯; નૂહ ૯૫૦ વર્ષ જીવ્યો. પણ જળપ્રલય પછી આયુષ્યદોરી ટૂંકી થઈ ગઈ. અને મોશે ભક્ત તો **ગીતશાસ્ત્ર ૯૦:૧૦**માં લખે છે કે, ''અમારી વયના દિવસો સિત્તેર વર્ષ જેટલા છે, અથવા બળના કારણથી તેઓ એંસી વર્ષ થાય.'' સહસ્ત્રાબ્દી રાજ્ય વખતે ફરીથી માનવીની આયુમર્યાદા ઘણી લાંબી થશે.

**યશાયા ૬૫:૧૯-૨૦ જણાવે છે** કે, ''તેમાં (યરુશાલેમમાં ફરીથી રૂદન કે વિલાપનો સાદ સાંભળવામાં આવશે નહિ. ત્યાંથી ફરી થોડા દિવસોનું ધાવણું બાળક, અથવા જેના દિવસ પૂરા થયા નથી એવો ઘરડો માણસ મળી આવશે નહિ; કેમ કે જુવાન [કિશોર] સો વરસની ઉંમરે મરશે, તથા પાપી સો વરસની વયનો છતાં

શાપિત થશે... કેમ કે ઝાડના આયુષ્ય જેટલું મારા લોકોનું આયુષ્ય થશે.'' થોડાક જ દિવસો જીવે ને પછી મરી જાય એવું કદી બનશે નહિ, અને લાંબુ આયુષ્ય જેણે ભોગવ્યું નથી, એવો ઘરડો માણસ પણ મળશે નહિ. મતલબ કે ઝાડ જેટલું આયુષ્ય માણસનું થશે. જે માણસ જાહેરમાં ઈચ્છાપૂર્વક, જાણીસમજીને અને મર્યાદા મૂકીને પ્રભુ ઈસુ સામે બળવો ઉઠાવશે તે ૧૦૦ વર્ષે કે પછી કાચી ઉંમરે શાપિત બનીને મરશે. એવાં કવચિત કવચિત મરણ થશે. **યશાયા ૩૩:૨૪** બતાવે છે કે, ''હું માંદો છું, એવું કોઈ પણ રહેવાસી કહેશે નહિ; તેમાં વસનાર લોકોની દુષ્ટતા માફ કરવામાં આવશે.'' આ સહસ્ત્રાબ્દી રાજ્યના સમયમાં હૉસ્પીટલો, દાક્તરો કે નર્સો નહિ હોય (જરૂર નહિ પડે).

**ઝ. આપણે (વિશ્વાસીઓ) ખ્રિસ્તની સાથે રાજ્ય કરીશું.**

**(i) ખ્રિસ્ત યરુશાલેમમાં પોતાના રાજ્યાસન પર :** ''જ્યારે માણસનો દીકરો (પ્રભુ ઈસુ ખ્રિસ્ત) પોતાના મહિમામાં સર્વ પવિત્ર દૂતો સહિત આવશે, ત્યારે તે પોતાના રાજ્યાસન પર બેસશે'' (માથ્થી ૨૫:૩૧). (વળી જુઓ : પ્રકટી ૧૯:૧૧-૧૬).

**(ii) બાર પ્રેરિતો બાર રાજ્યાસન પર બેસશે :** માથ્થી ૧૯:૩૮માં પ્રભુ ઈસુ પોતે આમ કહે છે : ''ઈસુએ તેઓને કહ્યું કે હું તમને ખચીત કહું છું કે જ્યારે પુનરુત્પત્તિમાં માણસનો દીકરો પોતાના મહિમાના રાજ્યાસન પર બેસશે, ત્યારે તમે, મારી પાછળ આવનારા ઈઝરાયલનાં બારે કુળોનો ન્યાય કરતા બાર રાજ્યાસનો પર બેસશો.'' યહૂદા ઈસ્કારિયોતની જગાએ **માથ્થિયસ** ચૂંટાયો હતો (પ્રે.કૃ. ૨૩-૨૬). એટલે બારમા રાજ્યાસન પર માથ્થિયસ બેસશે.

**(iii) પ્રભુ ઈસુની સાચી મંડળી પૃથ્વી પર ખ્રિસ્તની સાથે અધિકાર ચલાવશે :** વિશ્વાસીઓનું (મંડળીનું) ગગનગમન થશે, એ પછી

તેઓ ખ્રિસ્તની સાથે પૃથ્વી ઉપર પાછા ઊતરશે અને ખ્રિસ્તની સાથે પૃથ્વી પર અધિકાર ચલાવશે. **જુઓ પ્રકટી. ૫:૧૦.** ''અમારા ઈશ્વરને સારુ તેમને રાજાઓ તથા યાજકો કર્યા છે, અને તેઓ પૃથ્વી પર રાજ્ય કરે છે.'' વળી જુઓ, **પ્રકટી. ૨૦ : ૪** ''તેઓ જીવતા થયા, અને ખ્રિસ્તની સાથે હજાર વર્ષ રાજ કર્યું.'' વળી જુઓ, **૧ કોરીંથી ૬:૨-૩** ''સંતો જગતનો ન્યાય કરશે એ શું તમે જાણતા નથી?'' વળી જુઓ, **લૂક ૧૯:૧૬-૧૯** -''શાબાશ, ભલા ચાકર, માટે (તું) દશ શહેરોનો અધિકારી થા.''... ''તું પાંચ શહેરોનો અધિકારી થા.''

**૮. યરુશાલેમ શહેર તેમ જ મંદિર ફરીથી મહિમાવંતાં બંધાશે :**

(i) પૃથ્વી ઉપર કોઈ શહેર નહિ હોય એવું યરુશાલેમને મહિમાવંતું બનાવવામાં આવશે.

(ii) **મંદિર ફરી બંધાશે, અને તેને મહિમાવંતું બનાવાશે :** અત્યારે યરુશાલેમમાં મંદિર નથી, પણ મંડળીના ગગનગમન પછીનાં સાત વર્ષની શરૂઆત બંધાશે. પણ સાત વર્ષના અંત ભાગમાં તોડી નંખાશે (જુઓ મારું પુસ્તક ''યરુશાલેમનું મંદિર બંધાશે? - ક્યાં? - ક્યારે? - કેમ?''). એ પછી સહસ્ત્રાબ્દી રાજ્યકાળમાં યરુશાલેમમાં મંદિર ફરી બંધાશે. એનું વર્ણન હઝકિયેલ ૪૦:૧-૪૩:૭માં આપવામાં આવ્યું છે. સહસ્ત્રાબ્દી રાજ્યના મંદિર વિષેનું એ ભવિષ્યકથન છે. વળી હાગ્ગાય કહે છે : ''સર્વ પ્રજાઓની કીમતી વસ્તુઓ આવશે. ને હું આ મંદિરને ગૌરવથી ભરીશ...આ મંદિરનું પાછળનું ગૌરવ આગળ કરતાં વિશેષ હશે'' (હાગ્ગાય ૨:૭-૯).

દાવિદ રાજાએ શલોમોનના સમયમાં બંધાનાર મંદિર માટે રૂપિયા ૬,૩,૭૦,૦૦,૦૦,૦૦૦નું સોનુંરૂપું એકત્ર કરી રાખ્યું

હતું, જ્યારે સહસ્ત્રાબ્દી મંદિર માટે તો એથીયે અઢળક દ્રવ્ય એકત્ર કરવામાં આવશે (જુઓ યશા. ૬૦:૧-૩, ૫-૯, ૧૩, ૧૭).

**૫. પ્રજાઓના રાજાઓ પ્રભુ ઈસુને નમવા વર્ષોવર્ષ યરુશાલેમ આવશેઃ**

તેઓ ''રાજાઓના રાજા અને પ્રભુઓના પ્રભુ''ની આરાધના કરવા વર્ષોવર્ષ યરુશાલેમ આવશે (વાંચો ઝખાર્યા ૧૪:૧૬-૧૭).

□

# ૯ નૂહના દીકરાઓથી નવી દુનિયા

☐ **પ્રશ્ન :**

નૂહના દીકરાઓથી કઈ કઈ પ્રજા થઈ ?

☐ **જવાબ :**

જળપ્રલય પછી નૂહના દીકરાઓથી થયેલી પ્રજાઓ :

નૂહ અને તેના ત્રણ દીકરા (શેમ, હામ અને યાફેથ) દ્વારા નવેસરથી પૃથ્વીની સર્વ પ્રજાઓ અસ્તિત્વમાં આવી. આ કુટુંબોથી કઈ કઈ પ્રજાઓ થઈ તે નીચે બતાવ્યું છે. આ તખ્તાનો અભ્યાસ કરવા ઉત્પત્તિનો દશમો અધ્યાય વાંચી જશો તો ઘણી મદદ મળશે.

**યાફેથના વંશજો (યાફેથના છ દીકરાઓમાંથી)**

| | | |
|---|---|---|
| ૧. | **ગામોર** | એમાંથી કેલ્ટ-બ્રિટાનિયા અને એમાંથી આયર્લેન્ડ, વેલ્સ, સ્કૉટલાન્ડ, અને ઈંગ્લાંડની પ્રજાઓ થઈ. |
| ૨. | **માગોગ** | એમાંથી સ્કૅન્ડિનેવિયન અને સિથિયન પ્રજાઓ : સ્વીડન, ડેનમાર્ક, નૉર્વે, રશિયા, પોલાંડના દેશો તથા પ્રજાઓ થઈ. |
| ૩. | **માદાય** | મીડિયા - માદીઓની પ્રજા થઈ. |
| ૪. | **યાવાન** | ગ્રીસ અને ગ્રીક પ્રજાઓ થઈ. એમાં આયોનિયનો અને આથેન્સીઓ થયા. (એ ગ્રીકો ભારતમાં પ્રથમ આવેલા યુરોપિયનો હોવાથી આ બધા યુરોપિયનો ભારતની નજરમાં 'યવનો' ગણાતા હતા. |
| ૫. | **તુબાલ** | એમાંથી પ્રુશિયા, હોલાંડ, અને જર્મનીની પ્રજાઓ થઈ. |

| | |
|---|---|
| ૬. મેશેખ | મૉસ્કવાઈટો, હંગેરી, ઑસ્ટ્રીયા, સ્વિત્ઝર્લાન્ડ, ફ્રાન્સ, પોર્ટુગલ અને સ્પેનની પ્રજાઓ થઈ. વળી એમાંથી જ રોમ, ઈટાલી અને રોમન પ્રજાઓ થઈ. |
| ૭. તિરાસ | એમાંથી થ્રેસિયનો થયા. |

## હામના વંશજો (હામના ચાર દીકરાઓમાંથી)

| | |
|---|---|
| ૧. કૂશ | ઈથોપિયા (એબિસિનયા) અને બાબિલોનિયા. |
| ૨. મિઝરાંઈમ | મિસર (ઇજિપ્ત), લૂદીમ, અનામીમ, લહાબીમ, નાફૂતુહીમ, પાથરૂસિમ, કાસ્લુહિમ વગેરે પ્રજાઓ થઈ. તેઓ મિસર અને અરબસ્તાનમાં વસ્યા, તેમ જ આફ્રિકાના જુદા જુદા દેશોમાં. |
| ૩. ફૂટ | લિબિયનો. |
| ૪. કનાન | યબૂસીઓ, અમોરીઓ, ગિર્ગાશીઓ, હિવ્વીઓ, આરકીઓ, સીનીઓ, આરવાદીઓ, સમારીઓ, હમાથીઓ જેવી પ્રજાઓ. |

## શેમના વંશજો (શેમના પાંચ દીકરાઓમાંથી)

| | |
|---|---|
| ૧. એલામ | ઈરાની, અરબસ્તાનની કેટલીક પ્રજાઓ. |
| ૨. અશ્શૂર | આશ્શૂરીઓ. |
| ૩. આર્પાકશાદ | ખાલદીઓ, હિબ્રૂઓ, મોઆબીઓ, આમ્મોનીઓ. |
| ૪. લૂદ | લીડિયા એસાવવંશી અદોમીઓ (એશિયામાઈનર) |
| ૫. અરામ | સિરિયા. |

**નોંધ :** શેમના ત્રીજા દીકરા આર્પાકશાદને શેલાહ નામનો દીકરો થયો, અને શેલાહને હેબેર નામનો દીકરો થયો. આ હેબેરથી હિબ્રૂ પ્રજા થઈ. શેમથી આર્પાકશાદ; આર્પાકશાદથી શેલાહ, શેલાહથી હેબેર; હેબેરથી પેલેગ; પેલેગથી રેઉ; રેઉથી સરૂગ; સરૂગથી નાહોર; અને નાહોરથી તેરાહ; અને તેરાહથી **અબ્રાહમ** થયો.

□



૫.

# ૧૦ બાઈબલના મર્મો

☐ **પ્રશ્ન :**

બાઈબલમાં આપેલા મર્મો શું છે ?

☐ **જવાબ :**

નવા કરાર પ્રમાણે, સમજી ન શકાય તેવી બાબતોને મર્મ તરીકે ઓળખવામાં આવી નથી, પણ ઈશ્વરની કોઈ યોજના કે એમનો હેતુ જે તેમના મનમાં તો અનાદિકાળથી હોય, પણ માણસને તે જણાવ્યો ન હોય, અને ફક્ત જ્યારે એ 'યોજના' કે 'હેતુ' જાહેર કરવાનો સમય આવે ત્યારે જ ઈશ્વર તે જણાવે, એ 'યોજના' યા 'હેતુ'ને નવા કરારની ભાષામાં **મર્મ** કહેવામાં આવે છે.

એવા અગિયાર મર્મો છે; અને તે **"ઈશ્વરના મર્મો"** તરીકે ઓળખાય છે. એમાંના આઠ મર્મો પ્રેરિત પાઉલ મારફતે પ્રગટ કરવામાં આવ્યા, એક મર્મ ખ્રિસ્તની મારફતે પ્રગટ થયો, અને બાકીના બે મર્મ પ્રેરિત યોહાનને પ્રગટ કરવામાં આવ્યા.

**(૧) દેહધારીપણાનો મર્મ :**

**૧ તિમોથી ૩:૧૬.** ''બેશક સતધર્મનો **મર્મ મોટો છે.** તે મનુષ્યરૂપમાં પ્રગટ થયો, આત્મામાં ન્યાયી ઠરાવાયો, દૂતોના જોવામાં આવ્યો, તેની વાત વિદેશીઓમાં પ્રગટ થઈ, તેના પર જગતમાં વિશ્વાસ કરવામાં આવ્યો, અને તેને મહિમામાં ઉપર લેવામાં આવ્યો.''

ઈશ્વર આકાશમાંથી બોલીને, જેમ સિનાય પર્વત પર કર્યું તેમ, પોતાને પ્રગટ કરે એમાં કોઈ મર્મ નથી. પણ એ ઈશ્વર માનવી દેહ ધારણ કરે અને આપણી મધ્યે વસે એ એક મોટો મર્મ બને

છે. ખ્રિસ્તમાં તે માનવ દેહધારી બનીને આપણી મધ્યે વસ્યા (યોહાન ૧:૧-૧૪).

**(૨) વ્યક્તિના અંતરમાં ખ્રિસ્તના વસવાનો મર્મ :**

**કલોસી. ૧:૨૬-૨૭.** ''તે મર્મ યુગોથી તથા પેઢીઓથી ગુપ્ત રાખવામાં આવ્યો હતો, પણ હમણાં તે તેના સંતોને પ્રગટ થયો છે. વિદેશીઓમાં તે મર્મના મહિમાની સંપત શી છે, તે તેઓને જણાવવા ઈશ્વરે ચાહ્યું. **તે મર્મ એ છે કે તમારામાં ખ્રિસ્ત** મહિમાની આશા છે.''

અહીં આપણો ગુજરાતી તરજુમો ''તમારામાં ખ્રિસ્ત મહિમાની આશા છે,'' એ બરાબર નથી : બધી અંગ્રેજી આવૃત્તિઓમાં બહુ સરસ રીતે આપ્યું છે. રોમન કેથલિક તરજુમામાં પણ બરાબર છે : ''એ રહસ્ય એટલે **તમારામાં વસતા ખ્રિસ્ત** - ભાવિ મહિમાની આશા.'' વળી બાઇબલ સોસાયટીના નવા તરજુમામાં પણ બરાબર છે : ''આ રહસ્ય સત્ય આ પ્રમાણે છે : **તમારામાં ખ્રિસ્ત છે.** એનો અર્થ એ થાય છે કે તમે ઈશ્વરના મહિમાના ભાગીદાર બનશો.''

**ગલાતી ૨:૨૦** -''હું ખ્રિસ્તની સાથે વધસ્તંભે જડાયો; પરંતુ હું જીવું છું; તો પણ હવેથી હું નહિ, પણ **મારામાં ખ્રિસ્ત જીવે છે.**''

અહીં પાઉલ બીજા એક મર્મની વાત કરે છે. ઈશ્વરની સનાતન આયોજનામાં તો સનાતન સમયથી આ રહસ્ય હતું, પણ મંડળીના જમાનામાં એ મર્મ ખ્રિસ્તના સંતોને પ્રગટ થયો. ''ખ્રિસ્ત તમારામાં છે, કે વસે છે'' એ આ રહસ્ય છે. ''નવા જન્મ''નું એ રહસ્ય યા મર્મ છે. 'નવા જન્મ' દ્વારા ખ્રિસ્ત આવીને માણસમાં વસે છે. નિકોદિમસ એ મર્મ સમજી શક્યો નહોતો (યોહાન ૩:૧-૧૫). એ દ્વારા ઈશ્વરનો સ્વભાવ આપણામાં આવીને વસે છે, અને એ રીતે

આપણે ખ્રિસ્ત સાથે એક રૂપ બનીએ છીએ. વળી જુઓ ૧ કોરીંથી. ૧૨:૧૨. ગલાતી ૨:૨૦.

**(૩) ખ્રિસ્તના શરીરરૂપી મંડળીમાં યહૂદીઓ અને વિધર્મીઓના એકીકરણનો મર્મ :**

**એફેસી ૩:૩-૬.** ''અને પ્રકટીકરણથી તેણે મને મર્મ જણાવ્યો તે વિશે, તમે કદાચ સાંભળ્યું છે. તે વિશે મેં અગાઉ ટૂંકામાં લખ્યું તે વાંચીને તમે ખ્રિસ્તના મર્મ વિશેની મારી માહિતી જાણી શકશો. તે જેમ હમણાં તેના પવિત્ર પ્રેરિતોને તથા પ્રબોધકોને આત્માથી પ્રગટ થયેલો છે, તેમ આગલા જમાનાઓમાં માણસોના જાણવામાં આવ્યો નહોતો, એટલે કે વિદેશીઓ, ખ્રિસ્ત ઈસુમાં સુવાર્તા દ્વારા, અમારી સાથે વતનમાં ભાગીદાર, તેના (ખ્રિસ્તના) શરીરના અવયવો, તથા તેના વચનના સહભાગી છે.''

ઈશ્વરની સનાતન યોજનામાં અનાદિકાળથી આ યોજના હશે જ, પણ છેક મંડળીના જમાના સુધી ઈશ્વરે કોઈ પ્રબોધકને કે અન્ય કોઈને એની જાણ કરી નહોતી. પણ મંડળીના જમાનામાં જ ઈશ્વરે આ રહસ્ય જાહેર કર્યું કે યહૂદીઓની જેમ જ અને તેની સાથે મળીને વિદેશીઓ પણ સમાન વારસદાર બને, અને ખ્રિસ્તના શરીરરૂપ મંડળીના અવયવ બને, અને ખ્રિસ્તના વચનોના ભાગીદાર બને.

**(૪) "સાત તારા" અને "સાત દીવીઓ"નો મર્મ :**

**પ્રકટી. ૧:૧૨-૨૦.** ''જે વાણી મારી સાથે બોલી તેને જોવાને હું પાછો ફર્યો, અને ફર્યો ત્યારે મેં સોનાની સાત દીવી જોઈ. તે દીવીઓની વચમાં મનુષ્યપુત્ર જેવા એકને મેં જોયો. તેણે પગની પાની સુધી પહોંચે એવો ઝભ્ભો પહેરેલો હતો, અને તેની છાતી પર સોનાનો પટો બાંધેલો હતો. તેનું માથું તથા કેશ ધોળા ઊનના જેવાં, બરફની માફક શ્વેત હતાં. અને એની આંખ અગ્નિની જ્વાળા જેવી હતી. તેના પગ જાણે ભઠ્ઠીમાં શુદ્ધ થયેલા ચળકતા તાંબાના

જેવા હતા. તેનો સાદ પુષ્કળ પાણીના અવાજ જેવો હતો. તેના જમણા હાથમાં સાત તારા હતા. તેના મોમાંથી બેધારી પાણીદાર તલવાર નીકળતી હતી. તેનો ચહેરો પૂર્ણ તેજથી પ્રકાશતા સૂર્ય જેવો હતો. જ્યારે મેં તેને જોયો ત્યારે મૂએલા જેવો હું એના ચરણ આગળ પડી ગયો. પછી તેણે પોતાનો હાથ મારા પર મૂકીને કહ્યું કે, બી નહિ. પ્રથમ તથા છેલ્લો હું છું. અને હું જીવંત છું. હું મરેલો પણ હતો, અને જુઓ, સદાકાળ જીવતો છું અને મરણ તથા હાડેસની કૂંચીઓ મારી પાસે છે. તેં જે જે જોયું છે, અને જે જે છે, અને હવે પછી જે થશે, તે સર્વ લખ. મારા જમણા હાથમાં જે સાત તારા તેં જોયા, અને સોનાની જે સાત દીવી છે, એમનો મર્મ તું લખ. સાત તારા તે સાત મંડળીઓના દૂત છે, અને સાત દીવી તો સાત મંડળીઓ છે.''

આ સાત મંડળીઓ એશિયા માઈનરની હતી. પ્રકટીકરણના બીજા અને ત્રીજા અધ્યાયમાં આ સાત મંડળીઓનાં નામ અને તેમની વિશિષ્ટ ખાસિયતો આપવામાં આવી છે. એમનો મર્મ આમાં સમાયેલો છે કે આ સાતેય મંડળીઓ ભવિષ્યમાં થનાર મંડળીઓની પ્રતિનિધિ છે. મંડળીની શરૂઆતથી માંડીને આજે લગભગ ૨૦૦૦ વર્ષ સુધી એ આખાયે ગાળામાં જુદે જુદે તબક્કે મંડળીની શી પ્રકૃતિ થવાની છે, અને તે પ્રત્યેક તબક્કે મંડળીની શી ક્રમબદ્ધ વિશિષ્ટ ખાસિયતો થવાની છે તેની આ સાત મંડળીઓ ક્રમવાર અગાઉથી જાણ કરે છે.

પૃથ્વી પર તે સમયે બીજી ઘણી મંડળીઓ હતી. જેમ કે યરુશાલેમની, કોરિંથની, ગલાતિયાની, કોલોસ્સેની, થેસ્સાલોનિકાની, ઇત્યાદિ, પણ એ બધીમાંથી આ અમુક સાત મંડળી લેવામાં આવી, કેમ કે તે સાતેયની પ્રકૃતિ અને ખાસિયતો એવી હતી કે આવતા આશરે ૨૦૦૦ વર્ષના સમયમાં જુદે જુદે

ગાળે એ સાતેય મંડળીઓની પ્રકૃતિ અને ખાસિયતો થવાની છે, અને એ પ્રત્યેક ગાળાની મંડળી માટે પ્રભુ ઈસુનો સંદેશો એ પ્રમાણે જ થવાનો છે. એટલે એ સાત મંડળીઓને પ્રકટીકરણના બીજા અને ત્રીજા અધ્યાયમાં રજૂ કરવામાં આવી.

એ મર્મ આજ સુધી બરાબર સમજાતો નહોતો, પણ ઈતિહાસે ક્રમબદ્ધ એ ખાસિયતો મંડળીમાં બતાવી છે તેથી સ્પષ્ટ થાય છે. આપણે એ જોઈએ :

a. **એફેસસ ગાળો** (પ્રકટી. ૨:૧-૭) : આ ગાળો ઈ.સ. ૭૦ થી ૧૭૦ સુધીનો. **"પીછેહઠ કરતી મંડળી."** પ્રથમના ઊભરાતા પ્રેમની ઓટ. પણ ''નિકોલાયતીઓ'' ખ્રિસ્તી હોવા છતાં અનીતિમય જીવન જીવતા હતા. (તેઓ વિશે વધુ જાણવા જુઓ મારું પુસ્તક 'બાઇબલનો શબ્દકોશ.')

b. **સ્મર્ના ગાળો** (પ્રકટી. ૨:૮-૧૧) : આ ગાળો ઈ.સ. ૧૭૦ થી ૩૧૨ સુધીનો. **"સતાવણી વેઠતી મંડળી."** યહૂદીઓ તરફથી ભારે સતાવણી. યહૂદીઓની એવી ઇચ્છા હતી કે, તેઓ પાછા 'નિયમશાસ્ત્ર' નીચે આવે.

c. **પેર્ગામમ ગાળો** (પ્રકટી. ૨:૧૨-૧૭) : આ ગાળો ઈ.સ. ૩૧૨ થી ૬૦૬ સુધીનો. **"અનીતિમાન અથવા સ્વૈરવિહારી મંડળી."** રોમન બાદશાહ કૉન્સ્ટાન્ટીનના સમયમાં મંડળી અને રાજ્ય સરકાર એક બની ગયાં, અને એને લીધે ખાલી નામધારી ખ્રિસ્તીઓ અનેક થયા. તે સમયમાં મંડળીની આત્મિક ''લંપટતા'' સ્પષ્ટ દેખાઈ આવે છે. એ પ્રકારના જીવનને ''બલઆમનો બોધ'' કહેવામાં આવે છે. (''બલઆમના બોધ'' વિશે વધુ સમજવા જુઓ મારું પુસ્તક : 'બાઇબલનો શબ્દકોશ.') બલઆમ જ્યારે ઇઝરાયલ પ્રજાને શાપ આપી ન શક્યો, ત્યારે પારકી પ્રજાની છોકરીઓ સાથે

સંબંધ બાંધી ભ્રષ્ટ જીવન જીવવા તરફ બલઆમ ઈઝરાયલને દોરી લઈ જવામાં સફળ થયો હતો.

**d. થુઆતૈરા ગાળો** (પ્રકટી. ૨:૧૮-૨૯) : આ ગાળો ઈ.સ. ૬૦૬ થી ૧૫૨૦ સુધીનો છે. **"ઢીલીપોચી મંડળી."** પ્રભુ એનાં કામ, પ્રેમ અને ધીરજને વખાણે છે. પણ એક બાબતનો ઠપકો આપે છે : ''ઈઝબેલ, જે પોતાને પ્રબોધિકા કહેવડાવે છે, તે સ્ત્રીને તું સહન કરે છે. તે મારા સેવકોને વ્યભિચાર કરવાને તથા મૂર્તિઓનાં નૈવેદ ખાવાને શીખવે તથા ભમાવે છે.'' આ ગાળા દરમિયાન પોપની મંડળીએ ઘણાબધા વિધર્મી અને મૂર્તિપૂજક રીતરિવાજો અને શિક્ષણ ઘુસાડયું હતું, જેમ કે 'બાપ્તિસ્મા દ્વારા ઉદ્ધાર અને નવું જીવન'; 'માણસ પોતાનાં કામો દ્વારા ન્યાયીપણું પામે છે'; 'પૂતળાંઓની પૂજા'; 'ધર્મસેવકોએ કુંવારા રહેવું', 'મરિયમ-પૂજા'; 'પાદરી આગળ પાપ કબૂલાત'; 'પર્ગેટરી'; 'પ્રભુભોજનનાં રોટલી અને દ્રાક્ષારસ ખરેખર ઈસુનું માંસ અને રક્ત બની જાય છે'; 'માફીપત્રો' (પૈસા આપીને પૈસાના પ્રમાણમાં પાપોની માફી મેળવી શકાય); 'દેહકષ્ટ દ્વારા પાપનાશ.' એમ જણાય છે કે પોપની મંડળી એજ 'ઈઝબેલ' છે.

**e. સાર્દિસ ગાળો** (પ્રકટી. ૩:૧-૬) : આ ગાળો ઈ.સ. ૧૫૨૦ થી ૧૭૫૦ સુધીનો છે. **"મૃત મંડળી."** મંડળીને ધાર્મિકપણાનું કોચલું હતું, પણ આત્માનું સામર્થ્ય નહોતું. ''તું નામનો જીવે છે, પણ તું મૂએલો છે.'' એને માર્ટિન લ્યૂથરની ધર્મસુધારણાની જરૂર હતી.

**f. ફિલાદેલ્ફિયા ગાળો** (પ્રકટી. ૩:૭-૧૩) : આ ગાળો ઈ.સ. ૧૭૫૦ થી ૧૯૦૦ સુધીનો છે. **"કૃપા પામેલી મંડળી."** આ ગાળામાં ભારે 'સુવાર્તાપ્રચાર' અને 'મિશનરી કાર્ય' થયું.

દુનિયાભરમાં મિશનરીઓ મોકલવામાં આવ્યા; અનેક 'મિશન બોર્ડ' રચાયાં. સુવાર્તિક કાર્ય વિશ્વભરમાં જોરશોરથી ચાલ્યું.

**g. લાઓદીકીઆ ગાળો** (પ્રકટી. ૩:૧૪-૨૨) : આ ગાળો ઈ.સ. ૧૯૦૦ થી પ્રભુ ઈસુ ગગનમાં ઊતરે ત્યાં સુધી. **"હૂંફાળી મંડળી"** આજે સમસ્ત મંડળી જેવી છે તેવી હાલતવાળી મંડળી : દ્રવ્યવાન, કામોથી ધમધમતી, પણ આત્મિકપણા વગરની, અને ખ્રિસ્ત મંડળીની બહાર (ઊભેલા તથા ખટખટાવતા).

**૫. આકાશના રાજ્યના મર્મો :**

**માથ્થી ૧૩:૧૦-૧૧.** "પછી શિષ્યોએ પાસે આવીને તેને કહ્યું કે, તું તેઓની સાથે દૃષ્ટાંતોમાં શા માટે બોલે છે ? ત્યારે તેણે તેઓને ઉત્તર આપ્યો કે, **આકાશના રાજ્યના મર્મો** જાણવાનું તમને આપેલું છે, પણ તેઓને નથી આપેલું."

'આકાશનું રાજ્ય' એટલે વારસામાં મળેલું રાજ્ય નહિ, કે લડાઈમાં જીતીને મેળવેલું રાજ્ય નહિ, પણ આકાશ તરફથી સીધું મળેલું રાજ્ય. ઈતિહાસના કોઈ તબક્કામાં પ્રભુ ઈસુ પોતે પૃથ્વી ઉપર રાજ્ય કરનાર છે, એ આકાશનું રાજ્ય થશે. એ દાવિદની ગાદી યરુશાલેમમાં ફરી સ્થાપન કરશે, અને આખી પૃથ્વી પર રાજ્ય કરશે.

ખરું જોતાં પ્રભુ ઈસુ પહેલી વખતે આવ્યા ત્યારે રાજ્ય સ્થાપવા આવ્યા હતા. એમની છડી પોકારનાર યોહાન બાપ્તિસ્તે પ્રચાર ઘોષણા કરી હતી કે, "પસ્તાવો કરો, કેમ કે આકાશનું રાજ્ય પાસે આવ્યું છે" (માથ્થી ૩:૨). પ્રભુ ઈસુએ પોતે પણ એ જ જાહેર કર્યું હતું કે "પસ્તાવો કરો, કેમ કે આકાશનું રાજ્ય પાસે આવ્યું છે" (માથ્થી ૪:૧૭). વળી પ્રભુ ઈસુએ બાર શિષ્યોને "રાજ્યની સુવાર્તા" (આકાશના રાજ્યની સુવાર્તા) ફેલાવવા માટે મોકલ્યા

ત્યારે તેમને કહ્યું, ''તમે જતાં જતાં એમ પ્રસિદ્ધ કરો કે, આકાશનું રાજ્ય પાસે આવ્યું છે'' (માથ્થી ૧૦:૭).

ઝખાર્યા પ્રબોધકે પણ એ જ ઈસુ રાજ્ય સ્થાપવા આવનાર છે એ વિશે ભવિષ્ય ભાખ્યું હતું કે, ''હે સિયોનની પુત્રી, બહુ આનંદ કર. હે યરુશાલેમની પુત્રી, જયપોકાર કર. જો, તારો રાજા તારી પાસે આવે છે. અને ગધેડા પર, હા, ખોલા એટલે ગધેડીના વછેરા પર સવાર થઈને આવે છે'' (ઝખાર્યા ૯:૯). અને એ જ પ્રમાણે 'આકાશનું રાજ્ય' સ્થાપવા પ્રભુ ઈસુ વછેરા પર સવાર થઈને આવ્યા. અને માથ્થીએ ઝખાર્યાનું ભવિષ્યવચન ટાંકીને લખ્યું કે, ''આ એ માટે થયું કે પ્રબોધકે જે જે કહ્યું હતું તે પૂરું થાય'' (માથ્થી ૨૧:૧-૧૧).

પણ યહૂદીઓએ રાજાનો નકાર કર્યો; એટલે એ રાજ્ય મોકૂફ રખાયું (માથ્થી ૨૩:૩૮). ત્યારથી આજ સુધી એ આકાશનું રાજ્ય માત્ર મર્મોમાં છે, પણ પ્રભુ ઈસુ પૃથ્વી ઉપર ફરી ઊતરશે ત્યારે એ હજાર વર્ષનું રાજ્ય તે સ્થાપશે. નબૂખાદનેસ્સારની પેલી સ્વપ્નની મૂર્તિના અર્થ પ્રમાણે વગર હાથોએ કાપી કાઢવામાં આવેલી એ શિલાએ પૃથ્વીનાં બધાં રાજ્યોનો નાશ કર્યો, અને એ શિલા આખી પૃથ્વીમાં વ્યાપી ગઈ. એ શિલા તે જ ઈસુ ખ્રિસ્તનું પૃથ્વી પરનું **''આકાશનું રાજ્ય.''**

અહીં એક વાત સમજી લઈએ કે મંડળી તે 'આકાશનું રાજ્ય' નથી. માથ્થીની સુવાર્તાના ૧૩મા અધ્યાયમાં ''આકાશના રાજ્ય''નાં સાત દૃષ્ટાંતો આપવામાં આવ્યાં છે. એ દૃષ્ટાંતો પ્રભુ ઈસુ ખ્રિસ્તના એક હજાર વર્ષના રાજ્યને લાગુ પડતાં નથી, કારણ, ખ્રિસ્તના આ એક હજાર વર્ષના રાજ્ય વિશે પ્રબોધકોએ ભવિષ્યવાણી રૂપે જોયું હતું, અને એ રાજ્ય એમને માટે મર્મો નહોતા. પણ આ દૃષ્ટાંતો તો હાલના જમાનામાં એ રાજ્ય મર્મોમાં

છે તેને લાગુ પડે છે. અત્યારે એ 'આકાશનું રાજ્ય' **ખ્રિસ્તી** સમાજને (મંડળીને નહિ) લાગુ પડે છે. મંડળી અને ખ્રિસ્તી સમાજ એક નથી. મંડળી તો માત્ર 'નવો જન્મ' પામેલાંની જ હોઈ શકે.

(આ દૃષ્ટાંતોના ખુલાસા આ જ પુસ્તકમાં આપ્યા છે તે જોઈ લેવા વિનંતી છે. પૃ. ૭૦-૭૮).

**૬. જીવતા સંતોના ગગનગમનનો મર્મ :**

**૧. કોરિંથી ૧૫ : ૫૧-૫૨** - ''જુઓ, હું તમને એક **રહસ્ય (મર્મ)** કહું છું. આપણે સર્વ ઊંઘીશું નહિ, પણ છેલ્લું રણશિંગડું વાગતાં જ એક ક્ષણમાં, આંખના પલકારામાં, આપણ સર્વનું રૂપાંતર થઈ જશે.''

માણસની કલ્પનામાંયે કદી ન આવી શકે, અને માનવી બુદ્ધિ કદીયે વિચારી ન શકે એવો આ બનાવ છે. એટલે જ એ મહા મોટો મર્મ (રહસ્ય) છે. સામાન્ય રીતે સૌ કોઈ જાણે છે કે દરેક માણસ મૃત્યુ પામવાનો છે, અને બાઈબલમાં જૂના કરારમાં મૃત્યુ પામેલાં ઊઠશે એમ જણાવવામાં આવ્યું છે. પણ જીવતાં મનુષ્યો મોટા જથ્થામાં, મૃત્યુ પામ્યા વગર, નાશવંત શરીરોનું મહિમાવંત શરીરોમાં રૂપાંતર પામીને ગગનમાં ઊંચકાઈ જશે, એ મર્મ તો પ્રભુએ સંત પાઉલ મારફતે જ જણાવ્યો.

**૭. ઈઝરાયલમાં આવેલી કઠિનતા (અંધાપા)નો મર્મ :**

**રોમન ૧૧:૨૫** ''કેમ કે, હે ભાઈઓ, (તમે પોતાને બુદ્ધિમાન ન સમજો, માટે) વિદેશીઓની સંપૂર્ણતા માંહે આવે ત્યાં સુધી ઈઝરાયેલમાં કેટલેક ભાગે **કઠિનતા (અંધાપો) થઈ છે, એ રહસ્ય (મર્મ)** વિશે તમે અજાણ્યા રહો, એવી મારી ઇચ્છા નથી.''

આ કઠિનતા યા અંધાપો આખી યહૂદી પ્રજા પર છે, અને વ્યક્તિઓ પર નહિ, કારણ, શરૂઆતની મંડળીમાં મોટા ભાગના યહૂદીઓ હતા, અને ત્યાર પછી પણ કેટલાયે યહૂદીઓ વ્યક્તિગત

રીતે ખ્રિસ્તનો સ્વીકાર કરી મંડળીમાં જોડાયા છે. પણ જો આ મર્મ (રહસ્ય) ઈશ્વરે પાઉલને ન જણાવ્યું હોત તો આ રહસ્ય આપણે કદી ન સમજી શકત કે ૨૦૦૦ વર્ષો કરતાં વધારે સમયથી યહૂદીઓ પોતાના દેશની બહાર ૧૦૪ જેટલા દેશોમાં વિખેરાઈ ગયા હતા તો પણ તેમનું અસ્તિત્વ ટકી રહ્યું !

અંગ્રેજ લેખ ડીન ઈન્જ લખે છે કે, ''યહૂદી પ્રજા તેના બધા શત્રુઓની કબર આગળ ઊભી રહેતી આવી છે.'' તેને કચડનારી પ્રજાઓ ક્યારનીયે કાળના કોળિયા બની ગઈ છે. હિત્તી, પરીઝી, અમોરી, યબૂસી, હિવ્વી, કનાની, અમાલેકી, પલિસ્તી, અદોમી, મોઆબી, આમ્મોની, આશ્શૂરી, ખાલદી અને એવી બીજી પ્રજાઓએ યહૂદીઓ સામે ઘાતકી હાથ ઉગામ્યો હતો. આજે એ બધી પ્રજાઓનાં નામનિશાન ભૂંસાઈ ગયાં છે. નીનવેહ અને બાબિલોનના આજે ઉજ્જડ ઉકરડા જ રહ્યા છે.

એટલે કે ઈશ્વરે યહૂદીઓને ખાસ હેતુ માટે ટકાવી રાખ્યા છે. (આ બધા સંબંધી અજાયબ ઈતિહાસ જોવો હોય તો વાંચો આ લેખકનું પુસ્તક, **'અનોખી ઈઝરાયલ પ્રજા'**, આવૃત્તિ ચોથી.) યહૂદીઓની હાલની આ ઠોકર અને કઠિનતા દુનિયાને તો લાભરૂપ જ થનાર છે. અને ઈશ્વરી આયોજના અને બાઈબલમાં એ સંબંધીનાં આપેલાં વચનો પ્રમાણે યહૂદીઓ લગભગ ૨૫૦૦ વર્ષ પછી પોતાના વચનના પ્રદેશમાં પાછા આવ્યા છે, અને ૧૯૪૮ના મેની ૧૪મીએ તેમનું રાજ્ય અઢીહજાર વર્ષ પછી ફરી સ્થપાયું છે.

પણ ફરી એક વાર સાડા ત્રણ વર્ષ સુધી પ્રભુ તેમને તાવવાનો છે, અને **''યાકોબનો સંકટનો સમય''** તેમની ઉપર ભયંકર રીતે આવવાનો છે (જુઓ હઝકિ. ૨૦:૩૪-૩૮. ૨૨:૧૯-૨૨. માલાખી ૩:૧-૩. યિર્મે. ૩૦:૭, ૮. માથ્થી ૨૪:૨૧-૩૧).

એ પછી ભારે વિપત્તિમાં તેઓ બધા, હા, એકેએક યહૂદી, એકસામટા ખ્રિસ્તનો સ્વીકાર કરશે (ઝખા. ૧૨:૧૦-૧૪. યશા. ૬૬:૮, ૯). એટલે એ યહૂદી પ્રજા પૃથ્વીને ભારે આશીર્વાદસમ થઈ પડશે. અને પ્રભુ ઈસુ યરુશાલેમમાં દાવિદની રાજગાદી પુનઃ સ્થાપિત કરશે; અને ત્યાંથી આખી પૃથ્વી પર તે રાજ્ય કરશે. યહૂદી પ્રજા એ વખતે મોખરે હશે.

**૮. ભૂંડાઈનો મર્મ (ગુજ. "અધર્મની ગુપ્ત અસરો")**

૨ થેસ્સા. ૨:૩-૧૨ "કેમ કે એમ થતાં પહેલાં ધર્મત્યાગ થશે તથા પાપનો માણસ, એટલે વિનાશનો પુત્ર, પ્રગટ થશે. ...કેમ કે અધર્મની ગુપ્ત અસરો (T.E.V. આવૃત્તિ : The Mysterious Wickedness - ધી મિસ્ટીરિયસ વિકેડનેસ - માર્મિક યા રહસ્યમય ભૂંડાઈ) ચાલુ થઈ ચૂકી છે,... ત્યાર પછી તે અધર્મી (- ભૂંડો યા પાપી) પ્રગટ થશે..."

જેમ માથ્થી ૧૩:૩૩માં એક સ્ત્રીએ ખમીર લઈને ત્રણ માપ લોટમાં મેળવી દીધું, અને બધો લોટ ખમીરવાળો થઈ ગયો, તેમ આ **'ખ્રિસ્તવિરોધી' (અથવા 'ભૂંડો') ભૂંડાઈની અસર બધે પ્રસરાવી દેશે. પાઉલ કહે છે કે એ ગુપ્ત કે રહસ્યમય અસરો શરૂ થઈ ચૂકી છે.**

**૯. "મહાન બાબિલોનનો મર્મ"**

પ્રકટી. ૧૭:૪-૬ "તે સ્ત્રીએ જાંબુઆ તથા કિરમજી રંગનાં વસ્ત્ર પહેરેલાં હતાં, અને તે સોનાથી તથા મૂલ્યવાન રત્નોથી તથા મોતીઓથી શણગારેલી હતી, અને તેના હાથમાં તેના વ્યભિચારનાં ધિક્કારપાત્ર કૃત્યોથી તથા મલિનતાથી ભરેલું એક સોનાનું પ્યાલું હતું, તેના કપાળ પર એક નામ લખેલું હતું, એટલે **મર્મ, મહાન બાબિલોન, વેશ્યાનાં તથા પૃથ્વીનાં ધિક્કારપાત્ર કૃત્યોની માતા;** મેં તે સ્ત્રીને સંતોનું લોહી તથા ઈસુના શાહેદોનું લોહી પીધેલી જોઈ."

(વાંચો આખો ૧૭મો અધ્યાય) (વળી જુઓ 'વેશ્યા' બેઠી છે તે પાણીનો ખુલાસો. ૧૭:૧૫).

જેમ ખ્રિસ્તની કન્યા તે મંડળી છે, તેમ ખ્રિસ્ત વિરોધીની પત્ની તે આ 'મહાન બાબિલોનરૂપી' વેશ્યા છે. બંનેને શહેરનાં નામ આપવામાં આવ્યાં છે. ખ્રિસ્તની કન્યાને 'નવું યરુશાલેમ' (પ્રકટી. ૨૧:૨, ૯, ૧૦. વલી ૧૯:૭, ૮), તેમ 'ખ્રિસ્ત વિરોધી'ની પત્નીને 'મહાન બાબિલોન' નામ આપ્યું છે. જેમ મંડળી તે મર્મ છે, તેમ ખ્રિસ્ત વિરોધીની પત્ની તે પણ મર્મ છે. એ બંને સંબંધી જૂના કરારના પ્રબોધક અજાણ હતા. 'મંડળી' તે નવો જન્મ પામેલાંની બને છે, અને આ 'વેશ્યા' બનાવટી, નામધારી મોટો વિશ્વધર્મ થશે.. એ ભ્રષ્ટ અને પતિત થયેલી એક ધર્મ-સંસ્થા છે. મંડળી ગગનમાં ઊંચકાઈ જશે, ત્યાર પછીનાં પહેલાં સાડા ત્રણ વરસમાં બનાવટધારી, અને પતિત મંડળી પોતાનું પૂરું રૂપ દેખાડશે. ઈશ્વરની ખરી મંડળી, એટલે કે નવો જન્મ પામેલાં સર્વ ગગનમાં ઊંચકાઈ જશે, ત્યારે પૃથ્વી પર રહેલી મંડળી 'એકતા' (ઐક્ય) કરીને આ પતિત મંડળી, 'વેશ્યા', અથવા 'મહાન બાબિલોન' ખ્રિસ્ત વિરોધીની પત્ની તરીકે મહાલશે. અત્યારથી એ દિશા તરફ પગરણ મંડાઈ રહ્યાં છે.

પ્રકટી ૧૭:૧૫ પ્રમાણે આ પતિત મંડળી પ્રજા, જનસમૂહો, રાજ્યો તથા ભાષાઓમાં પથરાયેલી થશે. પણ સાડા ત્રણ વર્ષ પછી એનો નાશ થશે.

**૧૦. "ખ્રિસ્તની કન્યા" રૂપી મંડળીનો મર્મ :**

એફેસી ૫:૨૩-૩૨. "કેમ કે જેમ ખ્રિસ્ત મંડળીનું શિર છે, તેમ પતિ પત્નીનું શિર છે. વળી ખ્રિસ્ત શરીરનો ત્રાતા છે. જેમ મંડળી ખ્રિસ્તને આધીન છે, તેમ પત્નીઓએ સર્વ બાબતમાં પોતાના પતિઓને આધીન રહેવું. પતિઓ, જેમ ખ્રિસ્તે મંડળી પર પ્રેમ

રાખ્યો અને તેની ખાતર પોતાનું સ્વાર્પણ કર્યું, તેમ તમે પોતાની પત્નીઓ પર પ્રેમ રાખો, એ સારુ કે વચન વડે જળસ્નાનથી શુદ્ધ કરીને, ખ્રિસ્ત મંડળીને પવિત્ર કરે, અંને જેને ડાઘ, કરચલી કે એવું કંઈ ન હોય, પણ તે પવિત્ર તથા નિર્દોષ હોય, એવી મંડળી તરીકે પોતાની આગળ મહિમાવંતી રજૂ કરે. એ જ પ્રમાણે પતિઓએ જેમ પોતાનાં શરીરો પર તેમ પોતાની પત્નીઓ પર પ્રેમ રાખવો જોઈએ. જે પોતાની પત્ની પર પ્રેમ રાખે છે, તે પોતા પર પ્રેમ રાખે છે. કેમ કે કોઈ માણસ પોતાના દેહનો દ્વેષ કદી કરતો નથી, પણ તે તેનું પાલનપોષણ કરે છે, જેમ પ્રભુ મંડળીનું કરે છે તેમ. કેમ કે આપણે તેના શરીરના અવયવો છીએ. એ માટે પુરુષ પોતાનાં માબાપને મૂકીને પોતાની સ્ત્રીની સાથે જોડાઈ રહેશે, અને તેઓ બંને એક-દેહ થશે. આ મોટો મર્મ છે, પણ હું ખ્રિસ્ત તથા મંડળી સંબંધી કહું છું.''

આ મંડળી તે **'મર્મ'** છે. જૂના કરારના પ્રબોધકોમાંથી કોઈને પણ **'મંડળી'** સંબંધી પ્રકટીકરણ કે સંદર્શન થયું નહોતું. પ્રભુ ઈસુના પૃથ્વી પરના પ્રથમ અને દ્વિતીય આગમનને તેઓ એક જ બનાવ તરીકે જાણતા હતા. એ બે વચ્ચે **મંડળીનો** જમાનો આવવાનો હતો એ બાબત પ્રભુએ તેમને પ્રગટ કરી નહોતી. પણ એ મર્મ પ્રેરિત પાઉલની મારફતે જણાવવામાં તથા જાહેર કરવામાં આવ્યો.

'મંડળી' એટલે સ્થાનિક મંડળીઓનાં દફતરે જેનાં નામ છે તેઓ નહિ, પણ દુનિયાભરમાં નવો જન્મ પામેલાં અને ખ્રિસ્ત ઉપર વિશ્વાસ કરનારાંની જ મંડળી બનેલી છે. ધન્ય પુનરુત્થાનની સવારે જ્યારે પ્રભુ ઈસુ પોતાના લોકોને લેવાને માટે ગગનમાં ઊતરશે ત્યારે (૧ કોરિંથી. ૧૫:૨૩ અને ૧ થેસ્સા. ૪:૧૩-૧૮ પ્રમાણે) ખ્રિસ્તમાં ઊંઘી ગયેલાં ઊઠશે અને મહિમાવંત શરીરો પામશે, અને તે સમયે જેઓ ખ્રિસ્તમાં જીવતાં હશે, તેઓનાં શરીરો

પણ મહિમાવંત શરીરોમાં ફેરવાઈ જશે, અને બધાં એક સાથે ગગનમાં ઊંચકાઈ જશે.

તેઓ 'નવા યરુશાલેમ'માં સદા પ્રભુ ઈસુ ખ્રિસ્તની સાથે રહેશે. આ મંડળી તે ખ્રિસ્તની કન્યા છે. ''આપણે આનંદ કરીએ તથા બહુ હર્ષ પામીએ, અને તેને (પ્રભુને) મહિમા આપીએ, કેમ કે હલવાનના (ખ્રિસ્તના) લગ્નનો દિવસ આવ્યો છે, અને તેથી કન્યાએ (મંડળીએ) પોતાને તૈયાર કરી... હલવાનના લગ્નજમણમાં આવવાનું જેઓને આમંત્રણ આપવામાં આવ્યું છે તેઓને ધન્ય છે'' (પ્રકટી. ૧૦:૭-૯).

**૧૧. સર્વ કંઈ ખ્રિસ્તમાં પાછું મેળવી લેવાનો મર્મ :**

**એફેસી ૧:૯, ૧૩** ''તેણે (ઈશ્વર પિતાએ) તેનામાં (ખ્રિસ્તમાં) પોતાના સંકલ્પથી પોતાની પ્રસન્નતા પ્રમાણે, **પોતાની ઈચ્છાનો મર્મ આપણને જણાવ્યો** કે, સમયોની સંપૂર્ણતાની વ્યવસ્થામાં સ્વર્ગમાંનાં તથા પૃથ્વી પરનાં સર્વ વાનાંનો ખ્રિસ્તમાં તે સમાવેશ કરે, હા, ખ્રિસ્તમાં.''

આપણો ગુજરાતી તરજુમો બહુ ગૂંચોથી ભરેલો છે, તેથી એફેસીઓના પત્રની આ કલમો સ્પષ્ટ થતી નથી. તેથી હું અહીં એ જ ૮-૧૦ કલમો રોમન કેથલિક બાઈબલમાંથી ટાંકું છું : ''એ રીતે આપણા ઉપર પોતાની અપાર કૃપા વરસાવીને ઈશ્વરે આપણને પૂર્ણ જ્ઞાન અને અંતર્દષ્ટિ બક્ષ્યાં છે; તેણે પ્રસન્ન થઈને આપણને પોતાની મુક્તિયોજનાનું રહસ્ય જણાવ્યું છે. એ યોજના તેણે ઈસુ ખ્રિસ્ત દ્વારા સિદ્ધ કરવાનું અનાદિકાળથી નક્કી કર્યું હતું અને સમય પાકે ત્યારે અમલમાં મૂકવાનું નિરધાર્યું હતું. આખું વિશ્વ ખ્રિસ્તમાં એકછત્ર થાય, સ્વર્ગમાં અને પૃથ્વી ઉપર જે કંઈ છે તે સઘળું એમનામાં એકત્ર થાય, એવી એ યોજના છે.'' (જુઓ અંગ્રેજીમાં T.E.V. આવૃત્તિ).

શેતાને પાપને લઈને (૧) માણસજાતને પતિત કરી, અને એને લઈને (૨) આખી સૃષ્ટિ (જમીન, ઝાડપાન, પ્રાણી-પંખી, જીવજંતુ જગત) વ્યર્થપણાને સ્વાધીન કરાયું (રોમન ૮:૧૯-૨૩), એથી ''આખી સૃષ્ટિ તમામ નિસાસા નાખીને પ્રસૂતિની વેદનાથી કષ્ટાય છે.'' ''તારે લીધે ભૂમિ શાપિત થઈ છે'' (ઉત્પ. ૩:૧૭). પહેલું (વાયુમંડળ) અને બીજું (ગગનમંડળ) સ્વર્ગ પણ પાપની અસરથી કલંકિત છે. (''વાયુની સત્તાના અધિકારી''-શેતાન) એફેસી ૨:૧, ૨. તેમ જ ૬:૧૦-૧૨). આમ આખું સૃષ્ટિમંડળ પાપ અને શાપની અસર નીચે છે.

બાઈબલ જણાવે છે તેમ, પ્રભુ ઈસુ ક્રૂસ પર બલિદાન બની ગયા, નહિ કે ફક્ત માણસોના આત્માઓનો ઉદ્ધાર કરવા; પણ આખી સૃષ્ટિ : એટલે માણસ, જમીન, વનસ્પતિ, પ્રાણી-પંખી-જીવજંતુની દુનિયા, આકાશો, હાડેસ અને સર્વ કંઈને તે પાપ અને શાપની અસરોમાંથી બિલકુલ મુક્ત કરી દે અને મૂળ આદિએ આકાશો અને પૃથ્વી જેવાં પરમ શુદ્ધ હતાં તેવાં પાછાં બનાવી દે.

**એ મહાયોજનામાં આટલું સમાયેલું છે :**

૧. ખ્રિસ્ત પર વિશ્વાસ કરનાર બચી જાય અને નવા યરુશાલેમમાં તેને વસવાટ મળે.

૨. પશુ-પંખીઓનો હિંસક સ્વભાવ બદલાઈ જાય (યશા. ૧૧:૫-૯).

૩. પુનરુત્થાન વખતે આપણ ઉદ્ધાર પામેલાં મનુષ્યોને અધમાવસ્થાના શરીરને બદલે મહિમાવંતાં શરીરો મળે (ફિલિપી. ૩:૨૧. ૧ કોરિંથી ૧૫:૧૫, ૫૨)..

૪. સર્વ પાપીઓને સર્વકાળ માટે અગ્નિ-ખાઈમાં નાખી દેવામાં આવે (પ્રકટી. ૨૦:૧૪. ૨૧:૮).

૫. શેતાન, તેના અપદૂતો અને ખ્રિસ્તવિરોધી (શ્વાપદ), અને 'જૂઠો પ્રબોધક' તેઓને અગ્નિની ખાઈમાં સદાકાળ માટે નાખી દેવામાં આવે (પ્રકટી. ૧૯:૨૦. ૨૦:૧૦. યહૂદા ૬).

૬. મરણ તથા હાડેસને અગ્નિની ખાઈમાં નાખી દેવામાં આવે (પ્રકટી. ૨૦:૧૧-૧૫).

૭. આકાશ તથા પૃથ્વીને બાળી નાખવામાં આવે અને નવાં કરવામાં આવે (૨ પિતર ૩:૭-૧૦. પ્રકટી. ૨૦:૧૧. ૨૧:૧).

આમ, આકાશો, પૃથ્વી અને આખીયે સૃષ્ટિ પાપ અને પાપની અસરોથી સમૂળાં શુદ્ધ કરવામાં આવશે. અને ફરી એક વાર આ બધું જ ખ્રિસ્તના છત્ર નીચે આવશે (૧ કોરિંથી. ૧૫:૨૪-૨૮).

□

# ૧૧ આકાશના રાજ્યના મર્મો દર્શાવતાં દૃષ્ટાંતોના ખુલાસા (માથ્થી ૧૩)

સૌ પ્રથમ 'મંડળી', 'આકાશનું રાજ્ય,' અને 'દેવનું રાજ્ય' એ ત્રણે જુદી જુદી બાબતો છે. માથ્થી ૧૩માં મંડળી વિશે નહિ, પણ આકાશના રાજ્ય વિષે દૃષ્ટાંતો આપવામાં આવ્યાં છે. અત્યારે તો આ ત્રણે વચ્ચેનો તફાવત જોવા સમય નથી, એટલે ભવિષ્યમાં કોઈક વખત એ જોઈશું.

આ સ્થળે આકાશના રાજ્યના મર્મો સમજાવતાં કુલ ૧૨ દૃષ્ટાંતો આપવામાં આવ્યાં છે, એમાં સૌથી પ્રથમ 'બી વાવનારનું દૃષ્ટાંત' જે પાયારૂપ દૃષ્ટાંત છે, એનો ખુલાસો અંદર જ આપેલો હોઈ એને જોઈશું નહિ.

૧. એમ જ 'ઘઉં' અને 'કડવા દાણા'ના દૃષ્ટાંતનો (માથ્થી ૧૩:૨૪-૩૦) ખુલાસો પણ પ્રભુ ઈસુએ પોતે જ આપેલો છે (૧૩:૩૬-૪૩). એ જ ખુલાસો બીજાં દૃષ્ટાંતોને લાગુ પડે છે. અહીં 'વાવનાર માણસ' પ્રભુ ઈસુ ખ્રિસ્ત છે. 'ખેતર જગત છે,' અને ખેતર પ્રભુ ઈસુનું પોતાનું છે (''તેં શું તારા ખેતરમાં સારું બી વાવ્યું નહોતું?'') રાઈના બીના દૃષ્ટાંતમાં પણ 'પોતાના ખેતરમાં' (૩૧) લખ્યું છે. ''એક જણે'' (૩૧) એટલે કે પ્રભુ ઈસુએ ''પોતાના ખેતરમાં'' વાવ્યું. 'પોતાનું ખેતર' 'એટલે જગત'. આખું જગત તેમનું જ છે, શેતાન પચાવી પાડવા માગે છે.

'વેરી' એટલે શેતાન. જ્યારે વાવનાર ઊંઘતો હતો ત્યારે 'વેરી' કડવા દાણા વાવી ગયો, એમ નહિ, કારણ, વાવનાર પ્રભુ તો ''કદી ઊંઘતો નથી, અને નિદ્રાવશ થતો નથી.'' પણ કામ કરનારા 'માણસો' ઊંઘતા હતા ત્યારે એ બન્યું. બન્ને પક્ષે વાવવાનું હજી ચાલું જ છે, શેતાન ઘઉંનું (રાજ્યનાં છૈયાનું) સ્વરૂપ કે ગુણધર્મ

બદલી શકતો નથી, એટલે જ એ 'કડવા દાણા' (શેતાનનાં છૈયાં) વાવી દે છે. પ્રભુ ઈસુ એવા કેટલાક વિશે કહે છે : 'તમે તમારા બાપ શેતાનના છો' (યોહાન ૮:૪૪). હાલમાં તો કોણ ઈશ્વરનાં સંતાન અને કોણ શેતાનનાં સંતાન તે સ્પષ્ટ ઓળખી શકાતું નથી, એટલે જ કાપણી (જગતના અંત) સુધી એ બધાંને સાથે વધવા દેવાશે, અને જગતના અંતે દૂતો પ્રથમ ઘઉં (ખ્રિસ્તના સાચા લોકો) વખારમાં ભરશે, એટલે કે ગગનમાં સાચી મંડળીને ખેંચી લેશે, અને કડવા દાણા (શેતાનનાં સંતાનો)ને અગ્નિ ખાઈ (નરકમાં) નાખી દેશે. કાપણી સુધી સારો વત્તો સારો થતો જશે, અને ભૂંડો વત્તો ભૂંડો થયા કરશે. બંને ઊંબીઓ આવતાં સુધી, એટલે કે પરિપકવતા સુધી પહોંચશે. આજે એવું જ જોવા મળે છે.

૨. **રાઈના બીનું દૃષ્ટાંત** (૧૩:૩૧-૩૨) : અગાઉનું દૃષ્ટાંત (ઘઉં અને કડવા દાણા) તેમ જ આ અધ્યાયનાં હવે પછીનાં બધાં દૃષ્ટાંતોમાં આ શબ્દો શરૂઆતે આવે છે : ''આકાશનું રાજ્ય......ના જેવું છે.'' એટલે આ બધાં દૃષ્ટાંતોનું શિક્ષણ એકસરખું જ હોવું જોઈએ. છતાં રાઈના બીના તેમ જ ખમીરના દૃષ્ટાંતના અવળા અર્થ કરવામાં આવે છે એ વાજબી નથી. એ બંનેમાં મંડળીની વૃદ્ધિનો ઉલ્લેખ નથી, પણ 'આકાશના રાજ્ય'ની અથવા ખ્રિસ્તી સમાજની વૃદ્ધિનો ઉલ્લેખ છે. રાઈના બીનું દૃષ્ટાંત બાહ્ય વૃદ્ધિ યા વિશાળતા બતાવે છે, જ્યારે ખમીરનું દૃષ્ટાંત આંતરિક વૃદ્ધિ દર્શાવે છે.

રાઈના બીમાંથી છોડ થાય છે, જો કુમાશથી એની ખેતી થાય તો. પણ પાલેસ્તાઈનમાં કુમાશ વગરના આ રાઈના છોડ વ્રકરીને સાત-આઠ ફૂટના, અરે, પંદર ફૂટના પણ વધી જાય છે. આપણા દેશમાં થોરિયાના છોડ વધારેમાં વધારે પાંચ ફૂટના થાય છે, જ્યારે મેં જબલપુર પાસે 'મારબલ રૉક્સ' તરફ આંબલીના ઝાડ જેવાં

થોરિયાનાં પ્રચંડ ઝાડ જોયાં હતાં. એવું જ રાઈનું. કડવા દાણાના દૃષ્ટાંતની જેમ આકાશના રાજ્યમાં (ખ્રિસ્તી સમાજમાં) ભલું અને ભૂંડું (રાજ્યનાં સંતાન અને શેતાનનાં સંતાન) ભેળસેળ જ છે, તેમ અહીં પણ (રાઈના બીમાં) પણ એવું છે. એ કુમાશવાળા નહિ પણ વકરી ગયેલાં વૃક્ષની ડાળીઓમાં આકાશનાં પક્ષીઓ આવીને વાસો કરે છે. ''આકાશનાં પક્ષીઓ'' એ કેટલાક ખુલાસો કરે છે તેમ, સુવાર્તા સાંભળીને ખ્રિસ્તને શરણે આવેલા લોકો નથી, પણ વાવનારના દૃષ્ટાંતમાં (૧૩:૪, ૧૯) જણાવ્યા પ્રમાણેનાં 'પક્ષીઓ' યા વચનરૂપી વવાયેલાં બીને લઈ જનારા, શેતાનના પક્ષમાં કામ કરનારા છે. વકરી ગયેલા ખ્રિસ્તી સમાજમાં શેતાનના પક્ષમાં કામ કરનારા લહેરથી વાસો કરે છે. 'ડાળીઓ' શબ્દનો ખાસ અર્થ નથી, પણ દૃશ્ય મંડળી એટલે કે 'ખ્રિસ્તી સમાજ' (યા મર્મમાં આકાશના રાજ્ય)ના ફાંટાઓ ગણી શકાય. તેઓ રક્ષણને માટે વાસો કરતા હોતા નથી, પણ દુન્યવી લાભને માટે વાસો કરે છે. તેમની હાજરી ખતરનાક છે.

૩. **ખમીરનું દૃષ્ટાંત** (૧૩:૩૩) : ઘણા આનું સામાન્ય અર્થઘટન આ પ્રમાણે કરે છે : 'એક સ્ત્રી' એટલે મંડળી; 'ખમીર' એટલે સુવાર્તા; 'ત્રણ માપ લોટ' એટલે માનવ-સમુદાય અથવા મંડળીના ત્રણ ભાગ; અને સુવાર્તાનું ખમીર લઈને મંડળીરૂપી સ્ત્રીએ માનવ સમુદાયરૂપી લોટમાં મેળવી દીધાથી આખી દુનિયા ખ્રિસ્તનો સ્વીકાર કરી લેનારી બનશે. પરંતુ આ અર્થઘટન બાઇબલ વિરુદ્ધનું છે એ જોઈએ.

પ્રથમ તો, ખમીર બાઇબલમાં ભૂંડાઈની ઉપમા તરીકે બધે જ વંપરાયું છે. ખમીર હંમેશાં લોટને ખાટો બનાવી - ફીણ લાવી આથો ચડાવે છે. આ એક પ્રકારનો 'સડો' છે. ઇઝરાયલપુત્રોને ફરમાન હતું કે પાસ્ખાના દિવસો દરમિયાન તેઓએ પોતાનાં ઘરોમાં

ખમીર રાખવું નહિ, અને રાખે તો તે શિક્ષાપાત્ર બને (નિર્ગમન ૧૨:૧૫; ૨૪:૩૪; લેવી. ૨:૧૧; ૧૦:૧૨). કારણ, પાસ્ખાનું પર્વ એ ઈસુ ખ્રિસ્તના બલિદાનની પૂર્વ છાયારૂપ હતું. અને પાસ્ખાના હલવાન તરીકે વધેરાનાર 'દેવના હલવાન' ઈસુ ખ્રિસ્તની ઉપમારૂપ હતું. એટલે ઈસુ ખ્રિસ્ત નિષ્કલંક હોઈ તેની ઉપમા રૂપના પાસ્ખાના પર્વમાં ભેળસેળ ફેલાવનાર ખમીરની હાજરી ન હોવી જોઈએ.

વળી ૧ કોરિંથી ૫:૬-૮માં લખ્યું છે : ''તમે અભિમાન રાખો છો તે શોભતું નથી. થોડું ખમીર આખા લોંદાને ફુલાવે છે તે શું તમે નથી જાણતા ? તમે જૂના ખમીરને કાઢી નાખો, જેથી જેમ તમે બેખમીર છો તેમ નવા લોંદા રૂપ થઈ જાઓ... એ કારણથી આપણે એ પર્વ જૂના ખમીરથી નહિ, એટલે પાપ તથા દુષ્ટતાના ખમીરથી નહિ, પણ નિખાલસપણાની તથા સત્યની બેખમીર રોટલીથી પાળીએ.'' અહીં પણ ખમીરને ભૂંડાઈની સાથે સરખાવ્યું છે.

વળી, પ્રભુ ઈસુ માથ્થી ૧૬:૬-૧૨માં અને માર્ક ૮:૧૫માં 'ફરોશીઓના ખમીરથી અને સાદુકીઓના ખમીરથી' દૂર રહેવાનું કહે છે. વળી તે હેરોદના ખમીરથી પણ દૂર રહેવા સૂચવે છે. ફરોશીઓનું ખમીર એટલે જૂઠા સિદ્ધાંત, કાયદાબંધન, અને પરાક્રમ વગરનું ધર્મનું બાહ્ય કોચલું (બાહ્યાચરણો). સાદુકીઓનું ખમીર એટલે શંકાશીલપણું, દૂતો અને પુનરુત્થાનમાં નહિ માનવું. હેરોદનું ખમીર એટલે ભૌતિકવાદ યા ધર્મ અને જગતીપણાનું મિશ્રણ. ગલાતી ૫:૯માં પણ કહ્યું છે, ''થોડું ખમીર [લોટના] આખા લોંદાને ખમીરી કરે છે.'' અહીં આ કલમમાં પણ સંત પાઉલ ખમીરના ભૂંડાઈના ભેળસેળ અર્થમાં જ વાપરે છે.

(આખા બાઈબલમાં માત્ર બે પ્રસંગે ખમીર વાપરવાનું કહ્યું છે, લેવી. ૨૩:૧૫-૧૭; ૭:૧૩ અને આમોસ ૪:૪, ૫. લેવી

૨૩:૬-૧૪ સુધીમાં બેખમીરી રોટલી વાપરવાની વાત છે પણ ૧૫-૧૭ કલમોમાં માણસોનાં અર્પણોની વાત હોઈને ખમીર વાપરવાની છૂટ આપી છે. કારણ કોઈ માણસ પરિપૂર્ણ રીતે શુદ્ધ નથી. એવું જ ૭:૧૩ની કલમમાં છે. આમોસ ૪:૪-૫માં ''ખમીરવાળી વસ્તુનું આભારાર્થાર્પણ ચઢાવો,'' એ તો મજાકમાં કહેવાયેલાં વચનો છે).

ખમીરને તો લોટમાં છુપાવવું પડે છે, જ્યારે સુવાર્તાને તો પ્રગટ યા જાહેર કરવાની હોય છે. સુવાર્તા ખમીર પેઠે કામ કરતી નથી. ખમીરને તો લોટમાં મૂકવામાં આવે ત્યારે તે પોતાની આપોઆપ લોટના આખા લોંદાને ખમીરવાળો બનાવી દે છે, પણ જો સુવાર્તા વિશે એમ બનતું હોય તો જે ગામ, શહેર કે દેશમાં એક વખત સુવાર્તાપ્રચાર થાય તે આખું ગામ, શહેર કે દેશ આપોઆપ ખ્રિસ્તી બની જાય. પણ ઊલટું પ્રભુ ઈસુ તો જગતના અંત વિશે બોલતાં કહે છે કે, ''પરંતુ માણસનો દીકરો આવશે, ત્યારે પૃથ્વી પર તેને વિશ્વાસ જડશે શું ?'' (લૂક ૧૮:૮), અને ''અન્યાય વધી જવાને કારણે ઘણાખરાનો પ્રેમ ઠંડો થઈ જશે,'' (માથ્થી ૨૪:૧૨). એનો અર્થ એ જ કે આખી દુનિયા ખ્રિસ્તી નહિ બની જાય, પણ શેતાનનું રાજ પુરજોશમાં ફેલાશે. આ દૃષ્ટાંત એટલું શીખવવા માગે છે કે 'આકાશનું રાજ્ય' એના મર્મરૂપમાં પૃથ્વી પર હશે ત્યાં સુધી એમાં ભૂંડાઈની ભેળસેળ પ્રવેશવાની છે. આગલાં દૃષ્ટાંતોમાં બતાવ્યું તેમ જ.

૪. **સંતાડેલું દ્રવ્ય** (માથ્થી ૧૩:૪૪) : 'સંતાડેલું દ્રવ્ય' અને 'મૂલ્યવાન મોતી' એ બંને દૃષ્ટાંતોનો પણ ઘણા અવળો ખુલાસો કરે છે. ઈસુ ખ્રિસ્તને સંતાડેલું દ્રવ્ય અને મૂલ્યવાન મોતી ગણે છે અને માણસ પોતાનું સર્વસ્વ વેચી દઈ આ સંતાડેલા દ્રવ્ય અને

મૂલ્યવાન મોતીરૂપ ખ્રિસ્તને ખરીદી લે છે. પણ એ ખુલાસો ખોટો છે. માણસની પાસે કંઈ જ નથી જેને વેચીને દ્રવ્ય યા મોતી ખરીદે.

ખેતર એ જગત છે (અગાઉનાં દૃષ્ટાંતોમાં જોયું તેમ), અને માણસે એ જગત ખરીદવાનું હોતું નથી, ઊલટું એણે તો જગતને ત્યાગવાનું હોય છે. વળી, ખ્રિસ્ત ખેતરમાં (જગતમાં) સંતાડેલો નથી, અને જેમ પેલા માણસને ખેતરમાંથી દ્રવ્ય મળ્યું તે તેણે દાટી દીધું, એમ પાપીએ ખ્રિસ્તને મેળવ્યા પછી ખ્રિસ્તને ફરી સંતાડી દેવાના નથી.

ખેતર એટલે જગત ખરેખર તો ઈશ્વરનું જ છે, પણ હાલ પૂરતું શેતાને તેને પચાવી પાડયું છે. (માથ્થી ૪:૮-૯માં) શેતાન પ્રભુ ઈસુને ''જગતનાં સઘળાં રાજ્ય તથા મહિમા દેખાડે છે,'' અને કહે છે કે, ''જો તું પગે પડીને મારું ભજન કરે, તો આ સઘળાં તને આપીશ.'' પ્રભુ ઈસુ પણ યોહાન ૧૪:૩૦માં કહે છે : ''આ જગતનો અધિકારી આવે છે, અને મારામાં તેનું કંઈ નથી.'' એમ શેતાને જગતનો હવાલો લઈ લીધો છે, પણ પ્રભુ ઈસુ પોતાનું સર્વસ્વ આપી દઈને (સ્વર્ગ, સ્વર્ગનો મહિમા છોડી દઈને ક્રૂસ પર પ્રાણ અર્પી દઈને) જગતરૂપી ખેતર ખરીદી લે છે, કેમ કે એમાં સંતાડેલું દ્રવ્ય છે.

ઈઝરાયલ એ સંતાડેલું દ્રવ્ય છે. નિર્ગમન ૧૯:૫માં પ્રભુ ઈઝરાયલને કહે છે : ''તો હવે જો તમે મારું કહેવું માનશો, ને મારો કરાર પાળશો, તો સર્વ લોકોમાંથી તમે મારું ખાસ ધન થશો; કેમ કે આખી પૃથ્વી મારી છે.'' વળી જુઓ ગીતશાસ્ત્ર ૧૩૫:૪. ''યહોવાએ પોતાને સારુ યાકોબને પસંદ કર્યો છે; તેણે ઈઝરાયલને પોતાની ખાસ મિલકત થવા સારુ પસંદ કર્યો છે.'' ઈઝરાયલરૂપી દ્રવ્યને પ્રભુએ ખેતર મધ્યે, (જગત મધ્યે એટલે કે પ્રજાઓ મધ્યે) સંતાડી રાખ્યું છે. હવે ટૂંક સમયમાં પ્રભુ આ દ્રવ્યરૂપી લોકને પોતાના

હાથમાં લેશે (જુઓ રૂમી ૧૧:૨૫). પ્રભુ ઈસુ પાછા આવશે ત્યારે તે પોતાના આ સંતાડેલા દ્રવ્યરૂપી લોકનો કબજો લેશે.

૫. **સારાં મોતી શોધનાર :** માથ્થી ૧૩:૪૫-૪૬માં સારાં મોતી શોધનાર કોઈ એક વેપારી તે કોણ ? એક અતિ મૂલ્યવાન મોતી એ શું ? કોણે પોતાનું સર્વસ્વ વેચી નાખીને તે વેચાતું લીધું ?

માથ્થી ૧૩મા અધ્યાયમાં આકાશના રાજ્યને આપેલી ઉપમાઓનાં જુદાં જુદાં દૃષ્ટાંતોમાંનું આ એક દૃષ્ટાંત છે. જુદા જુદા અભ્યાસકો એ દૃષ્ટાંતોના જુદા જુદા ખુલાસા આપે છે. આપણે બે મુખ્ય જોઈએ.

ક. ઈસુ અતિ મૂલ્યવાન મોતી છે, અને માણસ પોતાનું બધું આપી દઈને ઈસુને ખરીદી લે છે. માણસ બધું તજીને ઈસુને મેળવી લે છે. આનો દાખલો ભજનસંગ્રહના ગીત નં. ૧૯૪માં મળી રહે છે; ''મને મળ્યું અણમોલ મોતી, આનંદે ગાય છે મન;/ હરખાયા વિના ચાલે નહિ, મને છે કેવું ધન.'' આ પ્રકારના ખુલાસાનું બળ આ છે; મહા મૂલવાન ખ્રિસ્તને પામવા ગમે તે પ્રકારના ભોગ આપવા તૈયાર રહેવું.

પરંતુ એ ખુલાસાની વિરુદ્ધ ઘણી દલીલો છે. (૧) તારણ યા મુક્તિ ખરીદવાની હોતી નથી (યશા. ૫૫;૧). એ તો મફત કૃપાનું દાન છે. (૨) વળી પાપી મનુષ્ય તો દેવાળિયો છે, અને ખ્રિસ્તને 'ખરીદી' કે 'પામી' લેવા એની પાસે કંઈ જ નથી. 'ભજનસંગ્રહ'ના ગીત નં. ૩૨૪માં ૩જા શ્લોકમાં આપ્યું છે : ''ખાલી હાથે આવું છું,/ઈમાન તું પર લાવું છું,/નગ્ન હું, માગું લેબાસ;/અબળ કરું છું વિશ્વાસ;''/નં. ૩૨૫નો ત્રીજો સ્લોક પણ કહે છે : ''ખાલી છું, નિરાધાર છું,/વળગું હવે તુજ સ્તંભને''. (૩) ખ્રિસ્ત વેચાવા કે ખરીદાઈ જવા માટે નથી. (૪) માણસ સારાં મોતી શોધનાર વેપારી નથી. આ ખુલાસા પ્રમાણે એવું તાત્પર્ય નીકળે કે માણસની પાસે

'ઈસુ' કરતાં ઊતરતાં મૂલ્યનાં એવાં મોતી છે, એટલે કે આત્મિક રીતે એ દેવાળિયો નહિ પણ આત્મિક મિલકત ધરાવનાર છે. કદાચ આ ખુલાસાની તરફેણમાં ફિલિપી ૩:૭, ૮ વાપરી શકાય.

ખ. બીજો ખુલાસો સુવાર્તિક માન્યતા ધરાવનાર પક્ષ (કૉન્ઝર્વેટિવ, ઑર્થોડૉક્સ, ઈવેન્જેલિકલ) છે. તેઓ આવો ખુલાસો કરે છે : સારાં મોતી શોધનાર વેપારી તો ઈસુ ખ્રિસ્ત છે, અને અતિ મૂલ્યવાન મોતી તો 'મંડળી' છે. પ્રભુ ઈસુ ખ્રિસ્ત સમૃદ્ધ છે, પણ તેમણે મંડળીને અતિ મૂલ્યવાન ગણીને પોતાનું સર્વસ્વ એટલે કે સ્વર્ગીય ધામ, ઈશ્વરત્વનું સર્વસમર્થપણું અને સર્વવ્યાપીપણું, અને આખરે પોતાનો પ્રાણ પણ આપી દઈ મંડળીને ખરીદી લીધી. પ્રકટીકરણ ૫:૯માં કહે છે : "કેમ કે તને મારી નાખવામાં આવ્યો હતો ને તેં તારા રક્તથી દેવને સારું સર્વ કુળોના, ભાષાના તથા દેશોમાંના (લોકોને) વેચાતા લીધા છે." એફેસી. ૧:૧૪ - "એ (આત્મા દેવના) પોતાના દ્રવ્ય (રૂપી લોક)ના ઉદ્ધારના સંબંધમાં તેના મહિમાને અર્થે આપણા વારસાનું બ્યાનું છે." પ્રે.કૃ. ૨૦:૨૮ - "જેથી દેવની જે મંડળી તેણે પોતાના લોહીથી ખરીદી તેનું તમે પાલન કરો." ૧ કોરિંથી ૬:૨૦ - "કેમ કે મૂલ્ય આપીને તમને ખરીદવામાં આવ્યા હતા." ૧ કોરિંથી ૭:૨૩ - "તમને મૂલ્ય આપીને ખરીદવામાં આવ્યા હતા." એફેસી ૫:૨૫ - "પતિઓ, જેમ ખ્રિસ્તે મંડળી પર પ્રેમ રાખ્યો, અને તેની ખાતર પોતાનું સ્વાર્પણ કર્યું."

૬. **જાળનું દૃષ્ટાંત** (માથ્થી ૧૩:૪૭) : પ્રભુ ઈસુએ શિષ્યોને તેડતી વખતે કહ્યું કે, "હું તમને માણસોને પકડનારા બનાવીશ," એમ, ખ્રિસ્તી સંદેશો તે માછલાં પકડવાની જાળ સમાન છે. એ જાળને લોકોએ (પ્રેરિતો, સુવાર્તિકોએ) સમુદ્રમાં નાખી. સમુદ્ર એટલે માનવસમુદાય. જાળમાં "હરેક જાતનું સમેટાયું" - સારી માછલી

અને નિરુપયોગી અને ખરાબ માલ પણ જાળમાં સમેટાયો. એટલે સારા લોકો, પ્રભુના ખરા લોકોય જાળમાં આવ્યા, અને ભૂંડા, જગતી લોકો પણ આવ્યા. ભલા અને ભૂંડા લોકો માનવસમુદાયરૂપી સમુદ્રમાં હશે એનો અહીં સવાલ નથી, પણ સારા અને ભૂંડા લોકો જાળમાં એટલે કે ખ્રિસ્તી સમાજ યા ખ્રિસ્તી આલમમાં એકત્ર થયા.

ખ્રિસ્તી ધર્મ માનનારા શંભુમેળામાં પ્રભુના પસંદ કરેલા લોક પણ છે, અને ભૂંડા તથા જગતી લોક પણ છે. આકાશનું રાજ્ય એવું જ છે. આ દૃષ્ટાંત 'ઘઉં અને કડવા દાણા'ના દૃષ્ટાંત જેવું છે, ફરક એટલો જ કે 'ઘઉં અને કડવા દાણા'માં શેતાન પ્રવૃત્તિમય કાર્યકર્તા છે, કારણ, ઘઉં મધ્યે તે કડવા દાણા વાવે છે, જ્યારે 'જાળ'ના દૃષ્ટાંતમાં બીજી વાત છતી થાય છે કે, ભલા અને ભૂંડાનો આ શંભુમેળો તો, જે પોતામાંનું નથી એવાને પણ પોતાની આસપાસ એકઠું કરવાની આ ચળવળના ઝોકને લીધે છે.

યુગને અંતે દૂતો આ ભલું અને ભૂંડુ જુદું પાડશે (કલમ ૪૯), એટલે કે જગતને અંતે ભલા લોકોને ભૂંડાથી જુદા કરવામાં આવશે, જેમ ઘઉં અને કડવા દાણા કાપણીને સમયે (જગતને અંતે) જુદા પાડશે તેમ યુગના અંત સુધી ભલા અને ભૂંડા લોકો આકાશના રાજ્યમાં ખ્રિસ્તી આલમમાં શંભુમેળાની જેમ સાથે જ રહેશે.

જાળ સમુદ્રમાં નાખવામાં આવે છે ત્યારે જાળમાં તો થોડી જ માછલી આવે છે, જ્યારે મોટો જથ્થો તો સમુદ્રમાં જ (માનવ સમુદાયમાં જ) રહે છે. અને જાળમાં આવેલામાંથી પણ ઘણું બધું તો નકામા તરીકે ફેંકી દેવું પડશે. એમ તારણ પામનારાં તો થોડાં જ છે. આ દૃષ્ટાંત પરથી એક વાત સ્પષ્ટ દેખાય છે કે દુનિયા આખી ખ્રિસ્તી બનવાની નથી, આખી દુનિયા ખ્રિસ્તને શરણે આવવાની નથી જ.

□

# ૧૨ "અનંતકાળનો નાશ" એટલે શું ?

આપણે માનીએ છીએ કે દુષ્ટો અને ઈશ્વરને વીસરનારાંઓના આત્મા નરકમાં અનંતકાળ માટે આગ અને ગંધકની ખાઈમાં બળ્યા કરશે. પરંતુ ૨ થેસ્સાલોનિકા ૧:૯, તેમ જ પ્રક્ટીકરણ ૨૦:૧૪, ૧૫માં તથા ૨૧:૮માં જણાવવામાં આવ્યું છે કે દુષ્ટો **"અનંતકાળના નાશ"ની શિક્ષા** ભોગવશે. આ તરજુમાંથી કેટલાક એમ સમજે છે કે તેમનો નાશ સદાકાળને માટે થશે. એ વિશે આપણે જોઈએ.

ધર્મવિશ્વાસની આપણી માન્યતા, એટલે કે દુષ્ટો તથા ઈશ્વરને વીસરનારાં સર્વ (એમના આત્મા અને શરીર) નરકમાં અનંતકાળ માટે બળ્યા કરશે, એ માન્યતા બાઈબલના તમામ શિક્ષણ સાથે બિલકુલ સુસંગત છે.

યોહાન ૩:૧૬માં "તેનો નાશ ન થાય" એમાં વાપરેલો **"નાશ"** શબ્દ (ગ્રી. 'આપોલેતાઈ' અને ૨ થેસ્સાલોનિકા ૧:૯માં પેલો **'નાશ'** શબ્દ ગ્રી. 'ઓલેથ્રોસ') અને એવા બીજા ઘણા શબ્દ નવા કરારમાં વાપર્યા છે, તે બધાનો અર્થ 'સર્વનાશ', 'સત્યાનાશ', કે 'વિધ્વંસ' એટલે પૂરેપૂરો નાશ નથી થતો, એટલે કે હયાતીલોપ કે હસ્તીલોપ થવો એ નથી થતો, - એમની હયાતી મટી જતી નથી. ઊલટું, આત્મા તથા શરીરની હયાતી ચાલુ રહે છે, અને અનંતકાળ માટે પીડા ભોગવ્યા કરે છે.

નરકમાં **શરીર** પણ પીડા ભોગવશે તે વિશે બાઈબલનું શિક્ષણ સ્પષ્ટ છે. (૧) મરી ગયેલાં શરીરોનું પુનરુત્થાન થશે તે વિશે જુઓ (પ્રકટીકરણ ૨૦:૫-૬ - "મૂએલાંમાંનાં જેઓ બાકી રહ્યાં તેઓ તે હજાર વર્ષ પૂરાં થતાં સુધી જીવતાં થયાં નહિ. એ જ પહેલું પુનરુત્થાન છે. પહેલા પુનરુત્થાનમાં જેને ભાગ છે તે ધન્ય તથા પવિત્ર છે;

એવાંઓ પર **બીજા મરણનો અધિકાર નથી**''); પ્રકટીકરણ ૨૦:૧૨-૧૫ - ''પછી મેં મૂએલાંને, મોટાં તથા નાનાં સર્વને, દેવની સમક્ષ ઊભાં રહેલાં જોયાં; અને પુસ્તકો ઉઘાડવામાં આવ્યાં, અને એક બીજું પુસ્તક જે જીવનનું પુસ્તક છે તે પણ ઉઘાડવામાં આવ્યું; તે પુસ્તકોમાં જે જે લખેલું હતું તે પરથી મૂએલાંઓનો તેઓની કરણીઓ પ્રમાણે ન્યાય કરવામાં આવ્યો. સમુદ્રે પોતાનામાં જેઓ મૂએલાં હતાં તેઓને પાછાં આપ્યાં; અને દરેકનો ન્યાય તેની કરણીઓ પ્રમાણે કરવામાં આવ્યો. મરણ તથા હાડેસને અગ્નિની ખાઈમાં નાખવામાં આવ્યાં. અગ્નિની ખાઈ એ જ બીજું મરણ છે. જો કોઈ જીવનના પુસ્તકમાં નોંધેલો માલૂમ પડયો નહિ, તો તેને અગ્નિની ખાઈમાં નાખી દેવામાં આવ્યો.'' યોહાન ૫:૨૯ - ''જેઓએ સારાં કામ કર્યાં છે, તેઓ જીવનનું ઉત્થાન પામવા સારુ **અને જેઓએ ભૂંડાં કામ કર્યાં છે, તેઓ દંડનું ઉત્થાન પામવા સારુ, નીકળી આવશે.**" માર્ક ૯:૪૩ - ''અને જો તારો હાથ તને ઠોકર ખવડાવે, તો તેને કાપી નાખ; તને બે હાથ છતાં નરકમાં પેસવું એ તારે માટે સારું છે''; ઈત્યાદિ. (૨) અને એ પીડા અનંતકાળ માટે ચાલ્યા કરશે. ''...નરકાગ્નિમાં નંખાવું કે **જ્યાં તેઓનો કીડો મરતો નથી,** ને અગ્નિ હોલવાતો નથી...'' (માર્ક ૯:૪૭, ૪૮). સાર્વકાલિક અગ્નિ (માથ્થી ૨૫:૪૧, ૪૬).

નવા કરારમાં વપરાયેલા આ ગ્રીક શબ્દો નવા કરારમાં કોઈ પણ ઠેકાણે **સભાન હયાતી બંધ પડવી** એવો અર્થ બતાવતા જ નથી. **મૂળ હેતુને માટે એ લાયક રહેતું નથી** એવો એનો અર્થ થાય છે. બેસ્વાદ બનેલું મીઠું ફેંકી દેવા માટે જ રહે છે. નીચેના સંદર્ભોમાં એ શબ્દ (ગ્રી. એપોલ્યુમી) વપરાયો છે તેના અર્થ જોઈ લઈએ : (૧) ''દ્રાક્ષારસ તથા મસકો એ બંનેનો **'નાશ'** થાય છે'' (માર્ક ૨:૨૨), ત્યાં ઢોળાયેલા દ્રાક્ષારસની કે ફાટી ગયેલી મશકોની હયાતી

મટી ગઈ નથી, માત્ર તેઓ **'નકામાં'** બની ગયાં છે. એટલે **'નાશ'** પામ્યાં શબ્દપ્રયોગ વાપર્યો છે. ''ઇઝરાયલનાં ઘરનાં **ખોવાયેલાં** ઘેટાંની પાસે જાઓ'' (માથ્થી ૧૦:૬). અહીં પણ પેલા જ ગ્રીક શબ્દનું રૂપ (ગ્રી. 'આપોલોલોતા') વપરાયું છે, જેનો અર્થ ગુજરાતીમાં **'ખોવાયેલાં'** કર્યો છે, નહિ કે 'હયાતી વગરનાં'. માથ્થી ૧૫:૨૪માં અને ૧૮:૧૧માં પણ એમ જ છે. લૂક ૧૫:૪માં **'ખોવાયેલા ઘેટા'** માટે પણ એ જ શબ્દ વાપર્યો છે, અને ગુજરાતીમાં **'ખોવાયેલું'** શબ્દપ્રયોગ વાપર્યો છે, નહિ કે હસ્તીલોપ થયેલું ઘેટું (જેની હયાતી મટી ગઈ છે એવું ઘેટું).

ગુજરાતી બાઇબલમાં **'નાશ'** શબ્દ છે અને અંગ્રેજીમાં **'પેરિશ'** (perish) અથવા **'ડિસ્ટ્રૉય'** શબ્દ છે તેને માટે ગ્રીક નવા કરારમાં **'આપોલ્યુમી'** શબ્દ વાપર્યો છે. એનો અર્થ હસ્તીલોપ અથવા હયાતી ખલાસ થઈ જવી એવો થતો નથી. બીજો એક ગ્રીક શબ્દ **'ઓલ્યુમી'** શબ્દ એ જ અર્થમાં વપરાય છે. એનું જોરદાર રૂપ **'આપોલ્યુમી'** છે.

ઉપર જણાવેલ શબ્દોનો અર્થ 'હસ્તીલોપ' નહિ, પણ પતન, પાયમાલી, ખરાબી થાય છે; અથવા હાનિ, નુકસાન, ખોટ અને ગુમાવવું પણ થાય છે. આ 'આપોલ્યુમી' શબ્દનો (અને અન્ય ભાષાઓમાં એનો તરજુમો થયેલો હોય ત્યાં બધે એનો) અર્થ 'કલ્યાણનો નાશ', 'ભલું થવામાંથી પતન', અથવા 'હિત થતું બગડે' તેવો થાય છે, પણ કોઈ કાળે પણ એનો અર્થ હયાતી મટી જવી કે હસ્તીલોપ થવો એવો થતો નથી. નીચેની કલમો પરથી એ જોઈ શકાશે. નીચે દાખલા તરીકે આપેલી એકેએક કલમમાં મૂળ ગ્રીક પાઠમાં **'આપોલ્યુમી'** શબ્દ વાપર્યો છે.

લૂક ૫:૩૭ - ''મશકોનો નાશ થશે'' (આપોલ્યુમી). જૂની મશકોમાં નવો દ્રાક્ષારસ ભરવાથી મશકોનો હસ્તીલોપ થતો નથી,

એટલે કે મશકોની હયાતી ખલાસ થઈ જતી નથી, પણ મશકોને જે હેતુથી બનાવવામાં આવી હતી, તે હેતુ હવે ફાટી ગયેલી (નકામી બની ગયેલી) મશકો દ્વારા સરવાનો નથી. તેઓ નિરુપયોગી બની ગઈ છે. મશકોની હયાતી તો ચાલુ જ છે.

લૂક ૧૫:૪ - ''સો ઘેટાં હોય, અને તેઓમાંનું એક ખોવાયું હોય.'' 'ખોવાયેલું'. અહીં પણ ગ્રીકમાં 'આપોલ્યુમી' શબ્દ વાપર્યો છે. **ખોવાયેલા ઘેટાનો હસ્તીલોપ થયો નથી, માત્ર એ ખોવાઈ ગયું છે.**

લૂક ૧૫:૨૪ ''કેમ કે આ મારો દીકરો મૂએલો હતો, ને પાછો જીવતો થયો છે; તે **ખોવાયેલો** હતો (અહી 'આપોલ્યુમી' વાપર્યો છે) પણ પાછો જડયો છે.'' **અહીં દીકરાની હયાતી મટી ગઈ નથી, પણ તે માત્ર ખોવાઈ ગયો છે.**

યોહાન ૬:૨૭ - ''જે અન્ન નાશવંત (આપોલ્યુમી) છે તેને સારુ નહિ પણ જે અન્ન અનંતજીવન સુધી ટકે છે, જે માણસનો દીકરો તમને આપશે, તેને સારુ મહેનત કરો.'' **અહીં પણ નાશવંત માટે આપોલ્યુમી શબ્દ ગ્રીકમાં વાપર્યો છે.**

૧ પિતર ૧:૭ ''નાશવંત સોના કરતાં,'' (અહીં પણ નાશવંત શબ્દ માટે મૂળ ગ્રીક 'આપોલ્યુમી' શબ્દ વાપર્યો છે). એમાં સોનાની હયાતી લુપ્ત થવાની વાત જ નથી.

ઉપરનાં પાંચેય દાખલામાં **વસ્તુઓ વિશે** આપણે જોયું. હવે નીચેની કેટલીક કલમોમાં **વ્યક્તિ માટે જોઈએ.** એ બધામાં પણ ગ્રીકમાં **'આપોલ્યુમી'** શબ્દ વાપર્યો છે, અને એમાં એકમાં પણ હયાતી મટી જવી કે હયાતીનો લોપ થઈ જવો એવો અર્થ જ નથી.

માથ્થી ૨:૧૩ - ''બાળકને મારી નાખવા સારુ હેરોદ તેની શોધ કરવાનો છે.'' અહીં પણ **'મારી નાખવા'** માટે **ગ્રીકમાં**

'**આપોલ્યુમી**' શબ્દ વાપર્યો છે. (નવા કરારમાં 'મૃત્યુ' હયાતીની બે પ્રકારની હાલત જ દર્શાવે છે.)

માથ્થી ૮:૨૫ - "**ઓ પ્રભુ, અમને બચાવ, અમે નાશ પામીએ છીએ.**" ડૂબતી હોડીમાંના શિષ્યો આ બૂમ પાડે છે. અહીં પણ "અમે નાશ પામીએ છીએ," ત્યાં ગ્રીક શબ્દ 'આપોલ્યુમી' વાપર્યો છે. અહીં પણ હસ્તીલોપની વાત નથી.

માથ્થી ૨૨:૭ - "એથી રાજા ગુસ્સે થયો, ને તેણે પોતાનું લશ્કર મોકલીને ખૂનીઓનો નાશ કર્યો." "**નાશ કર્યો**" માટે મૂળ ગ્રીકમાં 'આપોલ્યુમી' શબ્દ વાપર્યો છે, એમાં પણ ખૂનીઓનો હસ્તીલોપ દર્શાવ્યો નથી.

માથ્થી ૨૭:૨૦ - "ને ઈસુને મારી નંખાવો," અહીં પણ '**મારી નંખાવો**' માટે ગ્રીકમાં "આપોલ્યુમી" શબ્દ વાપર્યો છે, અહીં પણ હસ્તીલોપની વાત નથી.

માથ્થી ૧૦:૨૮ - "અને શરીરને જેઓ મારી નાખી શકતા નથી, તેઓથી બીહો નહિ; પણ એના કરતાં આત્મા તથા શરીર, એ બન્નેનો નાશ નરકમાં જે કરી શકે છે તેનાથી બીહો," આ કલમમાં પણ "**નાશ... કરી શકે છે**" એને માટે ગ્રીકમાં 'આપોલ્યુમી' વાપર્યું છે. અહીં શરીર કે આત્માની કોઈની હસ્તી મટી જવાની વાત નથી. શેતાન શરીર તેમ જ આત્માનું ઉપયોગીપણું કાયમ માટે ખલાસ કરી દે છે, એ અર્થમાં 'નાશ... કરી શકે છે', શબ્દો વાપર્યા છે.

આત્માનું મૃત્યુ એટલે આત્માનું ઈશ્વરથી અલગ થવું, ઈશ્વર સાથેના સમાગમથી દૂર રહેવું. યોહાન ૩:૧૬માં વાપરેલો 'નાશ' શબ્દ એ જ અર્થમાં વપરાયો છે. પાપી માણસનો આત્મા મરેલો છે, એનો અર્થ એ જ કે પાપી માણસનો આત્મા ઈશ્વરથી દૂર કરાયેલો, હાંકી કાઢેલો, અને ઈશ્વરની સંગતની બહાર નીકળી

ગયેલો છે. અને જ્યાં સુધી એનું પાપ દૂર કરાતું નથી ત્યાં સુધી તે ઈશ્વરની સંગતમાં પાછો પ્રવેશી શકતો નથી.

૨. થેસ્સાલોનિકા ૧:૯માં આપેલા શબ્દો **"અનંતકાળનો નાશ"** તે પણ એ જ અર્થમાં છે. પુનરુત્થાનમાં તેઓ અનંતકાળ માટે ઈશ્વરની સંગતથી દૂર કરાશે; તેઓ જાણે કે ઈશ્વરની સંગતમાંથી અનંતકાળ માટે 'દેશનિકાલ' કરાયા હશે. **'અનંતકાળના નાશ'ની શિક્ષા એટલે કે આત્મા તથા શરીર સભાન અવસ્થામાં અનંતકાળ માટે ઈશ્વરની સંગતથી દેશનિકાલ બનેલાં રહીને અનંતકાળ માટે પીડા ભોગવ્યા કરશે.**

આ બધા ઉપરાંત ૨ થેસ્સાલોનિકા ૧:૯માં એનો અર્થ અંદર જ સ્પષ્ટ કરવામાં આવ્યો છે : "તેઓ (પ્રભુ ઈસુની સુવાર્તા ન માનનારાઓ) પ્રભુની હજૂરમાંથી દૂર તથા તેના મહિમાવાન સામર્થ્યથી [દૂર રહેવાની] શિક્ષા એટલે અનંતકાળનો નાશ ભોગવશે." અનંતકાળની નાશની શિક્ષા એટલે શું તે કલમની અંદર જ સમજાવવામાં આવ્યું છે.

ખ્રિસ્તી મંડળીમાંના એક ફાંટાનું શિક્ષણ દુર્મત અથવા ખોટા મત તરીકે જાણીતું છે. આ દુર્મત ધરાવનારાઓનું કહેવું છે કે બધાં મનુષ્યના આત્મા અમર નથી, (એટલે કે બધાં માણસોના આત્મા પહેલેથી અમર નથી,) પણ જેઓ પ્રભુ ઈસુ પર વિશ્વાસ કરે છે, અને જેઓએ પોતાની સોંપણી પ્રભુ ઈસુને કરી છે, તેઓના જ આત્મા 'નાશ નહિ પામે', પણ અમર બની અનંતકાળ માટે આનંદમાં રહેશે. પણ પ્રભુ ઈસુમાં નહિ માનનારાઓના આત્મા નાશ પામશે, મતલબ કે તેઓની હયાતી રહેશે નહિ. આવું માનનારા 'નાશ' શબ્દનો ખોટો અર્થ કરે છે કે, 'નાશ' એટલે હસ્તીલોપ.

☐

# ૧૩ 'તારણ' વિષે કેટલાક ખુલાસા

☐ **પ્રશ્ન :**

'તારણ' વિષેના નીચેના વાક્યની સમજુતિ આપશો ? ''જે વેળાએ આપણે વિશ્વાસ કરવા માંડયો, તે કરતાં હાલ આપણું તારણ નજીક આવેલું છે'' (રોમન ૧૩:૧૧). એમ કહેવામાં આવે છે કે જેમ બાળકનો જન્મ એક જ સમયે એક સામટો થાય છે, તેમ નવો જન્મ પણ થાય છે. તો ઉપર જણાવેલી કલમમાં તો ''તારણ નજીક આવેલું છે'' એમ લખ્યું છે. એમ કેમ ? સમજાવશો ?

☐ **જવાબ :**

ઉપરોક્ત કલમનો ખુલાસો આપણે પાછળથી જોઈશું. પણ તે પહેલાં આપણે 'તારણ'ના તબક્કા સમજી લઈએ. એટલે એ વાક્ય સમજવું સહેલું બનશે.

વિશ્વાસી જન જે ઘડીએ પોતાના હૃદયમાં ખ્રિસ્તનો સ્વીકાર કરે છે, તે જ ઘડીએ તેનો નવો જન્મ થાય છે. એ ખ્રિસ્તનો કુટુંબી બને છે. તારણનો પહેલો તબક્કો પૂરો થાય છે. તારણના ત્રણ તબક્કા, અથવા ત્રણ કાળ છે. આપણે એ તબક્કા જોઈ લઈએ.

**તારણનો પહેલો તબક્કો અથવા ભૂતકાળ :** વિશ્વાસી જન પાપના દોષમાંથી અને એની શિક્ષામાંથી મુક્ત થાય છે (લૂક ૭:૫૦ ૧ કોરીંથી. ૧ : ૧૮, ૨ કોરીંથી. ૨:૧૫. એફેસી ૨:૫, ૮ તિમોથી ૧:૯). આજથી બે હજાર વર્ષ પર પ્રભુ ઈસુએ ક્રૂસ પર આપણાં પાપની શિક્ષા વેઠી છે, આપણો પાપનો બોજ તેમણે ઉપાડી લીધો છે. એટલે આપણે એ બલિદાનનો સ્વીકાર ખ્રિસ્તના સ્વીકારમાં કરી લીધો, અને આપણો નવો જન્મ થયો. આજથી ૨૦૦૦ વર્ષ ઉપર આપણું તારણ સધાયું છે. તારણનો એ પહેલો તબક્કો, અથવા

તારણનો ભૂતકાળ. આપણે ખ્રિસ્તમાં 'ન્યાયી બન્યાં.' રોમન ૮:૧ સ્પષ્ટ કહે છે કે ''એ માટે જેઓ ખ્રિસ્ત ઈસુમાં છે તેઓને હવે દંડાજ્ઞા નથી.''

**બીજો તબક્કો અથવા વર્તમાનકાળ** : વિશ્વાસી જનને પવિત્ર આત્મા દરરોજ પાપની ટેવ અને પાપના બળમાંથી છોડાવે છે. તારણનો એ બીજો તબક્કો યા વર્તમાનકાળ છે (રોમન ૬:૧૪. ૮:૨. ૨ કોરીંથી ૩:૧૮. ગલાતી ૨:૧૯, ૨૦. ફિલિપી ૧:૧૯. ૨:૧૨, ૧૩. ૨ થેસ્સા. ૨:૧૩). ન્યાયી ઠેરવાયા પછીના જીવનમાં, એટલે કે નવા જન્મ પછીના જીવનમાં પવિત્ર આત્મા આપણને ખ્રિસ્તનું સામર્થ્ય રોજ રોજ આપે છે. એમ આપણી પાપમય ટેવો, પરીક્ષણો, ઠોકરો અને પાપનાં બળમાંથી આપણને રોજ રોજ વિજયી બનાવે છે. એ છે પાપની પકડમાંથી તારણ. એની નિશાની છે 'પ્રભુ ભોજનની મેજ.' પ્રભુ ઈસુને આપણે દરરોજ આપણામાં લઈએ છીએ. આ વચનો તો જુઓ ! ''કેમ કે જેટલી વાર તમે આ રોટલી ખાઓ છો, અને આ પ્યાલો પીઓ છો તેટલી વાર તમે **પ્રભુના આવતાં સુધી તેમનું મરણ પ્રગટ કરો છો''** (૧ કોરિંથી ૧૧:૨૬). **પ્રભુની મેજ બે તરફ ધ્યાન દોરે છે : એમના મરણ તરફ તેમજ તેમના પુનરાગમન તરફ.**

**તારણનો ત્રીજો તબક્કો અથવા તારણનો ભવિષ્યકાળ :** ખ્રિસ્તના પુનરાગમન સમયે નબળાઈઓથી ભરપૂર અને રોગગ્રસ્ત તથા ક્ષણભંગૂર એવાં આપણાં શરીરોને બદલે મહિમાવંતાં શરીરો આપશે. એમ પુનરાગમન સમયે આપણાં શરીરોનું તારણ (ઉદ્ધાર) થશે. મહિમાવંત શરીરોમાં રોગ કે માંદગી નહિ હોય. એમાં ભૂખ-તરસ લાગશે નહિ તેથી ખોરાક-પાણીની જરૂર પડશે નહિ. એમાં થાક લાગશે નહિ, તેથી પુનરુત્થાનવાળા જીવનમાં રાત નહિ હોય. મહિમાવંતાં શરીરો અખંડ યૌવનભર્યાં હશે, અને મરણ,

શોક કે વિયોગ કે રુદન નહિ હોય. પાપનાં એ બધાં પરિણામો સદાકાળ માટે દૂર કરાયાં હશે.

આ ત્રીજા તબક્કાનો બીજો ભાગ તે શાપ તળે મુકાયેલી સારીયે સૃષ્ટિ શાપની અસરોથી મુક્ત કરાશે (ઉત્પત્તિ ૩:૧૭-૧૯. રોમન ૮:૧૯-૨૪).

વળી ત્રીજા તબક્કાનો ત્રીજો ભાગ એટલે આખી સૃષ્ટિમાંથી પાપની ગંધ સરખીયે દૂર કરી દેવાશે. શેતાન તથા તેના અપદૂતો એટલે કે અશુદ્ધ આત્માઓને તેમ જ ખ્રિસ્ત-વિરોધીને (શ્વાપદને) તથા જૂઠા પ્રબોધકને અગ્નિ તથા ગંધકની ખાઈમાં સદાકાળ માટે નાખી દેવાશે. એમ, માણસોને ભમાવનાર કોઈ રહેશે નહિ. નવા યરુશાલેમ તથા નવી પૃથ્વીમાં રહેનારાં સર્વ મનુષ્યોમાંથી પાપ-વાસના સંપૂર્ણપણે દૂર કરાશે, અને તેઓ શુદ્ધ તથા પવિત્ર હશે. આ બધી બાબતો પ્રભુના પુનરાગમન સમયે અને પછી બનશે.

આમ, આપણા તારણની પરાકાષ્ઠા અથવા ચરમસીમા પુનરાગમન સમયે થશે. હવે અહીં આપણે આજના પ્રશ્નની કલમને (રોમન ૧૩:૧૧ને) સમજવા પ્રયત્ન કરીએ. આપણા સમગ્ર તારણની પરાકાષ્ઠા અથવા ચરમ સીમા પુનરાગમન સમયે થશે ! (૧) તારણનો પહેલો તબક્કો અથવા તારણનો ભૂતકાળ તે ક્રૂસ આગળ છે તે જોયું. આપણને પાપના દોષથી મુક્ત કરવામાં આવ્યા, અને આપણી શિક્ષા પ્રભુએ વેઠી લીધી.

(૨) તારણના બીજા તબક્કા અથવા તારણના વર્તમાનકાળમાં પાપમય ટેવો સામે ઝઝૂમવા અને પરીક્ષણો પર વિજયી બનવા પવિત્ર આત્મા ખ્રિસ્તનું સામર્થ્ય રોજ રોજ આપે છે. એની પરાકાષ્ઠા પુનરાગમન સમયે થશે. એ પરાકાષ્ઠા બે બાબતોમાં થશે. પાપની ગંધ સરખીયે ત્યાં નહિ હોય. ત્યાં સર્વ પ્રકારની ભૂંડાઈને દૂર

રાખવામાં આવેલી હશે. અને બીજું કે ખ્રિસ્ત પોતે આપણે સાથે વસશે (પ્રકટી. ૨૧:૩).

(૩) તારણના ત્રીજા તબક્કા યા તારણના ભવિષ્યકાળમાં તે આપણને મહિમાવંત શરીરો આપશે. એની પરાકાષ્ઠા પુનરાગમન સમયે થશે. આપણાં મહિમાવંત શરીરો પુનરુત્થાન પછીના પ્રભુ ઈસુના મહિમાવંત શરીર જેવાં બનશે, - ત્રણ પરિમાણવાળાં. જેમ બંધ બારણાં છતાં પ્રભુ ઈસુ શિષ્યો પાસે ઓરડામાં આવ્યા, એમ આપણાં મહિમાવંત્ત શરીરોને સમય અને સ્થળમાં (દિક્+કાળનાં) બંધન નહિ હોય. એ શરીરોને રોગ કે ઘડપણ કદી લાગશે નહિ, અને ફરી મૃત્યુ આવશે જ નહિં; પણ અખંડ યૌવન રહેશે.

આમ, નવા જન્મ વખતે જ તારણ મળે છે, પણ એ તારણની પરાકાષ્ઠા પ્રભુના પુનરાગમન સમયે આવશે. એટલે સંત પાઉલ કહે છે કે, ''જે વેળાએ આપણે વિશ્વાસ કરવા માંડયો તે કરતાં હાલ આપણું તારણ નજીક આવ્યું છે, એટલે કે પ્રભુના પુનરાગમનનો સમય નજદીકને નજદીક આવતો જાય છે, અને એથી આપણા તારણની પરાકાષ્ઠાની ઘડી નજદીક અને નજદીક આવતી જાય છે.''

એમ જ **ફિલિપી ૨:૧૨ની કલમનો ખુલાસો** પણ એ જ છે. ''તેથી મારા વહાલાઓ, જેમ તમે હંમેશાં આધીન રહેતા હતા તેમ... ભય તથા કંપારીસહિત તમારું તારણ સાધી લેવાને યત્ન કરો.'' માણસના પ્રયત્નો કે સારાં કામોથી તારણ નથી થયું. એ તો વિશ્વાસથી ખ્રિસ્તનો સ્વીકાર કરતી વખતે કૃપા દ્વારા તારણ મળે છે. પણ આપણને મળેલું તારણ આપણા જીવનમાં પૂર્ણપણે અસરકારક બનવા માટે અને એ પૂર્ણપણે આપણા જીવનમાં ખીલી ઊઠે માટે આપણે ખ્રિસ્તને સતત આધીન રહીને પ્રયત્ન કરતા રહેવું જોઈએ.

એ કલમ આ રીતે જોઈ શકાય : ''તારણ સાધી લેવા યત્ન કરો.'' એટલે કે તારણની પરિપૂર્ણતા સુધી એને ખીલવા દો. વિશ્વાસ કરનારમાં પવિત્ર આત્મા તારણ સાધે છે અને એ જ પવિત્ર આત્મા માણસના વિસ્વાસ દ્વારા તેને કાયમ માટે દોષમુક્ત કરે છે. પણ પવિત્ર આત્માની સહાયથી, આધીનતા દ્વારા, એનામાં તારણ પ્રગતિ કરી શકે, અને સંપૂર્ણપણે ફૂલે-ફાલે એમાં માણસના સહકાર કે પ્રયત્નની જરૂર છે. એટલે વિશ્વાસીજને સતત પ્રયત્નશીલ રહેવું જોઈએ. ''આત્માને ન હોલવો'' એ એ જ સંદર્ભમાં છે.

હવે ત્રીજું એક વાક્ય પણ આપણે સમજી લઈએ. એ કલમમાં આપેલા તારણને વિશ્વાસી જનના તારણ સાથે કોઈ સંબંધ નથી. બે જગાએ એ કથન (વાક્ય) આપવામાં આવ્યું છે. માથ્થી ૨૪:૧૩. ''જે અંત સુધી ટકશે તે તારણ પામશે.'' વળી માથ્થી ૧૦:૨૨, ''જે કોઈ અંત સુધી ટકશે તે તારણ પામશે.'' આ બંને ફકરાઓમાં પ્રભુના પુનરાગમનમાં બે પગથિયાં, ('ગગનગમન' અને 'પ્રાગટ્ય') વચ્ચેના સાત વર્ષના ગાળાનાં પાછલાં સાડાત્રણ વર્ષ વિષે પ્રભુ ઈસુ જણાવે છે. તે વખતે આખા જગતમાં મહાવિપત્તિ આવશે. વિશેષે કરીને યહૂદી પ્રજાને ભયંકર યાતાનાઓ વેઠવી પડશે. એને ''યાકોબના સંકટનો સમય કહ્યો છે'' (૩૦:૭). ખ્રિસ્ત વિરોધી યહૂદીઓ પીછેહઠ કરશે, પણ કેટલાક યહૂદીઓ (શેષભાગ, ૧/૩ જેટલા) ''અંત સુધી'' એટલે એ સાડાત્રણ વર્ષ સુધી ખ્રિસ્ત વિરોધીને આધીન નહિ થશે પણ ઈશ્વરમાં ટકી રહેશે. 'અંતસુધી' એટલે પાછલાં સાડાત્રણ વર્ષ પૂરાં થાય ત્યાં સુધી. અને એ સાડાત્રણ વર્ષને અંતે પ્રભુ ઈસુ યરુશાલેમ પાસેના જૈતૂન પહાડ ઉપર ઊતરશે. અને યહૂદીઓના શત્રુ ખ્રિસ્તવિરોધીનો અને તેણે યહૂદીઓ સામે લડવા એકત્ર કરેલાં સૈન્યોનો નાશ કરશે અને બચેલા યહૂદીઓનો રાજકીય ઉદ્ધાર (તારણ) થશે, એટલું જ નહિ, પણ બચેલો એકે

એક યહૂદી પ્રભુ ઈસુનો સ્વીકાર કરશે. એક પણ યહૂદી બાકી રહેશે નહિ. એમ તેઓનું આત્મિક તારણ થશે. એમ, આ વાક્ય "જે અંત સુધી ટકશે તે તારણ પામશે", એ કથન ખ્રિસ્તીઓ માટે નથી, તેમ જ વિધર્મીઓ માટે નથી, પણ ફક્ત છેલ્લાં સાડાત્રણ વર્ષ દરમિયાનના યહૂદીઓ માટે છે.

□

## ૧૪ ઈશ્વર આફત મોકલે છે ?

☐ **પ્રશ્ન :**

ઘણાં અંગ્રેજી બાઈબલમાં આપ્યું છે કે, ''હું (ઈશ્વર) ભૂંડું ઉત્પન્ન કરું છું.'' અહીં અંગ્રેજીમાં 'evil' (યશાયા ૪૫:૭) શબ્દ વાપર્યો છે. તો શું ઈશ્વર ભૂંડું ઉત્પન્ન કરે છે ?

☐ **જવાબ :**

ગુજરાતી બાઈબલમાં ''હું... સંકટ લાવનાર છું'' આપ્યું છે, તે બરાબર છે. અંગ્રેજીમાં 'evil' બરાબર નથી. ઈશ્વર 'ભૂંડું' એટલે કે નૈતિક ભૂંડું (evil) ઉત્પન્ન કરી શકે જ નહિ. કેટલાંક અંગ્રેજી બાઈબલોમાં 'desaster' (ડીઝાસ્ટર) = 'આફત' શબ્દ છે. ગુજરાતી બાઈબલમાં 'સંકટ' શબ્દ છે. અમુક અંગ્રેજી આવૃત્તિમાં 'ડાર્કનેસ' = અંધકાર છે. ગુજરાતી રોમન કૅથલિક આવૃત્તિમાં છે : ''હું જ પ્રકાશ સર્જુ છું, ને હું જ અંધકાર પેદા કરું છું. સુખદુઃખ એ મારી સરજત છે.'' હિંદી આવૃત્તિમાં 'આપત્તિ' શબ્દ વાપર્યો છે.

બાઈબલમાં વાત સાચી છે, ઈશ્વર આકાશ અને અંધકારના સર્જક છે. ઉત્પત્તિકાળે તેમણે કહ્યું, ''અજવાળું થાઓ'', અને અજવાળું થયું. મિસરમાં મોશેના સમયના દશ અનર્થો લાવનાર ઈશ્વર હતા, અને આખા મિસર દેશમાં 'અંધકાર' પણ ઈશ્વરે જ આણ્યો હતો.

સંકટ, આફત વગેરે ભલે માણસને દુઃખકારક અને અણગમતાં લાગે; પણ ઈશ્વરની સનાતન આયોજનામાં એ બધાં, ઈશ્વર પર પ્રેમ કરનારના ફાયદા માટે જ લાભકારક ઈશ્વર બનાવે છે. જો યોસેફના જીવનામાં ખાડો, વેચાઈ જવું, જેલમાં જવું એ બધી

આફતો ન આવી હોત તો તે ગાદીપતિ ન બની શક્યો હોત. એ બધાંને ઈશ્વરે યોસેફના હિતાર્થે જ વાપર્યાં.

ઈશ્વર 'ઈવીલ' (evil) અનૈતિક ખરાબી ઉત્પન્ન કરી શકે જ નહિ, કેમ કે ઈશ્વર 'નીતિવાન' અને પવિત્ર છે.

□

# ૧૫ નીચે કેટલાક ખુલાસા આપ્યા છે. કોઈએ એ પ્રશ્નો પૂછ્યા નથી.

૧. **સિમોન કનાની :** (માર્ક ૩:૧૮) - પ્રભુ ઈસુના બાર શિષ્યોમાંથી એકનું નામ સિમોન કનાની હતું. કનાનનો વતની એટલે 'કનાની' કહેવાય એ અર્થમાં આ નામ નથી, કારણ, બધા જ શિષ્યો કનાનના જ વતની હતા. અહીં ગ્રીક શબ્દ **'કનાનૈયોન'** શબ્દ વાપર્યો છે, અને એનો અર્થ **'આસ્થાવાદી'** થાય છે. અરામી ભાષાના 'કન-આન' (= આસ્થા) પરથી ગ્રીક શબ્દ પણ બનેલો છે. નવા કરારમાં અન્ય સ્થળે આ શિષ્ય માટે 'ઝેલોટીસ' અથવા 'ઝેલોતસ' (લૂક ૬:૧૫. પ્રે.કૃ. ૧:૧૩) શબ્દ વાપર્યો છે. અરામી 'કન-આન' શબ્દ ઉપરથી ગ્રીક 'કનાનીનેન' બન્યો. પણ ગ્રીકમાં લૂક ૬:૧૫ અને પ્રે.કૃ. ૧:૧૩માં અસલ ગ્રીક 'ઝેલોતેન' વપરાયું છે. એ ઉપર અંગ્રેજી શબ્દ 'ઝેલસ' બન્યો. ગુજરાતીમાં 'કનાની' અને 'ઝેલોટીસ' બંને વાપર્યા છે. એનો અર્થ આસ્થાવાદી થાય છે. પરદેશી રોમન સરકાર સામે એક વિરોધી પાર્ટી ઊભી થઈ હતી. તેઓ 'ઝેલોત' તરીકે ઓળખાતા હતા. આ સિમોન અગાઉ એ પાર્ટીનો સભ્ય હશે.

૨. **'વિધિઅનુસાર'** (માર્ક ૭:૩) : ''હાથપગ સારી પેઠે ધોયા વિના ખાતા નથી.'' ત્યાં હાથપગ સારી પેઠે ધોવાની વાત મૂળ ગ્રીકમાં નથી. પણ ''વિધિ પ્રમાણે'' અથવા ''ધર્મક્રિયા'' પ્રમાણે હાથપગ ધોવાની વાત છે. મુસ્લિમ ભાઈઓ મસ્જિદમાં જતાં 'વજુ' નામની ધાર્મિક ક્રિયા કરે છે, એમાં પ્રથમ કાંડાથી માંડીને આખરે કોણી સુધી હાથ ધોવાની ધર્મક્રિયા કરે છે. તેના જેવું જ આ યહૂદીઓ કરતા હતા. ગ્રીક ભાષામાં તો ફક્ત ''મુઠ્ઠીએ'' એટલો જ શબ્દ છે. એનો ગુજરાતી તરજૂમો આપણા બાઈબલમાં ''સારી પેઠે'' એમ કર્યો છે, પણ એનો અર્થ વિધિ અનુસાર થાય છે.

૩. **"અને જ્યારે જોગવાઈનો દિવસ આવ્યો ત્યારે"** એવું માર્ક ૬:૨૧માં આપ્યું છે. આ વાક્ય હેરોદ વર્ષગાંઠ ઊજવે છે તેની પહેલાં આપેલા હોવાથી એવું લાગે છે કે ''જોગવાઈ આવી ત્યારે હેરોદે વર્ષગાંઠ ઊજવી.'' પણ એ વાક્યનો સંબંધ તો હેરોદિયાસ સાથે છે. યોહાન બાપ્તિસ્તને મારી નાખવાનો લાગ તે શોધતી હતી જ. તેવામાં હેરોદની વર્ષગાંઠની ઉજવણીરૂપી જોગવાઈનો દિવસ હેરોદિયાસ માટે આવ્યો, જેમાં તે પોતાનું ધારેલું કરી શકે, એટલે રોમન કેથલિક તરજુમામાં આમ આપ્યું છે : ''પણ હેરોદની વરસગાંઠને દિવસે હેરોદિયાસને અનુકૂળ તક મળી ગઈ.''

૪. **કર્તાહર્તા** (૧ કોરીંથી ૧૧:૬) : અહીં જણાવેલી કલમમાં આ પ્રમાણે શબ્દો છે : ''કાર્યો અનેક પ્રકારનાં છે, પણ ઈશ્વર એકનો એક છે. જે સર્વમાં 'કર્તાહર્તા' છે.'' 'કર્તાહર્તા' ઈશ્વર માટે વાપર્યું છે. પણ તે બરાબર નથી.

'કર્તા' એટલે ઉત્પન્ન કરનાર; ને 'હર્તા' એટલે હણનાર યા હરનાર થાય છે. સંસ્કૃત પરથી એ શબ્દ બન્યો છે. 'હણનાર' એટલે સંહાર કરનાર; મારી નાખનાર. ઈશ્વર મૃત્યુ લાવતા નથી. શેતાન મૃત્યુની સત્તા ધરાવે છે, દુનિયામાં મૃત્યુનો પ્રવેશ શેતાનને લીધે થયો. હિબ્રૂ. ૨:૧૪માં પ્રભુ ઈસુ વિષે લખતાં આવું આપ્યું છે : ''જેથી તે (ઈસુ) પોતે મરણ પામીને **મરણ પર સત્તા ધરાવનારનો, એટલે શેતાનનો** નાશ કરે.'' એટલે શેતાન મૃત્યુ લાવે છે, અને 'હર્તા' છે. એટલે ઈશ્વર માટે 'કર્તાહર્તા' શબ્દપ્રયોગ વાપરવો બરાબર નથી. અહીં 'કર્તાભર્તા' મૂકી શકાય. 'ભર્તા' = ભરણપોષણ કરનાર. હિંદુભાઈઓ બ્રહ્માને ઉત્પન્નકર્તા ગણે છે; અને મહેશને સંહાર કરનાર ગણે છે. અને તેઓ 'કર્તાહર્તા' શબ્દપ્રયોગ ઈશ્વર માટે વાપરે છે.

□

# ૧૯ પ્રભુ ઈસુની કૂખમાં ભાલો

☐ **પ્રશ્ન :**

પ્રભુ ઈસુની કઈ કૂખમાં ભાલો માર્યો હતો ? જમણી કે ડાબી કૂખમાં ? બાઈબલમાં એ વિષે જણાવ્યું નથી.

☐ **જવાબ :**

પ્રભુ ઈસુની ડાબી કૂખમાં ભાલો માર્યો હતો કે જમણી કૂખમાં એ વિષે બાઈબલમાં કંઈ જ ઉલ્લેખ નથી.

પણ કેટલાક લોકો એમ અનુમાન કરે છે કે હૃદય સહેજ ડાબી તરફ હોય છે, એટલે ડાબી કૂખમાં ભાલો માર્યો હશે. પરંતુ બાઈબલનું જે આછું વર્ણન છે તે પરથી અનુમાન કરી શકાય કે જમણી તરફની કૂખમાં ભાલો માર્યો હશે.

રોમન સિપાઈ ક્રૂસની લગભગ પાસે જ ઊભો હશે. એટલે ક્રૂસનો જમીન ઉપર દેખાતો આખરી ભાગ અને સિપાઈના પગ સમતલ હશે. જમીનથી લગભગ આસરે બે ફૂટ ઊંચાઈએ 'ગુનેગાર'ના પગ મૂકવાનું પાટિયું રાખવામાં આવ્યું હતું. એટલે પ્રભુ ઈસુનું શરીર સિપાઈના શરીર કરતાં લગભગ બે ફૂટ ઊંચાઈએ આવેલું હશે.

પ્રભુ ઈસુની જમણી કૂખની નીચેથી ત્રીજી પાંસળી આગળ સિપાઈએ ત્રાંસમાં ભાલો જોરથી માર્યો હશે. જે બરાબર હૃદય આસપાસની 'પેરી-કાર્ડિયમ' કોથળીમાં વાગ્યો હશે, જેથી અંદરથી 'લોહી તથા પાણી' નીકળ્યાં. માણસ મૃત્યુ પામેલો છે એની એ નિશાની છે.

પ્રભુ ઈસુનું મૃત્યુ નિપજાવવા ભાલો માર્યો નહોતો. પણ તે ખરેખર મૃત્યુ પામ્યા છે તેની ખાતરી કરવા ભાલાનો પ્રયોગ કરવામાં આવ્યો. સિપાઈઓ આ પ્રયોગથી વાકેફ હતા. બાઈબલમાં આ પ્રમાણે શબ્દો છે : ''ત્યારે તેઓએ તેને મરણ પામેલો જોઈને તેના પગ ભાગ્યા નહિ. તો પણ એક સિપાઈએ ભાલાથી તેની કૂખ વીંધી, એટલે તરત તેમાંથી લોહી તથા પાણી નીકળ્યાં'' (યોહાન ૧૯:૩૪).

માણસનું મૃત્યુ થાય ત્યારે પછી તેના હૃદયમાંથી કે નસોમાંથી લોહી નીકળતું નથી, કારણ, લોહી થીજી જાય છે, ફક્ત 'સીરમ' નીકળે છે. પણ અતિ કષ્ટને કારણે માણસ મરી જાય ત્યારે હૃદયનું થોડું લોહી 'પેરી-કાર્દિયમ'માં (હૃદયની આસપાસની થેલીમાં) જમા થઈ જાય છે. તેથી ભાલો ભોંકાતાં પેલી થેલીમાંથી જમા થયેલું લોહી અને 'સીરમ' નીકળ્યાં.

□

# ૧૭

**"સર્વ પ્રજાઓને સાક્ષીરૂપ થવા સારુ રાજ્યની આ સુવાર્તા આખા જગતમાં પ્રગટ કરાશે, અને ત્યારે જ અંત આવશે" માથ્થી ૨૪:૧૪.**

☐ **પ્રશ્ન :**

સામાન્ય રીતે લગભગ બધા ખ્રિસ્તી લોકો એમ માને છે કે આપણો સુવાર્તાપ્રચાર બધા જ દેશોમાં પ્રત્યેક-શહેરે શહેર અને ગામડે ગામડે ફેલાઈ રહેશે, ત્યારે જગતનો અંત આવશે, -એટલે કે પ્રભુ ઈસુનું પુનરાગમન થશે. પુલપીટો ઉપરથી પણ એમ જ શીખવવામાં આવે છે. હમણાં એક અંગ્રેજી બાઇબલમાં મેં ખુલાસો વાંચ્યો કે 'આ રાજ્યની સુવાર્તા છે', આપણે જે સુવાર્તા પ્રગટ કરીએ છીએ તે **'ઈશ્વરની કૃપાની સુવાર્તા છે.'** તો શું બે પ્રકારની સુવાર્તા છે ? મહેરબાની કરીને સ્ટેમ્પ ચોઢેલા કવરમાં જવાબ મોકલવા વિનંતી. અથવા 'ખ્રિસ્તીબંધુ' દ્વારા જવાબ આપશો તોયે ચાલશે.

☐ **જવાબ :**

બીજાં ઘણાંને લાભ થાય માટે તમારા પ્રશ્નનો જવાબ 'ખ્રિસ્તીબંધુ' દ્વારા આપું છું. તમે અંગ્રેજી બાઇબલમાં વાંચેલો ખુલાસો બિલકુલ સાચો છે. અત્યારે આપણે જે સુવાર્તા ફેલાવીએ છીએ તે **'ઈશ્વરની કૃપાની સુવાર્તા'** છે; જ્યારે માથ્થી ૨૪:૧૪માં જણાવેલી છે તે **'રાજ્યની સુવાર્તા'** છે. આપણે એ બંને સુવાર્તા વિષે જરા વિસ્તારથી જોઈએ.

**'રાજ્યની સુવાર્તા'** જાહેરાત કરે છે કે, પ્રભુ ઈસુ પોતે પૃથ્વી પર યરુશાલેમની દાવિદની ગાદી પર આવીને આખી પૃથ્વી પર રાજ્ય કરશે. યહૂદી પ્રજા એ રાજ્યમાં અગ્રસ્થાને હશે. વિદેશીઓની ઝૂંસરી તળેથી પ્રભુ ઈસુ યહૂદીઓને છોડાવશે. જૂના કરારના

પ્રબોધકોએ આ પૃથ્વી પરના રાજ્ય વિષે ખૂબ ભવિષ્યવાણીઓ ભાખી હતી.

પ્રભુ ઈસુના પ્રથમ આગમન વખતે છડી પોકારનાર યોહાન બાપ્તિસ્તે એ જ રાજ્યની છડી પોકારી હતી કે, ''પસ્તાવો કરો કેમ કે **આકાશનું રાજ્ય પાસે આવ્યું છે''** (માથ્થી ૩:૨). પ્રભુ ઈસુએ ૭૦ શિષ્યોને યહૂદીઓ મધ્યે રાજ્યનો પ્રચાર કરવા મોકલ્યા કે **"દેવનું રાજ્ય પાસે આવ્યું છે" (લૂક ૧૦:૧-૧૧). એ પછી ઈસુએ પોતાના બાર શિષ્યોને પણ મોકલ્યા, અને કહ્યું કે "તમે વિદેશીઓને માર્ગે ન જાઓ ને સમરૂનીઓના કોઈ નગરમાં ન પેસો, પણ ઈઝરાયલના ઘરનાં ખોવાયેલાં ઘેટાંની પાસે જાઓ.** અને તમે જતાં જતાં એમ પ્રસિદ્ધ કરો કે, **આકાશનું રાજ્ય પાસે આવ્યું છે"** (માથ્થી ૧૦:૧૦-૭).

પ્રભુ ઈસુ પોતે પણ યહૂદીઓનાં ગામોમાં ફરી ફરીને **રાજ્યની સુવાર્તા** ફેલાવતા હતા. ''પસ્તાવો કરો, કેમ કે આકાશનું રાજ્ય પાસે આવ્યું છે'' (માથ્થી ૪:૧૭-૨૩). વળી માથ્થી ૪:૨૩માં લખ્યું છે કે, **"તે રાજ્યની સુવાર્તા** પ્રગટ કરતો ફર્યો.'' વળી માતા મરિયમને ગાબ્રિયેલ દૂતે જણાવ્યું કે, ''...અને દેવ પ્રભુ તેને તેના **પિતા દાવિદનું રાજ્યાસન** આપશે. તે યાકોબના ઘર પર સર્વકાળ **રાજ કરશે''** (લૂક ૧:૨૬-૩૩).

વળી ઈસુના જન્મ સમયે પૂર્વના માગીઓએ હેરોદ રાજા પાસે યરુશાલેમમાં આવીને પૂછયું હતું કે, ''યહૂદીઓનો જે રાજા જન્મ્યો છે તે ક્યાં છે ?'' (માથ્થી ૨:૧-૧૧).

પ્રભુ ઈસુ યહૂદીઓ મધ્યે આકાશનું રાજ્ય સ્થાપવા આવ્યા હતા. ઝખાર્યા પ્રબોધકે એ વિષે સ્પષ્ટ ભવિષ્યવાણી કહી હતી કે :

''હે સિયોનની પુત્રી, બહુ આનંદ કર; હે યરુશાલેમની પુત્રી, જયપોકાર કર. જો **તારો રાજા તારી પાસે આવે છે.** તે ન્યાયી તથા

તારણ સાધનાર છે. તે નમ્ર છે, અને ગધેડા પર, હા, ખોલા એટલે ગધેડીના વછેરા પર સવાર થઈને આવે છે'' (ઝખાર્યા ૯:૯).

એટલે પ્રભુ ઈસુ યરુશાલેમ શહેરમાં ગધેડીના બચ્ચા પર સવાર થઈને આવે છે તે વિષે લખતાં માથ્થી કહે છે કે, ''હવે આ એ માટે થયું કે પ્રબોધકે જે કહ્યું હતું તે પૂરું થાય કે...(પછી ઝખાર્યાની ભવિષ્યવાણી નોંધી છે).'' (માથ્થી ૨૧:૧-૫).

જો યહૂદી પ્રજાએ પસ્તાવો કર્યો હોત, અને પ્રભુ ઈસુનો પોતાના રાજા તરીકે સ્વીકાર કર્યો હોત તો પ્રભુ ઈસુએ રાજ્ય સ્થાપ્યું હોત, કારણ, ઝખાર્યા પ્રબોધકની ભવિષ્યવાણી જૂઠી નહોતી, તેમણે રાજ્ય સ્થાપ્યું હોત. રોમન સરકારે તેમને પકડીને ક્રૂસે લટકાવ્યા હોત. કબરમાં દટાયા હોત, પાછા ઊઠત, એમ માણસોનાં પાપનું મુક્તિ-મૂલ્ય ચૂકવાયું હોત. પ્રભુ ઈસુનું સ્વર્ગારોહણ થાત અને પિતા પાસેથી 'રાજ્ય' મેળવીને પાછા આવત. એ પછી એક હજાર વર્ષનું પ્રભુ ઈસુનું રાજ્ય યરુશાલેમમાં ચાલુ હોત.

ફરક ફક્ત એટલો પડત કે, ''મંડળીનો યુગ'' વચ્ચે આવ્યો ન હોત. દાનિયેલના ૬૯મા 'અઠવાડિયા' પછી તરત જ ૭૦મું 'અઠવાડિયું' (સાત વર્ષ) શરૂ થઈ ગયું હોત (દાનિ. ૯:૨૪-૨૭). જૂના કરારના કોઈ પ્રબોધકે મંડળી સંબંધી કોઈ ભવિષ્યવાણી ભાખી નહોતી. 'મંડળીનો યુગ' એ એક મર્મ હતો. જે પ્રભુ ઈસુના સ્વર્ગારોહણ પછી એ મર્મ ખુલ્લો થયો, અને પચાસમાને દીવસે મંડળીનો જન્મ થયો.

પ્રભુ ઈસુ તો 'વિજયવંત પ્રવેશ-દિને' જાણતા હતા કે 'હોસાન્ના' 'હોસાન્ના' પોકારતા લોકો જ 'ક્રૂસે જડાવો', 'ક્રૂસે જડાવો', એમ પોકારશે. એટલે તો જૈતૂન પહાડ પરથી ઊતરતાં અપશ્ચાત્તાપી યરુશાલેમને જોઈને પોક મૂકીને રડયા અને યહૂદી

પ્રજાને કહ્યું કે, ''જુઓ, તમારે સારુ તમારું ઘર ઉજ્જડ મુકાયું છે'' (માથ્થી ૨૩:૩૭-૩૯).

એ સમયથી ઈઝરાયલ પ્રજા પડતી મુકાઈ. રાજ્ય સ્થપાયું નહિ અને મંડળીનો યુગ શરૂ થયો. જેમ રેલવેના મુખ્ય પાટા પરથી એક ટ્રેન શન્ટિંગ થઈને યાર્ડમાં ધકેલાઈ જાય, અને બીજી જ ટ્રેન મુખ્ય પાટા પર દોડવા માંડે, એમ ઇઝરાયલ પ્રજા મુખ્ય પાટા પરથી 'શન્ટિંગ' થઈને યાર્ડમાં ધકેલાઈ ગઈ, અને મુખ્ય પાટા પર મંડળીરૂપી ટ્રેન હવે અત્યારે દોડી રહી છે.

પોતાના મૃત્યુની અગાઉ પાંચ દિવસ પહેલાં પ્રભુ ઈસુ યરુશાલેમમાં દાવિદની ગાદી પર યહૂદીઓનું **"આકાશનું રાજ્ય"** સ્થાપવા **'રાજ્યની સુવાર્તા'** પ્રગટ કરતા હતા. પણ હવે રાજ્ય મોકૂફ રખાયું. **રાજ્યની સુવાર્તા** પણ મોકુફ રખાઈ. અત્યાર સુધી ઈઝરાયલનાં ઘરોએ જ રાજ્યની સુવાર્તાની જાહેરાત થતી હતી.

હવે યહૂદીઓ અને વિદેશીઓની મંડળી એ માટે પ્રભુ ઈસુએ શિષ્યોને આદેશ આપ્યો કે,

**"આખા જગતમાં જઈને" આખી સૃષ્ટિને સુવાર્તા પ્રગટ કરો. જો કોઈ વિશ્વાસ કરે અને બાપ્તિસ્મા લે તે તારણ પામશે** (માર્ક ૧૬:૧૫, ૧૬). હવે આ નવા કરારની સુવાર્તા તે **"ઈશ્વરની કૃપાની સુવાર્તા"** છે, અને આપણે આ **"કૃપાની સુવાર્તા"** પ્રગટ કરીએ છીએ. લગભગ ૧૯૯૫ વર્ષથી આ **'કૃપાની સુવાર્તા'** દ્વારા પ્રભુ ઈસુની કન્યા રૂપી મંડળી તૈયાર થઈ રહી છે.

પણ થોડા જ સમયમાં (ગમે તે ઘડીએ) પ્રભુ ઈસુરૂપી વરરાજા ગગનમાં આવી જશે, અને પોતાની મંડળી (કન્યાને) ઉપાડી લેશે. એ સાથે **"કૃપાની સુવાર્તા"** પણ પ્રગટ થવી બંધ થશે. અને ફરી પાછી **'રાજ્યની સુવાર્તા'** પ્રગટ કરાશે.

મંડળી ઉપર ઊંચકાઈ ગયા પછી દાનિયેલનું ૭૦મું અઠવાડિયું શરૂ થશે. સાત વર્ષ સુધી તે 'અઠવાડિયું' ચાલશે, અને એ સાત વર્ષ સુધી ''સર્વ પ્રજાઓને સાક્ષીરૂપ થવા સારુ **'રાજયની આ સુવાર્તા'** આખા જગતમાં પ્રગટ કરાશે'' કે પ્રભુ ઈસુ (આ સાત વર્ષનો ગાળો પૂરો થશે ત્યારે) એક હજાર વર્ષનું રાજ્ય પૃથ્વી પર સ્થાપન કરશે, યરુશાલેમમાં એની રાજધાની થશે. દાવિદની ગાદી ઉપર દાવિદપુત્ર પ્રભુ ઈસુ રાજ્ય કરશે.

આ અગાઉ મંડળીના **જમાનાને** (યુગને) આવરી લેતાં આદમથી માંડીને **છ જમાના** (યુગ) પૂરા થયા. અને હવે 'રાજ્ય'નો આ સાતમો જમાનો યા યુગ શરૂ થશે. ખ્રિસ્ત પોતાની મંડળીરૂપી સંતોને સાથમાં રાખીને આ હજાર વર્ષનું રાજ્ય પૃથ્વી પર કરશે. રાજ્યનાં પ્રજાજનો બચેલા યહૂદીઓ અને 'ઘેટાં-પ્રજાઓ હશે' (માથ્થી ૨૫:૩૧-૪૫).

મંડળી ગગનમાં ઊંચકાઈ લેવાયા પછી સાત વર્ષ સુધી આ **રાજ્યની સુવાર્તા** બધી પ્રજાઓને પ્રગટ કરાશે. અને એ સાત વર્ષને અંતે મંડળીનો જમાનો અથવા યુગ પૂરો થશે. વળી ''વિદેશીઓનો સમય'' (લૂક ૨૧:૨૪) પણ પૂરો થશે, અને યરુશાલેમ ''વિદેશીઓથી ખૂંદાતું'' બંધ થશે.

માથ્થી ૨૪:૩માં શિષ્યોએ એકાંતમાં પૂછેલું કે, ''એ બધું ક્યારે થશે, અને તારા આવવાની તથા જગતના અંતની શી નિશાની થશે ?'' એમાં ''જગતના અંત'' શબ્દો છે તે તરજુમો બરાબર નથી. ત્યાં 'જગતનો' નહિ, પણ 'યુગ'નો અંત જોઈએ. અને મંડળીનો યુગ કે કૃપાનો યુગ - એક હજાર વર્ષનો યુગ બેસતાંની સાથે પૂરો થશે. (જમાના કે યુગો માટે જુઓ લેખકનું પુસ્તક ''ચિત્રમય બાઈબલ અભ્યાસક્રમ'' અને એની 'માર્ગદર્શિકા.')

□

# ૧૮ શેતાન ક્યાંથી આવ્યો ?

☐ પ્રશ્ન :

શેતાન કોણ છે ? ક્યાંથી આવ્યો ? ઈશ્વર તેનો નાશ કેમ નથી કરતા ?

☐ જવાબ :

૧. **શેતાનની ઉત્પત્તિ :** ઉત્પન્ન કરવામાં આવેલો દૂત (હિઝકિ. ૧:૫. ૨૮:૧૨-૧૯). આ કલમોમાં તૂરના રાજાનું નામ છે, પણ ભાષા પરથી જોઈ શકાય છે કે એના કરતાં અધિક બીજા કોઈ વિશે, એટલે કે શેતાન વિશે વાત છે.

૨. **શેતાન એક વ્યક્તિ છે :** કેટલાક લોકો એમ માને છે કે શેતાન તો માત્ર ભૂંડાઈનો સિદ્ધાંત યા ધોરણ છે, અથવા આંધળી શક્તિ છે. વળી કેટલાક તો કહે છે કે એ તો સત્ય અને શુભનો અભાવ છે, - જેમ પ્રકાશનો અભાવ એટલે કે અંધકાર કે પડછાયો હોય તેમ. ના, એ સાચું નથી, શેતાન તો બહુ દુષ્ટાઈથી ભરેલી ખતરનાક વ્યક્તિ છે (જુઓ, ૧ પિતર ૫:૮. પ્રકટી. ૨૦:૨. પ્રકટી. ૧૨:૧૦ બ. અયૂબ ૧:૬. ૨:૧. લૂક ૨૨:૩૧, ૩૨).

૩. **લ્યુસીફર :** (યશાયા ૧૪:૧૨). હિબ્રૂ અથવા અંગ્રેજી બાઈબલમાં આ કલમની શરૂઆતે 'લ્યુસીફર' નામ મૂકેલું છે, જ્યારે ગુજરાતીમાં એનો તરજુમો ''તેજસ્વી તારા'' મૂક્યું છે. ચોમાસામાં ઊડતા આગિયામાં જે પદાર્થને કારણે પ્રકાશ થાય છે, તે પદાર્થને 'લ્યુસીફેરોન' કહે છે. 'લ્યુસીફેરોન' એટલે જ પ્રકાશ અને એ ઉપરથી, એક વખતના આ મહાદૂતને 'લ્યુસીફર' નામ આપવામાં આવ્યું છે. લ્યુસીફર = તેજસ્વી તારો.

૪. **"પ્રભાતનો પુત્ર"** (યશાયા ૧૪:૧૨) : ''રે તેજસ્વી તારા, પ્રભાતના પુત્ર, તું ઊંચે આકાશમાંથી કેમ પડયો છે ?'' શેતાન માટે આ નામ જેવું વિશેષણ વાપર્યું છે. શેતાનનું પતન થયું તે અગાઉ આવો તેનો મહિમા હતો.

૫. **"આચ્છાદાન કરનાર અભિષિક્ત કરુબ"** (હઝકિ. ૨૮:૧૪).

૬. **"જ્ઞાનપૂર્ણ અને સર્વાંગ સુંદર"** (હઝકી. ૨૮:૧૪). શેતાનના પતન પહેલાંનો તેનો મહિમા.

૭. **આચરણમાં સંપૂર્ણ - પાપરહિત :** (હઝકી. ૨૮:૧૫). એના પાપ અને પતન પહેલાં શેતાનનાં આચરણ પણ સંપૂર્ણ (દોષરહિત) હતાં, ''તારી ઉત્પત્તિના દિવસથી, તારામાં દુરાચાર માલૂમ પડયો ત્યાં સુધી, તારાં આચરણ સંપૂર્ણ હતાં.''

૮. **શેતાનનું પાપ :** (હઝકી. ૨૮:૧૫). ''દુરાચાર માલૂમ પડયો.'' ૨૮:૨ ''હું ઈશ્વર છું,'' શેતાનમાં એવો અહંકાર ઉદ્‌ભવ્યો. **અહંકાર** (અહમ્ સંસ્કૃત = 'હું', અહમ્‌નો નાદ) ''હું આકાશો પર ચઢી જઈશ, ને હું ઈશ્વરના તારાઓ કરતાં મારું રાજ્યાસન ઊંચું રાખીશ... હું પોતાને પરાત્પર સમાન કરીશ'' (યશા. ૧૪:૧૩). ઈશ્વરનો સમોવડિયો બનવાનો, અરે, ઈશ્વરને પણ આંબી જવાનો અહંકાર શેતાને કર્યો. શેતાનનો એ અહંકાર અને અભિમાન આજેય ચાલુ જ છે. માણસો ઈશ્વરની ઇચ્છા પ્રમાણે નહિ, પણ પોતાની (શેતાની) ઇચ્છા પ્રમાણે વર્તે; આકાશ અને પૃથ્વી પર એની ઇચ્છા પૂરી થાય; એની આણ વર્તે; યરુશાલેમમાંથી આખી પૃથ્વી પર, - ઈશ્વરપુત્ર ઈસુ ખ્રિસ્ત નહિ, - પણ શેતાનનો માણસ (ખ્રિસ્તવિરોધી) રાજ્ય કરે, - આ શેતાનની મહત્ત્વાકાંક્ષા અને આયોજના આજેય ચાલુ છે.

શેતાનના આ અહંકાર અને મહત્વાકાંક્ષા દ્વારા ઈશ્વર સામે ઉઠાવેલા બળવામાં કેટલાક દૂતો (દૂતોના ત્રીજા ભાગ જેટલા દૂતો) શેતાન સાથે જોડાયા (માથ્થી ૨૫:૪૧. પ્રક્ટી ૧૨:૪). આકાશના તારાઓનો ત્રીજો ભાગ. તારાઓ = દૂતો.

૯. **શેતાનનું પતન :** આ પાપ/બળવા અગાઉ શેતાન (લ્યુસીફર) ત્રીજા આસમાનમાં ઈશ્વરની હજૂરમાં રહેતો હતો, પણ ઉપર જણાવેલા પાપને લીધે તેને અને તેના દૂતોને ત્યાંથી ખદેડી મૂકવામાં આવ્યા, - નીચે નાખી દેવામાં આવ્યા (લૂક ૧૦:૧૮) : "મેં શેતાનને વીજળીની પેઠે આકાશથી પડેલો જોયો." "તું ઊંચે આકાશથી કેમ પડયો છે ?" (યશાયા ૧૪:૧૨). (a) શેતાનને ત્રીજા આસમાનમાંથી નીચે નાખી દેવામાં આવ્યો. (b) હાલ તે અને તેના અપદૂતો (અશુદ્ધ આત્માઓ) અંતરિક્ષમાં (વાયુમંડળમાં, એટલે કે પહેલા આસમાનમાં) વસે છે, અને વાયુમંડળ પર તથા પૃથ્વી પર તેમની પ્રવૃત્તિઓ ચલાવે છે. (c) આમ છતાં, શેતાન હજુ ત્રીજા આસમાનમાં (ઈશ્વરના દરબારમાં) અવારનવાર જઈ શકે છે, અને પ્રભુના લોકોની સામે દોષારોપણ કરે છે (અયૂબ ૧:૬-૧૨, ૨:૧-૬. લૂક ૨૨:૩૧). (d) પણ પ્રભુના પુનરાગમનનાં બે પથગિયાં વચ્ચેનાં સાત વર્ષની અધવચમાં જ્યારે તેને (શેતાનને) પૃથ્વી ઉપર ફેંકી દેવામાં આવશે ત્યારે એ અધિકાર તેની પાસેથી લઈ લેવામાં આવશે; એ પછી તે કદી સ્વર્ગમાં, ઈશ્વરની હજૂરમાં જઈ શકશે નહિ. (e) શેતાનને આ સમયે પૃથ્વી પર નાખી દેવામાં આવશે (પ્રક્ટી. ૧૨:૭-૧૦).

૧૦. **અશુદ્ધ આત્માઓનો તે સરદાર છે :** અપદૂતો અથવા અશુદ્ધ આત્માઓનો તે સરદાર, અથવા અધિકારી છે. શેતાનની ઈચ્છા પ્રમાણે તેઓ પ્રવૃત્તિઓ કરે છે (માંથ્થી ૧૨:૨૪. પ્રે.કૃ. ૧૦:૩૮. માથ્થી ૨૫:૪૧.)

**૧૧. શેતાનનાં નામો અને પ્રવૃત્તિઓ :**

(બ) **શેતાન :** હિબ્રૂ ભાષામાં તેને **શેતાન** કહેવામાં આવે છે; અને ગ્રીક ભાષામાં **શેતાનસ** લખાય કે બોલાય છે. એનો અર્થ **'વેરી'** થાય છે. માનવી વૈરી માટે એ શબ્દ વપરાયો હોય ત્યારે ગ્રીક ભાષામાં કેપિટલ 'S' વપરાતો નથી. અને અંગ્રેજીમાં adversary કે enemy અને ગુજરાતીમાં **વૈરી** લખાય છે; પણ મૂળ ગ્રીકમાં શેતાન માટે વાપર્યો હોય ત્યારે પહેલો S કેપિટલ હોય છે. અંગ્રેજીમાં Satan (શેતાન), અને ગુજરાતીમાં પણ શેતાન લખાય છે. કોઈ વખતે વૈરી માટેનો બીજો એક ગ્રીક શબ્દ છે તે સામાન્ય વૈરી માટે વાપર્યો હોય છે. માણસને માટે હિબ્રૂમાં 'શેતાન' શબ્દ આ જગ્યાઓએ વપરાયો છે : ૧ શમુ. ૨૯:૪. ગી.શા. ૩૮:૨૦. ૭૧:૧૩. ૧૦૯માં ચાર જગાએ (શત્રુ) શેતાન માટે ૧૭ થી ૧૮ વખત જૂના કરારમાં વપરાયું છે. ઝખા. ૩:૧માં નામ અને અર્થ બંને સાથે સાથે વાપર્યા છે : ''તેના (યહોશુઆના) વૈરી તરીકે શેતાનને ઊભો રહેલો તેણે મને દેખાડયો.'' પણ નવા કરારમાં બધે શેતાન માટે જ વપરાયેલો છે. માથ્થી ૧૩:૩૯ ''અને જે વૈરીએ તે વાવ્યાં તે શેતાન છે.''

**ખ. દિયાબલ.** ગ્રીકમાં 'દિયાબોલોસ' નામ શેતાન માટે વાપર્યું છે. ગ્રીકમાં 'દિયાબોલોસ' હોઈ એનું અંગ્રેજી બાઇબલોમાં ડેવિલ કર્યું છે. ગુજરાતી બાઇબલમાં ગ્રીક દિયાબોલોસ શબ્દનો તરજુમો ''શેતાન'' કર્યો છે (પ્રક્ટી. ૧૨:૯ ''એટલે તે જૂનો સર્પ જે દુષ્ટાત્મા તથા શેતાન) (ગ્રી. દિયાબોલોસ અ. ડેવિલ) કહેવાય છે, જે આખા જગતને ભમાવે છે.'' અહીં 'દિયાબોલોસ'નો અર્થ ''અમારા ભાઈઓ ઉપર **દોષ મૂકનાર**'' ૧૨:૧૦માં વાપર્યો છે. જોન બન્યનના 'શુદ્ધ-પ્રયુદ્ધ'માં ગુજરાતીમાં 'દિયાબલ' શબ્દ છે. એ શબ્દ ૧૨:૯માં વાપર્યો હોત તો સારું (એવું જ લૂક ૪:૧૩માં

'દિયાબોલોસ' ગ્રીકમાં છે, જેનું ગુજરાતી શેતાન કર્યું છે.) (i) ઈશ્વરની આગળ માણસ પર દોષ મૂકનાર (જુઓ અયૂબ ૧:૬-૧૧. ૨:૧-૫. પ્રકટી. ૧૨:૯-૧૦).

(ii) માણસની આગળ ઈશ્વરનિંદા (જુઓ ઉત્પ. ૩:૧-૫).

ગ. **બાલઝબૂલ :** અશુદ્ધ આત્માઓનો સરદાર યા વડો. પલિસ્તીઓના આ દેવના બાલઝબૂલનો અર્થ ''માખીઓનો રાજા'' માથ્થી ૧૨:૨૪. વિદેશીઓનો એક દેવ; અશુદ્ધ આત્માઓનો સરદાર (માથ્થી ૧૨:૨૪, ૨૭. માર્ક ૩:૨૨. લૂક ૧૧:૧૫). સૌથી ભયંકરમાં ભયંકર નૈતિક ભ્રષ્ટતાનો દેવ. 'બાલઝબૂબ'નું પાછળથી બાલઝબૂલ થયું, જેનો અર્થ છાણ (ગોબર)નો દેવ. પાછળથી શેતાનને માટે પણ એ નામ વપરાવા લાગ્યું. યહૂદીઓના આગેવાનોએ પ્રભુ ઈસુ પર દોષ મૂક્યો કે તે આ બાલઝબૂબ/બાલઝબૂલની મદદથી અશુદ્ધ આત્માઓ કાઢે છે, પણ પ્રભુ ઈસુએ એનો સચોટ જવાબ આપ્યો હતો (માર્ક ૩:૨૨. લૂક ૧૧:૧૫). કેટલાકનું કહેવું છે કે મૂળ આ શબ્દ બાલ ઝબૂલ પરથી બન્યો, અને એનો અર્થ ''વસવાટનો દેવ'', કે જેનામાં અશુદ્ધ આત્માઓ વસે છે. એટલે કદાચ પ્રભુ ઈસુ 'ઘર'ની ઉપમા વાપરે છે (માર્ક ૩:૨૫).

ઘ. **બેલ્યાલ/બેલ્યાસ :** જૂના કરારમાં આ શબ્દ વપરાયો છે, પણ શેતાન માટે નહિ. નવા કરારમાં જુઓ ૨ કોરિંથી. ૬:૧૫ - ''ખ્રિસ્તને બેલ્યાલની સાથે શો મિલાપ હોય ?'' અહીં બેલ્યાલ શબ્દ શેતાન માટે વાપર્યો છે. 'બેલ્યાલ'નો અર્થ 'નકામો', 'નિરુપયોગી', 'ભ્રષ્ટ', 'ભૂંડો'. એ ઉપરથી નવા કરારમાં એ શબ્દ શેતાન માટે વપરાયો છે : જેનામાં સર્વ પ્રકારની ભૂંડાઈ યા ભ્રષ્ટતા મૂર્તિમાન થઈ છે તે, એટલે કે શેતાન. 'બેલ્યાલપુત્રો' (જૂના કરારમાં) નક્કામા યા ભ્રષ્ટ માણસો; (નવા કરારમાં) શેતાનના

માણસો. (જૂનો કરાર : પૂનર્નિ. ૧૩:૧૩. ન્યાયા. ૧૯:૨૨. ૨૦:૧૩. ઈત્યાદિ).

૧૨. **જગતનો દેવ :** બાઈબલમાં શેતાનને 'આ જગતનો દેવ' કહેવામાં આવ્યો છે, ૨ કોરીંથી. ૪:૪માં લખ્યું છે : ''તેઓમાં (નાશ પામનારાઓમાં. કલમ ૩) આ જગતના દેવે અવિશ્વાસીઓનાં મન આંધળાં કર્યાં છે,...'' અહીં જગતનો અર્થ ઈશ્વરે ઉત્પન્ન કરેલી પૃથ્વી નહિ, પણ શેતાનના સિદ્ધાંતો પ્રમાણે ચાલતો સંસારનો વ્યવહાર. શેતાનના સિદ્ધાંતો : - હરીફાઈ, કાપાકાપી, બીજા કરતાં હું વધુ ચઢી જાઉં, વધુ મેળવી લઉં, હુંસાતુંસી, બળ, લાલચ, સ્વાર્થ, મહત્ત્વાકાંક્ષા, પાપયુક્ત આનંદ, એ સિદ્ધાંતો પર ચાલતા જગતવ્યવહારનો ધણીધોરી, એનો સ્થાપનાર. એનો નિયામક તે શેતાન. ઈશ્વરના સિધ્ધાંતો તો બલિદાન, ત્યાગ, ક્રૂસ, પ્રેમ છે.

૧૩. **જગતનો અધિકારી :** બાઈબલમાં શેતાનને ''આ જગતનો અધિકારી'' પણ કહ્યો છે. જુઓ યોહાન ૧૨:૩૦. ૧૪:૩૦. ૧૬:૧૧. અહીં પણ ''જગત''નો અર્થ ઉપર ૧૨મા મુદ્દામાં દર્શાવ્યો તે પ્રમાણે જ કરવો. ''દોરંગી દુનિયા'', ''દુનિયાના રંગઢંગ'', ''સંસારના રંગઢંગ'', એ બધા અર્થમાં જગત. પ્રભુ ઈસુએ પોતે કહ્યું છે : ''કેમ કે આ જગતનો અધિકારી આવે છે, અને મારામાં તેનું કંઈ નથી'' (યોહાન ૧૪:૩૦).

જગતનાં રાજ્યો, એમનો મહિમા, - ઝાકઝમાક, એમનાં લશ્કરો અને દોરદમામ, એ બધું શેતાનનું છે, અને તેના હવાલામાં છે. ઈસુનું પરીક્ષણ કરતાં શેતાને ઈસુને જગતનાં સઘળાં રાજ્ય તથા તેઓનો મહિમા દેખાડયાં, અને શેતાને સાચું જ કહ્યું કે ''જો તું પગે પડીને મારું ભજન કરે, તો આ સઘળાં હું તને આપીશ.'' હા, એ સઘળું હજુંયે શેતાનનું છે.

**૧૪. શેતાનની પ્રવૃત્તિઓ :**

**(i) પ્રભુના લોકોનો દોષ કાઢે છે, તેમના ઉપર દોષ મૂકે છે, અને તેમની સામે શંકા ઊભી કરે છે.** આ બધા વિશે આપણે ૧૧/ખમાં 'દિયાબલ'માં જોઈ ગયા. અયૂબ માટે ઈશ્વરની આગળ દોષ કાઢયો, અને અયૂબની ભક્તિ સ્વાર્થભરી છે એવી શંકા ઈશ્વરની આગળ રજૂ કરી (અયૂબ ૧:૬-૧૧. ૨:૧-૬). આજ સુધી શેતાનની એ પ્રવૃત્તિ ચાલુ જ છે : ''અમારા ભાઈઓ પર દોષ મૂકે છે...'' (પ્રક્ટી. ૧૨:૧૦). આ ઉપરાંત ઈશ્વરની સામે અને ઈશ્વરનાં વચનોની સામે શંકા ઉત્પન્ન કરે છે. ''શું ઈશ્વરે તમને ખરેખર એવું કહ્યું છે...?'' (ઉત્પ. ૩:૧); ઈશ્વરે કહ્યું હતું કે ''તમે મરશો જ મરશો'' એની સામે શેતાન કહે છે : ''તમે નહિ જ મરશો'' (૩:૪). ઈશ્વરના હેતુ વિશે શંકા રજૂ કરે છે : ''કેમ કે ઈશ્વર જાણે છે કે તમે ખાશો તે જ દિવસે તમારી આંખો ઊઘડી જશે, અને તમે ઈશ્વરના જેવાં ભલુંભુંડું જાણનારાં થશો.'' શેતાન એ ઉપરથી એમ કહેવા માગે છે કે રખેને તમે ઈશ્વરનાં સમોવડિયાં બની જાઓ, એટલે એ તમને ફળ ખાવાની મના કરે છે (૩:૫).

**(ii) અવિશ્વાસીઓનાં મન આંધળાં કરે છે :** આ વિશે પણ મુદ્દા નં. ૧૨માં આપણે જોઈ ગયા. : ''પણ જો અમારી સુવાર્તા ઢંકાયેલી હોય, તો તે નાશ પામનારાઓને માટે ઢંકાયેલી છે; તેઓમાં આ જગતના દેવે અવિશ્વાસીઓનાં મન આંધળાં કર્યાં છે, એ સારુ કે ખ્રિસ્ત જે ઈશ્વરની પ્રતિમા છે, તેના મહિમાની સુવાર્તાના પ્રકાશનો ઉદય તેઓ પર ન થાય'' (૨ કોરિંથી. ૪:૩-૪). (વળી જુઓ ૧લો તિમોથી ૪:૧-૩).

**(iii) "આખા જગતને ભમાવે છે" :** (પ્રક્ટી. ૧૨:૯). આ શેતાને હવાને ભમાવી. એ કરવા માટે તેણે સાપનું રૂપ ધારણ કર્યું હતું (ઉત્પ. ૩:૧), એટલે પ્રક્ટી. ૧૨:૯માં એને જૂનો સર્પ, ''તે

મોટો અજગર'' કહ્યો છે. ઉત્પત્તિ ૩:૧માં એની ઓળખ આપવામાં આવી નથી, પણ બાઈબલના છેક છેલ્લા પુસ્તકમાં એની પૂરી ઓળખાણ આપવામાં આવી છે (પ્રકટી. ૧૨:૯) : ''તે મોટા અજગરને બહાર નાખી દેવામાં આવ્યો, એટલે તે જૂનો સર્પ, જે દુષ્ટાત્મા તથા શેતાન કહેવાય છે, જે આખા જગતને ભમાવે છે...''

આ ભમાવવામાં માત્ર ચોરી કરવી, જૂઠું બોલવું, ખૂન કરવું, અને એવી બીજી વાતો માણસો પાસે કરાવવામાં ભમાવવા, એટલું જ સમાતું નથી, પણ પ્રજાઓને, માણસોનાં મોટાં મોટાં જૂથોને રવાડે ચડાવી દેવાં, અને જૂઠી ફિલસૂફીઓની ભ્રમણાઓમાં માણસોના મોટા સમૂહોને અસત્યમાં અટવાવી દઈ સત્યથી દૂર અને ઈશ્વરની દૂર લઈ જવા, - એ બધું આ 'ભમાવવામાં' આવી જાય. જૂઠી ફિલસૂફીઓ : નિરીશ્વરવાદ, ડાર્વિનનો ઉત્ક્રાન્તિવાદ, કર્મફળ અને મોક્ષની જન્મમરણની ઘટમાળ (ચોર્યાસી લાખ જન્મો), માણસનો મોક્ષ કરનાર માણસ પોતે જ (નહિ કે ક્રૂસ પર મરી જનાર ઉદ્ધારનાર); નસીબવાદ/કિસ્મતવાદ, ઈત્યાદિ.

આવા બધા ભમાવવામાં જરૂર પડે ત્યારે **"શેતાન પોતે પ્રકાશના દૂતનો વેશ લે છે"** (૨ કોરિંથી. ૧૧:૧૪).

**(iv) શેતાન પરીક્ષણ લાવે છે, અને તેમાં પાડે છે :** આદમ અને હવાને (ઉત્પ. ૩); દાવિદને વસ્તી ગણતરી કરવાના પરીક્ષણમાં (૧ કાળવૃ. ૨૧:૧); પ્રભુ ઈસુને (લૂક ૪:૨-૧૩. માથ્થી ૪:૧-૧૧); અનાન્યા તથા સાફીરાને (પ્રે.કૃ. ૫:૧-૧૧). ''શેતાને તારા મનમાં કેમ ભર્યું છે ?'' યહૂદાને ઈસુને પરસ્વાધીન કરાવવા માટે (યોહા. ૧૧૩:૨, ૨૭).

**(v) ઈશ્વરનાં વચનો અને એ વચનોનો અર્થ બદલી નાખે છે :** (ઉત્પ. ૩. માથ્થી ૪:૩, ૬).

**(vi) જૂઠા મતો અને જૂઠું શિક્ષણ ફેલાવે છે : (૧ તિમોથી ૪:૧-૬).**

**(vii) પ્રભુના લોકની કસોટી કરે છે, નાણી જુએ છે :** પિતરને (લૂક ૨૨:૩૧) : ''સિમોન, સિમોન, જો શેતાને ઘઉંની પેઠે ચાળવા સારુ તમને કબજે લેવા માગ્યા.'' અયૂબ ૧ અને ૨. પણ પ્રભુ આ પ્રસંગે તેમના લોકો માટે મધ્યસ્થી કરતા જ હોય છે : પ્રભુ પિતરને કહે છે : ''પણ મેં તારે સારુ વિનંતી કરી કે, તારો વિશ્વાસ ખૂટે નહિ'' (લૂક ૨૨:૩૨). વળી જુઓ ૧ યોહા. ૨:૧.

**(viii) વિશ્વાસ કરનારાઓને નુકસાન કરવા શોધતો હોય છે :** ૧ પિતર ૫:૮-૯ - ''સાવચેત થાઓ, જાગતા રહો; કેમ કે તમારો વેરી શેતાન ગાજનાર સિંહની પેઠે કોઈ મળે તેને ગળી જવાને શોધતો ફરે છે. તમે વિશ્વાસમાં દૃઢ રહીને તેની સામા થાઓ, કેમ કે પૃથ્વી પરના તમારા ભાઈઓ પર **એ જ પ્રકારનાં દુઃખો** પડે છે, તે તમે જાણો છો.'' શેતાન વિશ્વાસ કરનારાઓને હેરાન કરી શકે છે, તેમના પર દુઃખો લાવે છે, પણ તેમનાં શરીરોનો તેમ જ આત્માઓનો કબજો લઈ શકતો નથી. શેતાને અયૂબના શરીરને દુઃખ દીધું, કેમ કે ઈશ્વરે તેને એ માટેની પરવાનગી આપી હતી.

**(ix) માણસોને શારીરિક અને આત્મિક બંધનમાં લાવે છે :** (અહીં પ્રભુના લોકોની એટલે કે વિશ્વાસીઓની વાત નથી. પણ જગતનાં માણસોની વાત છે. પ્રભુના લોકોના આત્મા તથા શરીરો પર પ્રભુ ઈસુનું લોહી છંટાયેલું છે, એટલે પ્રભુની પરવાનગી વગર શેતાન તેને સ્પર્શી ન શકે). લૂક ૧૩:૧૧, ૧૬, ''જુઓ, જેને અઢાર વરસથી મંદવાડનો આત્મા વળગેલો હતો એવી એક સ્ત્રી ત્યાં હતી; તે કૂબડી હતી... આ સ્ત્રી જે અબ્રાહમની દીકરી છે, અને જેને શેતાને અઢાર વરસથી **બાંધી રાખી હતી,** તેને વિશ્રામવારે **બંધનમાંથી** છોડાવવી નહોતી જોઈતી શું ?'' ''તે (ઈસુ) ભલું

કરતા તથા શેતાનથી જેઓ પીડાતા હતા તેઓ સર્વને સાજા કરતા ફર્યા.''

(x) **તે કડવા દાણા વાવે છે** (માથ્થી ૧૩:૩૮-૩૯). 'કડવા દાણા' = ભૂંડા વિચારો. ભૂંડાં દશ્યો મારફતે, ભૂંડા વાચન દ્વારા, ભૂંડી વાણી (વાર્તા, સંભાષણ) દ્વારા, ભૂંડા સ્પર્શ દ્વારા, ભૂંડી કલ્પના દ્વારા, પરીક્ષણના વિચારો દ્વારા શેતાન 'કડવા દાણા' વાવે છે. પરિણામે તે બી ઊગે છે. ફળ લાવે છે, પરિપકવ બને છે.

**(xi) ખ્રિસ્તી સંગત અટકાવે છે :**

અ. વિશ્વાસ કરનારની પ્રભુ સાથેની સંગત અટકાવે છે. આદમ-હવાની ઈશ્વર સાથેની સંગત અટકાવે છે. સાંજને પહોરે પ્રભુ આવે છે ત્યારે તેઓ સંતાઈ ગયાં (ઉત્પ. ૩:૮-૧૦). વળી જુઓ ગી.શા. ૫૧:૧૧.

બ. વિશ્વાસીઓની અંદર અંદરની સંગત શેતાન અટકાવે છે. ૧ થેસ્સા. ૨:૧૮. ''કેમ કે, અમે, અને ખાસ મેં પાઉલે, એક વાર નહિ, પણ અનેક વાર તમારી પાસે આવવાની ઇચ્છા કરી; પણ શેતાને અમને અટકાવ્યા.''

(xii) **તે વચનોરૂપી બી લઈ જાય છે :** માથ્થી ૧૩:૪ રસ્તાની કોરે પડેલાં બી પક્ષીઓ આવીને લઈ ગયાં. ૧૩:૧૯માં એનો ખુલાસો આપ્યો છે : ''જ્યારે રાજ્યનું વચન કોઈ સાંભળે છે, ને નથી સમજતો, ત્યારે શેતાન આવીને તેના મનમાં જે વાવેલું છે તે છીનવી લઈ જાય છે. રસ્તાની કોરે જે બી વાવેલું તે એ જ છે.'' 'પક્ષીઓ' શેતાનના એજન્ટો છે. (માથ્થી ૧૩:૩૨ બ.)

**(xiii) વિશ્વાસીઓમાં ઈશ્વરની ઇચ્છા પૂરી કરવામાં તે અટકાવ કરે છે/અટકાવ લાવે છે : ૧ થેસ્સા. ૨:૧૮. (મુદ્દા બ xi/બ પ્રમાણે).**

(xiv) તે શેતાનિક ચમત્કારો કરી માણસોને છેતરે છે, અને સત્યમાર્ગથી દૂર લઈ જાય છે : મોશેના અમુક ચમત્કારોની સામે

ફારૂનના જાદુગરો શેતાની વિદ્યાથી ચમત્કારો કરે છે. (નિર્ગમન ૭:૧૦-૧૨ સાપ બનાવ્યા; ૭:૨૦-૨૨ પાણીનું લોહી બનાવ્યું. ૮:૬-૭) દેડકાં બનાવ્યાં; એ ત્રણ સિવાય મિસરના જાદુગરો (શેતાનની સહાયથી) અન્ય ચમત્કારો કરી શક્યા નહિ (જુઓ, માખીઓ, ઢોરઢાંકનું મરવું, ગૂમડાં, કરા, તીડ, અંધકાર, પ્રથમજનિતોનાં મરણ).

પ્રકટી. ૧૩:૩ પ્રાણઘાતક ઘા રૂઝવ્યો; ૧૩:૧૩ આકાશથી અગ્નિ ઉતાર્યો (એલિયાના સમયમાં બાલના પૂજારીઓ વેદી ઉપર અગ્નિ ઉતારી શકેલા નહિ). ૨ થેસ્સા ૨:૯-૧૨ : ''શેતાનના કરાવ્યા પ્રમાણે સર્વ પ્રકારનાં મોટાં પરાક્રમો, ચિહ્નો, તથા ચમત્કાર સાથે, તેમ જેઓએ પોતાના તારણને અર્થે પ્રેમથી સત્યનો અંગીકાર કર્યો નહિ, અને જેઓનો વિનાશ થાય છે તેમને માટે દરેક જાતના પાપરૂપ કપટ સાથે તે અધર્મી પુરુષ (ખ્રિસ્તવિરોધી) પ્રગટ થશે. જેઓએ સત્ય પર વિશ્વાસ કર્યો નહિ પણ અધર્મમાં આનંદ માન્યો, તે સર્વને દોષિત ઠરાવવાને માટે તેઓ અસત્ય માને માટે ઈશ્વર તેઓને ભ્રમણામાં નાખે છે.''

**૧૫. અવિશ્વાસીઓ શેતાનનાં સંતાન છે :** માથ્થી ૧૩:૩૮. ''અને ખેતર જગત છે; અને સારાં બી રાજ્યનાં છોકરાં છે; પણ કડવા દાણા શેતાનનાં સંતાન છે.'' યોહાન ૮:૪૨-૪૪ - ''ઈસુએ તેઓને કહ્યું, જો ઈશ્વર તમારો બાપ હોત, તો તમે મારા પર પ્રેમ રાખત; કેમ કે હું ઈશ્વરમાંથી નીકળીને આવ્યો છું... એથી ઈશ્વરનાં છોકરાં તથા શેતાનનાં છોકરાં ઓળખાઈ આવે છે; જે કોઈ ન્યાયીપણું કરતો નથી, અને જે કોઈ પોતાના ભાઈ પર પ્રેમ રાખતો નથી, તે ઈશ્વરનો નથી.''

**૧૬. "શેતાન જૂઠો છે, અને જૂઠાનો બાપ છે."** - આ પ્રભુ ઈસુના શબ્દો છે. યોહાન ૮:૪૪, ''જ્યારે તે જૂઠું બોલે છે ત્યારે તે પોતાથી જ બોલે છે; કેમ કે તે જૂઠો, અને જૂઠાનો બાપ છે.''

**૧૭. "તે પ્રથમથી મનુષ્યઘાતક હતો."** અને આજેય છે. યોહાન ૮:૪૪.

**૧૮. "તે ભૂંડો છે" માથ્થી ૧૩:૩૮.**

**૧૯. તેનું સભામંડળ છે.** ''જુઓ જેઓ **શેતાનની સભામાંના** છે'' (પ્રકટી. ૩:૯). ગી.શા. ૧:૫. ''ન્યાયીઓની સભામાં પાપીઓ ઊભા રહી શકશે નહિ.''

**૨૦. તે મરણ પર સત્તા ધરાવે છે :** હિબ્રૂ ૨:૧૪. મૃત્યુ માણસનો શત્રુ છે (૧ કોરિંથી. ૧૫:૨૬). અને મૃત્યુને લાવનાર શેતાન છે. આ શેતાન મરણ પર સત્તા ધરાવે છે (હિબ્રૂ ૨:૧૪). પણ પ્રભુ ઈસુએ પોતાના મૃત્યુ દ્વારા મૃત્યુને અને મૃત્યુ પર સત્તા ધરાવનાર શેતાનને હરાવ્યાં છે. 'શેતાનનો નાશ', એટલે શેતાનનો હસ્તીલોપ નહિ, કારણ શેતાન, અનંતકાળના અગ્નિમાં પીડા ભોગવનાર છે (પ્રકટી. ૨૦:૧૦).

સર્વ અવિશ્વાસીઓ (કૂતરા = પોતાની ઓક તરફ પાછા ફરતા કૂતરા જેવા જગત તરફ પાછા ફરનારાઓ; જાદુગરો = શેતાની શક્તિથી કામ કરનારાઓ; વ્યભિચારીઓ = શારીરિક અને આત્મિક - એમ બંને અર્થમાં 'બેવફા'; ખૂનીઓ = માણસો પર પ્રેમ નહિ કરનારા; મૂર્તિપૂજકો = ઈશ્વર સિવાય અન્ય પર અધિક પ્રેમ કરનારા તેમ જ દેવ-દેવીઓ, નક્ષત્રો, આકાશ-પૃથ્વીનાં તત્વોનું પૂજન કરનારા બધા; તથા ''જે સર્વ અસત્ય ચાહે છે અને આચરે છે તેઓ'' બધા શેતાનની સભાના છે. અને તેઓમાંથી કોઈ ''ન્યાયીઓની સભામાં ઊભા રહી શકશે નહિ.'' મતલબ કે તેઓ બધા નવા યરુશાલેમમાં પ્રવેશી શકશે નહિ (પ્રકટી. ૨૨:૧૫).

મિલ્ટનના મહાકાવ્ય 'પેરેડાઈઝ લોસ્ટ'માં શેતાનને નરકના રાજા તરીકે વર્ણવ્યો છે, અને શેતાનને નરકના દરબારમાં તખ્તાસન પર બેઠેલો બતાવ્યો છે. પણ એ કલ્પના બાઈબલ-આધારિત નથી. ''મરણ, હાડેસ અને નરક -'' એ બધાં ઉપર પ્રભુ ઈસુને અધિકાર છે; ''મરણ તથા હાડેસની કૂંચીઓ મારી પાસે છે,'' એમ પ્રભુ ઈસુ કહે છે (પ્રકટી. ૧:૧૮). વળી પ્રકટીકરણ ૯:૧ લખે છે : ''તેને ઊંડાણના ખાડાની કૂંચી આપવામાં આવી.'' તેને = તારાને = દૂતને. એમ આ ઊંડાણના ખાડાની કૂંચી પ્રભુ ઈસુના હાથમાં છે. અને એ જ ઊંડાણમાં શેતાનને સાંકળે બાંધીને એક હજાર વર્ષ માટે નાખવાનો છે (પ્રકટી. ૨૦:૧-૩. દૂત શેતાનને ખાડામાં નાખશે). અને છેલ્લે શેતાન તથા તેના સર્વ અપદૂતને અનંતકાળના અગ્નિમાં-નરાકાગ્નિમાં - નાખી દેવામાં આવશે (પ્રકટી. ૨૦:૧૦). હા, શેતાન નરકનો રાજા નથી, પણ શેતાનને એમાં સર્વકાળ માટે નાખી દેવામાં આવશે.

**૨૧. શેતાન ઉપર કઈ રીતે જીત મેળવી શકાય ?**

(i) નવો જન્મ (એમાં પશ્ચાત્તાપ અને મનપલટો આવી જાય) યોહાન ૩:૧૬.

(ii) ખ્રિસ્ત સરદારનો ક્રૂસ ઊંચકી એમનાં પગલાંમાં પગ મૂકી તેમની પાછળ ચાલ્યા આવવું. માર્ક ૮:૩૪.

  (a) એમણે જગતને જીત્યું છે.

  (b) ''આકાશ તથા પૃથ્વી ઉપર સર્વ અધિકાર મને (ખ્રિસ્તને) આપવામાં આવ્યો છે'' (માથ્થી ૨૮:૧૮).

  (c) ''જુઓ જગતના અંત સુધી હું (ખ્રિસ્ત) સર્વકાળ તમારી સાથે છું'' (માથ્થી ૨૮:૨૦).

(iii) શેતાનની સામે લડવા આત્માનાં અસ્ત્રશસ્ત્ર સજો (એફેસી ૬:૧૦-૧૮). પ્રાર્થનારૂપી હથિયાર, તો એકેએક ઘડી વપરાતું રાખવાનું છે (૬:૧૮).

(iv) ''તેઓએ હલવાનના રક્તથી તથા પોતાની સાક્ષીના વચનથી, તેને (શેતાનને) જીત્યો છે'' (પ્રકટી. ૧૨:૧૧).

**૨૨. શેતાનને શિક્ષા :**

a. શેતાન અને તેના અપદૂતોના ઈશ્વર સામેના બળવાને લીધે તેમને ઈશ્વરના દરબારમાંથી કાઢી મૂકવામાં આવ્યા. (લૂક ૧૦:૧૮). પણ તે હજુ ઈશ્વરના દરબારમાં જઈ શકે છે (અયૂબ ૧:૬. ૨:૧). તેઓ હાલ અંતરિક્ષમાં (વાયુમંડળમાં) પહેલા આસમાનમાં રહે છે (એફેસી ૨:૨), એટલે ''આકાશી સ્થાનોમાં'' (એફેસી ૬:૧૦-૧૩).

b. તેને તથા તેના અપદૂતોને પૃથ્વી પર નાખી દેવામાં આવશે. પ્રભુના દરબારમાં જવાનો એનો અધિકાર લઈ લેવામાં આવશે (પ્રકટી. ૧૨:૭-૧૨). પ્રભુ ઈસુ પુનરાગમન સમયે પૃથ્વી ઉપર ઊતરે તે પહેલાં સાડા ત્રણ વર્ષ પૂર્વે - અથવા સાત વર્ષના ગાળાની અધવચમાં - આ થશે.

c. શેતાન ને એક હજાર વર્ષ માટે ઊંડાણના ખાડામાં સાંકળે બાંધીને નાખવામાં આવશે.

d. એ એક હજાર વર્ષ પછી તેને છોડવામાં આવશે, એટલે પાછો તે આખી પૃથ્વીનાં લશ્કરોને પ્રભુ ઈસુ સામે અને યરુશાલેમ સામે ચઢાવી લાવશે (પ્રકટી. ૨૦ : ૭-૯).

e. એટલે પ્રભુ ઈસુ શેતાનને નરકાગ્નિમાં અનંતકાળ માટે નાખી દેશે, ત્યાં શેતાન રાતદહાડો સદાસર્વકાળ વેદના ભોગવશે (પ્રકટી. ૨૦:૧૦).

□

## ૧૯ શેતાન વિશે કંઈક વધુ માહિતી

| | |
|---|---|
| તેનું નામ શેતાન છે | લૂક ૧૦:૧૮ |
| ઈશ્વર તેમ જ માણસનો પ્રતિસ્પર્ધી | ૧ પિતર ૫:૮ |
| ભૂતોનો (અશુદ્ધ આત્માઓનો) સરદાર | માથ્થી ૧૨:૨૪ |
| વાયુની સત્તાનો અધિકારી | એફેસી ૨:૨ |
| આ જગતનો અધિકારી | યોહા. ૧૪:૩૦ |
| આરંભથી પાપી | ૧ યોહા. ૩:૮ |
| વીજળીની જેમ આકાશથી ફેંકાયો | લૂક ૧૦:૧૮ |
| સર્પ બનીને આદમ-હવાને ભૂલાવ્યાં | ઉત્પ.૩:૧ |
| હવાને અસત્ય કહ્યું | ઉત્પ. ૩:૪ |
| ઈશ્વરે તેને શાપ આપ્યો | ઉત્પ. ૩:૧૪ |
| ઈશ્વરની હજૂરમાં હાજર થયો | અયૂ. ૧:૬. ૨:૧ |
| તે અબાદ્દોન પણ કહેવાય છે | પ્રક્ટી. ૯:૧૧ |
| તે બેલ્યાલ પણ કહેવાય છે | ૨ કોરિંથી. ૬:૧૫ |
| અપાલ્યોન પણ કહેવાય છે | પ્રક્ટી. ૯:૧૧ |
| તે બાલઝબૂલ પણ કહેવાય છે | માથ્થી ૧૨:૨૪ |
| તેણે પ્રભુ ઈસુનું પરીક્ષણ કર્યું | માથ્થી ૪:૩-૧૦<br>માર્ક ૧:૧૩. લૂક ૪:૨ |
| તેણે હવાનું પરીક્ષણ કર્યું | ઉત્પ. ૩ |
| તેણે દાવિદનું પરીક્ષણ કર્યું | ૧ કાળ. ૨૧:૧ |
| તેણે અયૂબનું પરીક્ષણ કર્યું | અયૂ ૨:૭ |
| તેણે શિષ્યોને ચાળવા માગ્યું | લૂક ૨૨:૩૧ |
| શેતાનથી ભરમાયેલા છે. | ૧ રાજા ૨૨:૨૧, ૨૨.<br>પ્રક્ટી. ૨૦:૭, ૮ |

શેતાનના ફાંદામાં પડેલા છે ૧ તિમો. ૩:૭. ૨ તિમો ૨:૨૬
શેતાનથી હેરાન થયેલા છે ૧ શમુ. ૧૬:૧૪
શેતાનની સાથે તેઓ પણ સજા પામશે માથ્થી ૨૫:૪૧
પ્રભુએ પ્રમુખયાજક યહોશુઆને પક્ષે રહીને
શેતાનને ઠપકો આપ્યો ઝખા. ૩:૧, ૨
પ્રભુ ઈસુએ તેને મહાત કર્યો માથ્થી ૪:૧૦. લૂક ૪:૮, ૧૨
તે યહૂદી ઇસ્કારિયોતમાં પ્રવેશ્યો લૂક ૨૨:૩. યોહા. ૧૩:૨
એ અનાન્યામાં પ્રવેશ્યો (જુઓ અંગ્રેજી આવૃત્તિઓ) પ્રે.કૃ. ૫:૩
આ જગતનો અધિકારી તથા દેવ થઈને તે
બાઈબલના અવળા અર્થ કરે છે માથ્થી ૪:૬
ઈશ્વરના કામની વિરુદ્ધ પડે છે ઝખા. ૩:૧. ૧ થેસ્સા ૨:૧૮
સુવાર્તાનો અટકાવ કરે છે માથ્થી ૧૩:૧૯. ૨ કોરિંથી ૪:૪
ખોટાં પરાક્રમો, ચિહ્નો તથા ચમત્કારો કરે છે પ્રકટી. ૧૬:૧૪
૨ થેસ્સા ૨:૯.
પ્રકાશના દૂતનો વેશ લે છે ૨ કોરિંથી. ૧૧:૧૪
તે જૂઠો અને જૂઠાનો બાપ છે યોહા. ૮:૪૪. ૧ રાજા ૨૨:૨૨
પ્રભુ ઈસુએ તેના ઉપર સંપૂર્ણ જય
મેળવ્યો છે - તેની સામે થઈને માથ્થી ૪:૧૧
ભૂતો (અશુદ્ધ આત્માઓ)ને કાઢીને માથ્થી ૪:૨૪. ૮:૩૧.
માર્ક ૧:૨૩, ૫:૨
લૂક ૯:૪૨. ૧૧:૨૦. ૧૩:૩૨
ભૂતો (અશુદ્ધ આત્માઓ) કાઢવાનો
અધિકાર આપીને માથ્થી ૧૦:૧૧
માર્ક ૧૬:૧૭. લૂક ૯:૧
પ્રે.કૃ. ૧૬:૧૮. ૧૯:૧૨
શેતાનનાં કામોનો નાશ કરીને ૧ યોહા. ૩:૮

પ્રભુ ઈસુએ પોતાના મરણથી તેનો નાશ કર્યો ક્લો. ૨:૧૫
હિબ્રૂ.૨:૧૪૪

**વિશ્વાસ કરનારા અને શેતાન પર જય પામનારા** રોમન ૧૬:૨૦
૨ કોરિંથી ૨:૧૧. ૧૧:૩.
એફેસી. ૪:૨૭. ૬:૧૬ ૨ તેમો. ૨:૨૬.
યાકોબ ૪:૭. ૧ પિત ૫:૯. ૧ યોહા. ૨:૧૩. પ્રકટી. ૧૨:૧૧.

**શેતાનનો સ્વભાવ આવો છે :**

અભિમાની અયૂ. ૧:૬. માથ્થી ૪:૫, ૬
ગર્વિષ્ઠ ૧ તિમો. ૩:૬
પરાક્રમી એફેસી. ૨:૨. ૬:૧૧
દુષ્ટ ૧ યોહા. ૨:૧૩
અદેખો અયૂ. ૧:૯. ૨:૪
પ્રપંચી ઉત્પ. ૩:૧. સરખાવો ૨ કોરિંથી. ૧૧:૩
કપટી ૨ કોરિંથી. ૧૧:૧૪. એફેસી. ૬:૧૧
નિર્દય તથા ઘાતકી લૂક ૮:૨૯. ૯:૩૯, ૪૨. ૧ પિત. ૫:૮
તે ધર્મભ્રષ્ટ કરે છે ૨ થેસ્સા ૨:૯. ૧ તિમો. ૪:૧
ન્યાયકાળે તે ગુનેગાર ઠરશે યહૂદા ૬. પ્રકટી. ૨૦:૧૦
તેને માટે સાર્વકાલિક અગ્નિ તૈયાર કરેલો છે માથ્થી ૨૫:૪૧

**બાઈબલમાં જુદી જુદી રીતની તેની સરખામણી કરવામાં આવી છે.**

શિકારી સાથે ગી.શા. ૯૧:૩
આકાશનાં પક્ષીઓ સાથે માથ્થી ૧૩:૪
કડવા દાણા વાવનાર સાથે માથ્થી.૧૩:૨૫, ૨૮
વરુ સાથે યોહા. ૧૦:૧૨
ગાજનાર સિંહ સાથે ૧ પિત. ૫:૮
સર્પ સાથે પ્રકટી. ૧૨:૯. ૨૦:૨

**દુષ્ટ માણસો :**

| | |
|---|---|
| શેતાનનાં સંતાન છે | માથ્થી ૧૩:૩૮ |
| | પ્રે.કૃ. ૧૩:૧૦. ૧ યોહા. ૩:૧૦ |
| શેતાનની પાછળ ફરી જનારા છે | ૧ તિમો. ૫:૧૫ |
| શેતાનની જેમ દુર્વાસના કરનારા છે | યોહા. ૮:૪૪ |

□

## ૨૦

## ગેથસેમાનેનાં જૈતૂન વૃક્ષો જ્યાં પ્રભુ ઈસુએ પ્રાર્થના કરેલી :

☐ **પ્રશ્ન :**

થોડા સમય પર તમારા સંદેશામાં ગેથસેમાનેમાંનાં જૈતવૃક્ષો વિષે કહેલું કે, તેમાંનાં કેટલાંક પાસે ઘૂંટણે પડીને પ્રભુ ઈસુએ પ્રાર્થના કરેલી અને તે વૃક્ષો આજે પણ હયાત છે. તો એ સમયને તો આજે ૨૦૦૦ વર્ષ થયાં. તો તે સત્ય હકીકત છે ?

☐ **જવાબ :**

હા. પ્રભુ ઈસુ યરુશાલેમમાં હોય ત્યારે પોતે એકલા કે શિષ્યોને લઈને, જૈતૂન પર્વત પર ગેથસેમાને નામે ઓળખાતી વાડીમાં પ્રાર્થના કરવા જતા હતા. લૂક ૨૨:૩૯-૪૦માં આ પ્રમાણે આપ્યું છે કે, ''બહાર નીકળીને તે (ઈસુ) **પોતાની રીત પ્રમાણે જૈતૂન પહાડ પર ગયા,** શિષ્યો પણ તેમની પાછળ પાછળ ગયા. તે (ઈસુ) **તે ઠેકાણે** (ગેથસેમાનેમાં) આવ્યા, ત્યારે તેમણે તેઓને કહ્યું કે, ...'' જૈતૂન પહાડ પર ગેથસેમાનેમાં પ્રાર્થના કરવાની તેમની રીત હતી.

વળી યોહાન ૧૮:૧-૨માં પણ આ પ્રમાણે આપેલું છે કે, ''એ વાતો કહીને ઈસુ પોતાના શિષ્યો સહિત કિદ્રોન નાળાને પેલે પાર ગયા. ત્યારે એક વાડી હતી, જેમાં પોતે તથા તેના શિષ્યો ગયા. હવે તેને પરસ્વાધીન કરનાર યહૂદા પણ તે ઠેકાણું જાણતો હતો, કેમ કે **ઈસુ પોતાના શિષ્યોની સાથે ઘણી વાર ત્યાં જતા હતા.**'' અને ગેથસેમાનેમાં પ્રાર્થના કર્યા પછી તેઓ બેથાનિયામાં માર્થા અને મરિયમને ઘેર રાતવાસો કરતા હતા. ગેથસેમાનેથી એકાદ માઈલને છેટે આ ઘર આવેલું હતું.

ગેથસેમાને વાડી તે કોઈ બગીચો નથી, પણ કુદરતી વાડી છે. જૈતૂનનાં ઝાડ અને બીજાં અનેક ઝાડ છે. 'પિકનિક'ની જગા જેવું

લાગે. બહુ જૂનાં આઠ જૈતૂનનાં ઝાડ હયાત છે. પહેલા વિશ્વયુદ્ધ પછી લગભગ દશ જૈતૂનનાં ઝાડ હતાં. પણ હજારો મુસાફરો યાદગીરીને માટે ડાળીઓ તોડી તોડીને લઈ જતા. એટલે બે ઝાડ આજથી સિત્તેરેક વર્ષ પર સુકાઈ ગયાં. એમ માનવામાં આવતું હતું કે પ્રભુ ઈસુનો પરસેવો લોહીરૂપે પડયો તે આ બેમાંથી એક જૈતવૃક્ષ નીચે પડયો હતો. ત્યાં એટલે કે આ બે ઝાડ સુકાઈ ગયાં ત્યાં આજથી સિત્તેરેક વર્ષ ઉપર (૧૯૧૯-૧૯૨૪માં) એક મંદિર બાંધવામાં આવ્યું છે, જેને ''Church of all Nations'' (સર્વ પ્રજાઓનું મંદિર) કહેવામાં આવે છે. ફ્રાન્સિસ્કન સંપ્રદાયે આ ચર્ચ બાંધ્યું હતું. એની અંદર દુનિયાની જુદી જુદી પ્રજાઓની ભાષામાં ''ઓ આકાશમાંના બાપ'' એ પ્રભુ પ્રાર્થના આરસમાં કોતરવામાં આવી છે. ભારતની સંસ્કૃત અને હિંદીમાં પણ લખવામાં આવી છે.

આ દશ ઝાડોનાં મૂળોમાંથી થોડાં થોડાં કાપીને, કેલિફોર્નિયા યુનિવર્સિટીમાં 'કાર્બન ૧૪' દ્વારા એની પરીક્ષા કરતાં ૨૩૦૦ વર્ષનાં અને કેટલાંક ૨૨૦૦ વર્ષનાં જૂનાં જાહેર કરવામાં આવ્યાં છે. એમાંથી બે સુકાઈ ગયાં, એટલે આઠ જૂનાં જૈતવૃક્ષ રહ્યાં છે. આ ઝાડો નીચે પણ પ્રભુ ઈસુએ કોઈ કોઈ વાર પ્રાર્થના કરી હશે, એમ માનવામાં આવે છે. ઈ.સ. સાતમી સદીમાં આરબોએ યરુશાલેમ જીતી લીધું હતું ત્યારે તેઓ પણ આ દશ ઝાડોને 'પવિત્ર' માનતા હતા.

□

# ૨૧ મંડળી અને પેરા-ચર્ચ સંસ્થાઓ :

☐ **પ્રશ્ન :**

"બાઈબલમાં મંડળીને ઈશ્વરપુત્રની કન્યા" તરીકે ગણવામાં આવી છે. પણ હાલમાં **સુવાર્તાપ્રચાર સંસ્થાઓ** પોતાને 'પેરા-ચર્ચ તરીકે ઓળખાવે છે, અને દાવો પણ કરે છે. આ પેરા-ચર્ચ સંસ્થાઓ ઈશ્વર-પુત્રની કન્યા તરીકે ગણાય કે નહિ ? મંડળી અને પેરા-ચર્ચ (સંસ્થાઓ) વચ્ચેનો તફાવત સમજાવશો ?"

☐ **જવાબ :**

તમારો પ્રશ્નપત્ર જાન્યુઆરી આખરમાં આવ્યો હતો. પણ અંગત જવાબ આપી દઉં કે 'ખ્રિસ્તીબંધુ' દ્વારા જવાબ આપું ? - એની મૂંઝવણમાં અત્યાર સુધી જવાબ આપી શક્યો નહોતો. બીજું કે તમારા પ્રશ્નના શબ્દોમાં કંઈ પણ ફેરફાર કર્યા વગર રજૂ કર્યો છે. ફક્ત 'દેવની કન્યા' એ ખોટો શબ્દ-પ્રયોગ હોઈને મેં એટલો જે શબ્દ-પ્રયોગ સુધાર્યો છે, ને મૂક્યું છે : 'ઈશ્વરપુત્રની કન્યા.' એને 'ખ્રિસ્તની કન્યા' પણ કહી શકાય. તમારા પ્રશ્નના જવાબમાં પ્રથમ કેટલીક અગત્યની સમજૂતી આપું છું. અને એ પછી મૂળ પ્રશ્નનો જવાબ આપીશ.

મંડળી નવો જન્મ પામેલાની હોય. નવો જન્મ પામ્યા વગરના લોકોની મંડળી હોઈ શકે જ નહિ. મંડળીની શરૂઆતમાં જે સ્થાનિક મંડળીઓ સ્થપાઈ તે નવો જન્મ પામેલાંની બની હતી. પણ ચોથી સદીમાં કોન્સ્ટનટાઈન બાદશાહ ખ્રિસ્તી થયો, અને મંડળીની સતામણી દૂર થઈ, એ પછી જ નામધારી કે 'બનાવટી ખ્રિસ્તીઓ' મંડળીમાં પ્રવેશ્યા. એ ખ્રિસ્તી સમાજ બન્યો, નહિ કે મંડળી. 'ખ્રિસ્તી સમાજ' એટલે "મર્મોમાં આકાશનું રાજ્ય." એને માટે માથ્થી

૧૩મા અધ્યાયમાં કેટલાંક દૃષ્ટાંત આપવામાં આવ્યાં છે. આકાશના મર્માળ રાજ્યમાં ભલું અને ભૂંડું બધું ભેળસેળ હોય છે.

ખ્રિસ્તની કન્યારૂપી મંડળી એ તો વિશ્વભરમાં હરેક જમાનામાં નવો જન્મ પામેલાંની બનેલી છે. આજની સ્થાનિક મંડળીઓમાંથી કેટલાંક જેઓ નવો જન્મ પામેલાં છે તેઓ ખ્રિસ્તની કન્યાનાં અંગ છે. પેરા-ચર્ચ સંસ્થાઓમાં પણ જેઓ નવો જન્મ પામેલાં છે તેઓ ખ્રિસ્તની કન્યાનાં અંગ છે. પેરા-ચર્ચ સંસ્થાઓમાં પણ જેઓ નવો જન્મ પામેલાં છે તેઓ ખ્રિસ્તની કન્યાનો ભાગ છે. પણ એક વાત કેમ ભૂલો છો કે પેરા-ચર્ચ સંસ્થાઓમાં કામ કરતાં માણસો કોઈ ને કોઈ સ્થાનિક મંડળીઓનાં સભ્યો છે ? પેરા-ચર્ચ સંસ્થાઓ પોતાને સ્થાનિક મંડળી તરીકે ઓળખાવતી નથી.

ભારતમાં અને પરદેશોમાં અનેક પેરા-ચર્ચ સંસ્થાઓ છે, અને તે બધી વિધવિધ રીતે ખ્રિસ્તની જ સેવા કરે છે. પ્રભુ ઈસુએ જ કહ્યું છે ને કે, ''જે આપણી વિરુદ્ધનો નથી, તે આપણા પક્ષનો છે'' હા, કેટલીક કૉંગ્રીગેશનલ અને પેન્ટીકોસ્ટલ મંડળીઓમાંથી ફૂટેલી પેરા-ચર્ચ સંસ્થાઓ પાછળથી કોઈ કોઈ વાર મંડળીઓના રૂપમાં પલટાઈ જાય છે.''

બીજી વાત કે, 'જેહોવાઝ વિટનેસીઝ', 'મોરમોન્સ', વગેરે સંસ્થાઓ મંડળીઓ નથી, અને તેઓ ખ્રિસ્તીઓ પણ નથી, કારણ, તેઓ ખ્રિસ્તના દૈવીપણાને સ્વીકારતાયે નથી. તેઓ એક પ્રકારનાં 'કલ્ટ' (cult) એટલે કે જૂઠાધર્મ છે.

હા, પેરા-ચર્ચ સંસ્થાઓને લોકો તરફથી, મંડળીઓને મળે છે તેના કરતાં વધારે દાનો મળે છે. એનાં બે કારણ છે : એક તો તેઓ મંડળીઓ કરતાં કદાચ વધારે કાર્ય કરે છે. મંડળીઓ મોટે ભાગે આંતરિક વ્યવસ્થા અથવા આંતરિક સાંચાને ચલાવવામાં વધુ

સમય વેડફી નાખે છે. બીજું કારણ, પેરા-ચર્ચ સંસ્થાઓને દાન આપનારાંને માન-પાન-વખાણ વધારે મળે છે.

પેરા-ચર્ચ સંસ્થાઓમાં ટ્રાક્ટ સોસાયટી, બાઈબલ સોસાયટી, ઈન્ડિયા ઈવેન્જેલિકલ મિશન (I.E.M.), ફ્રેન્ડઝ મિશનેરી પ્રેયર બેન્ડ (એફ.એમ.પી.બી.) એવરી હોમ ક્રુઝેડ, ગ્રેટ કમિશન મુવમેન્ટ, કેમ્પ ધ ફાર્થેસ્ટ, વર્લ્ડ વિઝન, વાય.એમ.સી.એ., વાય.ડબલ્યુ.સી.એ. વગેરે એવી તો અનેક સંસ્થાઓ છે. પ્રશ્ન પૂછનાર ભાઈએ કઈ સંસ્થાઓને ધ્યાનમાં રાખીને આ પ્રશ્ન પૂછ્યો છે તે મને ખબર નથી.

□

## ૨૨ દશાંશ કોને કેટલું આપવું ?

☐ **પ્રશ્ન :**

તમારો બીજો પ્રશ્ન આ પ્રમાણે છે : ''ઘણીવાર દશાંશ પૂરેપૂરું આપવા મંડળીના સભાસદોને ખૂબ જ આગ્રહ અથવા કોઈવાર દબાણ પણ કરવામાં આવે છે, તો કોઈ પૂરું દશાંશ ન આપી શકે કે ન આપે તો તે એનો ગુનો ગણાય ? - કે પાપ ગણાય કે આજ્ઞાભંગ ગણાય ? નિયમશાસ્ત્ર અને પ્રભુના નવા કરાર પ્રમાણે શું ગણાય ?''

☐ **જવાબ :**

જૂના કરાર પ્રમાણે દશાંશ અથવા આવકનો દશમો ભાગ ઈશ્વરનો છે. અને યહૂદીઓ માટે એ નિયમ કે આદેશ બંધનકર્તા હતો. તેઓ દશાંશ ઉપરાંત ઉચ્છાલિયાર્પણ, આભારસ્તુતિનું દાન, વગેરે ઘણું આપતા. ઓછામાં ઓછો આવકનો દશમો ભાગ ઈશ્વરનો છે, અને ઈશ્વરનો આ ભાગ 'ઈશ્વરના ભંડારમાં' (યરુશાલેમના મંદિરના ભંડારમાં) જે કોઈ યહૂદી નથી લાવતો, તે **"ઈશ્વરને લૂંટે છે" એવું માલાખી પ્રબોધક સ્પષ્ટ કહે છે. (તે આમ લખે છે :)**

''શું માણસ ઈશ્વરને લૂંટે ? તેમ છતાં તમે મને લૂંટો છો. પણ તમે પૂછો છો, કે શી બાબતમાં અમે તને લૂંટયો છે ? દશાંશોમાં તથા ઉચ્છાલિયાર્પણોમાં. તમે શાપ પામીને શાપિત થયા છો; કેમ કે તમે, એટલે આ આખી પ્રજા, મને લૂંટો છો.''

''દશાંશો ભર્યાપૂરા ભંડારમાં લાવો, જેથી મારા મંદિરમાં અન્નની છત રહે. અને એમ કરીને મારું પારખું તો લઈ જુઓ કે, હું તમારે સારુ આકાશની બારીઓ ખોલી નાખીને સમાવેશ કરવાને પૂરતી જગા નહિ હોય, એટલો બધો આશીર્વાદ તમારા પર મોકલી

દઉં છું કે નહિ ! એવું સૈન્યોનો દેવ યહોવા કહે છે'' (માલા. ૩:૮-૧૦).

દશાંશ (આવકનો દશમો ભાગ), આવકમાં પગાર હોય કે, ખેતીની પેદાશ હોય, વ્યાજે મૂકેલાં નાણાંની આવક (ફિકસ્ડ ડિપોઝિટની આવક) હોય કે, કોઈએ ભેટ આપેલી રકમ કે ચીજવસ્તુ હોય - તે બધાંનો દશમો હિસ્સો ઈશ્વરનો છે.

પણ દશાંશ આપવું એ નિયમ યહૂદીઓ માટે હતો. ખ્રિસ્તી મંડળી માટે એ નિયમ નથી. કૃપાના આ જમાના માટે નવા કરારમાં તો એથી અધિકતર પ્રેમની ફરજ છે. બાઈબલ કહે છે : ''તમે પોતાના નથી; કેમ કે મૂલ્ય આપીને તમને ખરીદવામાં આવ્યા હતા'' (૧ કોરિંથી ૬:૧૯, ૨૦).

તમે પોતે જ પોતાના નથી, તો તમને સોંપાયેલી માલમત્તા, દ્રવ્ય, આવક પણ તમારી પોતાની નથી. તમે માત્ર એ બધાંના કારભારી છો. ઈશ્વરે તમને એ બધાંનો કારભાર સોંપ્યો છે. ઈશ્વરે એ બધાંનો વહિવટ અને ભોગવટો તમને સોંપ્યો છે, તો બની શકે તેટલું બધું ઈશ્વરને આપવું જોઈએ. પણ જો તમે એ બધું જ તમારા ઉપભોગ માટે વાપરો અને બૅન્કમાં જમાવો, અને યહૂદીઓના 'દશાંશ'ના નિયમ જેટલુંયે ઈશ્વરને નામે ન આપો, તો તમે પાપ કરો છો, અને ઈશ્વરને લૂંટો છો. તમારે ઓછામાં ઓછું, યહૂદીઓની કક્ષાનું દશાંશ તો આપવું જ જોઈએ.

તમારે આપવાની બધી રકમ તમારી સ્થાનિક મંડળીને આપવાની નથી. તમારી સ્થાનિક મંડળી તમારો આખો જ હિસ્સો માગવાનો હક્કદાવો ન જ કરી શકે, કેમ કે તમારી મંડળી વહિવટી ખર્ચ ઉપરાંત બહુ જ થોડી જગાઓએ 'પરોપકારી' દાનો વહેંચશે. પણ અન્ય જરૂરી પરોપકારી દાનો માટે તમે અંગત યોગ્ય સ્થાનોએ પહોંચાડી શકો છો. પણ એક વાત જરૂર યાદ રાખવી કે તમારી

સ્થાનિક મંડળી તમારી આત્મિક અને સામાજિક જરૂરિયાતો પૂરી પાડે છે માટે તમારે આપવાની રકમનો મોટો હિસ્સો તમારી સ્થાનિક મંડળીને આપવો જોઈએ; નહિ કે મોટો હિસ્સો બહારની સંસ્થાઓને, અને મામૂલી હિસ્સો તમારી મંડળીને. ના, એ બરાબર નથી.

તમારો પગાર કે આવક આવે ત્યારે ઈશ્વરનો આભાર માનીને પ્રાર્થના સાથે દશમો હિસ્સો કે વધારે રકમ અલગ મૂકો. અને યોગ્ય સમયે પ્રાર્થના સાથે એની વહેંચણી કરો. એક નોટબુક રાખી એમાં એ બધું મહિનાવાર નોંધશો તો તમે વ્યવસ્થિત રીતે આપનાર બનશો. એક વાત યાદ રાખો કે તમારી મંડળીને દર મહિને મોટા ભાગનાં ખર્ચ કરવાનાં છે. એટલે તમારી મંડળીને દર મહિને નિયમિત દાન આપો, - વર્ષે એક વખત થોડુંક દાન આપવું એ બરાબર નથી. હું પોતે માસિક દાનનો પ્રશંસક છું; વાર્ષિક દાનનો નહિ. વર્ષમાં એક જ વખત રૂ. ૫૦૦ જેવી મોટી દેખાતી રકમ આપનાર કરતાં દર મહિને રૂ. ૧૦૦ નિયમિત આપનાર વધારે વ્યવહારુ છે, અને વધુ આશીર્વાદિત બને છે.

નિવૃત્તોને પણ પ્રોવિડંડ ફંડ, પેન્શન, કે એફ.ડી. આવક હોય છે. તેઓએ કચવાતે મને નહિ, પણ આભાર સહિત, નાની તો નાની રકમ, દર મહિને નિયમિત આપવી સારી.

આર. જી. લેટુર્નું પોતાની આવકનો ફક્ત એક ટકો જ પોતાને તથા કુટુંબને માટે વાપરતા, અને બાકીના ૯૯ ટકા ઈશ્વરને માટે આપતા. અને તમે ?

□

# ૨૩ અત્રે રજૂ કરેલા ચારેય પ્રશ્નો અને તેના જવાબો જુદા જુદા સ્થળે આવેલાં લખાણોને લગતા છે.

☐ **પ્રશ્ન :**

''પ્રથમ અને આખરી ધર્મ'' (The First and Final Religion) નામના અંગ્રેજી પુસ્તકના પહેલા જ પ્રકરણમાં મથાળા તરીકે આપવામાં આવ્યું છે કે, ''પેગંમ્બર મહમદ વિષે ખ્રિસ્તી, હિંદુ અને પારસી ધર્મ-પુસ્તકોમાં ભવિષ્યકથન આપવામાં આવ્યાં છે.'' તો આ વાત ખરી છે કે કેમ ? બાઈબલમાંથી પુનર્નિયમ ૧૮:૧૫-૧૮ અને યશાયા ૨૧:૭ રેફરન્સ તરીકે આપવામાં આવ્યાં છે. તો આ વિષે ખુલાસો કરશો.

☐ **જવાબ :**

આ પ્રશ્ન આજથી છએક મહિના ઉપર પૂછવામાં આવ્યો હતો. પુસ્તક પણ બતાવવામાં આવ્યું હતું. પણ એ પુસ્તક મેં મેળવ્યું અને અભ્યાસ કર્યો, પછી જ આ જવાબ રજૂ કરું છું.

બાઈબલમાં મહંમદ પેગમ્બર વિષે કોઈ ભવિષ્યકથન આપવામાં આવ્યું નથી. પુનર્નિ. ૧૮:૧૫-૧૮ના શબ્દો આ પ્રમાણે છે : ''યહોવા તારો દેવ તારી મધ્યેથી, તારા ભાઈઓમાંથી તારા જેવો એક પ્રબોધક ઊભો કરશો. તેનું તમારે સાંભળવું. હું તેમને સારુ તેમના ભાઈઓમાંથી તારા જેવો એક પ્રબોધક ઊભો કરીશ.'' આ તો પ્રભુ ઈસુ વિષે ભવિષ્યકથન છે. યહોવાએ મોશેને આ ભવિષ્યવાણી કહેલી કે યોગ્ય સમયે પરમેશ્વર તમારી મધ્યેથી (ઈઝરાયલીઓ મધ્યેથી) મહાન પ્રબોધક ઈસુ ખ્રિસ્તને મોકલશે. ''તારા ભાઈઓમાંથી'' એટલે ઈઝરાયલના આવનાર ભવિષ્યના વંશજોમાંથી પ્રભુ ઈસુ આવશે.

આ વાક્યને ઈશ્માએલીઓ અથવા આરબ પ્રજાઓ સાથે સંબંધ નથી. વળી બાઈબલમાં (જૂના કરારમાં) આવનાર ઈસુ ખ્રિસ્ત વિષે હજારો ભવિષ્યકથનો છે. કુંવારી પેટે, બેથલેહેમમાં, દાવિદના કુળમાંથી, વગેરે. એમાંનું એક પણ ભવિષ્યકથન 'મહંમદ' માટે નહોતું. અબ્રાહમથી ઈસ્હાક અને પછી યાકોબ, પછી દાવિદ - અને છેલ્લે ઈસુ. પણ ઈશ્માએલ વિષે કંઈ નહિ. ઈશ્માએલી વંશજો (આરબો) વિષે વાંચો ઉત્પ. ૧૬:૧૨. ૨૫:૧૮. ઈસુ વિષે બાઈબલ તેમ જ કુરાન લખે છે કે તે ચમત્કાર કરનાર અને મૂએલાંને જીવતાં કરનાર છે. વળી છેલ્લે ન્યાય કરવા ઈસુ જ આવશે. બાઈબલ કે કુરાન મહંમદ વિષે એવું કશું જ કહેતાં નથી.

ઉપર દર્શાવી તે અંગ્રેજી ચોપડીમાં બાર્નાબાસની સુવાર્તાનો પણ આ બાબતે ઉલ્લેખ કરે છે, પણ **'બાર્નાબાસની સુવાર્તા'** એ બનાવટી છે. અને પિતરની સુવાર્તા અને એવી ઘણી બધી જૂઠી અને બનાવટી સુવાર્તાઓ પાછળથી બહાર પડી હતી. આમાંની ચાર સુવાર્તા મારી પાસે છે. આ સુવાર્તાઓમાં આપેલાં લખાણ સત્ય નથી.

ઉપર જણાવેલા અંગ્રેજી પુસ્તકમાં યશાયા ૨૧:૭નો પણ ઉલ્લેખ છે. અને હિબ્રૂ ભાષા પરથી તે આગવો પોતાનો તરજૂમો આ પ્રમાણે આપે છે :

''તેણે બે સવારોને જોયા, એકને ગધેડા પર બેઠેલો, અને બીજાને ઊંટ પર બેઠેલો, એમ જોયા.''

ગધેડા પર બેઠેલા તે પ્રભુ ઈસુ યરુશાલેમમાં વિજયવંત પ્રવેશ કર્યો ત્યારે ગધેડાના વછેરા પર બેઠા હતા. અને ઊંટ પર બેઠેલા તે પયગમ્બર મહંમદ. અરબસ્તાનમાં ઊંટ ઉપર સવારી કરવાની હોય છે. આ ઉપરથી આ લેખક એંમ કહેવા માગે છે કે, યશાયાના આ દર્શનમાં ઈસુને અને મહંમદને બે મોટા પયગમ્બરોને માન્ય રાખવામાં આવ્યા છે.'

પણ યશાયા ૨૧:૭ હિબ્રૂમાં (અને તેના ગુજરાતી તરજૂમામાં) તો પાઠ આ પ્રમાણે છે : ''જો સવારી, એટલે બબ્બે સાથે ચાલનાર, ઘોડેસવારો, ગધેડાં અને ઊંટ પરના સવારો જુએ, તો ખૂબ ધ્યાન રાખી તે કાન દઈને સાંભળે.'' આમ, ઘોડેસવારો, ગધેડાં પરના સવારો અને ઊંટ પરના સવારોની વાત છે; ઈસુ અને મહંમદ વિષે આમાં અણસારો સરખોયે નથી. લેખકે મારી-મચડીને જૂઠો અર્થ તારવવા પ્રયત્ન કર્યો છે.

વળી લેખક ગીતોના ગીત ૫:૧૬નું હિબ્રૂ સ્વરૂપ આપીને આ વાક્ય આપે છે : ''તેનું મુખ અતિ મધુર છે; હા, તે અતિ મનોહર છે.'' એ માટે લેખક ''અતિ મનોહર'' **''મહમહીમ''** શબ્દ મૂકે છે. આ પણ બનાવટ છે. હિબ્રૂમાં, અંગ્રેજીમાં, અને ગુજરાતીમાં જુદું જ છે. 'મહંમદ'ના નામ જેવું કંઈ જ નથી.

વળી યોહાન ૧૪:૧૫ અને ૧૬:૭માં પ્રભુ ઈસુએ પવિત્ર આત્મા મોકલવા વિષે કહ્યું હતું કે ''હું બાપને વિનંતી કરીશ, ને તે તમને બીજો સંબોધક (ગ્રીક : પેરાકલેતે) તમારી પાસે સદા રહેવા માટે આપશે'' (૧૪:૧૫), અને ''મારું જવું તમને લાભકારક છે; કેમ કે જો હું નહિ જાઉં, તો **સંબોધક** તમારી પાસે આવશે નહિ. પણ જોહું જાઉં, તો હું તેને (સંબોધક. ગ્રી : પેરાકલેતે) તમારી પાસે મોકલીશ'' (૧૬:૭). અહીં પ્રભુ ઈસુ પવિત્ર આત્મા મોકલવા બાબતે કહે છે, જ્યારે પેલા મુસ્લીમ લેખક એમ કહેવા માગે છે કે ઈસુ મહમદ વિષે કહે છે. આગાખાન ભાઈઓ અહીં આગાખાનના પુત્ર **'અલી'** વિષે અર્થઘટન કરે છે. પણ પ્રભુ ઈસુ પવિત્ર આત્મા મોકલવા વિષે કહેતા હતા. અને પચાસમાને દિવસે પવિત્ર આત્મા આવ્યો પણ ખરો. **'સદા'**. આજે ૨૦૦૦ વર્ષથી પવિત્ર આત્મા આપણી સાથે રહે છે. મહંમદ તો થોડાં જ વર્ષમાં માર્યા ગયા. આમ, બાઈબલમાં 'મહંમદ' વિષે કોઈ જ ભવિષ્યવાણી નથી.

# ૨૪ યરેખોનો કોટ કેવી રીતે તૂટ્યો ?

☐ **પ્રશ્ન :**

'ગુજરાત સમાચાર'ના ગુરુવારના એક અંકમાં યરીખો શહેરનો કોટ ઇઝરાયલી લશ્કરે અને યાજકોએ છ દિવસ સુધી એ શહેરની પ્રદક્ષિણા મૂગા મૂગા કરી, (હા, યાજકો રણશિંગડાં વગાડતા હતા). પણ સાતમે દિવસે તેઓએ સાત વાર પ્રદક્ષિણા કરી. અને સાતમી વાર પ્રદક્ષિણા કરી, અને યાજકોએ રણશિંગડાં વગાડયાં, અને તે જ સમયે લોકોએ ઘાંટો પાડીને મોટો હોકારો કર્યો, ત્યારે કોટ એમ ને એમ તૂટી પડયો. લેખકે પોતાના લેખમાં લખ્યું છે કે ઇઝરાયલ લોકોના હોકારા અને રણશિંગડાના અવાજોમાંથી ''અશ્રાવ્ય ધ્વનિ'' નીકળવાથી કોટ તૂટી પડયો. તો એ વાત સાચી છે ?

☐ **જવાબ :**

એ તારીખે છાપું આવ્યું કે તરત એક મારા પડોશી એ છાપું લઈને આવ્યા, અને ઉપર પ્રમાણે જ પ્રશ્ન કર્યો. વળી ઉપરથી કહ્યું કે જો એમ બન્યું હોય તો એમાં ઈશ્વરનો ચમત્કાર ક્યાં રહ્યો ? બીજા એક ભાઈએ પત્ર દ્વારા એ જ પ્રશ્ન પૂછયો હતો. વડોદરાથી બીજાએ એ સંબંધી પોસ્ટ કાર્ડ લખ્યો હતો.

પ્રથમ તો 'અશ્રાવ્ય અવાજ' વિષે કંઈક કહું. માનવી કાનો અમુક કદના અવાજો સાંભળી શકે છે. એ કદ કરતાં મોટા અથવા નાના અવાજો માનવી કાન સાંભળી શકતા નથી. કુતરો ખિસ્સા-ઘડિયાળનું ટીક ટીક છ ફૂટ દૂરથી સાંભળી શકે છે, જ્યારે માણસ અર્ધા ફૂટ દૂરથીયે ભાગ્યે જ સાંભળી શકે ! એમ, પૃથ્વી એની ધરી પર અને સૂર્ય આસપાસની એની ભ્રમણકક્ષામાં ફરે છે,

અને એનો અવાજ માણસ સાંભળી શકતો નથી. અને અતિ ઝીણા અવાજ પણ આપણે સાંભળી શકતા નથી.

વળી ધ્વનિ-તરંગો (મોજાં)ની કંપનગતિ ખૂબ જ તીવ્રગતિની હોય તે ધ્વનિ આપણે સાંભળી શકતા નથી. અને ધ્વનિ-તરંગોની કંપનગતિ બહુ મંદ હોય તેયે આપણે સાંભળી શકીએ નહિ. ચામાચિડિયાં 'અલ્ટ્રાસોનિક' અથવા 'સુપર સોનિક' (=પારધ્વનિક) ચિચિયારીઓ પાડે છે, જે આપણે સાંભળી શકતા નથી; પણ એ ચિચિયારીઓ ધ્વનિ-મોજાં આસપાસ કે દૂરની વસ્તુઓ કે અંતરાયો સાથે અથડાઈને પાછાં આવતાં, ચામાચિડિયાને ખ્યાલ આવી જાય છે કે કેટલે દૂર અને કેટલા વિસ્તરેલા અંતરાયો છે. આ છે પારધ્વનિ તરંગો.

એમ નીચલા થરના ધ્વનિ તરંગો હોય છે. તે પણ અશ્રાવ્ય હોય છે. જેમ કે સોનોગ્રાફી મશીનના તરંગો. આ તરંગોની ગતિ મંદ પણ ખતરનાક હોય છે. સૈનિકો કોઈ પુલ પર થઈને જતા હોય ત્યારે તેમણે 'લેફ્ટ-રાઈટ'નો લય તોડવો પડે છે, કેમ કે તેમના 'લેફ્ટ-રાઈટ'ના ધ્વનિ-તરંગોની કંપનગતિ અને પુલ બનાવવામાં વપરાયેલા સામાનની (લોખંડ, સિમેન્ટ-કાંક્રિટ વગેરેની) કંપનગતિ એકસરખી, એક તાલ હોય તો પૂલ તૂટી જાય.

એમ જ ઇઝરાયલીઓના હોકારાથી યરેખો શહેરનો કોટ તૂટી પડયો, એવું એ લેખકનું કહેવું છે. ટ્રાક્ટ સોસાયટીના એક પ્રકાશનમાં પણ આવી જ વાત છે, પણ એ સત્ય નથી.

પહેલું કારણ, તે જમાનામાં એટલે કે યહોશુઆના જમાનામાં પારધ્વનિ કે પરાધ્વનિક તરંગોની કંપનગતિ, અશ્રાવ્ય અવાજો અને તેમનાં ગંભિર અને ખતરનાક પરિણામો કોઈ જાણતું નહોતું, કે તે રીત તેઓ અજમાવે. યરેખો ઈ.સ. પૂર્વે ૧૪૨૨માં એપ્રિલ ૨૨મીએ યહોશુઆએ જીત્યું હતું.

બીજું કારણ, યરેખોને બે કોટ હતા. બહારનો કોટ છ ફૂટ પહોળો, ને ૩૦ ફૂટ ઊંચો હતો. અને બંને વચ્ચે બારથી પંદર ફૂટનું અંતર હતું. અને બંને કોટ પર લોકોએ ઘર બાંધ્યાં હતાં (યહોશુ. ૨:૧૫) : ''ત્યારે તેણે તેઓને બારીમાંથી દોરડા વડે નીચે ઉતાર્યા, કારણ, તેનું ઘર નગરના કોટની ઉપર હતું. તે કોટ ઉપર તે (રાહાબ) રહેતી હતી.'' આ અંતર અને પરિસ્થિતિ પ્રમાણે અશ્રાવ્ય અવાજો કામયાબ નીવડી શકે નહિ. (જુઓ, બાઈબલ અભ્યાસ, ભાગ ૮. પૃ. ૧૨૭-૧૩૦ યરેખો શહેર ક્યારે જિતાયું ?)

ત્રીજું કારણ, જો આ યરેખોના ઈશ્વરી ચમત્કારને બદલે આવો અશ્રાવ્ય ધ્વનિનો ખુલાસો ધરો છો, તો ગીદિયોને ૩૦૦ માણસોના હાથમાં રણશિંગડાં, ખાલી ઘડા અને ઘડામાં દીવા - એ વડે મિદ્યાનીઓને જીતી લીધા, એનો કયો કહેવાતો ''સાયન્ટિફિક'' ખુલાસો આપશો ? જેમ અહીં પ્રભુએ ચમત્કાર કર્યો તેમ યરેખોની બાબતમાં પણ ઈશ્વરનો ચમત્કાર જ ગણવો રહ્યો, નહિ કે ''સાયન્ટિફિક'' ખુલાસો.

ચોથું કારણ, સૂફ સમુદ્રના બે ભાગ કર્યા, તેનોયે કહેવાતો ''સાયન્ટિફિક'' ખુલાસો કેટલાંક પુસ્તકોમાં છે કે અહીં સમુદ્ર છીછરો હતો, અને બહુ પવન આવે ત્યારે સમુદ્રનો કેટલોક ભાગ કોરો થઈ જતો કે પચ્ચીસ લાખ લોકો પાર જઈ શકે ? અને મિસરીઓ સમુદ્રના કોરા ભાગમાં પેઠા કે તરત સમુદ્ર એટલો બધો ભેગો થઈ ગયો કે મિસરનું લશ્કર ડૂબી ગયું ?

વળી યરદનના પાણીના બે ભાગ થઈ ગયા, અને પચ્ચીસ લાખ લોકો પાર ગયા ! એના પણ ''સાયન્ટિફિક'' ખુલાસાવાળાં પુસ્તક કહે છે કે ઘણી વાર જમીનની ભેખડ નદીમાં તૂટી પડતી, જેથી એક તરફનાં પાણી વહી જતાં, અને બીજી બાજુનાં

પાણીનો,તૂટેલી ભેખડ આગળ, જથ્થો થઈ જતો ! એમ આ લાખો ઇઝરાયલીઓ પાર જઈ શક્યા. આવા, ગળે ન ઊતરી શકે તેવા ''સાયન્ટિફિક'' ખુલાસા કરતાં એને ઈશ્વરનો ચમત્કાર જ કેમ ન ગણવો ? - જેમ બાઈબલ એને ચમત્કાર માને છે તેમ ! યરદન નદી બંને કાંઠે છલકાતી હતી (યહોશુ. ૩:૧૫), અને છલકાતી નદીનાં પાણીમાં યાજકોએ પગ મૂક્યા એ પછી જ નદીના બે ભાગ થઈ ગયા. અને યાજકોએ નદીના પટમાંથી નીકળીને કોરી જમીન પર પગ મૂક્યા, કે તરત નદીનાં પાણી ભેગાં થઈ ગયાં (યહોશુ. ૩:૧૫ અને ૪:૧૮).

જેનો સાયન્ટિફિક ખુલાસો આપી શકાય તે ચમત્કાર ન ગણી શકાય. એટલે જ વિનંતી કે પ્રભુના ચમત્કારનો વિજ્ઞાનિક ખુલાસો આપવા બેસવું નહિ.

□

## ૨૫ ઈઝરાયલ લોકોએ ઓળંગેલો સમુદ્ર :

☐ **પ્રશ્ન :**


ઈઝરાયલ લોકો મિસરમાંથી નીકળ્યા ત્યારે રસ્તામાં તેમણે કયો સમુદ્ર ઓળંગ્યો હતો ? ગુજરાતી બાઈબલમાં ''સૂફ સમુદ્ર'' લખ્યું છે. મોટા ભાગની અંગ્રેજી આવૃત્તિઓમાં Red sea એટલે કે ''રાતો સમુદ્ર'' લખ્યું છે. ખરું શું ? કેટલાક અભ્યાસીઓ કહે છે કે ઓળંગવાની જગાએ સમુદ્ર બહુ છીછરો હતો, અને જોરથી પવન આવે ત્યારે જમીન કોરી થઈ જતી. એવે વખતે ઈઝરાયલીઓ સમુદ્ર ઓળંગી ગયા. એ ખરી વાત ? તો મિસરી લોકો કેમ ડૂબી ગયા ?



☐ **જવાબ :**


ઈઝરાયેલી લોકોએ ''સૂફ સમુદ્ર'' ઓળંગ્યો, એમ આપણા ગુજરાતી બાઈબલમાં નિર્ગમન ૧૩:૧૮માં લખ્યું છે. પણ ફરી બીજી કોઈ પણ જગાએ 'સૂફ' શબ્દ આપ્યો નથી. ઊલટું, ગીતશાસ્ત્ર ૧૩૬માં આ સમુદ્ર ઓળંગવાનું બયાન આપ્યું છે તે બંને જગાએ ''લાલ સમુદ્ર'' એમ આપ્યું છે : જેમ કે, ૧૩૬:૧૩, ''જેણે લાલ સમુદ્રના બે ભાગ કર્યા તેની સ્તુતિ કરો :'' વળી ૧૩૬:૧૩, ''ફારુન તથા તેની ફોજને લાલ સમુદ્રમાં ઉથલાવી નાખનારની સ્તુતિ કરો.''

એટલું જ નહિ, પણ પ્રભુ ઈસુની અગાઉ દોઢસો વર્ષ પૂર્વે જૂના કરારનો હિબ્રૂમાંથી ગ્રીકમાં તરજુમો કરવામાં આવ્યો તેમાં પણ નિર્ગ. ૧૩:૧૮માં 'સૂફ સમુદ્ર' નહિ, પણ 'લાલ સમુદ્ર' (Red sea) મૂકવામાં આવ્યું છે.




એથી પણ આગળ જોઈએ તો અંગ્રેજીની એકેએક આવૃત્તિમાં (લગભગ ૧૭ આવૃત્તિ મેં તપાસી તેમાં) તરજુમામાં 'લાલ સમુદ્ર' (Red sea) મૂકવામાં આવ્યું છે.

વળી હિંદી બાઈબલમાં 'લાલ સમુદ્ર' વાપર્યું છે. વળી ગુજરાતી રોમન કેથલિક બાઈબલમાં 'રાતો સમુદ્ર' લખ્યું છે. વળી 'ઈન્ટરનેશનલ બાઈબલ સોસાયટી ઓફ



ઈન્ડિયા' (સિંકદરાબાદ) તરફથી જે ગુજરાતી બાઈબલ બહાર પડયું છે તેમાં પણ નિર્ગ. ૧૩:૧૮માં 'લાલ સમુદ્ર' વાપર્યું છે.


બાઈબલમાં બીજી એક જ જગાએ 'સૂફ' શબ્દ વાપર્યો છે, તે પુનર્નિ. ૧:૧માં. ત્યાં તો એ બીજું કોઈ સ્થળ દર્શાવ્યું છે. ઈન્ટરનેશનલ બાઈબલ સોસાયટી ઓફ ઈન્ડિયા (સિકંદરાબાદ)વાળા ગુજરાતી બાઈબલમાં આ જગાએ આમ લખેલું છે : ''ઈઝરાયલી લોકોની છાવણી યર્દન નદીની પૂર્વે મોઆના વેરાન પ્રદેશમાં ખરાબાની ખીણમાં હતી. તે સમયે મોશેએ તેઓને વચનો કહ્યાં તે

આ પુસ્તકમાં નોંધેલાં છે. (એ પ્રદેશમાં સૂફ, પારાન, નેફિલ, લાબાન, હસેરોથ, તથા દી-ઝાહાબ નગરો આવેલાં હતાં.)''

વળી, રોમન કેથલિક ગુજરાતી બાઈબલમાં પણ એવું જ કંઈક આ પ્રમાણે આપેલું છે : પુનર્નિ. ૧:૧ ''આ ગ્રંથમાં બધા ઈઝરાયલીઓ જ્યારે યર્દન નદીને પેલે પાર આવેલા રણના પ્રદેશમાં હતા ત્યારે તેમને ઉદ્દેશીને મોશેએ કહેલાં વચનો સંગ્રહાયેલાં છે. એ વખતે તેઓ યર્દન કાંઠામાં સૂફની સામા હતા.''

આપણા ગુજરાતી બાઈબલમાં આ પ્રમાણે છે : ''જે વચનો મોશેએ યરદન પાર અરણ્યમાં સૂફ [સમુદ્ર]ની સામેના અરાબાહમાં, પારાન તથા તોફેલ તથા લાબાન તથા હસેરોથ તથા દી-ઝાહાબ તેઓની વચમાં સર્વ ઈઝરાયેલપુત્રોને કહી સંભળાવ્યાં તે નીચે મુજબ છે.''.

આ આપણા ગુજરાતી બાઈબલમાં, તરજુમો કરનારાઓએ ભૂલ કરી છે. સૂફ શબ્દ પછી ચોરસ કૌંસમાં [સમુદ્ર] શબ્દ મૂક્યો છે તે નહોતો મૂકવો જોઈતો. મૂળ લખાણમાં જે ન હોય તે શબ્દો અર્થ સમજાવવા માટે ચોરસ કૌંસમાં આપણા ગુજરાતી બાઈબલમાં વાપર્યા છે. પણ 'સમુદ્ર' શબ્દ મૂળ ભાષામાં નથી. અને અહીં 'સૂફ સમુદ્ર'ની વાત પણ નથી. અહીં આપેલો 'સૂફ' એ બીજું જ કોઈ સ્થળ છે, જે યરદન નદીની પૂર્વગમ આવેલું છે.




'સૂફ' એટલે 'બરુ' અથવા 'રાડું' અને 'સૂફ' અથવા બરુ થતાં હોય, એવા કલણવાળા ઘણા વિસ્તાર મિસરથી કેનાન સુધીના

વિસ્તારમાં ઠીક ઠીક પ્રમાણમાં આવેલા છે. સૂફ સમુદ્ર મિસર પાસે હતો, જ્યારે પુનર્નિ. ૧:૧ વાળું 'સૂફ' સ્થળ તે યરદનની નીચે પૂર્વ તરફ હતું, એને અકાબાના ઉપસાગર પાસેના 'ખીરબત સૂફા' સાથે સરખાવવામાં આવે છે. એ 'ખીરબત સૂફા' મદાબાથી ૬ કિ.મી. (૩.૫ માઈલ) દૂર આવેલું છે. આ સાથે રજૂ કરેલા નકશા પરથી આ સ્થળોનો સ્પષ્ટ ખ્યાલ આવશે.

હવે પ્રશ્નનો બીજો ભાગ લઈએ. કેટલાક એમ કહે છે કે ઇઝરાયલીઓએ જે સમુદ્ર-ભાગ ઓળંગ્યો તે બહુ છીછરો હતો. એટલે જોરથી પવન ફૂંકાય ત્યારે છીછરાપણાને લીધે જમીન ખુલ્લી થઈ જતી હતી. આવો પવન ફૂંકાયો હશે, એટલે પાણી બાજુ પર વિખેરાઈ ગયાં હશે, અને જમીન કોરી થઈ ગઈ હશે. એટલે ઇઝરાયલીઓ પાર જઈ શક્યા હશે.

આ બહુ સસ્તો ખુલાસો છે. પણ એની સામે અનેક વાંધા ઊભા થઈ શકે તેમ છે :

૧. ઇઝરાયલીઓ ત્યાં આવ્યા ત્યારે જ આ પવન ફૂંકાયો, અને જમીન કોરી થઈ ગઈ, અને ઇઝરાયલીઓ પાર જઈ શક્યા, એ નવાઈ ભર્યું નથી લાગતું શું ? ધારો કે પવન થોડોક મોડો - માત્ર એક જ રાત મોડો ફૂંકાયો હોત, તો ઇઝરાયલીઓની શી હાલત થાત ? મિસરી સૈન્ય આવી પહોંચ્યું હોત, અને ઇઝરાયલીઓને મિસર જવા પાછા ફરવું પડત. કારણ, મિસરીઓ તો ચુનંદા ૬૦૦ રથો (અને બીજા રથો) લઈને નીકળ્યા હતા. આ મિસરી રથો બહુ વેગવાન હતા.

આજે પણ મિસરના મ્યુઝીઅમમાં એના નમૂના જોવા મળે છે. બંને સૈન્યો લગભગ એકબીજાથી બહુ આઘાં નહોતાં. નિર્ગમન ૧૪:૨૦માં આપ્યું છે : "અને તે (મેઘસ્તંભ) મિસરીઓના સૈન્ય

તથા ઈઝરાલીઓના સૈન્યની વચ્ચે આવી રહ્યો, ...અને એ આખી રાત એક સૈન્ય બીજાની પાસે નહોતું આવતું.''

૨. કલમ ૨૧ અને ૨૨ બતાવે છે કે રાતોરાત પવન ફૂંકાયો, પાણી તેમને જમણે અને ડાબે હાથે ''ભીંતરૂપ થઈ ગયાં હતાં'' અને ઈઝરાયલીઓ આરપાર કોરી જમીન પર ચાલીને ગયા. ઈઝરાયલીઓ પચીસ લાખ કરતાં વધારે હતા.

અને એ જ રાતે મિસરીઓ પણ એ કોરા પટમાં ઊતર્યા ખરા, પણ સવારમાં તો તેઓને ડૂબી ગયેલા, અને સમુદ્ર-કિનારે તેમનાં શબ બહાર ફંગોળાયેલાં દેખાયાં. કેમ એમ બન્યું તે ૨૪ અને ૨૫મી અને ૨૬, ૨૭ કલમમાં આપ્યું છે. માત્ર કુદરતી પવને આ નથી કર્યું, પણ યહોવા ઈઝરાયલીઓના પક્ષમાં લડયો, અને તેણે આ ઈરાદાપૂર્વક કર્યું. અઢારમી કલમમાં ઈશ્વરે અગાઉથી એ જાહેર કર્યું હતું : ''અને જ્યારે ફારુન તથા તેના રથો તથા તેના સવારો પર હું મહિમા પામીશ, ત્યારે મિસરીઓ જાણશે કે હું યહોવા છું.'' મિસરીઓ ડૂબી ગયા, એટલું પાણી સમુદ્રમાં હતું - છીછરો નહોતો. આથી પાણી ઈઝરાયલીઓ માટે બંને તરફ ભીંતરૂપ બની ગયાં હતાં.

૩. આ વાત બાઈબલમાંથી વાંચતાં સ્પષ્ટ થઈ જાય છે કે યહોવાએ જાતે જાણીબૂઝીને આમ કર્યું. ઉપર આપણે કલમ ટાંકી કે, યહોવાએ અગાઉથી જાહેર કર્યું હતું કે, ''અને જ્યારે ફારૂન તથા તેના રથો તથા તેના સવારો પર હું મહિમા પામીશ, ત્યારે મિસરીઓ જાણશે કે હું યહોવા છું'' (નિર્ગ. ૧૪:૧૮). પવન ફૂંકાયો ખરો, પણ ઈશ્વર-યોજિત હતો. પાણી હઠી ગયાં, તે પણ ઈશ્વર-યોજિત હતું. પાણી માત્ર હઠી ગયાં, એમ નહિ; પણ બાઈબલ કહે છે તે પ્રમાણે ''પાણીના બે વિભાગ થઈ ગયા... અને પાણી તેમને જમણે તથા તેમને ડાબે હાથે ભીંતરૂપ થઈ ગયાં હતાં'' (૧૪:૨૧, ૨૨).

ઈઝરાયલીઓ યહૂદી નિસાન માસની ૧૫મી (ઈ.સ. પૂર્વે) ૧૪૯૧માં રામસેસથી નીકળ્યા. રસ્તે ગોશેનથી બીજા ઈઝરાયલીઓ તેમની સાંથે જોડાયા હશે. તેઓ સમુદ્ર પાસે એથામ આગળ એકઠા થયા ત્યારે બધા મળી પચીસ લાખ જેટલા થયા. અલબત્ત એમાં થોડા અન્ય જાતના લોકો પણ જોડાયેલા હતા. તેઓએ જ્યાં સમુદ્ર ઓળંગ્યો તેનાથી ઉત્તરે એથામ આવેલું હતું. ત્યાં સમુદ્ર કે પાણી નહોતું; કોરી જમીન હતી.

તેઓ એથામ આગળ થોભ્યા હતા, ત્યારે યહોવાએ જાણી જોઈને તેમને હુકમ આપ્યો કે, ''તમે પાછા ફરીને બાલસફોનની સામેના પીહાહીરોથની સામે મિગ્દોલ તથા સમુદ્રની વચમાં છાવણી કરો, એટલે તેની સામે સમુદ્ર કાંઠે છાવણી કરો. અને ફારુન ઈઝરાયલપુત્રો વિષે કહેશે કે, તેઓ દેશમાં ગૂંચવાઈ ગયા છે. અરણ્યમાં તેઓ સપડાઈ ગયા છે. અને હું ફારુનનું હૃદય હઠીલું કરીશ, ને તે તેઓની પૂઠે લાગશે'' (૧૪:૧-૪).

યહોવાએ જાણી જોઈને, મિસરીઓને ગૂંચવવા, ઈઝરાયલીઓને એથામ સુધી જવા દીધા. ત્યાં દરિયો નહોતો અને પછી અવળા ફરીને પાછા સમુદ્ર તરફ આવવા કહ્યું, અને સમુદ્રકાંઠે મિગ્દોલ આગળ આવવા કહ્યું. ઈશ્વરે જાણી જોઈને આ યોજના કરી, જેથી મિસરીઓ ગૂંચવાઈ જાય. આમ, આ આખા પ્રકરણમાં ઈશ્વરનું જ આયોજન હતું. ભાગ ભજવનાર ઈશ્વર હતા, નહિ કે કુદરતી સાધનો કે કુદરતી શક્તિ. એ બધાંને ઈશ્વરે હુકમ કરીને વાપર્યાં (જેમ કે લૂક ૮:૨૨-૨૫. સમુદ્રનાં તોફાન, પવન. યોહા. ૨:૧-૧૦ પાણીનો દ્રાક્ષારસ).

૪. આ સાથેના ચારેય નકશા જોઈ - સમજી લેવાથી ખબર પડશે કે કનાન તરફ જવાના ચાર રસ્તા હતા. નં. ૧ નકશામાં આ ચારેય રસ્તાને ૧, ૨, ૩, ૪ એમ નંબર આપ્યા છે. એમાંનો

નં. ૧ તે ભૂમધ્ય સમુદ્રને કાંઠે કાંઠે ''પલિસ્તીઓના દેશમાં જવાનો ટૂંકામાં ટૂંકો રસ્તો હતો.'' રસ્તા નં. ૨ સુકકોથથી નીકળી શીનના અરણ્યમાં થઈ કનાન જતો હતો. રસ્તો નં. ૩ એથાન આગળથી નીકળી મિદ્યાન પહોંચતો હતો, અને ત્યાંથી કનાન જઈ શકાતું હતું. મિસરના અને અરબસ્તાનના તેમ જ ઉત્તરના વેપારીઓ એ રસ્તો લેતા હતા. અને રસ્તો નં. ૪ એ રસ્તે ભાગ્યે જ કોઈ જતું. કારણ, આ રસ્તે સમુદ્ર ઓળંગવો પડે, રસ્તામાં પાણી અને ખોરાકની બહુ ભારે તંગી, શુષ્ક અને વેરાન રસ્તો.

પણ ઈશ્વરે જાણી જોઈને એ રસ્તો પસંદ કર્યો, એનાં પાંચ કારણો નીચે પ્રમાણે છે :

(૧). ઇઝરાયલ પ્રજા, એકલા ઈશ્વર પર જ સંપૂર્ણ વિશ્વાસ રાખતાં શીખે. તંગાશ અને મુશ્કેલીઓમાં વિશ્વાસ વધે છે. (૨). તેઓના વિશ્વાસની કસોટી થાય. અવિશ્વાસીનો નાશ કરી, વિશ્વાસુ પ્રજા કેળવી શકાય. (૩). ટૂંકા રસ્તાઓમાં યુદ્ધ જોઈ ઇઝરાયલીઓ ડરી જઈ પાછા મિસર જતા ન રહે માટે ઈશ્વર તેમને લાંબે રસ્તે લઈ ગયો. એ રસ્તે ડર, યુદ્ધ નહોતાં (સિવાય અમાલેકીઓ સાથે) (૧૩:૧૭-૧૮). (૪). સમુદ્ર ઓળંગવાનો રસ્તો લીધો, જેથી મિસરીઓ તેમ કરવા જતાં ડૂબી જાય - નાશ પામે.

૫. નકશો નં. ૩માં આપ્યું છે કે જ્યાં ઇઝરાયલીઓએ સમુદ્ર ઓળંગ્યો ત્યાં પાણી, રસ્તાની મધ્યમાં ૧૮ મિટર ઊંડું પાણી હતું, એટલે કે ૬૦ ફૂટ (ચોક્કસ ૫૯.૪ ફૂટ). ઘરનો મજલો ૧૨ ફૂટનો ગણો, તો પાંચ મજલા સુધી પહોંચે એટલું ઊંડું પાણી થયું. લશ્કર આખું રથો સાથે ડૂબી જાય એટલું પાણી કહેવાય. એ છીછરો સમુદ્ર ન કહેવાય. છીછરાં પાણીમાં સૈન્ય ભાગ્યે જ ડૂબે ! ઇઝરાયલીઓને આ અનુભવ પેઢીઓ સુધી યાદ રહે, અને ફારુનનું સૈન્ય ડૂબી જાય માટે જ ઈશ્વરે આ ઊંડાં પાણીવાળો માર્ગ પસંદ કર્યો.

જે ચાર ચિત્રો આપ્યાં છે તેમાં ઈઝરાયલીઓએ જે સમુદ્ર-ભાગ ઓળંગ્યો, તે ભાગ એકમાં દર્શાવ્યો છે, પહેલા નકશામાં ચારે રસ્તા બતાવ્યા છે. તેમ જ સુકકોથ, ગોશેન, મિસર, પીહાહીરોથ, મિગ્દોલ, એથામ, સિનાય પર્વત, રાતો સમુદ્ર દર્શાવ્યા છે. ત્રીજા નંબરમાં સમુદ્રમાં ઊતર્યા ત્યાં પાણીનું ઊંડાણ કેટલું હતું તે દર્શાવ્યું છે. નં. ૨માં ઈઝરાયલીઓએ પાણી ઓળંગ્યું તે બતાવ્યું છે. અત્યારે તો ત્યાં સૂએજ કેનાલ બનાવી છે.

□

# ૨૯ "સૂર્ય અંધકારરૂપ અને ચંદ્ર લોહીરૂપ થઈ જશે."

☐ **પ્રશ્ન :**

તા. ૧૪-૯-૯૫, ગુરુવાર રોજ અહીંનાં (વડોદરાનાં) એક સ્થાનિક પેન્ટેકોસ્ટલ બહેને અમારી પડોશની મિટિંગમાં ઉપરની કલમનો ઉલ્લેખ કરતાં એવું નિવેદન કર્યું કે, હમણાં ચંદ્ર લોહીરૂપ થવા લાગ્યો છે, અને અત્યારે ચંદ્ર ઉપર જે ડાઘ દેખાય છે તે મનુષ્યના રક્તના ડાઘ છે. અને એ બાબત અમેરિકન અને રશિયન વિજ્ઞાનીઓએ ફાઈનલ ડીસીઝન પ્રમાણે સાબિત કરી જાહેર કર્યું છે, અને ત્યાંથી એમનાં પ્રગટ થતાં આ મેગેઝીનોમાં જાહેર કર્યું છે કે ચંદ્રમાં દેખાતા ડાઘા માનવીય રક્તના જ ડાઘ છે. તો આ ખરી વાત છે ? એવો કોઈ પ્રમાણિત અહેવાલ પ્રગટ થયેલો આપની જાણમાં આવ્યો છે ?

☐ **જવાબ :**

ખ્રિસ્તની કન્યારૂપી મંડળી ગગનમાં ઊંચકાઈ જશે, એ પછી સાત વર્ષે એ જ મંડળી સાથે પ્રભુ ઈસુ યરુશાલેમમાં જૈતૂન પર્વત ઉપર ઊતરશે (ઝખા. ૧૪:૪). તે બે બીનાઓ વચ્ચેના સાત વર્ષના ગાળાના આખરના ભાગમાં સૂર્ય અંધકારરૂપ થઈ જશે, અને ચંદ્ર પોતાનું અજવાળું નહિ આપે. પણ અત્યારે તો મંડળીનો જમાનો છે, અને મંડળીના જમાનામાં એ સૂર્ય-ચંદ્ર વિષે એવું કાંઈ બનનાર નથી.

'મંડળી' ગગનમાં ઊંચકાઈ ગયા પછી 'મહાવિપત્તિના' સાડા ત્રણ વર્ષના ગાળાની આખરમાં એ બનાવ બનશે. પ્રભુ ઈસુ આ પ્રમાણે માથ્થી ૨૪:૨૧, ૨૯માં કહે છે :

''કેમ કે તે વેળા એવી મોટી વિપત્તિ આવી પડશે કે તેના જેવી જગતના આરંભથી તે હમણાં સુધી થઈ નથી, ને કદી થશે પણ નહિ... અને તે દિવસોની વિપત્તિ પછી સૂરજ તરત અંધકારરૂપ થઈ જશે, ને ચંદ્ર પોતાનું અજવાળું નહિ આપે.'' એ પછી ''માણસના દીકરાની નિશાની આકાશમાં દેખાશે... અને માણસના દીકરાને પરાક્રમ તથા મોટા મહિમા સહિત તેઓ આકાશના મેઘ પર આવતો (પૃથ્વી પર આવતો) દેખશે'' (૨૪:૩૦).

આમ, મંડળી ખ્રિસ્તને મળવા ગગનમાં ઊંચકાઈ ગયા પછી સાત વર્ષે પ્રભુ ઈસુ જૈતૂન પર્વત પર ઊતરશે, તેની થોડીવાર પહેલાં આ સૂર્ય-ચંદ્રનો બનાવ બનશે. એ બનાવો વિષે અને તેની અગાઉની પરિસ્થિતિ કેવી હશે, તે વિષે બાઇબલમાંથી જોઈએ.

વિજ્ઞાનીઓ (ખાસ કરીને ખગોળશાસ્ત્રીઓ) કહે છે કે અવકાશમાં ઘણા સૂર્યો અને મહાસૂર્યો 'નોવા' બની ગયા છે, તેમ આપણો સૂર્ય થોડા સમયમાં 'નોવા' બનવાનો છે. 'નોવા' એટલે કાળું ધાબું, અથવા બળી ગયેલો સૂર્ય 'નોવા' અથવા 'કાળું ધાબું' બને તે પહેલાં સૂર્ય હંમશના કરતાં ખૂબ જ વધુ પ્રકાશિત બની જાય. અને એમાં બળી જઈને 'કાળું ધાબું' બની જાય.

વિજ્ઞાનીઓ તો એ વાત હમણાં કહે છે. પણ બાઇબલમાં ઈશ્વરે તો હજારો વર્ષ પહેલાં એ વિષે ભવિષ્યવાણીઓ આપી છે. આપણે તે જોઈએ.

**૧. સૂર્ય ખૂબ પ્રકાશી ઊઠશે.**

**યશાયા ૩૦:૨૬** - ''ચંદ્રનું અજવાળું સૂર્યના અજવાળા સરખું થશે; ને સૂર્યનું અજવાળું સાત ગણું, સાત દિવસના અજવાળા સરખું થશે. યહોવા પોતાના લોકના ઘાને પાટો બાંધશે, ને તેના જખમનો ઘા સાજો કરશે તે દિવસે (પુનરાગમન સમયે) એમ થશે.''

**પ્રક્ટીકરણ ૧૬:૮-૯** - ''સૂર્યને દઝાડવાની શક્તિ. પછી ચોથાએ પોતાનું પ્યાલું સૂરજ પર રેડી દીધું; એટલે તેને અગ્નિથી માણસોને બાળી નાખવાની શક્તિ આપવામાં આવી. માણસો મોટી આંચથી દઝાયાં.'' (સૂર્ય સાત ગણો પ્રકાશિત બનવાથી).

**૨. સૂર્ય બળીને કાળું ધાબું કે 'શ્યામ-પીંડ' બની જશે.**

**યશાયા ૬૦:૧૯, ૨૦.** - ''હવે પછી દિવસે તને અજવાળું આપવા સારુ સૂર્યની જરૂર પડશે નહિ, અને તેજને સારુ ચંદ્ર તારા પર પ્રકાશશે નહિ; પણ યહોવા તારું સર્વકાળનું અજવાળું, ને તારો દેવ તારી શોભા થશે.''

**યોએલ ૨:૧૦, ૩૧** - ''સૂર્ય તથા ચંદ્ર અંધરાય છે.'' ''યહોવાનો મોટો દિવસ આવે તે પહેલાં સૂર્ય અંધકારરૂપ અને ચંદ્ર લોહીરૂપ થઈ જશે.'' (યહોવાના પુનરાગમન સમયે).

**માથ્થી ૨૪:૨૯** (પ્રભુ ઈસુએ પોતે કહ્યું) : ''અને તે દિવસોની વિપત્તિ પછી સૂરજ તરત અંધકારરૂપ થશે, ને ચંદ્ર પોતાનું અજવાળું નહિ આપે...''

**પ્રક્ટી ૬:૧૨-૧૪** - ''જ્યારે તેણે છઠ્ઠી મુદ્રા ઉઘાડી ત્યારે મેં જોયું તો મોટો ધરતીકંપ થયો; અને સૂર્ય નિમાળાના (વાળના) કામળા જેવો કાળો થઈ ગયો..''

**પ્રક્ટી ૨૧:૨૩.** - ''નગરમાં (નવા યરુશાલેમમાં) સૂર્ય કે ચંદ્રના પ્રકાશની જરૂર નથી, કેમ કે દેવનો મહિમા તેને પ્રકાશિત કરે છે, અને હલવાન તેનો દીવો છે'' (સરખાવો યશા. ૬૦:૧૯).

**પ્રક્ટી. ૨૨:૫.** - ''ફરીથી રાત પડશે નહિ. તેઓને દીવાના અથવા સૂર્યના પ્રકાશની જરૂર નથી, કેમ કે પ્રભુ દેવ તેઓ પર પ્રકાશ પાડશે...''

પણ આ બધી ભવિષ્યવાણી મહાવિપત્તિના સમયના આખર ભાગમાં પૂર્ણ થશે. પ્રભુ ખ્રિસ્તના લોકો (મંડળી)ને તે વખતે પૃથ્વી પર નહિ હોય, - પ્રભુની સાથે હશે. અત્યારે તો પ્રભુના લોક પૃથ્વી પર છે.

એટલે સૂર્ય નોવા બન્યો નથી, ચંદ્ર લોહીરૂપ બન્યો નથી. ચંદ્ર ઉપર કોઈ જીવ કે માણસો રહેતાં નથી. ચંદ્ર પર કોઈ લોહીના ડાઘ નથી, કે માનવી લોહીના ડાઘ નથી. અમેરિકાના કે રશિયાના કોઈ વિજ્ઞાનીએ કહ્યું, લખ્યું, કે પૂરવાર કર્યું નથી કે ચંદ્ર પર માણસના લોહીના ડાઘા છે.

ચંદ્ર ઉપરના ડાઘા તો ત્યાં પહાડો-ખીણોને લીધે સૈકાંથી દેખાતા આવ્યા છે.

□

# ૨૭ યુફ્રેતિસ નદી અને પ્રભુનું પુનરાગમન

☐ **પ્રશ્ન :**

જૂના તેમ જ નવા કરારમાં યુફ્રેતિસ નદીનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. અંતકાળના સમયમાં એના વિષેનાં અગત્યનાં ભવિષ્યકથનો વિશે જરા સમજાવશો ?

☐ **જવાબ :**

ઉત્પત્તિના બીજા અધ્યાયથી જ યુફ્રેતિસ નદીનું નામ શરૂ થઈ જાય છે (૨:૧૪). અને છેલ્લે પ્રકટીકરણ ૧૬: ૧૨માં આવેલું છે.

યુફ્રેતિસ નદી હાલના ઈરાકમાં આવેલી છે. બાઈબલના ઈતિહાસમાં ઈરાક અનેક નામોથી ઓળખાતો આવેલો દેશ છે, જેમ કે શિનઆર દેશ, બાબિલ, મેસોપોતામિયા, આશ્શૂર વગેરે. એદનબાગ આ દેશમાં હતો. જળપ્રલય પછી એદનબાગનાં કોઈ ચિહ્ન રહ્યાં નથી. ઉત્પત્તિ ૨:૧૪માં આપેલી ચાર નદીઓ અહીંથી જ નીકળી હતી. આજની તૈગ્રિસ નદીને આ કલમમાં અને બાઈબલમાં અન્ય ઠેકાણે ''હિદ્દેકેલ'' તરીકે ઓળખવામાં આવી છે. (વળી. ઉત્પ. ૧૫:૧૮. પુન. ૧:૭. ૧૧:૨૪. પહોશુ ૧:૪ બીજો શમુ ૮:૩. ૨ રાજા ૨૩:૨૯. ૨૪:૭. ૧ કાળ. ૫:૯. ૧૮:૩. ૨ કાળ. ૩૫:૨૦. યિર્મે. ૧૩:૪. ૫૧:૬૩. કોઈ વખત એને ''પૂર'' તરીકે પણ ઓળખાવી છે.)

યુફ્રેતિસ અને તૈગ્રિસનો જ્યાં સંગમ થાય છે, ત્યાંથી થોડેક જ છેટે યુફ્રેતિસને અડીને ઉર શહેર આવેલું હતું. એ ઉર શહેર વેપાર રોજગારથી ધમધમતું હતું. અબ્રાહમ એ શહેરમાં રહેતો હતો, ત્યારે ઈશ્વરે તેને તેડું આપ્યું હતું. આ નદીને કિનારે બીજાં શહેરો પણ

આવેલાં હતાં, જેમ કે બાબિલોન, સિપ્પાર, અગદ અને બોરસિપ્પા. તૈગ્રિસને કિનારે નિનવેહ આવેલું હતું.

હિબ્રૂમાં એને ''ફ્રાત'' કહી છે, અને ગ્રીકમાં ''યુફ્રેતિસ'' તરીકે. તૈગ્રિસ અને કબાર તેમ જ બીજી કેટલીયે નાની નાની નદીઓનાં પાણી યુફ્રેતિસમાં પડે છે. આર્મિનિયા (બુઝુર્ગ)ના પર્વતોમાંથી આ નદી નીકળે છે. અને આશ્શૂર (ઇરાક), સિરિયા (અરામ), મેસોપોતામિયા અને બાબિલોન શહેરમાં થઈને આ નદી વહે છે અને ૧૭૦૦ થી ૧૮૦૦ માઇલ વહીને ઇરાની અખાતમાં પડે છે. એના મૂળથી લગભઘ ૧૨૦૦ માઇલ (૧૯૩૧.૨ કિ.મી.) સુધી નાનાં વહાણો એમાં આવજા કરી શકે છે. બરફ ઓગળવાથી માર્ચ, એપ્રિલ અને મે માસમાં ભારે પૂર આવે છે. નદીનાં ઊંડાણ ૧૦ થી ૩૦ ફૂટની ઊંડાઈનાં છે, અને નદીની પહોળાઈ ૬૦૦ થી ૧૨૦૦ ફૂટની છે.

ભારતની સિંધુ, ગંગા, બ્રહ્મપુત્રા, જેવી નદીઓ આશરે ૨૨૦૦ માઈલ (આ. ૩૫૦૦ કિ.મી.) લાંબી, ભરેલી અને બરફ પીગળતાં છલકાતી જેવી જ યુફ્રેતિસ છે. હું ૧૯૫૪માં આ યુફ્રેતિસ નદી આગળ ઊભો હતો, ત્યારે મને મનમાં થાય કે આવી મહા નદી કદી સુકાતી હશે ? પણ બાઇબલમાં બે જગાએ ભવિષ્યકથન છે કે પ્રભુના પુનરાગમન સમયે એ નદી ઘણી જગાએ સુકાઈ જશે.

યશાયા ૧૧:૧૫. ''યહોવા મિસરના સમુદ્રની જીભને સુકાવી નાખશે , અને પોતાના ઉષ્ણ શ્વાસથી તે નદી (યુફ્રેતિસ) પર પોતાનો હાથ હલાવશે, જે તેને મારીને સાત નાળાં કરશે, અને લોકો જોડાં પહેરીને પાર જશે.'' વળી પ્રકટી. ૧૬:૧૨માં આ પ્રમાણે લખ્યું છે : ''પછી છઠ્ઠાએ (દૂતે) પોતાનું પ્યાલું મોટી નદી પર એટલે યુફ્રેતિસ પર રેડી દીધું. એટલે ઊગમણથી જે રાજાઓ



૧૧

આવનાર છે. તેઓને સારુ રસ્તો તૈયાર થાય માટે તેનું પાણી સુકાઈ ગયું.''

અહીં બે વાત યાદ રાખવાની છે. પ્રભુનાં વચનો કદી મિથ્યા જવાનાં નથી. બધાં જ ભવિષ્યકથનો અક્ષરશઃ પૂરાં થશે, એક કાનો કે માત્ર પણ પૂરી થયા વગર રહેવાનાં નથી. બીજી વાત કે બાઈબલની એક ખૂબી છે કે દર એક કલમના સત્યને અનુમોદન આપનારી બીજી કલમ આખા બાઈબલમાં ક્યાંક મળશે જ મળશે. જેમ અહીં યશાયા ૧૧:૧૫ અને પ્રક્ટી. ૧૬:૧૨ એકબીજાને અનુમોદન આપનારી કલમો છે.

આજે આ મહાનદીમાં કેટલીયે જગાએ સુકાણ થઈ ગયું છે. અને જોડા પહેરી આરપાર જઈ શકાય છે. પૂર્વ દેશોમાંથી જે લશ્કરો ચઢી આવનાર છે તે બધાં આ સુકાણમાં થઈને પાર જશે.

પૂર્વના દેશો એટલે ચીન, જાપાન, ભારત, ઈન્ડોનેશિયા વગેરે દેશોનાં લશ્કરો આ લાંબા રસ્તે થઈને યરુશાલેમ સામે યુદ્ધ કરવા નીકળી પડશે. એ રસ્તો મોટા ભાગનો તૈયાર થઈ ગયો છે. ચીનના સિક્યાંગથી એ રસ્તો શરૂ થાય છે, પછી ચીને પચાવી લીધેલા તિબેટમાં થઈને આ રસ્તો આગળ વધે છે. ચીને જ એ રસ્તો તૈયાર કર્યો છે. એ પછી કાશ્મીરનો ૫૨૮૦ માઈલ (૯૫૯૬.૭ કિ.મી.) પાકીસ્તાને કાશ્મીરનો આ પ્રદેશ ભારતનો હોવો છતાં ચીનને આપી દીધો હતો એ કાશ્મીરની બોર્ડર પર આ રસ્તો આગળ વધે છે.

ત્યાંથી અફઘાનીસ્તાનની સરહદે સરહદે રસ્તો આગળ જાય છે. એ પછી ઈરાન આવે. પણ ઈરાન વિષે આપણે અજાણ છીએ. ત્યાં એ રસ્તો કેટલો થયો છે તે વિશે આપણને જાણ નથી. એ પછી ઈરાક આવે. ઈરાકમાં અને ત્યાંથી યરુશાલેમ સુધીનો માર્ગ તૈયાર જ છે. પૂર્વના દેશોનાં લશ્કરો આ રસ્તે થઈને યરુશાલેમ પર ચઢાઈ લઈ જવા આ માર્ગે થઈને જશે.

**એ બનાવ ક્યારે બનશે ?** પ્રભુ ઈસુ ગગનમાં પોતાના લોકોને લેવા માટે ઉતરશે, અને પ્રભુના લોકો (જીવતા અને મૂએલા) ગગનમાં ઊંચકાઈ જશે. એ પછી લગભગ સાત વર્ષ વિતવા આવ્યાં હશે, તે સમયે ''ખ્રિસ્ત-વિરોધી'' આખી દુનિયાનાં લશ્કરોને યરુશાલેમની સામે મગીદ્દોના મેદાનમાં એકઠાં કરશે. એમાં પૂર્વના દેશોનાં લશ્કરો ઉપર જણાવેલા રસ્તે થઈને, અને કોરી થયેલી યુફ્રેતિસ નદીમાં પાર થઈને આવશે. હમણાં ભારત અને ઇઝરાયેલને સુલેહ થઈ છે, અને ચીનને પણ ઇઝરાયેલ સાથે એકંદરે ભાઈચારાના સંબંધ છે. પણ એ સંબંધો મટી જશે, અને તેઓ યરુશાલેમ સામે ઉઠશે.

પણ જ્યારે દુનિયામાં આ બધાં લશ્કરોએ યરુશાલેમને ઘેરો ઘાલ્યો હશે, તેવામાં જ પ્રભુ ઈસુ એકાએક યરુશાલેમ સામેના જૈતૂન પર્વત પર ઉતરશે (ઝખા.૧૪:૪), અને આ બધાં લશ્કરોનો અને ખ્રિસ્ત-વિરોધીનો નાશ કરશે (૨ થેસ્સા ૨:૮). એ હારમાગેદ્દનના યુદ્ધ તરીકે ઓળખાય છે. એ પછી પ્રભુ ઈસુ, માથ્થી ૨૫:૩૧-૩૪માં આપેલો, જીવંત પ્રજાઓનો ન્યાય કરશે. અને એ ન્યાય થયા પછી વિદેશીઓમાંથી બચેલી પ્રજાઓ ઘેટાં પ્રજા અને યહૂદીઓ ઉપર પ્રભુ ઈસુ એક હજાર વર્ષનું રાજ્ય કરશે. ખ્રિસ્તની સાથે સ્વર્ગેથી ઉતરેલી મંડળી આ રાજયમાં ખ્રિસ્તની સાથે મળીને રાજ્ય કરશે.

**યુફ્રેતિસ નદી કેમ સુકાય છે ?** પ્રભુ દુનિયામાં બનતા બનાવોની મારફતે પોતાની સનાતન યોજનાઓ અને પોતાનાં વચનો પૂરાં કરે છે. એવું જ આ યુફ્રેતિસ નદી વિષે બન્યું છે. ટર્કી (તુર્કસ્તાન) લગભગ ૨૧ મોટાં જળાશયો પોતાના દેશમાં બાંધી રહ્યું છે. અને યુફ્રેતિસ નદીનાં પાણી એ માટે પોતાના તરફ વાળી રહ્યું છે. આથી સિરિયા અને ઈરાકને યુફ્રેતિસનાં મળવા જોઈતાં પાણી નથી મળતાં.

છએક વર્ષ પર ૧૯૯૦માં જાન્યુઆરી ૧૩થી ફેબ્રુઆરી સુધી કંઈ પાણી તેઓને મળ્યું નહોતું.

ટર્કી ૨૧ જંગી જળાશયો, ૧૭ હાઈડ્રોઈલેટ્રિક પ્લાન્ટસ ઉપરાંત ૪૬,૦૦૦ ચો.માઈલ જેટલા સૂકા પ્રદેશને સીંચાઈ પૂરી પાડવાની યોજના કરી રહ્યું છે. જે ૩૦ દિવસ સુધી ૧૯૯૦માં સિરિયા અને ઈરાકને પાણી ન મળ્યાં તે સમયે ટર્કી આટાતૂર્ક ''ડેમ''માં પાણી ભરી રહ્યું હતું. આ ડેમ આખી દુનિયામાં મોટોમાં મોટો ડેમ છે. અને સિરિયાના સિમાડે ૧૦૦ કિ.મી.દૂર આવેલો છે. પાણી સંબંધી જે આંતરરાષ્ટ્રીય કાયદા-કાનૂન છે, તેમનો ટર્કી સદંતર ભંગ કરી રહ્યું છે.

પ્રભુનું પુનરાગમન છેક પાસે છે અને યુગ-પલટો નજદિકમાં છે. એ પારખવા માટે યુફ્રેતિસનું સુકાતું પાણી એટલી જ નિશાની નથી. પણ અનેક અન્ય નિશાની છે. જેમ કે ૨૦૦૦ વર્ષ પછી યહૂદીઓનું પાછા ફરવું, રાજ્ય સ્થપાવું, યરુશાલેમ પાટનગર બનવું, યુરોપીય કોમન માર્કેટ સ્થાપવું, રશિયાનું અમુક હદનું પતન, કુદરતમાં ધરખમ ફેરફારો, વગેરે. જોવા માગે એને માટે તો ચારેકોર નિશાનીઓ જ નિશાનીઓ છે.

□

# ૨૮ સસલું વાગોળે છે ?

☐ **પ્રશ્ન :**

બાઈબલમાં લેવીય ૧૧:૬માં આપવામાં આવ્યું છે કે, ''અને સસલું, જેમ કે તે વાગોળે છે, પણ તેની ખરી ફાટેલી નથી, તે તમને અશુદ્ધ છે.'' ''પણ ગાય અને બીજાં કેટલાંક પ્રાણીઓ વાગોળે છે તેમ સસલું વાગોળતું નથી. અમે જાતે સસલાં પાળ્યાં છે, અને જોયું છે કે તેઓ વાગોળતાં નથી. તો બાઈબલમાં કેમ લખવામાં આવ્યું છે કે સસલું વાગોળે છે ?''

☐ **જવાબ :**

લેવીય ૧૧:૬ ઉપરાંત પુનર્નિયમ ૧૪:૭માં પણ લખવામાં આવ્યું છે કે સસલું વાગોળે છે.

આજ દિન સુધી દુનિયાના સર્વ લોકો એમ માનતા હતા કે સસલાં વાગોળતાં નથી. અત્યાર સુધી મેં જે બધી અંગ્રેજી કોમેન્ટરીઓ જોઈ છે, તે બધીમાં એમ જ આપ્યું હોય છે કે સસલાં વાગોળતાં નથી, પણ તેઓ ઘાસમાં મોં રાખીને ચાવવા જેવી બનાવટી પ્રવૃત્તિ કરતાં હોય છે તેથી એવી માન્યતા બાઈબલમાં આપી છે કે સસલાં વાગોળે છે.

પણ બાઈબલ પવિત્ર આત્માની પ્રેરણાથી લખાયેલું હોઈને તેની કોઈ હકીકત ખોટી ન હોય. સસલાં વાગોળે છે તે વાત ખરી છે. હમણાં ૧૯૫૦ પછી એ વિષે ઊંડો અભ્યાસ વખતોવખત કરવામાં આવ્યો છે, અને હવે બધા વિજ્ઞાનીઓ માની ગયા છે કે સસલાં એક રીતે વાગોળે છે, એમાં બધા પ્રકારનાં સસલાં આવી જાય છે, સાફાન સસલાં, ખડકોની બખોલોમાં રહેતા સસલાં, પાલતુ સસલાં અને અન્ય સર્વ પ્રકારનાં સસલાં અમુક ખાસ રીતે વાગોળે છે.

બધાં જ સસલાંની એ કુદરતી ખાસિયત છે કે તેઓ તેમની વિષ્ઠા (લીંડીઓ) બહાર કાઢે કે તરત જ તેઓ તેમની ૫૦ ટકાની વિષ્ટાને (લીંડીઓને) પાછી ખાઈ જાય છે. તેઓ દિવસને જુદે જુદે સમયે બે પ્રકારની લીંડીઓ બહાર કાઢે છે : પોચી લીંડીઓ અને કઠણ લીંડીઓ. પોચી લીંડીઓ તેઓ તરત જ પાછી ખાઈ જાય છે, ચાવે છે અને પછી પાચનતંત્રમાં ધકેલે છે.

ગાયો અને વાગોળતાં અનેક પ્રાણીઓ ચવાયેલો. અને પાચનતંત્રમાંથી અમુક રીતે પસાર થયેલો ખોરાક બીજા પેટમાંથી પાછો મોંમાં લાવી નીરાંતે ચાવે છે. એમ સસલાં નરમ લીંડીઓને તરત જ ગળી જઈ ચાવે છે અને પાચનતંત્રમાં મોકલે છે. એમ તેઓ વાગોળે છે, જરાક જુદી રીતે. આમ, બાઇબલનું કથન સાચું ઠરે છે.

□

## ૨૯

## ઉત્પત્તિના પહેલા અને બીજા અધ્યાયમાં સૃષ્ટિની ઉત્પત્તિનાં બે વૃતાંત છે, એ ખરી વાત ?

☐ **પ્રશ્ન :**

ઉત્પત્તિના પહેલા અધ્યાયમાં પ્રથમ પક્ષીઓ અને પ્રાણીઓને ઉત્પન્ન કર્યા પછી છેલ્લે આદમ અને હવાને બનાવ્યાં. જ્યારે બીજા અધ્યાયમાં એથી ઉલટો ક્રમ આપવામાં આવ્યો છે. પ્રથમ આદમને બનાવ્યો (૨:૪:૧૮). એ પછી પક્ષીઓ તથા પ્રાણીઓને બનાવ્યાં. (૨:૧૯). અને છેલ્લે હવાને આદમમાંથી બનાવી (૨:૨૧-૨૪). તો એમાં સાચું વૃત્તાંત કયું ?

☐ **જવાબ :**

ઉત્પત્તિના પહેલા તથા બીજા અધ્યાયમાં સૃષ્ટિની ઉત્પતિનાં બે પરસ્પર વિરોધી વૃત્તાંત (વર્ણન) છે જ નહિ. પવિત્ર આત્માની પ્રેરણાથી લખાયેલા બાઈબલમાં કોઈ ક્ષતિ હોય જ નહિ. પહેલા અધ્યાયમાં સૃષ્ટિની ઉત્પત્તિનું, ઝીણી વિગતો વગરનું સળંગ વર્ણન છે, જ્યારે બીજા અધ્યાયમાં પહેલા અધ્યાયમાં નહિ આપેલી બાકીની ઝીણી વિગતો આપી છે.

બે વર્ણનોનો આભાસ દેખાય છે તે તરજુમાકારોની ભૂલને લઈને થાય છે, - અંગ્રેજી, ગુજરાતી અને અન્ય કેટલાક તરજુમાઓમાં. અને બીજું કારણ, હિબ્રૂ ભાષાના વિશિષ્ઠ પ્રકારના વ્યાકરણનું છે. ઉત્પત્તિ ૨:૧૯માં ''ઉત્પન્ન કર્યાં'' એ તરજુમામાં સાદો ભૂતકાળ વાપર્યો છે, જ્યારે હિબ્રૂ ભાષામાં એ ક્રિયાપદ ''વાવ-કોન્ઝીક્યુટીવ-ઈમપરફેક્ટ'' છે. ગુજરાતી વ્યાકરણ પ્રમાણે ''પૂર્ણ ભૂતકાળ'' છે અને અંગ્રેજીમાં ''પાસ્ટ પરફેક્ટ'' છે. પૂર્ણ ભૂતકાળ પ્રમાણે ત્યાં (૨:૧૯માં) **"ઉત્પન્ન કર્યાં હતાં"** જોઈએ. આખું વાક્ય આ પ્રમાણે થાય. ''અને યહોવા દેવે ખેતરનાં સર્વ

જાનવરને...ઉત્પન્ન કર્યાં હતાં, તેમને, યહોવા દેવ આદમ પાસે લાવ્યો.''

અંગ્રેજીમાં ''ન્યૂ ઈન્ટરનેશનલ વર્ઝન''માં તેમ જ યુનિવર્સિટી એડિશન ઓફ ધી બાઈબલમાં પણ સાચો તરજુમો છે :''Now the Lord God had formed out of the ground all the beasts of the field and all the birds of the air''.

આ સૃષ્ટિ-ઉત્પત્તિનો ક્રમ પહેલા અને બીજા અધ્યાયમાં એકબીજાથી ઉલટો દેખાય છે, તે આભાસ છે. તેઓ એકબીજાના પૂરક છે. મેરિલ એફ. અન્ગર એમની ''કોમેન્ટરી ઓન ધી ઓલ્ડ ટેસ્ટામેન્ટ''માં ૧૦માં પૃષ્ઠ પર આ વિષે લખે છે કે, ''એ પ્રમાણે ૨:૪-૨૫ (૪:૨૬)એ ઉત્પત્તિનું બીજું, પહેલાં કરતાં જુદું, વર્ણન નથી, પણ સહાયભૂત યા પુરક વર્ણન છે.''

વળી, છેલ્લે માણસને બનાવ્યું તે પહેલા અધ્યાયમાં આપ્યું છે, પણ આદમમાંથી હવા કેવી રીતે છૂટી પાડી એની વિગત બીજા અધ્યાયમાં આપવામાં આવી છે.

આમ, પહેલા અને બીજા અધ્યાયમાં વિરોધી કોઈ વાત નથી, કે ઉત્પતિ-ક્રમમાં કોઈ ફેરફાર નથી. તેઓ એકબીજાનાં પુરક છે. પહેલા અને બીજા અધ્યાયમાં એક જ વર્ણન છે.

□

# 30 રાહેલ મૂર્તિપૂજક હતી ?

☐ **પ્રશ્ન :**

બાઈબલમાં ઉત્પતિ ૩૧:૩૪માં આપ્યું છે કે, ''હવે રાહેલ ઘરમૂર્તિઓ લઈને ઊંટોના સામાનમાં મૂકીને તેઓ પર બેઠી હતી.'' તો રાહેલે શા માટે મૂર્તિઓ રાખી હતી ? શું એ મૂર્તિપૂજક હતી ? યાકોબ તો એક ઈશ્વરમાં માનનાર હતો.

☐ **જવાબ :**

તમારો પ્રશ્ન વાજબી છે. મને પણ ઘણાં વર્ષો સુધી એ પ્રશ્ન મૂંઝવતો હતો. ''જો કે યાકોબ જાણતો નહોતો કે રાહેલે તે ચોરી લીધી હતી'' (ઉત્પ. ૩૧:૩૨). પુરાવિદ્યાના ખોદકામમાં પૂર્વ ઈરાકમાંથી ''નૂઝી તકતીઓ'' મળી આવી, અને એમાંનું લખાણ બહાર પાડવામાં આવ્યું, ત્યારે એ વાંચીને મારી મૂંઝવણ દૂર થઈ, અને સાચી પરિસ્થિતિ સમજી શક્યો. (આજનું ઈરાક અબ્રાહમ, યાકોબના જમાનાનું મેસોપોતામિયા હતું.)

આ નૂઝી તકતીઓ અક્કેડિયન ભાષામાં લખેલી છે. આશરે ઈ.પૂર્વે ૧૫૦૦-૧૬૦૦ના સમયમાં લખવામાં આવી હશે. તે જમાનાના ''દત્તક લેવાના'', જન્મસિદ્ધ હક્કોના, વારસા હક્કોના, અને એવા કાયદા-કાનૂનો એ તકતીઓમાં આપવામાં આવ્યા છે. અબ્રાહામ, ઈસ્હાક, યાકોબ, વગેરે ગોત્રપતિઓના સમયના આ બધા કાયદા- કાનૂનો વિષે એ તકથીઓમાંથી ઘણું જાણવાનું મળે છે.

એમાં ઘરમૂર્તિઓ વિષે પણ આપવામાં આવ્યું છે. એ વિષેનો કાયદો એવો હતો કે ''જે પતિના હવાલામાં પોતાના સસરાના ઘરની ઘરમૂર્તિઓ હોય તે પતિને સસરાની સઘળી મિલકત વારસામાં મળે.'' લાબાન યાકોબનો સસરો થાય. લાબાને ૨૦ વર્ષ સુધી

યાકોબ પાસે ખૂબ કપરી ચાકરી કરાવી હતી (વાંચો ૩૧:૩૮-૪૨). એટલે લાબાનની બધી મિલકતનો વારસો પોતાના પતિ યાકોબને મળે માટે રાહેલ પોતાના પિતા લાબાનની ઘરમૂર્તિઓ ચોરી લાવી હતી, અને પોતે જે ઊંટ પર બેઠી હતી તેના જીન (એટલે કે ''પલાણ કે કાઠડા'') નીચે સંતાડી રાખી હતી. ગુજરાતી બાઈબલમાં સામાન શબ્દ વાપર્યો છે તે બરાબર નથી.

પોતાની ઘરમૂર્તિઓ જમાઈ યાકોબના હવાલામાં જતી રહે તો પોતાની બધી મિલકતનો વારસદાર યાકોબ બની જાય, એ ભયથી લાબાન છેક હારાનથી ગિલઆદ સુધી પાછળ આવ્યો હતો, અને યાકોબ તથા તેની પત્નીઓના તંબુઓ અને તમામ સરસામાનની ઝડતી લીધી હતી. હારાન અને ગિલઆદ વચ્ચે આશરે ૪૮૩ કિ.મી. (૩૦૦ માઈલ ) થાય.

યાકોબે આ ઘરમૂર્તિઓનો કદી ગેર-ઉપયોગ કર્યો નહિ, પણ શખેમ આગળ એ બધાં દેવલાંને દાટી દેવા હુકમ કર્યો હતો (ઉત્પ. ૩૫:૨- ૪).

□

# ૩૧ લ્યુસિફર

'લ્યુસિફર'' નામ ગુજરાતી બાઇબલમાં નથી. શેતાનનું એ મૂળ નામ છે. હિબ્રૂમાં એને માટે ''હિલેલ'' શબ્દ છે, અને એનો અર્થ ''પ્રકાશિત'' થાય છે, ગ્રીકમાં એને માટે ''લ્યુસિફર'' નામ છે. અને ગ્રીકમાં પણ તેનો અર્થ ''પ્રકાશિત'' થાય છે.

હવામાં ઊડતાં ''ભૂજિયાં, સેવાળમાં થતા ''આગિયા,'' સમુદ્રોનાં ઊંડાણમાં થતાં કેટલાંક માછલાં અને બીજાં કેટલાંક જીવોમાંથી પ્રકાશ નીકળે છે, એ બધાં પ્રકાશિત પ્રદાર્થને ''લ્યુસિફેરોન'' (= પ્રકાશરૂપ) કહે છે. એ પરથી ''લ્યુસિફર'' નામ આવેલું છે. આ ''લ્યુસિફેરોન'' તે ઠંડો પ્રકાશ છે. સૂર્ય, ચંદ્ર, તારાઓ, ટયૂબ લાઈટ, પેટ્રોમેક્સ, કેરોસીનની બત્તી કે દીવો, ઘીનો દીવો, મીણબત્તી, વગેરેમાંથી આવતું અજવાળું ગરમ હોય છે. એ બધાં સાધનાંમાંથી પ્રકાશ થોડોક મળે છે, જ્યારે ગરમી વધારે ઉત્પન્ન થાય છે. જ્યારે આગિયા, ભૂજિયાં વગેરેમાં જરાયે ગરમી નહિ, માત્ર પ્રકાશ જ ઉત્પન્ન થાય છે, એટલે એને ઠંડું અજવાળું કહે છે. વિજ્ઞાનીઓ ઠંડું અજવાળું ઉત્પન્ન કરવા લાંબા સમયથી પ્રયત્ન કરે છે. પણ આજ દિન સુધી એ શક્ય બન્યું નથી. ''લ્યુસિફર'' શબ્દ આ લ્યુસિફેરોન પરથી બન્યો છે.

ગુજરાતી બાઈબલમાં આ નામનો માત્ર અર્થ આપવામાં આવ્યો છે : ''તેજસ્વી તારા'', અને એની સાથે વિશેષણ પણ ઊમેર્યું છે : '' પ્રભાતના પુત્ર'' (યશાયા ૧૪:૧૨-૧૬). પ્રભાતમાં આકાશમાં વિનસનો તારો ખૂબ પ્રકાશતો જોવામાં આવે છે. એટલે આ વિશેષણ ''પ્રભાતના પુત્ર'' પણ ઉમેરવામાં આવ્યું છે.

ઈશ્વરે જ્યારે દૂતોને બનાવ્યા, ત્યારે ''લ્યુસિફર''ને સર્વોપરી બનાવ્યો હતો. ગાબ્રિયેલ, મિખાયેલ અને ''દેવના અન્ય તારાઓ''માં તેને અદકું સ્થાન આપવામાં આવ્યું હતું. પણ તેના મનમાં પાપનો પ્રવેશ થયો. તેનામાં અહંકાર (અહમ્ નો રણકાર) જાગ્યો કે ''હું ઈશ્વર કરતાં મોટો બનું.'' તેં તારા હૃદયમાં કહ્યું હતું કે, હું આકાશો પર ચઢીશ. દેવના તારાઓ (દૂતો) કરતાં મારું રાજ્યાસન ઊંચું રાખીશ, હું છેક ઉત્તરના છેડામાં, સભાના પર્વત પર બેસીશ, હું પોતાને પરાત્પર સમાન કરીશ (યશા ૧૪:૧૩-૧૪. સરખાવો ગી.શા. ૪૮:૧, ૨. માથ્થી ૫:૬૫).

ઈશ્વર કરતાંયે મોટો બની જવાનો ગર્વ તેના મનમાં આરૂઢ થયો. એટલે ઈશ્વરે તેને સ્વર્ગમાંથી દૂર કર્યો. તેની સાથે આકાશી દૂતોનો ત્રીજો ભાગ જોડાયો. એ બધાને પણ ઈશ્વરે સ્વર્ગમાંથી દૂર કર્યા. તેઓ અપદૂતો અથવા અશુદ્ધ આત્માઓ તરીકે ઈશ્વરની વિરુદ્ધ કામ કરે છે.

જરૂર પ્રશ્ન થાય કે સ્વર્ગમાં કે ક્યાંયે પાપ કે ભૂંડાઈ નહોતાં, ત્યાં ઈશ્વરની વિરુદ્ધનો અહંકાર ક્યાંથી ઊભો થયો ? પણ એક વાત ધ્યાનમાં રાખવી રહી કે, ઈશ્વરે લ્યુસિફર તેમ જ તમામ દૂતોને મુક્તેચ્છાનું દાન આપ્યું છે, એટલે કે તેઓ યંત્ર જેવા કે વૃત્તિઓ કે વલણથી (Instinctથી) દોરવાતાં પશુપંખી જેવા નથી. પણ મુક્ત ઇચ્છા દ્વારા પોતે પસંદગીઓ કરીને તે પ્રમાણે વર્તે છે. આથી જ ઈશ્વરની ઇચ્છા પ્રમાણે પસંદ કરવામાં પવિત્રાઈ છે, અને ઈશ્વરની ઇચ્છાથી ઊલટી પસંદગી કરવામાં અહંકાર અને પાપ છે. માણસને પણ ઈશ્વરે મુક્તેચ્છા બક્ષી છે.

ફરક એટલો જ છે કે માણસનાં પાપને માટે ઈશ્વરે મુક્તિ અને માફીનો ઈલાજ રાખ્યો છે, જ્યારે પતિત દૂતો માટે ઈશ્વરે એવો

કોઈ ઈલાજ રાખ્યો નથી. તેઓ તો આખરે સજા જ ભોગવશે, - લ્યૂસિફર (શેતાન)પણ.

જેમ યશા. ૧૪:૧૨-૧૪માં બાબિલોનના બાદશાહનો દાખલો આપીને લ્યુસિફરનું (શેતાનનું) પતન દર્શાવ્યું છે, તેમ હઝકીએલ ૧૮:૧૨, ૧૪માં તૂરના રાજાનો દાખલો આપીને લ્યુસિફરનું (શેતાનનું) એક સમયનું મહિમાવંત સ્થાન દર્શાવ્યું છે.

દાનિયેલ ૧૦ : ૧૩ અને એફેસી ૬ :૧૨માં બતાવવામાં આવ્યું છે કે શેતાની દુન્યવી પદ્ધતિ પ્રમાણે દુન્વયી સરકારોમાં માનવીય કરતા-કારવતા હોય છે તેમ જ શેતાની બળો પણ તેમાં કતાંકારવતાં હોય છે.

□

# ૩૨ પ્રભુ ઈસુ મહિમાવંતા શરીરે ઊઠ્યા કે ભૌતિક (પ્રાણી) શરીરે ?

☐ **પ્રશ્ન :**

આપણે બધા માનીએ છીએ કે પ્રભુ ઈસુ મહિમાવાન શરીરે પુનરુત્થાન પામ્યા. તો પછી લૂક ૨૪:૨૯મી કલમમાં પ્રભુ ઈસુ કેમ એમ કહે છે કે, ''મારા હાથ તથા પગ જુઓ (ખીલાના વેહ અંગે)'' કે હું પોતે છું. મને હાથ અડકાડીને જુઓ કેમ કે જેમ તમે જુઓ છો કે મને માંસ તથા હાડકાં છે તેમ આત્માને હોતાં નથી.'' વળી ૪૨મી કલમ અનુસાર ''તેઓએ તેને શેકેલી માછલીનો એક કકડો આપ્યો. તે લઈને તેણે તેઓની આગળ ખાધો.'' એટલે પ્રભુ ઈસુ ખ્રિસ્ત જે સ્વરૂપે તેમને દફનાવવામાં આવ્યાં હતા તે જ સ્વરૂપે (માંસ તથા હાડકાં સહિત) પુનરુત્થાન પામ્યા હતા, ખરું ને ? કે મહિમાવાન શરીરે ?

☐ **જવાબ :**

પ્રભુ ઈસુ બેથલેહેમની ગભાણમાં ભૌતિક (કુદરતી) શરીર પામ્યા હતા. પણ તેમના પુનરુત્થાનમાં તેઓ મહિમાવાન શરીર પામ્યા. મહિમાવાન શરીરમાં માંસ, હાડકાં અને ચામડી હોય છે. આપણને પણ પુનરુત્થાનમાં મહિમાવાન શરીર મળશે, એટલે આપણને માંસ, ચામડી તથા હાડકાં હશે. જો એ ત્રણ ન હોય તો વ્યક્તિઓ ઓળખાય નહિ, તેમ જ શરીરનો આકાર પણ રહે નહિ.

પણ મહિમાવાન શરીરમાં લોહી નહિ હોય. શરીરના વિવિધ પ્રકારના કોશોને ખોરાક (એટલે કે પોષણ) પૂરો પાડવા માટે લોહીની જરૂર છે. પણ મહિમાવાન શરીરને ખોરાકની જરૂર નહિ હોય તેથી ભૂખ તથા તરસ નહિ લાગે. ખોરાક લેવાની જરૂર નહિ રહે. એટલે મહિમાવંત શરીરમાં લોહી નહિ હોય.

તમે કહેશો કે પ્રભુ ઈસુએ પુનરુત્થાન પછી માછલી ખાધી હતી (લૂક ૨૪ : ૪૧-૪૩). ખરી વાત. પણ તે ખાવાની તેમને જરૂર નહોતી. પોતે માત્ર અશરીરી આત્મા નથી એ બતાવવા માટે તેમણે માછલી ખાધી હતી. એમ તો ઉત્પત્તિ ૧૮:૧-૮૯માં બપોરને સમયે ત્રણ આકાશી વ્યક્તિઓ અબ્રાહમને ત્યાં આવી હતી, જેમાંની એક વ્યક્તિ ''સનાતન શબ્દ (યહોવા) હતો.'' અબ્રાહામે તેઓને વાછરડાનું માંસ, રોટલી દૂધ તથા માખણ પીરસ્યાં હતાં, અને એ ત્રણ આકાશી વ્યક્તિઓએ એ ખાધું હતું. પણ તેઓને ખોરાકની જરૂર ન હતી.

વળી, એમાંની બે વ્યક્તિ લૂતને ત્યાં રાતવાસા માટે ઉતરી હતી. લૂતે જરૂર તેમને માટે ખોરાક પીરસ્યો હશે, અને તેઓએ ખાધું હશે. તેમને ખોરાકની જરૂર નહોતી.

પ્રભુ ઈસુ કહે છે કે ''મને માંસ તથા હાડકાં છે તેમ આત્માને હોતાં નથી'' (લૂક ૨૪:૩૯). અશરીરી આત્માને હાડકાં માંસ તથા ચામડી (તેમજ લોહી પણ) હોતાં નથી, એને સ્પર્શી કે અડકી શકાતો નથી, જ્યારે ઈસુ તો શિષ્યોને કહે છે, ''મને હાથ અડકાડીને જુઓ'' (લૂક ૨૪:૩૯).

પુનરુત્થાનમાં આપણને મળનાર મહિમાવંતાં શરીરો કેવાં હશે તે વિશે મેં બહુ વિસ્તારપૂર્વક મારા પુસ્તક ''પુનરુત્થાનો, ન્યાયકાળો અને પ્રભુનું પુનરુત્થાન''ના પૃષ્ઠ ૪૯થી ૬૪માં આપ્યું છે. એ જોઈ જવા વિનંતી છે.

એ યાદીમાં બીજા નંબરમાં આપ્યું છે કે, શરીર તો એ જ હશે, પણ મહિમાવંતા શરીરમાં પલટાયું હશે. અસલ શરીરોની ખોડખાંપણ દૂર કરાઈ હશે. કાણો કે લંગડો મહિમાવંત શરીરમાં કાણો કે લંગડો નહિ હોય, પણ ખોડખાંપણ રહિત હશે.

તો પ્રભુ ઈસુના હાથો - પગોમાં અને કૂખમાં વેહ કેમ હતા ? થોમા સુદ્ધાં શિષ્યોએ એ વેહ જોયા હતા. બાઈબલ એ વિષે કોઈ ખાસ ખુલાસ કરતું નથી. પણ બાઈબલમાં ત્રણ જગાએ આ વાક્ય (અથવા ભવિષ્યકથન) આપ્યું છે તે સૂચક અને સાંકેતિક છે : ''વળી બીજું શાસ્ત્રવચન છે કે, જેને તેઓએ વીંધ્યો છે તેને તેઓ જોશે'' યોહાન ૧૯:૩૭ તેમજ પ્રકટી ૧:૭, ''જુઓ, તે વાદળાં - સહિત આવે છે, દરેક આંખ, અને જેઓએ તેને વીંધ્યો તેઓ પણ તેને જોશે.'' અને એ જ સંજોગના અનુસંધાનમાં ઝખાર્યા ૧૨:૧૦માં પણ એ જ ભવિષ્યકથન આ પ્રમાણે છે : ''હું દાવિદના વંશજો પર (એટલે કે યહૂદીઓ પર) તથા યરુશાલેમના રહેવાસીઓ પર કૃપાનો તથા વિનંતીનો આત્મા રેડીશ, મને, જેને તેઓએ વીંધ્યો છે તેની તરફ તેઓ જોશે. અને જેમ કોઈ પોતાના એકના એક પુત્રને માટે શોક કરે તેમ તેઓ તેને માટે શોક કરશે...''

એ ત્રણ જગાનાં ભવિષ્યકથન, પ્રભુ ઈસુ પુનરાગમન વખતે પૃથ્વી પર (યરુશાલેમમાં જૈતૂન પહાડ પર) ઊતરે ત્યારે એકેએક યહૂદી પ્રભુ ઈસુના વીંધાયેલા હાથપગ જોઈને પસ્તાવો કરીને પ્રભુ ઈસુનો સ્વીકાર કરશે તે માટે લખાયેલું છે. એ ઓળખ માટે જ પ્રભુ ઈસુએ પોતાના મહિમાવાન શરીરમાં આ વીંધ જાણી જોઈને રહેવા દીધાં હશે. તેમ જ પોતાના પુનરુત્થાન પછી શિષ્યો તેમને ઓળખી શકે માટે પણ એ વીંધ તેમણે રહેવા દીધાં હશે. આ મારા હૃદયનું અનુમાન છે, પ્રભુ જાણે !

''ખ્રિસ્ત વિરોધી'' આખી દુનિયાનાં લશ્કરો લઈને યરુશાલેમને ઘેરો ઘાલશે, ત્યારે યહૂદીઓ ભયથી થથરી જશે, અને યહોવાની આગળ પોકાર કરશે. તે જ સમયે પ્રભુ ઈસુ યરુશાલેમ પાસેના જૈતૂન પર્વત ઉપર ઉતરશે (ઝખા. ૧૪:૪), અને ''ખ્રિસ્ત વિરોધી''નો અને એનાં લશ્કરોનો નાશ કરશે. ત્યારે યહૂદીઓ

તાજૂબ થશે કે અમારો આવો અજાયબ બચાવ કોણે કર્યો. તે સમયે પ્રભુ ઈસુના વીંધો જોઈ રુદન કરશે અને એકેએક યહૂદી (કોઈપણ બાકી રહેશે નહિ), ખ્રિસ્તનો સ્વીકાર કરશે.

□

# 33 શરીર, પ્રાણ અને આત્મા એટલે શું ?

☐ **પ્રશ્ન :**

બીજું કે ૧ થેસ્સાલો. ૫:૨૩માં આત્મા, પ્રાણ તથા શરીર આપ્યાં છે, તેમાં આત્મા અને પ્રાણ વચ્ચેનો તફાવત શો છે ? બંનેનું અંગ્રેજી શું છે ? બંને માટે કયા કયા ગ્રીક શબ્દો વપરાયા છે ? સભાશિક્ષક ૩:૨૧માં "મનુષ્યનો આત્મા", "પશુનો આત્મા", લખ્યું છે. તો પશુને આત્મા હોય છે શું ? આ વિષે પણ લેખ લખવા વિનંતી છે.

☐ **જવાબ :**

પ્રિય ભાઈ, તમારા પ્રશ્નોના પહેલા ભાગનો જવાબ મેં તમને સીધો આપ્યો છે. હવે, આ બીજો પ્રશ્ન ઘણાએ અછડતી રીતે મને પૂછ્યો છે તેનો અહીં જવાબ આપવા પ્રયત્ન કરું છું. મારે માટે એ ખૂબ જ અઘરો પ્રશ્ન છે. વર્ષોથી હું એની સહેલી સમજાવટ શોધું છું. હું એ ત્રણ શબ્દો બાઇબલમાં ક્યાં ક્યાં કેવી રીતે વપરાયા છે તે અહીં રજૂ કરીશ. અને રેવ. ક્લેરેન્સ લાર્કિન્સે એનો કેવો ખુલાસો આપ્યો છે તે રજૂ કરીશ. પ્રાણ (Soul) અને આત્મા (Spirit) વારંવાર એકબીજાની જગાએ વપરાયેલા છે.

**આત્મા, (અંગ્રેજી : સ્પીરીટ, ગ્રીક : ન્યૂમા), (હિબ્રૂ: રુહ)**

૧. "આત્મા" (ગ્રીક : ન્યૂમા) એ શબ્દનો પ્રાથમિક અર્થ પવન થાય છે. પ્રભુ ઈસુ યોહા. ૩:૧-૧૫માં નિકોદિમસને માણસના આત્મા સંબંધી સમજાવતાં "પવન"ની ઉપમા વાપરે છે. અંગ્રેજીમાં એ ગ્રીક શબ્દ પરથી "ન્યુમેટિક ટાયર" (હવા પુરાતું ટાયર), 'ન્યુમોનિયા' (ખરાબ હવા, જૂના વખતમાં એમ માનવામાં આવતું કે ખરાબ હવા લેવાથી ન્યુમોનિયા થાય છે).

વગેરે શબ્દો બન્યા છે. હિબ્રૂ ૧:૭માં આપ્યું છે : ''તે પોતાના દૂતોને વાયુરૂપ કહે છે'' (અંગ્રેજીમાં કીંગ જેમ્સ આવૃત્તિમાં Spirit (સ્પીરીટ) વાપર્યું છે, અને અન્ય અંગ્રેજી આવૃત્તિઓમાં Winds-વિન્ડઝ આપ્યું છે.) સરખાવો ગી.શા. ૧૦૪:૪ અંગ્રેજી અને ગુજરાતીમાં.

૨. ગ્રીક 'ન્યુમા'નો બીજો અર્થ 'શ્વાસ', ફૂંક (Breath- બ્રેથ Blow-બ્લો) થાય છે. ૨ થેસ્સા. ૨:૮ ''પ્રભુ ઈસુ માત્ર ફૂંકથી તેનો (ખ્રિસ્ત વિરોધીનો) નાશ કરશે.'' પ્રકટી. ૧૧:૧૧, ૧૩:૧૫, અયૂબ ૨૨:૧૦.

૩. **માણસનો અદ્રશ્ય અને અપાર્થિવ ભાગ :** લૂક ૮:૫૫ - યાઈરસની દીકરી વિષે લખ્યું છે કે ''એનો આત્મા પાછો આવ્યો'' પ્રે.કૃ. ૭:૫૯. ૧ કોરિંથી ૫:૫. યાકોબ ૨:૨૬.

૪. શરીરમાંથી મુક્ત કરાયેલો (આવરણ ઉતારેલો, 'નાગો') : (૨ કોરિંથી. ૫:૩, ૪ માણસ : લૂક ૨૪:૩૭, ૩૯, હિબ્રૂ. ૧૨:૨૩. ૧ પિતર ૪:૬.

૫. **પુનરુત્થાનમાં મળનાર શરીર :**૧ કોરિંથી ૧૫:૪૫. ૧ તિમો. ૩:૧૬. ૧ પિતર ૩:૧૮

૬. **માણસનો ચેતનાવાળો ભાગ / તત્ત્વ :** જે દ્વારા તે સમજે છે, વિચારી શકે છે, સંવેદનાઓ અનુભવે છે, ઇચ્છી શકે છે : માથ્થી ૫:૩. ૨૬:૪૧. માર્ક ૨:૮. લૂક ૧:૪૭, ૮૦. પ્રે.કૃ. ૧૭:૧૬. ૨૦:૨૨. ૧ કોરિંથી ૨:૧૧. ૫:૩ ૪. ૧૪:૪, ૧૫. ૨ કોરિંથી ૭:૧.

૭. **ચારિત્ર :** લૂક ૧:૧૭. રોમન ૧:૪.

૮. **નૈતિક ગુણધર્મ અને નૈતિક પ્રવૃત્તિ :** રોમન ૮:૧૫. સરખાવો યશા. ૬૧:૩.

૯. **હેતુ, ધ્યેય :** ૨ કોરિંથી. ૧૨ :૧૮. ફિલી. ૧:૨૭. એફેસી. ૪:૨૩. પ્રકટી. ૧૯:૧૦. સરખાવો. એઝરા ૧:૫. ગી.શા.૭૮:૮. દાનિ. ૫:૧૨.

૧૦. **વ્યક્તિવાચક સર્વનામ :** ભારપૂર્વક અને અસરકારક રીતે કહેવા માટે. પ્રથમ પુરુષ યોહા. ૧૦:૨૪. (એમને) હિબ્રૂ. ૧૦:૩૮. સરખાવો ઉત્પ. ૧૨:૧૩. ગણના ૨૩:૧૦. ન્યાય. ૧૬:૩૦. ગી. શા. ૧૨૦:૨ (મને). બીજો પુરુષ : ૨ કોરિંથી ૧૨:૧૫. હિબ્રૂ. ૧૩:૧૭. યોકોબ ૧:૨૧, ૧ પિતર ૧:૯. ૨:૨૫, સરખાવો લેવી. ૧૭:૧૧. ૨૬:૧૫. ૧ શમુ. ૧:૨૬. ત્રીજો પુરુષ : ૧ પિત્તર ૪:૧૯. ૨ પિત્તર ૨:૮. સરખાવો નિર્ગ. ૩૦:૧૨. અયૂબ ૩૨:૨.

૧૧. **પવિત્ર આત્મા** ત્રિએક ઈશ્વરમાંની ત્રીજી વ્યક્તિ. માથ્થી ૪:૧ લક ૪:૧૮).

૧૨. **આંતરિક માણસ :** (ફક્ત નવો જન્મ પામેલા માણસ માટે જ આ શબ્દ પ્રયોગ વપરાયો છે.). રોમન ૭:૨૨. ૨ કોરિંથી ૪:૧૬. એફેસી ૩:૧૬. **નવું જીવન** રોમન ૮:૪-૬, ૧૦, ૧૬. હિબ્રૂ ૧૨:૯.

૧૩. **અશુદ્ધ આત્માઓ, દુષ્ટાત્માઓ, અપદૂતો.** માથ્થી ૮:૧૬. લૂક ૪:૩૩. ૧ પિતર ૩:૧૯.

૧૪. **દેવદૂતો.** હિબ્રૂ. ૧:૧૪.

આત્મા આકારહીન નથી. એને કશુંક સુક્ષ્મ શરીર છે. એટલે તો હાડેસમાં ગયેલા શ્રીમંતે અબ્રાહામ પિતાની ગોદમાં બેઠેલા લાજરસને જોયો અને ઓળખ્યો. વળી પુનરુત્થાનમાં જે શરીર મળશે તે ગુણધર્મમાં મહિમાવાન શરીર હશે.

આત્મા અમર અને અવિનાશી છે. તે મૃત્યુ પામતો નથી. યહોવાના સાક્ષીઓ, સેવન્થ ડે એડવેન્ટીસ્ટો અને રસેલવાદીઓ માને છે કે શરીરની જેમ આત્મા પણ અમર નથી, પણ પામર છે.

પાપી જનના મૃત્યુ સમયે તેનું શરીર તેમ જ આત્મા ખતમ થઈ જાય છે, - હસ્તીલોપ થાય છે.

તો બાઈબલમાં 'આત્માનું મૃત્યુ' લખવામાં આવ્યું છે તે શું ? બાઈબલ શીખવે છે કે માણસ ઈશ્વરથી દૂર જાય છે, ઈશ્વરની આજ્ઞા તોડે છે, ત્યારે તે અળગો બને છે, એટલે કે મૃતપ્રાય બને છે. ખ્રિસ્તનો સ્વીકાર કર્યાથી આત્મા સજીવન બને છે, એટલે કે નવો જન્મ પામે છે. અને એમ ઈશ્વરની સંગતમાં આવે છે.

**SOUL, પ્રાણ, જીવ, ગ્રીકઃપ્સુખે હિબ્રૂ:નફશ.**

આ શબ્દ 'શ્વાસ' કે 'જીવનનો શ્વાસ' સૂચવે છે. એ ઉપરાંત એના બીજા કેટલાક અર્થ નીચે પ્રમાણે થાય છે :

૧. **શરીરનું કુદરતી જીવન :** માથ્થી ૨:૨૦. લૂક ૧૨:૨૨. પ્રે.કૃ. ૨૦:૧૦. પ્રકટી. ૮, ૯. ૧૨:૧૧.

૨. **માણસનો બિનભૌતિક અને અદ્રશ્ય ભાગઃ** માથ્થી ૧૦:૨૮. પ્રે.કૃ. ૨:૨૭.

૩. **શરીરથી મુક્ત કરાયેલો, આવરણ ઉતારેલો, 'નાગો'** (૨ કોરિંથી ૫:૩, ૪) **માણસ.** પ્રકટી ૬:૯

૪. **વ્યક્તિત્વનું રહેઠાણ :** લૂક ૯:૨૪, ૨૫. ''પોતાનો જીવ'' (Own Self). હિબ્રૂ. ૬:૧૯, ૧૦:૩૯.

૫. માણસનો ચેતનાવાળો ભાગ/ તત્ત્વ જે દ્વારા તે સમજે છે, વિચારી શકે છે. સંવેદનાઓ અનુભવે છે, અને ઈચ્છી શકે છે. માથ્થી ૧૧:૨૯. લૂક ૧:૪૬, ૨:૩૫, પ્રે.કૃ. ૧૪:૨, ૨૨.

૬. **ઈચ્છા અને હેતુનું ઉદ્દભવસ્થાન :** માથ્થી ૨૨:૩૭. પ્રે.કૃ. ૪:૩૨. એફેસી ૬:૬. ફિલી. ૧:૨૭. હિબ્રૂ. ૧૨:૩. ( સરખાવો ગણના ૨૧:૪. પુનર્નિ. ૧૧:૧૩.

૭. ઈચ્છા, તૃષ્ણા, વાસના, ભૂખનું ઉદ્દ્ભવસ્થાન, પ્રક્ટી. ૧૮: ૧૪. સરખાવો ગી.શા. ૧૦૭:૯. નીતિ. ૬:૩૦. યશા. ૫:૧૪. ઝંખના, ઈચ્છા.

૮. **વ્યક્તિ :** પ્રે.કૃ. ૨:૪૧, ૪૩. રોમન ૨:૯. યાકોબ ૫: ૨૦. ૧ પિતર ૩:૨૦. ૨ પિતર ૨:૧૪. ઉત્પ. ૧૨:૫. ૧૪:૨૧. વગેરે.

૯. વ્યક્તિવાચક સર્વનામ - ભારપૂર્વક અને અસરકારક રીતે કહેવા માટે : પ્રથમ પુરુષ : યોહાન ૧૦:૨૪. (અમને) : હિબ્રૂ. ૧૦:૩૮૯. સરખાવો ઉત્પ. ૧૨:૧૩. ગણના ૨૩:૧૦. ન્યાયા. ૧૬:૩૦. ગી.શા. ૧૨૦:૨ (મને). બીજો પુરુષ ૨ કોરિંથી ૧૨:૧૫. હિબ્રૂ. ૨૩:૧૭. યાકોબ ૧:૨૧. ૧ પિતર ૧:૯. ૨:૨૫. સરખાવો લેવી ૧૭:૧૧, ૨૬:૧૧, ૧ શમુ ૧:૨૬. ત્રીજો પુરુષ : ૧ પિતર ૪:૧૯. ૨ પિતર ૨: ૮. સરખાવો નિર્ગ. ૩૦:૧૨. અયૂબ ૩૨:૨.

હિબ્રૂ ૪:૧૩ની ભાષા સૂચવે છે કે પ્રાણ-જીવ અને 'આત્મા' વચ્ચે તફાવત બતાવવો એ અતિ કઠિન બાબત છે. બાઈબલમાં જે રીતે આ શબ્દો વપરાયેલા છે તેમાં જાણે કે એ બંનેની પ્રકૃતિ કે ગુણધર્મ અને તેમનાં કાર્યક્ષેત્રો સમાન લાગે છે. સામાન્ય રીતે જોતાં લાગે છે કે 'આત્મા' એ ઊંચું તત્ત્વ છે, અને પ્રાણ-જીવ ઉતરતું તત્ત્વ છે. 'આત્મા' એ ઈશ્વરે માણસને બક્ષેલું જીવન તત્ત્વ ગણી શકાય, અને એમાંથી નીપજતું જીવન વ્યક્તિના ઘટકરૂપ છે, તેને પ્રાણ/જીવ ગણી શકાય. અને 'શરીર' એટલે આત્મા તથા પ્રાણે/જીવે સજીવે કરેલું ભૌતિક સમગ્ર તંત્ર છે.

શરીર અને પ્રાણ/જીવ, (માથ્થી ૬:૨૫. ૧૦:૨૮. લૂક ૧૨:૨૦. પ્રે.કૃ. ૨૦:૧૦ પ્રમાણે) માણસનાં અંગભૂત ઘટકો છે, જ્યારે લૂક ૮:૫૫, ૧ કોરિંથી ૫:૩. ૭:૩૪. યાકોબ ૨:૨૬ પ્રમાણે

આત્મા અને શરીર માણસનાં અંગભૂત ઘટકો છે. માથ્થી ૨૬:૩૮માં લાગણીઓ પ્રાણ/જીવ (Soul) સાથે સંકળાયેલી છે. (સરખાવો ગી.શા. ૪૧: ૧૧ અને ૧ રાજા ૨૧:૫. ગી.શા. ૩૫:૯ પ્રમાણે પ્રાણ/જીવ (Soul) ઈશ્વરમાં હરખાય છે, જ્યારે લૂક ૧:૪૭માં 'આત્મા' (Spirit) ઈશ્વરમાં હરખાય છે.

ઉપર જણાવેલી બાબતો પરથી આપણે આવી તારવણી કદાચ કાઢી શકીએ કે શરીર (બોડી, સોમા) અને આત્મા (સ્પીરીટ, ન્યુમા, રુહ) એક બીજાથી અલગ થઈ શકે, જ્યારે આત્મા (સ્પીરીટ ન્યુમા, રુહ) અને પ્રાણ/જીવ (સોલ, પ્સુખે) ફક્ત અલગ ઓળખી શકાય.

**શરીર (Body, ગ્રીક : સોમા, હિબ્રૂ:બેતન, બસર)**

'શરીર' જીવનું વાસણ યા ધારક યા ખોળિયું છે, એ પછી જીવતા માણસનું શરીર હોય (માથ્થી ૬:૨૨) કે મરેલા માણસનું શરીર (શબ) હોય (માથ્થી ૨૭:૫૨), કે પછી પુનરુત્થાનનું (મહિમાવંત) શરીર હોય (૧ કોરિંથી ૧૫:૪૪), કે પશુનું (હિબ્રૂ ૧૩:૨૧) હોય કે દાણા (અનાજનું). ૧ કોરિંથી ૧૫:૩૦, ૩૮ હોય કે આકાશી સૈન્ય એટલે કે સૂર્ય, ચંદ્ર કે તારાનું શરીર હોય ૧ કોરિંથી ૧૫:૪૦. પ્રકટી. ૧૮:૧૩માં એનો તરજુમો ગુજરાતીમાં ' ગુલામો' અને અંગ્રેજીમાં slaves (સ્લેવઝ) કર્યો છે. ત્યાં ગ્રીકમાં 'સોમા' છે. એનો શાબ્દિક તરજૂમો 'શરીરો' થાય છે.

કોઈ વખતે લક્ષણાલંકાર તરીકે એ શબ્દ વપરાયો છે. લક્ષણાલંકાર એટલે સમગ્ર વસ્તુને માટે એક જ ભાગનું નામ આપ્યું હોય, દા. ત. દશ માથાં એટલે દશ માણસ. રોમન ૧૨:૧માં ''તમે તમારાં શરીરોનું દેવને પસંદ પડે એવું અર્પણ કરો.'' અહીં શરીર તે આત્મા, પ્રાણ અને શરીર - એટલે સમગ્ર વ્યક્તિત્વનું, એટલે કે 'પંડનું', 'જાતનું' અર્પણ કરો, એમ થાય. (વળી જુઓ: માથ્થી ૫:૨૯. ૬:૨૨. યાકોબ ૩:૬. પ્રકટી ૧૮:૧૩. પ્રે.કૃ.

૯:૩૭માં માણસના સમગ્ર વ્યક્તિત્વને તેના શરીર દ્વારા ઓળખાવ્યું છે. ''તે માંદી પડીને ગુજરી ગઈ. અને તેઓએ તેને (મૃત શરીરને) નવડાવીને મેડી પર સુવાડી.''

વળી ''દાવિદ તો પોતાના જમાનામાં ઈશ્વરની ઇચ્છા પ્રમાણે સેવા કરીને (પ્રે.કૃ. ૧૩:૧૬) ઊંઘી ગયો, અને તેને (તેના પ્રાણ અને આત્મા વગરના શબ યા શરીરને) તેના પૂર્વજોની પડખે મૂકવામાં આવ્યો, અને તેને (શરીર/શબને) કોહવાણ લાગ્યું.'' પ્રભુ ઈસુ માટે પણ એમ જ વાપર્યું છે : યોહાન ૧૯:૪૦ અને ૪૨- ત્યારે યહૂદીઓની દાટવાની રીત પ્રમાણે તેઓએ ઈસુનું મડદું લઈને, તેને સુંગધીઓ લગાડીને શણના લુગડામાં લપેટ્યું. એ માટે તેઓએ યહુદીઓના પાસ્ખાની તૈયારીના દિવસને લીધે ઈશુને (તેમના શરીર/શબને) ત્યાં જ મૂક્યો. શરીર માણસ નથી, કારણ માણસ શરીર વગર હયાત હોઈ શકે છે. જુઓ ૨ કોરિંથી ૧૨:૨, ૩ : ''ખ્રિસ્તમાં એક એવા માણસને હું ઓળખું છું (તે શરીરમાં હતો તે હું જાણતો નથી કે શરીર બહાર હતો તે પણ હું જાણતો નથી, ઈશ્વર જાણે છે').

શરીર વ્યક્તિનો અગત્યનો ભાગ છે. એટલે મૃત્યુમાં ઊંઘી ગયેલા લોકો પૂર્ણ નથી. પુનરુત્થાનમાં જ તેઓ સંપૂર્ણ કરાશે. (હિબ્રૂ ૧૧:૪૦). કોઈ પણ માણસ એની આખરી સ્થિતિમાં એના શરીર વગરનો નહિ હોય (યોહાન ૫:૨૮, ૨૯. પ્રકટી ૨૦:૧૨).

'શરીર' શબ્દ માણસના ભૌતિક (દૈહિક કે પ્રાકૃતિક) સ્વભાવ માટે પણ વપરાયો છે. - ન્યૂમા અથવા આત્મિક સ્વભાવથી જુદો (૧ કોરિંથી ૫:૩), અને 'પ્સુખે' થી પણ જુદો (૧ થેસ્સા ૫:૨૩). શરીર અને આત્મા (ન્યૂમા) જુદા કરી શકાય, પણ આત્મા (ન્યૂમા) અને પ્રાણ/જીવ (Soul, પ્સુખે) જુદા પાડી ન શકાય, ફકત અલગ અલગ ઓળખી કે પારખી શકાય.

ઘણી વખતે 'શરીર' શબ્દ રૂપક અલંકાર તરીકે પણ નવા કરારમાં વપરાયો છે. - 'ખ્રિસ્તના શરીર' તરીકે 'મંડળી માટે રૂપક તરીકે વપરાયો છે.''

હિબ્રૂ ભાષામાં 'બસર' શબ્દ 'શરીર' માટે વપરાય છે, પણ એનો ખાસ અર્થ અંગ્રેજી શબ્દ 'Flesh' જેવો થાય છે. ''મારા માંસમાંનું માંસ'' એ અર્થ એમાં છે. Soul , પ્રાણ/જીવ માટે વપરાય છે. પણ 'બસર' કરતાં 'સોલ' કંઈક વધારે છે, પણ 'બસર' અથવા ફ્લેશ 'સોલ'નું પૂર્ણ રૂપ છે. ''તેઓ બંને મળીને એક ' દેહ' થશે'' અહીં વપરાયેલો શબ્દ 'દેહ' આત્માની વિરુદ્ધ છે. ત્યાં 'દેહ' શબ્દ કંઈક જુદો જ અર્થ ધરાવે છે.

આ ઉપરાંત બાઈબલમાં બીજા કેટલાક શબ્દો છે, જેમની વ્યાખ્યા કરવી સહેલી નથી. એમાં આ શબ્દો છે. હૃદય, અંતઃકરણ, મન, પ્રેરકબુદ્ધિ, આંતરડી, (મારી આંતરડી કકળી ઊઠે છે, હૈયું, વગેરે) એ બધાને, શરીર, પ્રાણ/જીવ, અને આત્મા સાથે કેવો સંબધ છે ? કે પછી એ શબ્દો માત્ર અલંકારિક ભાષા છે ?

માણસોની જેમ પશુંપંખીઓને આત્મા હોય છે ? ના, પશુ પંખીઓને આત્મા હોતો નથી. ઈશ્વરની સાથે સંગત માણવા માટે ઈશ્વરે માણસને આત્મા આપ્યો છે. આત્મા માણસનું આત્મિક અંગ છે. એ દ્વારા માણસ ઈશ્વરને જવાબદાર છે. માણસનો ઈશ્વર ન્યાય કરશે, સ્વર્ગે લેશે કે નર્કે નાખશે. પશુ ઈશ્વરને જવાબદાર નથી, એનો ન્યાયકાળ, સ્વર્ગ કે નર્ક નથી. મૃત્યુ સમયે એનો જીવ નીકળી જાય છે, અને તેની હસ્તી કાયમ માટે લોપ થાય છે. સભાશિક્ષક ૩ :૨૧માં એ લેખક કોઈ સત્ય હકીકત કહેતો નથી. પણ માત્ર ફિલોસોફીલ પ્રશ્ન ઉઠાવે છે. પશુ સજીવ પ્રાણી છે, માણસ પણ સજીવ પ્રાણી તો છે જ, પણ સાથે સાથે તે આત્મિક છે. તેને અનંતકાળિક જીવન છે.

અગાઉ મેં લખેલું કે આ પ્રશ્ન મારે માટે ખૂબ અઘરો છે. એનું એક કારણ એ કે આ ત્રણ શબ્દો અને બીજા કેટલાક શબ્દો હિબ્રૂ, ગ્રીક, અંગ્રેજી અને ગુજરાતીમાં અરસપરસ એકબીજાને બદલે વપરાયા છે. એ બધા શબ્દો મળીને માણસનું આખું વ્યક્તિત્વ (અહીં પૃથ્વી પરનું અને સ્વર્ગમાંનું વ્યક્તિત્વ) બને છે.

વળી ગઈ વખતે મેં એમ પણ લખેલું કે હવે પછી રેવ. ક્લેરેન્સ લાર્કિન્સે એ શબ્દોનો જે ખુલાસો લખી જણાવ્યો છે તેનો ગુજરાતી તરજૂમો કરીને આપીશ. એટલે હવેથી લેખના અંત સુધી એનો ખુલાસો રજૂ કર્યો છે. મેં ફક્ત ગુજરાતી અનુવાદ કર્યો છે.-

માણસને ભૌતિક શરીરવાળો અને આત્માવાળો - એમ બે પ્રકૃતિવાળો બનાવ્યો છે. જેથી તે દુનિયામાં રહી શકે, (ભૌતિક દુનિયામાં) તેમ જ આત્માની દુનિયામાં, એટલે કે સ્વર્ગમાં. થેસ્સાલોનિકીઓને પહેલો પત્ર લખતાં પ્રેરિત પાઉલ આ પ્રમાણે લખે છે :

"આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્તના પાછા આવતાં સુધી તમારો આત્મા, પ્રાણ તથા શરીર સંપૂર્ણ તથા નિર્દોષ રાખવામાં આવો." વળી હિબ્રૂ ૪:૧૨માં પણ તે લખે છે : "કેમ કે દેવનો શબ્દ જીવંત, સમર્થ અને બેધારી તરવાર કરતાં પણ વિશેષ તીક્ષ્ણ છે. તે જીવ તથા આત્માને સાંધા તથા મજ્જાને જુદાં પાડે એટલે સુધી વીંધનારો છે, અને હૃદયના વિચારોને તથા ભાવનાઓને પારખનાર છે."

આ કલમો પરથી આપણે એક વાત સમજીએ છીએ કે માણસ ત્રૈએક વ્યક્તિ છે, એનામાં ત્રૈએકપણું છે : "શરીર", "પ્રાણ" અને "આત્મા." માણસ ઈશ્વરના સ્વરૂપ પ્રમાણે બનાવાયું છે. ઈશ્વર પોતે ત્રૈએક ઈશ્વર છે. વનસ્પતિ અને પ્રાણી જીવન વચ્ચે તફાવત છે : વનસ્પતિમાં સભાન જીવન નથી, જ્યારે પ્રાણીમાં "સજીવ (સભાન) જીવ છે." પ્રાણીજીવન અને માનવી જીવન

વચ્ચે આ તફાવત છે : પ્રાણીમાં ''સજીવ પ્રાણ (Soul)'' છે, પણ માણસમાં એથી અધિક કંઈક છે : એનામાં ''આત્મા'' છે.

માણસ પ્રાણી કરતાં જુદો છે, કેમ કે તેનામાં ''આત્મા'' છે. આમ છતાં માણસ એના શરીર સંબંધી 'પ્રાણી' છે. માણસનું શરીર, એના વિધ વિધ કાર્યધર્મ પ્રમાણે, પ્રાણીના શરીરના કાર્યધર્મ સરખાં હોઈને, બંનેનાં શરીર સરખાં છે. શ્વાસોચ્છ્વાસ, પચનક્રિયા, ખોરાકનું શરીરમાં રૂપાંતર, અને સામાન્ય રચનામાં બંનેનાં શરીર સરખાં છે. સંત પાઉલ ''પ્રાણી શરીર'' (અંગ્રેજીમાં Natural Body) વિષે લખે છે (''**પ્રાણી શરીર**'' વવાય છે, આત્મિક શરીર ઉઠાડાય છે. ૧ કોરિંથી ૧૫:૪૪) ત્યારે તે માણસના પશુ સમ શરીર વિષે લખે છે, અને તે માણસના ''**આત્મિક શરીર**'' વિષે બોલે છે (૧૫:૪૪) ત્યારે તે કોઈ આભાસરૂપ શરીરની વાત નથી કરતો, પણ આકાર, ઘાટ અને સ્પર્શી શકાય એવા શરીરની વાત કરે છે. ફરક એટલો જ કે એ ''આત્મિક શરીર'' ભૌતિક કાયદાકાનૂનોને નહિ, પણ આત્મિક કાયદાકાનૂનોને આધીન હોય છે, અને આત્મિક કાયદાકાનૂનોના નિયંત્રણ નીચે હોય છે.

આપણે કેરીનું ઉદાહરણ લઈએ. કેરીના ગરને 'શરીર' ગણીએ. કેરીના ગોટલા ઉપરનો ગર (શરીર) કાઢી નાખો, તો પણ અંકુર-મીજને ગોટલારૂપ શરીર રહે છે. એમ માણસનું મૃત્યુ થાય છે ત્યારે એનું શરીર કબરમાં જાય છે, પણ એના પ્રાણ અને આત્મા શરીરથી વિમુક્ત થાય છે. પણ એના આત્માને ''સુક્ષ્મ'' (Soulish) શરીર રહે છે. અને આત્માનું આ ''સુક્ષ્મ'' શરીર લાજરસ અને ધનવાનના બનાવ જેમ, શરીરના મૃત્યુબાદ)સાંભળી શકે છે, બોલી શકે છે, વિચારી શકે છે, અને લાગણીઓ અનુભવી શકે છે. માટે જ એ આત્મા કોઈ આભાસરૂપ કે ધુમાડા જેવો આકાર વગરનો નહિ હોય, પણ એને કશુંક સાચુકલું સુક્ષ્મ શરીર હશે જ. હા, એ

સુક્ષ્મ શરીરને કેટલીક મર્યાદાઓ હશે જ, નહિ તો પુનરુત્થાન દ્વારા એના શરીરના ઉત્થાનની જરૂર જ ન રહેત.

આત્માને આવું કોઈ (Soulsh) સુક્ષ્મ શરીર હશે જ એ આપણે ધનવાન અને લાજરસની વાત પરથી સમજી શકીએ છીએ. (લૂક ૧૬:૧૯-૩૧). આ વાત કોઈ દૃષ્ટાંતકથા નથી. પણ આત્માઓની દુનિયામાં બનેલી કોઈ સાચી હકીકતની રજૂઆત પ્રભુ ઈસુ જાતે અહીં કરે છે. એ બનાવની અંગત જાણકારી પ્રભુ ઈસુને હતી. લાજરસ અને ''ધનવાન માણસ'' બંને મરી ગયા એવું બનાવમાં જણાવવામાં આવ્યું છે. તેમનાં મૃત શરીરો પૃથ્વી પર જ રહ્યાં. શરીરથી છૂટા પડેલા તેમના આત્મા અને પ્રાણના સંબંધમાં આત્માઓની દુનિયામાં જે કાંઈ બન્યું તેનું બયાન અહી આપવામાં આવ્યું છે.

શરીરથી મુકત અવસ્થામાં તેઓ સભાન હતા, અને ધનવાન માણસ લાજરસને ઓળખી શક્યો. જો લાઝરસને કોઈ પ્રકારનું 'શરીર', પ્રાણી અથળા કુદરતી શરીર નહિ, પણ કોઈ સુક્ષ્મ શરીર ન હોત તો 'ધનવાન માણસ તેને જોઈ કે ઓળખી ન શકત. એમનાં પ્રાણી શરીર (અથવા કુદરતી શરીર) તો પૃથ્વી પર મૃતપાય દટાયાં હતાં, અહીં આત્માઓની દુનિયામાં તેમને સુક્ષ્મ (Soulish) શરીર હતાં.'

આ (સુક્ષ્મ કે Soulish) શરીરો એમના બાહ્ય આકાર અને દેખાવમાં તેમનાં પૃથ્વી પરનાં શરીરોના આકાર અને દેખાવમાં હૂબહૂ મળતાં હતાં, નહિ તો પર-દુનિયામાં તેઓ એકબીજાને ઓળખી શક્યા ન હોત.

વળી 'ધનવાન માણસ' જોઈ શકતો હતો, લાગણી અનુભવી શકતો હતો, એને બળતરા થતી હતી, તે વાત કરી શકતો હતો, અને યાદ પણ કરી શકતો હતો, એટલે કે એની સ્મરણશક્તિ સતેજ

હતી. એ બધું બતાવે છે કે ભૌતિક દુનિયામાંથી આત્માની દુનિયામાં પ્રવેશ્યા પછી એની જ્ઞાનેન્દ્રિયો ચાલુ હતી, અને એણે એનું વ્યક્તત્વ ગુમાવ્યું નહોતું. એ પૂરવાર કરે છે કે એની હયાતી ચાલુ હતી, અખંડ હતી, તેમ જ એની સભાનતા પણ અતૂટ હતી. એક જીવન બીજા જીવનમાં મળી-ભળી જાય છે, જેમ બાલ્ય-જીવન કિશોર-જીવનમાં અને કિશોર-જીવન યૌવન-જીવનમાં મળી-ભળી જાય છે તેમ જ.

હું જ્યારે વસ્ત્રો-પરિધાન કરેલો હોંઉ છું ત્યારે, અને વસ્ત્રો ઊતારી મૂકું છું ત્યારે પણ હું તેટલો ને તેટલો જ હું પોતે હોઉં છું. મારામાં કોઈ ફરક પડતો નથી, એમ જ મૃત્યુ મને મારા ''ભૌતિક'' શરીરથી અળગો કરી દે છે, પણ એમાં ફક્ત એ મારું વાતાવરણ બદલે છે, મારા વ્યક્તિત્વનો નાશ નથી કરતું, કે મારા શારીરિક ઘાટ-ઘડામણને પણ મીટાવી નથી દેતું.

પવિત્ર બાઈબલમાં ''ઊંઘ'' શબ્દ હંમેશાં ''શરીર'' માટે જ વપરાયો છે, - પ્રાણ (Soul) કે આત્મા માટે 'ઊંઘ' શબ્દ કદી વપરાયો નથી. અને ''પ્રભુ ઈસુમાં ઊંઘી ગયો'' એ રૂઢીપ્રયોગ ફક્ત વિશ્વાસી ખ્રિસ્તી જન માટે જ વપરાયો છે.

આપણાં શરીરો (મેટર)નાં બનેલાં હોય છે, ફરક એટલો કે આપણાં ''પ્રાણી'' શરીરનો પદાર્થ 'ભૌતિક' દુનિયાને અનુકૂળ હોય છે, જ્યારે આપણાં 'આત્માનાં કે રૂહાની શરીર' નો 'પદાર્થ' ''આત્માની'' દુનિયાને માટે અનુકૂળ હોય છે. વિષયને સ્પષ્ટ કરવા માટે ''રુહાની (આત્માનું) શરીર'' શબ્દ અહી વાપર્યો, નહિ કે ''આત્મિક'' શરીર, કારણ, ''આત્મિક'' - એ શબ્દ શરીરના 'ધાર્મિક ' ગુણધર્મનો ઉલ્લેખ કરે છે, નહિ કે શરીરના ભૌતિક ગુણધર્મો.

માણસની ત્રણ પ્રકારની પ્રકૃતિ મુલાકાત મંડપના નમૂના દ્વારા સમજાવી શકાય. મુલાકાતમંડપ એક પ્રકારનો તંબુ હતો. એની આસપાસ આંગણું આવેલું હતું, અને એ ચોગરદમના આંગણાને અમુક હદની વાડ કે કોટથી બાંધેલું હતું. તંબુમાં બે બાગ હતા. એક ભાગ બીજા કરતાં બમણા કદનો હતો, અને બંને વચ્ચે એક પડદો આવેલો હતો. મોટો ઓરડો પવિત્ર સ્થાન તરીકે ઓળખાતો હતો. અને એમાં ''અર્પિત રોટલીનું મેજ'', ''ધૂપવેદી'', અને ''સાત ચાડાંવાળી દીવી'' રાખવામાં આવ્યાં હતાં. એ પવિત્ર સ્થાનમાં પ્રવેશવા માટે આંગણામાં એક દરવાજો હતો.

નાનો ઓરડો ''પરમ પવિત્રસ્થાન'' તરીકે ઓળખાતો હતો. અને તેમાં પ્રવેશવા માટે આ બે ઓરડા વચ્ચે ''પડદો'' રાખવામાં આવેલો હતો. ''પરમ પવિત્રસ્થાન''માં ''કરારકોશ'' મૂકવામાં આવ્યો હતો, અને એની ઉપરના સોનાના ઢાંકણને ''દયાસન'' કહેવામાં આવતું. અને ''દયાસન'' ઉપર બે સોનાના કરૂબો મૂકવામાં આવ્યા હતા. એ કરૂબો વચ્ચે ઈશ્વરનું ''દ્રશ્ય ગૌરવ'' વસતું હતું. ઈશ્વર ત્યાંથી બોલતા હતા. આ ''પરમ પવિત્ર સ્થાન''માં કોઈ બારી નહોતી.

મુલાકાતમંડપ અને આંગણું માણસની ''ત્રણ પ્રકારની પ્રકૃતિ સૂચવે છે.'' આગણું માણસનું શરીર દર્શાવે છે, ''પવિત્ર સ્થાન'' માણસનો પ્રાણ દર્શાવે છે, અને ''પરમ પવિત્રસ્થાન'' માણસનો આત્મા દર્શાવે છે. અને જેમ ''આંગણા'' અને ''પરમ પવિત્રસ્થાન'' વચ્ચે કોઈ પણ વ્યવહાર શક્ય નહોતો - સિવાય કે ''પવિત્ર સ્થાન'' દ્વારા, તેમ શરીર અને આત્મા વચ્ચે કોઈ પણ વ્યવહાર શક્ય નથી - સિવાય કે પ્રાણ દ્વારા.

આખો ''મુલાકાત મંડપ'' તૈયાર થઈ ગયા બાદ એમાં ''ઈશ્વરની હાજરી'' વગર એ ખાલીખમ રહે છે. પણ જ્યારે

''ઈશ્વરનો આત્મા'' આવીને ''પરમ પવિત્રસ્થાન''માં વસે છે ત્યારે એ સંપૂર્ણ બને છે. એમ માણસ પણ એના શરીર, પ્રાણ અને આત્મા દ્વારા પૂર્ણ લાગતો હોય, પણ તે અધૂરો છે, - એનો આત્મા ''નવો જન્મ' ' (અથવા ''ઉપરનો જન્મ'') પામ્યો ન હોય તો મૃતપાય તથા દૈહિક સ્વભાવને આધીન રહે છે. પણ જ્યારે પવિત્ર આત્મા આવીને માણસના આત્માનો કબજો લે છે ત્યારે માણસનો આત્મા જીવંત બને છે, અને માણસ સંપૂર્ણ ગણાય છે. આ પ્રક્રિયાને ''નવો જન્મ'' કહે છે. એ પછી માણસ ઈશ્વરના આત્માથી દોરાય છે.


માણસ મૃત્યુ પામે છે ત્યારે તેનો પ્રાણ અને આત્મા શરીરથી છૂટા પડી જાય છે. તેના શરીરને કબરમાં દાટી દેવામાં આવે છે. પણ એનો આત્મા શરીર વગરનો નગ્ન હોતો નથી, પણ પ્રેરિત પાઉલ કહે છે તેમ એ આત્માને ''માનસ'' અથવા ''સુક્ષ્મ'' (Soulish) શરીર હોય છે. (ભારતના દર્શનશાસ્ત્રમાં એને ''સુક્ષ્મ શરીર'' કહ્યું છે. કદાચ એ શબ્દ પ્રયોગને આપણે અત્રે ઉપયોગમાં લઈ શકીએ. જયાનંદ)

કદાચ આપણે કેરીના ફળની સાથે સરખાવી શકીએ. કેરી ત્રૈએકપણું સૂચવે છે. કેરીને ગર અથવા માવો હોય છે, એને ગોટલો હોય છે, અને મીંજ, અંકુર-મીંજ (Kernal) પણ હોય છે. આપણે ગરને માણસના શરીરની સાથે સરખાવીએ, અને ગોટલાને પ્રાણ (Soul) સાથે સરખાવીએ. અને અંકુર-મીજને આત્માની સાથે સરખાવીએ.

□

## માણસનો ત્રણ પ્રકારનો
## સ્વભાવ

1 થેસ્સા. ૫:૨૩ હિબ્રૂ. ૪:૧૨




કલેરેન્સ લાર્કિન પરથી જયાનંદ ચૌહાન

# ૩૪ ઈશ્વરને જોઈને કોઈ માણસ જીવતો રહી શકે ?

☐ **પ્રશ્ન :**

બાઈબલમાં જણાવવામાં આવ્યું છે કે ઈશ્વરને જોઈને કોઈ માણસ જીવતો રહી શકે નહિ, કારણ ઈશ્વર અતિ પ્રવિત્ર છે, પણ માણસ પાપી છે. પણ બાઈબલમાં જણાવવામાં આવ્યું છે જેમ કે ઉત્પ. ૧૮:૧, ૩, વગેરે. કે ઈશ્વરને માણસે જોયા છતાં જીવતો રહ્યો. તો એ કેમ બને ?

☐ **જવાબ :**

ખરેખર તો ઈશ્વર પિતા અતિ પવિત્ર, અગમ્ય અને અગોચર છે. ઉત્પન્ન કરાયેલું માનવી કો કાળે પણ ઈશ્વરપિતાના સંપર્કમાં કે સંસર્ગમાં કે સાનિધ્યમાં આવી શકે નહિ. માત્ર ઈશ્વર-પુત્રની મારફતે જ માણસ ઈશ્વરના સંપર્ક, સંસર્ગ કે સાનિધ્યમાં આવી શકે. એટલે જ આપણી પ્રાર્થના, સ્તુતિ-ગાન, વિનંતીઓ ફક્ત ‘‘ઈસુને નામે જ હોય છે. પ્રભુ ઈસુએ એમ શીખવ્યું છે. જો મારે નામે પિતાની પાસે માંગશો...’’

એમ ઉત્પત્તિ ૧:૧માં લખ્યું છે કે ‘‘આદિએ ઈશ્વરે આકાશ તથા પૃથ્વી ઉત્પન્ન કર્યાં.’’ પણ યોહાન ૧:૧માં એ વિષે યોહાન દ્વારા પવિત્ર આત્માએ ખુલાસો કર્યો છે કે, ‘‘આદિએ શબ્દ હતો , અને શબ્દ ઈશ્વર હતો....... તેનાથી સઘળું ઉત્પન્ન થયું. જે કંઈ થયું છે તે તેના વિના ઉત્પન્ન થયું નહિ.’’ વળી યોહાન ૧:૧૦માં પણ એ જ વાત છે : ‘‘તે (શબ્દ) જગતમાં હતો, અને જગત તેનાથી ઉત્પન્ન થયું હતું.’’

એજ પ્રમાણે ઉત્પત્તિકાળથી માંડીને અબ્રાહમ, મોશે, દાવિદ, પ્રબોધકો, અને પ્રભુ ઈસુના સમયમાં કે આજે પણ ઈશ્વરનો માણસ

સાથેનો તમામ સંપર્ક કે વ્યવહાર ફક્ત ઈશ્વર-પુત્ર મારફતે જ થયો છે, થાય છે, અને ''નવા આકાશ અને નવી પૃથ્વી'' સુધી એમ જ થશે.

એટલે માણસ ઈશ્વર સાથે સીધી સંગત, સંપર્ક કે વ્યવહારમાં આવી શકતો નથી, પણ ફક્ત ઈશ્વર પુત્રરૂપી માધ્યમ (મધ્યસ્થ કે ઓળખાવનાર) મારફતે જ આવી શકે છે. એ માટે જુઓ : યોહાન ૮: ૧૯, ૧૪:૯, ૧૦ વગેરે. આટલું બરાબરા સમજી જાઓ તો આપણે આગળ વધીએ.

ઈશ્વરે પોતાના નામની ઓળખ મોશેને આ પ્રમાણે આપી : ''હું જે છું તે છું.'' ''ઈઝરાયેલ પુત્રોને કહેજે કે ''હું છું''એ મને તમારી પાસે મોકલ્યો છે. આ ''હું છું'' એ જ ''યહોવા''. યહોવા સનાતન ''હું છું'' છે. ''આદિએ ઈશ્વરે'' ત્યાં ''એલોહિમ'' (એલોહનું બહુવચન ''એલોહિમ'') છે. અને ઉત્પત્તિ ૧: ૨૬માં પણ એ જ નામ છે. ''અને ઈશ્વરે કહ્યું કે, આપણે પોતાના સ્વરૂપ તથા પ્રતિમા પ્રમાણે માણસને બનાવીએ.'' ત્યાં પણ એલોહિમ નામ (ત્રેએક ઈશ્વર) વાપર્યું છે.''

પણ માણસને બનાવ્યા પછી 'યહોવા'નામ (સનાતન 'હું છું' આવે છે. આ યહોવા (હું છું) એ ઉદ્ધારક નામ છે. અધ્યાય ૨:૪થી આ નામ શરૂ થાય છે. પણ ખૂબીની વાત છે કે એ નામ ઈશ્વરપિતા માટે વપરાયું છે, તેમ જ ઈશ્વરપુત્ર માટે પણ વપરાયું છે. ઝખાર્યા ૧૪:૫માં લખ્યું છે : ''મારો ઈશ્વર યહોવા પોતાની સાથે સર્વ પવિત્રોને લઈને આવશે,'' એ પ્રભુ ઈસુના પુનરાગમન વિષે લખ્યું છે. યહોવા નામ અહીં પ્રભુ ઈસુ માટે વાપર્યું છે. વળી ઝખાર્યા ૧૪:૩માં પણ લખ્યું છે કે ''ત્યાર પછી યહોવા જેમ પોતે યુદ્ધને દિવસે લડ્યો હતો તેમ તે પ્રજાઓની (યરુશાલેમમાં પ્રભુ ઈસુના પુનરાગમન સમયે એકઠી થયેલી પ્રજાઓની) સામે જઈને લડશે.

અને તે દિવસે તેના (પ્રભુ ઈસુના એટલે કે યહોવાના) પગ યરુશાલેમની સામે પૂર્વ દિશાએ આવેલા જૈતુન પર્વત પર ઊભા રહેશે.'' વળી ''યહોવા'' (પ્રભુ ઈસુ) આખી પૃથ્વી ઉપર રાજા થશે (૧૪:૯).

યશાયા ૪૦:૩માં છે : સાંભળો, કોઈ એવું પોકારે છે કે જંગલમાં યહોવાનો માર્ગ તૈયાર કરો, અરણ્યમાં આપણા ઈશ્વરને માટે સડક સીધી કરો. એજ વાત પ્રભુ ઈસુને માટે વાપરી છે. કારણ કે જેના વિષે યશાયા પ્રબોધકે કહ્યું હતું કે, રાનમાં પોકારનારની એવી વાણી કે, પ્રભુનો માર્ગ તૈયાર કરો, તેના રસ્તા સીધા કરો, તે એ જ છે, (માથ્થી ૩:૩). યહોવાનો માર્ગ એટલે પ્રભુ ઈસુનો માર્ગ, - તે એ જ છે. (સરખાવો યોહાન ૧:૨૩)

વળી, યોએલ ૨:૩૨માં લખ્યું છે કે, ''તે સમયે એમ થશે જે કોઈ યહોવાને નામે વિનંતી કરશે, તે તારણ પામશે,'' એ જ વચનો પ્રેરિત પાઉલ રોમન ૧૦:૧૩માં ટાંકીને ઈસુને લાગુ પાડે છે, અને યહોવા તે જ પ્રભુ ઈસુ છે એમ બતાવે છે : ''કેમ કે જે કોઈ પ્રભુને નામે વિનંતી કરશે તે તારણ પામશે.''

યોએલનું એ વચન પ્રેરિત પિતર પણ ટાંકે છે, અને પૂરવાર કરે છે કે ''યહોવા'' એજ પ્રભુ ઈસુ છે : ''તે સમયે એમ થશે કે જે કોઈ પ્રભુને (પ્રભુ ઈસુને) નામે પ્રાર્થના કરશે તે તારણ પામશે'' (પ્રે.કૃ. ૨:૨૧). એ વખતે સાંભળનાર લોકો પૂછે છે કે ''તો અમારે શું કરવું ?'' પિત્તર જવાબ આપે છે કે :''પસ્તાવો કરો, અને ઈસુ ખ્રિસ્તને નામે તમારામાંનો ''દરેક બાપ્તિસ્મા પામો કે, તમારાં પાપનું નિવારણ થાય'' (પ્રે.કૃ. ૨:૩૭, ૩૮).

બાઈબલમાં (હિબ્રૂમાં) ''યહોવા''નામ ૬,૮૫૫ વખત વપરાયું છે. એમાં કેટલીક વખત પ્રભુ ઈસુ માટે પણ વપરાયું છે. ''યહોવાનો દૂત'' એટલે પણ શબ્દ અથવા ઈશ્વરપુત્ર.

ન્યાયાધીશો ૬:૧૧-૨૭માં ગિદિયોન વિષેની વાત આપી છે. એમાં ૧૧મી કલમમાં ‘‘યહોવાનો દૂત આવીને...બેઠો’’ લખ્યું છે. કલમ ૧૨માં ‘‘યહોવાનો દૂત’’ ગિદિયોનને સંદેશો આપે છે. ૧૪મી કલમમાં યહોવાએ તેના પર દૃષ્ટિ કરીને કહ્યું, ૧૬મી કલમમાં ‘‘યહોવાએ તેને કહ્યું : ‘‘વળી જુઓ કલમ ૨૧, અને ૨૩. એ કલમો ‘‘યહોવાનો દૂત’’ અને ‘‘યહોવા’’ એક જ વ્યક્તિ માટે વાપર્યું છે. બાઈબલમાં જ્યાં જ્યાં ‘‘યહોવા’’એ દર્શન દીધું, ‘‘યહોવા’’ બોલ્યા, વગેરે સર્વ ઠેકાણે ઈશ્વરપુત્ર દર્શન દે છે કે બોલે છે. ઈશ્વરપિતા સૃજાયેલી સૃષ્ટિ કે સૃજાયેલા માનવી સાથે સંપર્ક કે વ્યવહાર નથી કરી શકતા, એ આપણે અગાઉ જોયું. એ જ ઈશ્વરપુત્ર પોતે માનવીરૂપ ધારણ કરીને આવ્યા હતા. એટલે જ અબ્રાહમ કે તેમને જોયા છતાં સારાહ મૃત્યુ પામ્યાં નહિ.

ઈશ્વરપુત્ર તેમ જ બીજા બે દૂતો માનવરૂપ ધારણ કરીને આવ્યા હતા. અને તેઓને માટે અબ્રાહામે જમવાનું બનાવ્યું હતું. (કુમળું વાછરડું, માખણ તથા દૂધ) ને ‘‘તેઓએ ખાધું’’ (૧૮:૮). ‘‘આત્મિક’’ વ્યક્તિઓએ ખાધું. ‘‘આત્મિક (અપાર્થીવ) શરીરોને ભૌતિક ખોરાકની જરૂર હોતી નથી, અને તેમને પાચનતંત્ર પણ હોતું નથી. ફરી એ બે દૂતોએ લુતને ઘેર પણ ખાધું હશે. (ઉત્પત્તિ ૧૯:૩). એમ જ પ્રભુ ઈસુએ પોતાના પુનરૂત્થાન પછી આત્મિક શરીર હોવા છતાં માછલી ખાધી હતી (લૂક ૨૪:૪૩).’’

પ્રભુ ઈસુએ ઈશ્વરપિતાનાં કેટલાંયે નામો અને ખિતાબો ધારણ કર્યા હતા. એમાં ‘‘યહોવા, સનાતન પિતા, ‘‘હું છું’’ વગેરે. ગુજરાતી નવા કરારમાં આ ઈસુએ ધારણ કરેલું સનાતન ‘હું છું’. સ્પષ્ટ થતું નથી, પણ અંગ્રેજી અને ગ્રીકમાં એ ‘‘હું છું,’’ (ગ્રીકઃ એગો આઈમી) બહુ સ્પષ્ટ છે. ‘‘ઘેટાંનું બારણું હું છું.’’ જીવનની રોટલી ‘‘હું છું.’’ ખરો દ્રાક્ષાવેલો હું છું, રસ્તો, સત્ય તથા જીવન

હું છું, વગેરે. આમ, પ્રભુ ઈસુએ આ 'હું છું' દ્વારા પોતાને ઈશ્વરપુત્ર અથવા ઈશ્વરસમાન ગણ્યો, તેથી યહૂદીઓએ તેને પથ્થરે મારવા ઇચ્છયું.

ઈશ્વર પિતાનાં બીજાં કેટલાંયે નામો તથા ખિતાબો પ્રભુ ઈસુએ ધારણ કર્યાં હતાં, પણ એ બધાં અહીં રજૂ કરવા જતાં બહુ લાંબુ થઈ જાય. એટલે રજૂ કરતો નથી. પણ બાઈબલમાં માણસો સાથે વ્યવહાર કરનાર ઈશ્વરપિતા નહિ, પણ ઈશ્વરપુત્ર છે. અને તેમણે 'યહોવાનો દૂત', 'સૈન્યોના સરદાર', વગેરે રીતે વ્યવહાર કર્યો છે. એટલે તેમને જોયા છતાં જોનાર માણસો મૃત્યુ પામ્યાં નહિ.

□

## લેખકનાં આગામી પુસ્તકો

* વિશ્વ બનાવો અને પ્રભુનું પુનરાગમન
* પ્રભુ ઈસુ ભારતમાં આવ્યા હતા ?
* પ્રકટીકરણના પુસ્તકનો ભક્તિવર્ધક ખુલાસો
* ઉત્પત્તિ કે ઉત્ક્રાંતિ ?
* દુ:ખનો પ્રશ્ન
* મૃત્યુને પેલે પાર
* જળપ્રલય – આખી પૃથ્વી પર
* સદોમ – ગમોરાહનાં પાપ અને વિનાશ
* આટલી બધી ભાષાઓ ક્યાંથી આવી ?
* આત્મિક દુનિયા : દૂતો, ભૂતો, શેતાન, અશુદ્ધ આત્માઓ એમની કામગીરી
* બાઈબલની કાળમાન પદ્ધતિ
* અખાતી યુદ્ધ, ઈરાક અને બાઈબલ
* લેખકોને આટલું ખાનગીમાં
* ગીતોના ગીતનું ભક્તિવર્ધક ભાષ્ય

# લેખકનાં પુસ્તકો

- બોલતા આંકડા (અનુવાદ)
- શબગુફાનો શહિદ (અનુવાદ)
- વધસ્તંભની વાટે (પાંચ આવૃત્તિ) છઠ્ઠી બ્રેઇલ લિપિમાં
- ગુજરાતી બાઇબલનો ઇતિહાસ
- બાઇબલ કોણે લખ્યું – ડ્રામા
- ખ્રિસ્તી શિષ્યપણું – કઠણ માર્ગે (અનુવાદ)
- ચોથા માગીની કથા (અંગ્રેજીને આધારે)
- અજાયબ ભવિષ્યવચનો: મુક્તિ યોજનાનાં સાત પર્વ
- ઇસુ જીવનદર્શન–સચિત્ર (બાળકો માટે)
- અનોખી ઇઝરાયલ પ્રજા (ચાર આવૃત્તિ) હિન્દી અને અંગ્રેજીમાં
- બાઇબલ અભ્યાસ (બાઇબલના મૂંઝવતા પ્રશ્નોના જવાબ ભાગ ૧ થી ૧૦. પહેલાનું અને બીજાનું પુનઃમુદ્રણ)
- માનવીનાં દુઃખમાં ઇશ્વર ભાગ લે ખરો ? (ટ્રાકટ) બ્રેઇલમાં પણ
- યરૂશાલેમનું મંદિર બંધાશે ? ક્યારે ? ક્યાં ? કેમ ? (બે આવૃત્તિ)
- દાનિયેલનું પુસ્તક અને પ્રભુનું પુનરાગમન (પુનઃમુદ્રણ) (હિન્દી અને અંગ્રેજીમાં)
- પુનરુત્થાનો, ન્યાયકાળો અને પ્રભુનું પુનરાગમન
- રશિયા, ઇઝરાયલ અને બાઇબલ (બીજી આવૃત્તિ)
  ચિત્રમય બાઇબલ અભ્યાસક્રમ (ચાર્ટ્સ)
- માર્ગદર્શિકા (ચિત્રમય બાઇબલ અભ્યાસક્રમ માટે)
- બાઇબલનો વિવેચનપૂર્ણ-માહિતી કોશ ભાગ ૧ અને ૨ (અલગ-અલગ)
- જોયા જોવાનું પાપ (બીજી આવૃત્તિ) (હિન્દી અને અંગ્રેજીમાં)
- બાઇબલનો શબ્દકોશ
- આપણાં મધુરાં ગીતોના અધૂરા ઇતિહાસ (શ્રીમતી જયવંતીબહેન ચૌહાનના સહયોગથી)
- ત્રણ માગીની પત્નીઓ (શ્રીમતી જયવંતીબહેન ચૌહાનના સહયોગથી)
- ઇસુના પગલે પગલે

(લેખકનાં આગામી પુસ્તકો માટે જુઓ કવર પેજ નં. ૩)

મુદ્રક : જેન્સન કોમ્પ્યુટર્સ, અમદાવાદ. ✆ ૨૧૪૭૬૪૧